# પતિ-પત્નીનું પારિવારિક જીવન અને કિતાબે તલાક

: ગુજરાતી અનુવાદ :

ઈબ્રાહીમ બી. પટેલ

: પ્રકાશક :

અમીરૂલ મોઅમેનીન લાયબ્રેરી, ભરૂચ
એ-૭૦/૨, એહમદનગર, મનુબર રોડ,
ભરૂચ-૩૯૨૦૦૧.
મોબાઈલ : ૯૪૨૬૪૦૩૬૭૨

# એક જરૂરી નોંધ

અમીરૂલ મોઅમેનીન લાયબ્રેરી, ભરૂચ પાસે આયતુલ્લાહ અલ ઉઝમા અસ્સય્યદ અલી હુસૈની સીસ્તાની (દા.બ.), રેહબર આયતુલ્લાહ અલ ઉઝમા સૈયદ અલી ખામેનાઈ (દા.બ.)

તથા

આયતુલ્લાહ અલ ઉઝમા બશીર હુસૈન નજફી (દા.બ.) ત્રણેય બુઝુર્ગોનો સેહમે ઈમામ ખર્ચ કરવાનો ઈજાઝો છે.

***ઈજાઝો સંસ્થાકીય અને કાયમી છે.***

# અવર બેંકર્સ

## નીચેની બેંકોમાંથી કોઇપણ બેંકમાં નાણા જમા કરાવી શકાય છે.

(૧) હુસૈનઅહમદ ઈબ્રાહીમ પટેલ

AC : 25520100007654

IFSC : BARBOBRODAN

બેંક ઓફ બરોડા, શાખા મોહંમદપુરા, ભરૂચ.

(૨) શબ્બીરઅહમદ પટેલ

AC : 32598176055

IFSC : SBIN0003522

સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, શાખા કતોપોર દરવાજા, ભરૂચ.

# અનુક્રમણીકા


| પ્રકરણ | વિગત | પેજનં. |
|---|---|---|
| | પ્રસ્તાવના | ૭ |
| (૧) | પતિ પત્નીનો પોશાક છે અને પત્ની પતિનો પોશાક છે | ૨૦ |
| (૨) | ઈસ્લામી મર્યાદાઓ અને ફરજો | ૪૩ |
| (3) | પતિના હકો | ૫૯ |
| (૪) | સ્ત્રીની જગ્યા એનું ઘર છે. | ૯૦ |
| (૫) | પતિની આમન્યા સાચવો | ૧૦૭ |
| (૬) | સગર્ભાવસ્થા અને જન્મ | ૧૧૮ |
| (૭) | પત્નીના ખરાબ સ્વભાવ ઉપર સબર કરવી | ૧૩૧ |
| (૮) | વહેમ-બદગુમાની અને | ૧૪૬ |

| | | |
|---|---|---|
| | વિરોધાભાસ | |
| (૯) | તલાક, ખુલાઅ્ અને મબારાત | ૧૬૩ |
| (૧૦) | રસૂલે રહમત પેગંબરે ઈસ્લામ (સલ.) એ આપેલા તે ફેંસલાઓ જેમાં સ્ત્રીના હકોનું રક્ષણ કર્યું છે. | ૧૭૧ |
| (૧૧) | ૧. પેગંબરે ઈસ્લામ (સલ.)ની કેટલીક નસીહતો અમીરૂલ મોઅમેનીનને ઉદ્દેશીને | ૨૨૮ |
| (૧૨) | શાદી નેકી અને ભલાઈની બુનિયાદ ઉપર | ૨૭૦ |
| (૧૩) | ઈસ્લામી ઈન્કિલાબ અને ઓરત | ૨૮૧ |
| (૧૪) | ઈસ્લામી શરીઅત મુજબની તલાક | ૩૦૨ |

| | | |
|---|---|---|
| (૧૫) | ઇસ્લામના તરીકા પ્રમાણેની આ તલાકના વિષયમાં મઅસુમીનની થોડીક હદીસો | ૩૦૯ |
| (૧૬) | તલાકે ઇદ્દહ (ત્રણ તલાક) | ૩૨૦ |
| (૧૭) | ત્રણ તલાક બાબત મઅસુમીનની થોડીક હદીસો | ૩૨૮ |
| (૧૮) | કલામે ખુદાની તફસીરમાં તલાક | ૩૩૮ |
| (૧૯) | તલાક અંગેના ટૂંકા મસાએલ | ૩૪૪ |
| (૨૦) | તલાકના અન્ય પ્રકારોની સમજ | ૩૪૯ |

# પ્રસ્તાવના

## બિસ્મીલ્લા હિર્રહમા નિર્રહીમ

છેલ્લા થોડા સમયથી હું મીડિયાનો અજીબ રોલ જોઈ રહ્યો છું. કદીક તો મને પ્રશ્ન થાય છે કે શું મીડિયા રાજ આવી રહ્યું છે ? પાછલા બે ત્રણ વર્ષોથી તો એક ખાસ અંદાઝથી દરેક સામૂહિક, વ્યક્તિગત, રાજકીય, ધાર્મિક કાર્યોમાં મીડિયા ફક્ત દખલગીરી જ નથી કરી રહ્યું. બલકે પોતાને એક પક્ષકાર તરીકે રજૂ કરી રહ્યું છે. આ જોતાં તો એવું લાગે છે કે જેવી રીતે એક જમાનામાં કહેવામાં આવતું હતું કે “રાજ કરેગા શેરબાજાર” એ જ પ્રમાણે મીડિયાના માટે હવે આમ કહેવાય તો કોણ જાણે ? “કે રાજ કરેગા મીડિયા” મીડિયાને સમાજની જાણે બહુ જ હમદર્દી છે. દરેક વિભાગમાં મીડિયાએ

પોતાનો દબદબો સ્થાપિત કરી દીધો છે. બસ ઊડી જ રહ્યું છે. કદાચ એવો સમય પણ આવી જાય કે એની સમક્ષ કોઈનું પણ ન ચાલે.

અહીં પ્રશ્ન આ ઉપસ્થિત થાય છે કે મીડિયાનું ખરેખરું કાર્યક્ષેત્ર અને સ્થાન શું છે ? શું સાક્ષીને ન્યાયાધીશ કે જજ બની જવાનો હક છે ? મીડિયાનું કાર્યક્ષેત્ર વધુમાં વધુ સમાચારો, ખબરો એકત્ર કરી તેની શુદ્ધતાની જાંચપડતાલ કરીને પ્રસારિત કરવું છે. પરંતુ તેને સાબિત કરવાનું, તેના ઈન્કાર ઉપર જિદ કરીને વકીલ બનીને પરિણામ સુધી પહોંચવાનું કાર્ય અદાલત અને કોર્ટનું છે. મીડીયા પોતાની હદોને પાર કરીને અત્યારે અદાલત અને કોર્ટનું કાર્ય કરતું હોય એમ સ્પષ્ટ દેખાય છે. આ બાબતની નિંદા દરેક જગ્યાએથી થવી જરૂરી છે.

એક ખાસ નોંધનીય બાબત આ પણ છે કે મીડિયાની દૃષ્ટિ બહુમતિ ઉપર કે મુસ્લિમ લઘુમતિઓને છોડીને બીજી બિન-મુસ્લિમ લઘુમતિઓ ઉપર પડતી નથી. સ્પષ્ટ વાત છે કે બહુમતિમાં દરરોજની ખાનગી અને સામૂહિક ધોરણે અસભ્યતાઓ અને સામાજિક ઝુલ્મો-અત્યાચારોના કંઈ કેટલાયે બનાવો બને છે. છતાંય તેમને હલકા બનાવીને ચીતરવામાં આવે છે. પછી અમૂક નિષ્પક્ષ અખબારો દ્વારા જ સાચા સમાચારો જાણવા મળે છે. આવી રીતે મુસ્લિમ સિવાય બીજી લઘુમતિઓના પ્રશ્નોની અવગણના કરીને મુસ્લિમોના ગરીબ વર્ગની હદથી વધીને હમદર્દી બતાવવામાં આવે છે. બધી શક્તિ જ ત્યાં લગાવી દેવામાં આવે છે. પછી સંપૂર્ણ તૈયારી સાથે નાગરિકના હકોના નામ ઉપર આખો ડ્રામા ભજવવામાં આવે છે.

મીડિયાનો કેમેરો તો ફક્ત મુસ્લિમ લઘુમતિ ઉપર જ ફરતો દેખાય છે. આટલો બધો પ્રેમ અમારી ઉપર શા માટે ? તે અમને સમજાતું નથી. હાલ મીડિયાને ઈમરાનાના કે સાનિયા મિર્ઝા સિવાય બીજું કશું દેખાતું જ ન હતું. જ્યારે ઈમરાનાએ શરીઅતના હુકમ સામે પોતાનું માથું ઝુકાવી દીધું. શરીઅતના હુકમને માની લીધો. ત્યારે મીડિયાનું મોં ચીમરાઈ ગયું. ઈમરાનાએ કહેવાતી બધી જ સંસ્થાઓથી પોતાની અલિપ્તતા જાહેર કરી દીધી. છતાંય મીડિયા ખામોશ થતું નથી. એ પોતાનો ઉલ્લુ સીધો કરવામાં લાગેલું જ છે.

અમારું માનવું છે કે બધા જ સમાચાર માધ્યમોએ ભેગા મળીને આ મુદ્દા ઉપર ધ્યાન આપવું જોઈએ કે "મીડિયા" ના અધિકાર, તેનું કાર્ય ક્ષેત્ર, જેમાં શું ખરું છે ? શું ખોટું છે ? નક્કી કરવું જોઈએ. આ બાબત શોધખોળ થવી જ જોઈએ. નહીં

તો વખત જતાં મીડિયા સંપૂર્ણ રીતે જનસાધારણમાં અપ્રિય થઈ જશે. તેની અસરો સમાચાર પત્રો ઉપર પણ પડશે જ.

જેમને કોઈ સંબંધ નથી એવી વ્યક્તિઓએ શરીઅતના મસાએલમાં દખલગીરી કરવી ઘણી જ નાપસંદ વાત છે. બલકે ગમે તેટલા મોટા ગણાતા મુસલમાનોને પણ શરીઅતના અહકામો ઉપર અમલ કરવા સિવાય બીજી કોઈ ટીકા ટીપ્પણી કરવાનો અધિકાર નથી. આ અધિકાર આલિમો અને નિષ્ણાંતોનો છે. ઈમરાનાના મામલામાં જો એમની ભૂલ થઈ હશે તે તેઓ સુધારી લેશે. મીડિયાએ આદુ ખાઈને એની પાછળ પડવાની શું જરૂર છે ?

પ્રશ્ન આ નથી કે ઈમરાનાએ શું કરવું અથવા સાનીયા મિર્ઝાએ કેવો પોશાક પહેરવો. નગ્ન ફરનારા આજે પણ ફરે છે. તેમને કોણ રોકે છે ? આવી ઘટનાઓ કઈ પ્રથમ વખત ઘટી નથી.

દરેક ધાર્મિક સમાજોમાં આવા સેંકડો પ્રસંગો બને છે અને બનતા રહે છે. છતાંય આવી ઘટનાઓ ઉપર આજ સુધી કોઈએ અંગુલી નિર્દેશ કર્યો નથી. પરંતુ હાલમાં ઈસ્લામ અને મુસ્લિમ પર્સનલ લૉના વિરુદ્ધ એક હંગામો ઊભો કરવામાં આવ્યો છે અને આ હંગામો ઊભો કરનાર ટોળાને પોતાની કંઈક સફળતા દેખાય રહી છે. તેથી મીડિયાની પણ હિંમત વધી રહી છે. આ બાબતની રોકઠામ કરવી ખૂબ જરૂરી છે.

આપણા દેશના કેટલાક કટ્ટરવાદી સંગઠનોને કોઈપણ રીતે મુસ્લિમ પર્સનલ લૉ હઠાવવો છે. આ કામે તેઓ મિડીયાનો ઉપયોગ કરી રહ્યા છે. ભાડૂતી બાનુઓને એકત્ર કરી જુઠ્ઠા નામો વહેતાં કરી તેમની સભાઓ મુંબઈ અને દિલ્હીમાં ભરવામાં આવે છે. પછી સમગ્ર દેશમાં તેનો પ્રોપેગેંડો કરવામાં આવે છે. કોઈપણ રીતે મુસ્લિમ

સમાજને બદનામ કરવા પાછળ આજનું મિડિયા લાગી ગયું છે. પોતાના મોટાં ગાબડા તો એમને દેખાતા જ નથી, પરંતુ લઘુમતિના નાના કાણાં વધુ દેખાય છે.

ખરી રીતે તો આવા લોકોને તમારી પવિત્રતા ગમતી નથી. તમે અમારા જેવા કેમ નથી થઈ જતા ? મક્કાના દુશ્મનો આપ (સલ.) ખૂબ જ પરેશાન કરતા હતા. પેગંબરે ઈસ્લામ નીતનવી મુશ્કેલીઓ વચ્ચે ઘેરાયેલા હતા ત્યારે આપ (સલ.) ઉપર વહી નાઝિલ થઈ કે અય મોહંમદ (સલ.) ! શું આપ એમ સમજો છોકે આ લોકો તમારી સાથે સુલેહ કરશે ! તમારી વાત માનશે ! હરગિઝ નહિ. બલકે અય પયગંબર ! એ લોકો તો એમ જ ઈચ્છે છે કે તમે એમના જેવા જ થઈ જાઓ. (અલ કુર્આન)

વિશ્વના ચોધરી બનવાના સ્વપ્ના જોતું અમેરિકા પોતાને વિશ્વમાં વધુમાં વધુ માનવહકોનું રક્ષક અને સુસંસ્કૃત માને છે. પાછલા દિવસોમાં અમેરિકાના દરિયા કિનારાના શહેરો ઉપર આવેલા વાવાઝોડાના તોફાને અમેરિકાનું નાક ધડમૂળથી કાપી નાખ્યું છે. જ્યાં હજારો માણસો દુ:ખી અને મોતમાં મોંમા ધકેલાય રહ્યા હતા ત્યારે, આ પોતાને સુસંસ્કૃત માનતા સુધરેલા દેશના લુંટારાઓ અને ગુંડાઓએ કુદરતી આફતના શિકાર લોકોના માલ સમાનને લૂંટ્યો, બળાત્કારો કર્યા. આવા બદમાશ તત્ત્વોને ઝેર કરવા લશ્કરે ગોળીબારો કર્યા. અને ધમાસાણ યુદ્ધ જેવી પરિસ્થિતિ સર્જાઈ.

પોતાના દેશની વ્યવસ્થા તો સાચવી શકાતી નથી અને મિસ્ટર બુશ ઈરાનની ચિંતા કરે છે. તમે કોણ છો ? એમ કહેનારા કે ઇરાનની ચુંટણી વ્યવસ્થાને અમે સ્વીકારતા નથી. ત્યાંની લોકશાહી

વ્યવસ્થા અમને મંજુર નથી. ત્યાંની પ્રજાએ રેહબર સૈયદઅલી ખામેનાઈએ પસંદ કરેલા માણસોને સિત્તેર ટકા બહુમતિથી ચુંટી કાઢ્યા છે. મુસલમાન સ્ત્રીઓને બેપરદા કરવાનો તમને શું હક છે. તમારા દેશોમાં સ્ત્રીઓ નાગી-નગ્ન અવસ્થામાં ફરે છે તેમને તમે રોકી શકતા નથી. તેથી તમે એમ ઇચ્છો છો કે અમારી સ્ત્રીઓ પણ પરદો હટાવીને નગ્ન ફરતી થઈ જાય.

અમારી પાસે કુર્આનના રૂપમાં એક સંપૂર્ણ જીવનવ્યવસ્થા છે. 'ધી વે ઓફ લાઈફ' છે. જે અમને પસંદ છે. અમે તેને અનુસરીએ છીએ. અમારા કુર્આનમાં એટલી લચક છે. એટલી સ્થિતિસ્થાપકતા છે કે દુનિયાના કોઈપણ દેશમાં ત્યાંની બહુમતિ સાથે અમે આસાની સાથે જીવી શકીએ છીએ.

અમારા આ પ્યારા દેશ હિંદુસ્તાનમાં સેંકડો વરસોથી અમે એક લઘુમતિ તરીકે જીવન વ્યતીત

કરીએ છીએ. અમે આ વિશાળ દેશની વિશાળ લોકશાહી જીવન વ્યવસ્થા સાથે તાલ મેળવીને ચાલી રહ્યા છીએ. ઘણા થોડા અમારા અંગત કાયદા છે. તેનું રક્ષણ અમે ઇચ્છીએ છીએ. તે સિવાય અમે આ દેશના નાગરિક છીએ. અમને અમારો આ દેશ પ્રાણોથી વધારે પ્યારો છે. અમારા પ્યારા દેશ હિંદુસ્તાનની લોકશાહી વિશ્વમાં એક નમૂના રૂપ લોકશાહી છે. જ્યાંના સર્વોચ્ચ વડા દેશની એક મુસ્લિમ લઘુમતિના માણસ છે. જ્યારે અમારા દેશના વડાપ્રધાન દેશની એક બિનમુસ્લિમ લઘુમતિના છે. આ આદર્શ લોકશાહી નથી તો બીજું શું છે ?

આ દેશમાં જે આંતકવાદ છે તે પાકિસ્તાન સર્જીત આંતકવાદ છે. આપણા દેશના બંધારણને આપણે મુસ્લિમો વફાદાર છીએ. અમે મુસ્લિમો આ દેશના બંધારણમાં સંપૂર્ણ વિશ્વાસ ધરાવીએ છીએ.

અમારા દેશના ન્યાયતંત્રમાં પણ અમને સંપૂર્ણ વિશ્વાસ છે.

નિશાનીઓ એવું કહી રહી છે. ઈમામે જમાના મેહદી (અલ.)નો ઝૂહુર નજીક આવી રહ્યો છે. સમગ્ર વિશ્વમાં ફિત્ના ફસાદ અને ઝુલ્મો વધી ગયા છે. નગ્નતા અને બેશર્મીની પણ હદ વટી ગઈ છે. જેમાં પોતાને સુસંસ્કૃત કહેતું યુરોપ સૌથી આગળ છે. આવી પરિસ્થિતિમાં મોમીન સ્ત્રી-પુરુષોની જવાબદારી વધી જાય છે. ઈસ્લામી વિચારધારામાં આપણા સામાજિક જીવનને ઢાળીને સમગ્ર વિશ્વની બધી જ બિન મુસ્લિમ પ્રજાઓ સમક્ષ આપણે એક આદર્શ નમૂનો પૂરો પાડવાનો છે. એક નમૂનો રજૂ કરવાનો છે.

આપણું પારિવારિક જીવન કેવું હોવું જોઈએ, પતિ-પત્નીએ એકબીજાનો પડછાયો બનીને જીવન જીવી, ઘરને એક જન્નતનો નમૂનો બનાવી, આપણી

નવી પેઢીને ઈસ્લામી વિચારધારામાં તૈયાર કરવાની છે. દરેક નવી સવાર કોઈ ન કોઈ નવો ફિત્નો અને ફસાદ લઈને આવે છે. આપણી મોમીનોની જવાબદારી વધી જાય છે. આપણે અને આપણી સંતાનોએ રોજ નીતનવા ઊભા થતા ફિત્નાઓ અને ફસાદની સામે ટક્કર લઈ શકાય તે માટે ઈસ્લામી સ્પિરિટ પેદા કરવી પડશે. ઈસ્લામના કાયદા-કાનૂનોથી વાકેફ થઈ વિશ્વની સામે આ ઈસ્લામી કાયદા-કાનૂનોનો અમલી નમૂનો રજૂ કરવો પડશે.

મારો આ કિતાબ તૈયાર કરવાનો હેતુ પણ આ જ છે, અલ્લાહ મારી આ કિતાબને શીયા-સુન્ની બંને કોમોમાં મકબુલ ફરમાવે. આ કિતાબને વકફ કરવામાં મદદ કરનારા તમામ મોમીનોને અલ્લાહ દુનિયા અને આખેરતમાં ભરપુર બદલો આપે. અમ્રબિલ મઅરૂફના આ કાર્યમાં મારી મદદ કરનારા

તમામ મોમીનોની નેક ઉમ્મીદોને અલ્લાહ પૂરી ફરમાવે. બહક્કે મોહંમદ વ આલે મોહંમદ. અલ્લાહુમ્મા સલ્લેઅલા મોહંમદીંવ વ આલે મોહંમદ.

**નાચીજ**

**ઈબ્રાહીમ બી. પટેલ**

**ભરૂચ**

# પ્રકરણ-૧ : પતિ પત્નીનો પોશાક છે અને પત્ની પતિનો પોશાક છે

અલ્લાહતઆલા ફરમાવે છે કે :

**હુન્ન લેબાસુલ્લકુમ વ અન્તુમ લેબાસુલ્લ હુન્ન.**

(સુરા બકરહ આયત નં. ૧૮૭)

**અર્થાત** : તમારી સ્ત્રીઓ તમારો પોશાક છે અને તમે તેમનો પોશાક છો.

ઈસ્લામ દીને ફિતરત છે. કુદરતે સ્થાપિત કરેલી જીવનવ્યવસ્થા. જેને સમતા-બરાબરીનો દીન પણ કહી શકાય. જેમાં સંતુલન છે. ઈસ્લામ ઈન્સાનના નેચર, પ્રકૃતિ અને સ્વભાવ પ્રમાણેનો દીન છે. કુટુંબ-જેને આપણે ખાનદાન પણ કહી શકીએ, સંસ્કૃતિ અને સમાજજીવનનો પાયો છે. કુટુંબ બને છે પતિ-પત્ની અને બાળકોથી, માટે પતિ-પત્નીના સંબંધો એમના એકબીજા પ્રત્યેના હકો અને

ફરજોની હદ બાંધવી કુટુંબની પાયાની જરૂરિયાત છે.

આ નાની કિતાબમાં ગુંજાઈશ નથી નહીં તો ઐતિહાસિક દૃષ્ટાંતો આપીને બતાવવાની કોશીશ કરત કે જ્યારે જ્યારે પણ સ્ત્રીઓના કાર્યક્ષેત્રને જરૂરતથી વધારે મોટું કરવાની કોશીશ કરવામાં આવી તેનું પરિણામ ખતરનાક બરબાદી સિવાય કંઈપણ આવ્યું નહિ, અને સમાજ જીવનનું પતન થયું. દરેક કહેવાતી "આઝાદી" ઝબરદસ્ત "પાબંદી"ના રૂપમાં જાહેર થઈ. દરેક "આઝાદી" ભયંકર "ગુલામી"નું રૂપ લઈને આવી. જો સમાજમાં અધિકતાના પ્રમાણને જાળવવામાં નહીં આવે તો તે ભયંકર કમીના રૂપમાં જાહેર થશે. કુદરત અધિક્તા અને કમી બંને વચ્ચે પ્રમાણ - સંતુલન સ્થાપિત કરે છે. કુદરત તે લોકોને ભયંકર સઝા આપે છે. જે

લોકો કુદરતના આ સંતુલનના કાનૂનને તોડવાની કોશીશ કરે છે.

## એક સિદ્ધાંતિક જંગ

આજે પણ પૂર્વ અને પશ્ચિમમાં અથવા વધુ સાચું આ છે કે ઈસ્લામી અને બિનઈસ્લામી વિચારધારાઓમાં એક સિદ્ધાંતિક જંગ છેડાઈ ગઈ છે. જે બે દૃષ્ટિકોણના વાદવિવાદ છે. એક દિમાગી સંઘર્ષ-દિમાગી ખેંચાતાની ચાલે છે.આ પરસ્પરના ટકરાવનું ખરું કારણ શું છે ? ખરું કારણ આ છે કે ઈસ્લામ વિરોધી શક્તિઓ જાણીબુઝીને અથવા અજાણપણે આ વાતનો ફેંસલો નથી કરી શકતી બલકે નિર્ણય કરવાને અશક્ત છે, કે સ્ત્રી અને પુરુષની કુદરતી હદો શું છે ? આ બંને મસલાઓનો સ્પષ્ટ રીતે ઉકેલ લાવવામાં આવે તો "સિરાતે


amillibrary.com

મુસ્તકીમ”થી ભટકી જવાનો કોઈ ખતરો રહેશે નહિ. ઈન્શાઅલ્લાહ.

## સ્ત્રી અને પુરુષની કુદરતી હદ અને કાર્યો

ઈન્સાની જાતિને બાકી રાખવા ખાલીકે ઈન્સાનોને બે ટોળામાં વહેંચી નાખ્યા. બે અલગ ટોળાંઓ સ્ત્રી અને પુરુષ. તેઓ એકબીજાથી અલગ પણ છે. સાથે સાથે એકબીજાની કુદરતી કમજોરીઓમાં એકબીજાને મદદગાર પણ છે. આ એક નિર્વિવાદ વાત છે કે પુરુષની શારીરિક શક્તિ, સંઘર્ષમય જીવન જીવવા માટે તથા મુશ્કેલ જવાબદારીઓ વગેરે, સ્ત્રી કરતાં વધારે છે. પુરુષનું શારીરિક બંધારણ પણ અલ્લાહે એવું બનાવ્યું છે કે કમાવાના મેદાનમાં દોડાદોડી કરવા માટે વધારે યોગ્ય છે. જ્યારે સ્ત્રી જાતિ કુદરતી રીતે જ આ બધાં

કાર્યો માટે સંઘર્ષમય જીવન જીવવા માટે કમજોર છે.

સ્ત્રીની અલગ ઓળખ, તેનો સ્વભાવ, ગર્ભમાં બાળકને સાચવવું, જન્મ આપવો, દૂધ પાવું, તેનું પાલન-પોષણ કરવું વગેરે બાબતો તેના શારીરિક બંધારણને અનુકૂળ છે. આમાંની એક વાત પણ એવી નથી કે જે પુરુષ કરી શકે. બહુ બહુ તો પુરુષ બાળકને બહારનું દૂધ પાઈ શકે, તેનો ઉછેર કરી શકે છતાંય તેમાં તે ખૂબી તો ન જ આવે, જે બાળકની મા કે સ્ત્રી કરી શકે. સ્ત્રી અને પુરુષ અલ્લાહનું સર્જન છે. આ એક ઘણી જ આસાન અને સમજાય એવી વાત છે કે કુદરતે આ બંને ટોળાંઓને પોતપોતાની ફરજો અદા કરવાની આવડત એટલી બુદ્ધિપૂર્વક, એટલી સમજદારીથી, એટલી ખૂબી સાથે આપી છે કે દરેક પોતપોતાની ફરજો અદા કરી રહ્યાં છે. કુદરતી રીતે જ

ગર્ભધારણ, પ્રસૂતિ, બાળકને દૂધ પીવડાવવું, તેનો ખ્યાલ રાખવો, વગેરે કાર્યો પુરુષના કાર્યક્ષેત્રની બહાર છે. એવી રીતે રોઝીની શોધ કરવી, કમાવું, સંઘર્ષ, સામાજિક જવાબદારીઓ ઉપાડવી, તેની સાથે બાંધછોડ કરવી, સ્ત્રીના કુદરતી કાર્યક્ષેત્રની બહાર છે.

છતાંપણ સ્ત્રી અમુક મર્યાદિત ક્ષેત્રોમાં, પોતાના સ્ત્રી કાર્યક્ષેત્રના કાર્યોને અંજામ આપી શકે એ રીતે બહારના ક્ષેત્રમાં કામ કરે તો ઈસ્લામ તેને હરામ કે નાજાઈઝ ગણતો નથી. સ્ત્રીએ આ માટે એવાં કાર્યક્ષેત્રો પસંદ કરવાં જોઈએ જેમાં તેની ઈઝ્ઝત, ઈફ્ફત, માન-મર્યાદા વગેરે સચવાય, સાથે સાથે હમલ પ્રસુતિ, દૂધ પીવડાવવું, બાળ ઉછેર વગેરે કાર્યોને પણ તે અંજામ આપી શકે. આ રીતે સમાજજીવન પણ અસ્તવ્યસ્ત નહીં થાય.

## શાદીના ફાયદા

ઈસ્લામે વિધવા વિવાહની છૂટ આપી. તલાકની છૂટ આપીને ત્યક્તા બનતી સ્ત્રીઓ ઉપર એક બ્રેક લગાવી. શાદીને એકદમ સાદગી સાથે અદા કરવાની તાલીમ આપી. સહાબા કહે છે કે અમને શાદી કરતાં એટલો સમય લાગતો હતો, જેટલા સમયમાં એક વ્યક્તિ પેશાબ કરી શકે છે. આ રીતરિવાજો, લેવડ-દેવડ, ઢોંગ-ધતુરાં તો આપણે પોતે પેદાં કરેલાં છે. આ શાદી પહેલાં અને તે પછીની મુસીબતોને તો આપણે આપણી જાતે જ ઊભી કરેલી છે.

શાદી સમાજજીવનનું એક પાયાનું અંગ છે. જરૂરીયાત છે. કુટુંબ સમાજનો એક ભાગ છે. અનેક કુટુંબો ભેગા મળીને સમાજ બને છે. ઈન્સાની

જાતિની શરૂઆત શાદીથી થાય છે. શાદી કરવી એક કુદરતનો સિદ્ધાંત છે.

## શાદીનો બીજો ફાયદો

શાદીનો બીજો ફાયદો આ છે કે પતિ-પત્ની એકબીજાના સહકારથી કુટુંબજીવનની જવાબદારીઓની વહેંચણી કરે છે. પોતપોતાના ક્ષેત્રની જવાબદારીઓ રાજીખુશીથી સ્વીકારીને એક કુટુંબનો ભાર ઉઠાવે છે. આ રીતે આ કુટુંબ પ્રગતિ કરે છે. બંને એકબીજાની કુદરતી સલાહીયતોના ઉપયોગ દ્વારા એકબીજાની કમી અને કમજોરીને પૂર્ણ કરે છે.

પત્ની કુદરતી રીતે જ રોઝી કમાવાની સલાહીયત નથી ધરાવતી. રોઝી કમાવાનો ભાર કુદરતી રીતે જ એના શારીરિક બંધારણની વિરુદ્ધ છે. જ્યારે પુરુષ કુદરતી રીતે ઘરની, ખાવા

પકાવવાની, બાળ ઉછેરની વગેરે જવાબદારીઓથી ભાગતો દેખાય છે. જેથી શાદી બંનેને ભેગા કરીને આ કૌટુંબિક મુશ્કેલીઓને દૂર કરી દે છે. આ રીતે પુરુષ-સ્ત્રી ભેગાં મળીને એકબીજાની ખામીઓને ઢાંકી દે છે. જેથી ઘર અને કુટુંબ આનંદથી રહે અને પ્રગતિ કરે. જે ઘરમાં મા-બાપ વચ્ચે સુમેળ હોય ત્યાંના બાળકો પણ કેવાં સ્માર્ટ અને ખુશખુશાલ દેખાય છે !

પુરુષ પોતાની શક્તિના ઉપયોગ દ્વારા પોતાના માટે અને પોતાના બાળ-બચ્ચાં માટે રોઝી કમાય છે. સ્ત્રી આ આવકનો પોતાની બુદ્ધિ શક્તિ અને આવડત દ્વારા ઉપયોગ કરીને, ઘરને જન્નત બનાવી દે છે. અલ્લાહતઆલાએ નીચેની આયતમાં આ જ રહસ્ય તરફ ઈશારો કર્યો છે.

**વ અનકેહુલ અયામા મિન્કુમ વસ્સાલેહીનઅ્ મિન એબાદેકુમ વ એમાએકુમ ઈંય યકુનુ ફોકરાઅ યુગનેહેમુલ્લાહો મિન ફઝલેહી વલ્લાહો વાસેઉન અલીમ.**

(સુરા નુર આયાત નં.૩૨)

**અર્થાત્** : અને પોતાની કોમની પતિ વગરની સ્ત્રીઓ અને નેકસાલેહ ગુલામો તથા કનીઝોના પણ નિકાહ કરાવી આપો. જો આ લોકો મોહતાજ હશે તો અલ્લાહ પોતાના ફઝલો કરમથી તેમને માલદાર બનાવી દેશે અને ખુદા ઘણો જ ફાયદો પહોંચાડનારો ઉદાર છે.

અને એટલા જ માટે ઈમામ જઅફર સાદિક (અલ.) એ ફરમાવ્યું:

“રોઝી ઓરતો અને બાળકોની સાથે આવે છે.” (વસાએલુશ્શીયા ભાગ - ૧૪ પેજ નં. ૨૬)

વ્યવહાર કુશળતા, શિષ્ટતા, તમીઝ તથા કરકસર વગેરે ગુણો ઓરતોમાં ખાસ હોય છે. બેહતર વ્યવસ્થા તેઓ જ કરી શકે છે. ઘણી સ્ત્રીઓ તો એટલી બધી વ્યવહાર કુશળ હોય છે કે થોડી આવકમાં બેહતર દેખાવ સાથે સમાજજીવનનું ગાડું એવું ચલાવે છે કે શાયદ આપણે એટલી આવકમાં દરરોજનું બીજું એટલું જ કરજ કરી નાખીએ. એટલે કહેવાયું છે કે "પુરુષની સો સફર અને સ્ત્રીની એક કસર" બંને બરાબર છે.

સમાજજીવન ઉથલ-પુથલ કેમ થઈ ગયું છે ?

ઈસ્લામી સમાજમાં એના અવ્વલ સમયથી એટલે કે હઝરત આદમ (અલ.)થી સ્ત્રી ઘરની શોભા, ઘરની રાણી, ઘરની ઇઝ્ઝત હતી. પુત્રીની જગ્યા શેહઝાદીની હતી. આપણા પ્યારા નબી હઝરત મોહંમદ (સલ.)એ પણ સ્ત્રીઓને તેમના શારીરિક બંધારણ અનુસાર ઘર સંભાળ, બાળકોની

દેખભાળ, ખાનાદારી વગેરે માટે સૂચનો કર્યાં છે. કમાવાની જવાબદારી સ્ત્રી બને ત્યાં સુધી ન સ્વીકારે, તેમાં જ તેની જિંદગીનો લુત્ફ છે. મજા છે. રાહત છે. અગવડ-સગવડ, મુસીબતના સમયમાં, અનિવાર્ય સંજોગો પેદા થયા હોય ત્યારે, જો સ્ત્રી કમાવા પણ જાય તો તેને હરામ નથી કહેવામાં આવ્યું. તે પોતાની ઈઝ્ઝતની હિફાઝત અને પડદાના વાજીબ હુકમ ઉપર અમલ કરીને સમાજજીવનના એવાં ક્ષેત્રો પસંદ કરે જે એના શારીરિક બંધારણને અનુકૂળ રહે. વિશ્વના એકમાત્ર ઈસ્લામી દેશ ઈરાનમાં સ્ત્રીઓ ઘણાબધાં ક્ષેત્રોમાં કાર્યો કરે છે. તાગુત (તાગુત = ખુદા રસૂલના દુશ્મનો સાથેની જંગ. ઈરાક સાથેની આઠ વર્ષની લાંબી જંગ ખરેખર તો અમેરિકા, બ્રિટન, ફ્રાંસ અને રશિયા વગેરે ઈસ્લામ દુશ્મનો સાથેની જંગ હતી. સદ્દામ તો એક મુનાફિક બન્યો હતો. બેવકૂફ

પ્રકારનો સામ્યવાદી સરમુખ્યત્યાર. જે કોમ્યુનિસ્ટ બાસપાર્ટીનો હતો. અફસોસ કે ભલાભોળા રાજકારણનો એકડો પણ ન જાણનાર મુસલમાનોએ તેને પોતાનો હીરો બનાવી દીધો હતો. હવે અલ્લાહે એ ઝાલિમને ઝીરો બનાવી દીધો છે.) સાથેની આઠ વર્ષની લાંબી જંગમાં અનેક સ્ત્રીઓ વિધવા થઈ હતી. તેમની પાસે પોતાના બાળકો અને જીવન નિર્વાહ માટેનું થોડુંઘણું સાધન હતું તેઓ બીજાં લગ્ન ઇચ્છતી ન હતી, તેવી વિધવાઓને ઘણાં ક્ષેત્રોમાં કામ આપવામાં આવ્યું. આજે પણ તેઓ કાર્ય કરે છે.

પરંતુ યુરોપના બિન-ઈસ્લામી સમાજે તો સ્ત્રીના બંને પગોને સમૂળગા ઘરની બહાર કાઢી મૂક્યા. સ્ત્રી પણ જાણે બહાર લડ્ડુ જ ખાવાના હોય તેમ નીકળી ગઈ. તેના પરિણામો-જિંદગીની ઉથલપાથલો આપણે જોઈ રહ્યાં છીએ. તેની

જિંદગીનો થાક, વહેલો બુઢાપો, જીવનનો સાચો આનંદ મેળવવામાં નિષ્ફળતા, સંતાનોનું માના દૂધથી વંચિત રહેવું, સંતાનોની કેળવણી અને સંસ્કારમાં કમી વગેરેના રૂપમાં આપણે જોઈ રહ્યાં છીએ.

અર્વાચિન બિન ઈસ્લામી સમાજે, જેમાં ખાસ તો યુરોપીય સમાજે શાદીની બુનિયાદ પતિ-પત્ની બંનેના એકબીજાના સહયોગ, સહાયતા અને મદદ કરવા ઉપર રાખી છે. જ્યારે કે ઈસ્લામમાં તેનું સ્થાન બીજા નંબરે છે.અનિવાર્ય સંજોગોમાં, દુ:ખ મુસીબતમાં જ તેનું સ્થાન છે.

જ્યારે સ્ત્રી પતિની સાથે જ કે અમૂક વખત તો તેની પહેલાં ઘરની બહાર નીકળી જતી હોય છે. કારણ કે તેને પોતાની નોકરી કે અન્ય કામે જવાનું હોય છે. નાના બાળકોને અલ્લાહ ભરોસે મૂકીને કે ઘરડાં સાસુ-સસરા કે તે બિચારાંઓને સ્વયં કોઈ

સાચવનાર-સંભાળનારની જરૂરત હોય છે. તેવા સંજોગોમાં પુત્રના સંતાનોને સાચવવાં પડે છે, અને જો કોઈ ઘરડાં વ્યક્તિઓ ઘેર ન હોય તો બાળકોના એવા પ્રશ્નો ઊભા થાય છે કે શહેરી જીવનમાં તેના વર્ણનો કરતાં પણ શરમ આવે છે. એટલા બધા સામાજિક પ્રશ્નો ઊભા થાય છે, અને થયા છે કે તેના વર્ણનો જ શક્ય નથી. સમાજજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. ઘેર ઘેર પતિ-પત્નીના ઝઘડા પેદા કરી દીધા છે.

સ્ત્રીને પતિના કામોમાં મદદગાર, સહયોગ કરનારી, ભાગીદાર માનનારા યુરોપીય કે બિન ઈસ્લામી સમાજે સ્ત્રીની પાકદામની તરફ કોઈ જ ધ્યાન આપ્યું નથી. અસંખ્ય સામાજિક પ્રશ્નો ઊભા થઈ ગયા છે. જીવનનો આનંદ મરી પરવાર્યો છે. જિંદગી ઉથલ-પાથલ થઈ ગઈ છે.

આ વાતમાં શંકાને કોઈ સ્થાન નથી કે માણસ એક સામાજિક પ્રાણી છે. દરેક વ્યક્તિ એકબીજાની મદદ કરે છે. પછી પોતાની આવડત અને અક્કલ તથા રૂચિ પ્રમાણેની જવાબદારી અંદરોઅંદર વહેંચી લે છે. પરંતુ આ બધાં કામો એવાં હોય છે કે બે પુરુષો એકબીજાની મદદ લઈ કરી શકે છે. આ જરૂરી નથી કે કૌટુંબિક જીવન બે વ્યક્તિ પતિ-પત્ની એકબીજાની સરખી ભાગીદારી-સરખી મદદ દ્વારા ચલાવે. જો આ જ કે આવા પ્રકારના કાયદાઓ બનાવીને કુટુંબજીવનની ઈમારત ઊભી કરવામાં આવશે, તો તે ઈમારત હંમેશા અસ્થિર અને ધ્રૂજતી જ રહેશે.

શાદીનો સાચો ધ્યેય જીવનનો લુત્ફ ઉઠાવવાનો છે. જીવનનો સાચો આનંદ માણવાનો છે. ભર્યુંભાદર્યું આનંદિત કુટુંબ હોય, બે-ત્રણ બાળકો સાથે પતિ-પત્નીમાં સુમેળ હોય. પતિ કમાવાની

જવાબદારી સંભાળતો હોય, પત્ની ઘરના બાળકોની, ઘરની, તેમની વ્યવસ્થાની, તાલીમની તથા ખાવા-પીવાની જવાબદારી સંભાળતી હોય. પતિ થાક્યોપાક્યો ઘેર આવે, સાંજે બધાં ભેગાં થઈ આનંદ કરે, કિલ્લોલ કરે, આવા એક કુંટુંબની કલ્પના કરો.

જો શાદીનો મકસદ ફક્ત ઘરેલુ કામોમાં એકબીજાની મદદ કરવાનો હોય, તો સ્પષ્ટ છે કે શાદી માટે કોઈ કાનુની વ્યવસ્થાની શું જરૂર છે. કંપનીઓ અને કો-ઓપરેટીવ સોસાયટીઓને ચલાવવા માટે જે કાયદા બનાવેલા છે. તે જ પુરતા છે. આવા પ્રકારની વિચારધારા ઇઝ્ઝત, પવિત્રતા, વફાદારી અને જાંનીસારીના જોશને મિટ્ટીમાં મેળવી દે છે.

અવલાદ સાચા વંશની પેદા થાય - કુળ કુટુંબ બધું જળવાય. બાપ-બેટામાં પરસ્પર

મહબ્બતની ભાવના જીવંત રહે. આ બધી વાતોને જુનવાણી કહીને બિન-ઈસ્લામી સમાજ કૌટુંબિક સંસ્થાની ઘોર ખોદી રહ્યો છે.

અત્યારે જ્યારે આ લખી રહ્યો છું ત્યારે એક સત્ય ઘટના મારા સ્મરણપટ ઉપર આવી રહી છે કે ઇંગ્લેન્ડ કે અમેરિકા દેશ યાદ નથી. જ્યાં એક બાપે પોતાની સગી કહેવાતી બેટી સાથે શાદી કરી. જ્યારે ત્યાંના પાદરી વર્તુળે આ વાતનો વિરોધ કર્યો ત્યારે કહેવાતા બાપે ઘટસ્ફોટ કર્યો હે આ મારી સાચી પુત્રી નથી. આ પુત્રીના હમલ રહેવાના સમયગાળામાં મારે મારી પત્ની સાથે ઝઘડો ચાલતો હતો. હું એક જ ઘરમાં તેનાથી અલગ સૂતો હતો. હું અને તે અલગ અલગ કામે જતાં હતાં. તે દરરોજ સમયથી વહેલી કામે ચાલી જતી હતી. એક દિવસ આવીને તેણે મને કહ્યું કે હું મારા એક

દોસ્તનું બાળક પેટમાં લઈને આવી છું. આ તે પુત્રી છે.

જો નસ્લ-વંશ સાચો નહીં રહે. તો મિરાસના કાનૂનોનું શું થશે ? ઈસ્લામે તો કહ્યું છે કે પતિ-પત્ની એકજાન-બે ખોળિયાં બનીને જીવન ગુજારે. તો જિંદગીની કેટલી મજા છે. જ્યારે સ્ત્રી ઘરની બહાર જ નીકળી જશે, તો કુટુંબજીવન બરબાદ થઈ જશે. એક યુરોપીય ફેમીલીમાં મા-બાપ વચ્ચે પાંચ છોકરાં હતાં. પ્રથમ બે છોકરાં કહેતાં હતાં કે અત્યારે જે અમારી મમ્મી છે તે ત્રીજી મમ્મી છે. ત્યાર પછીનું ત્રીજું બાળક કહેતું હતું કે આમારી બીજી મમ્મી છે. અને છેલ્લાં બે છોકરાં કહેતાં હતાં આ અમારી સાચી મમ્મી છે.

એંશી વર્ષનો એક વૃદ્ધ મૃત્યુશય્યા ઉપર હતો. છેલ્લી ઘડીઓ ચાલતી હતી. બે ઈન્ડિયન ફેમીલી પડોશી તેની સેવામાં હતાં. આ વૃદ્ધને એક

પછી એક ચાર પત્નીઓથી કુલ છ બાળકો હતાં. પરંતુ એક પણ પુત્ર-પુત્રી આ એંસી વર્ષના વૃદ્ધની પાસે ન હતાં. કોઈ રડનાર જ ન હતું. કોઈ માથે હાથ મૂકનાર ન હતું. કોઈ પાણી, ચા, કોફી, ઉકાળો, કે શીરો ખાવા-પીવાનું પુછનાર ન હતું. તે યુરોપીયન ઈન્ડિયનોને કહેતો હતો કે તમારા લોકોમાં કેટલો પ્રેમ છે ? કાશ ! કે અમારું કુટુંબજીવન પણ તમારા જેવું હોત. આ છે યુરોપની હાલત.

આજે અત્યારે જો આપણે મરણપથારીએ - બીમાર પથારીએ હોઈએ તો આપણી પત્ની આપણી સાર-સંભાળ લેનાર હોય. મોટી નાની બંને પુત્રીઓને ખબર પડે તો તેઓ રડતી રડતી આવે. સાથે નાના બાળકો પણ રડતાં હોય કે અમારા નાનાએ અમારી ખૂબ જ કાળજી લીધી છે. અમને ખૂબ જ ખવડાવ્યું - પીવડાવ્યું છે. પુત્રવહુઓ અને પોત્રો પણ બીછાના પાસે હોય. બધાં રડતાં હોય,

વહુઓ એમ કહેતી હોય કે આ અમારા સસરા નથી અમારા સગા-બાપ જેવા જ છે. બાપથી પણ વધુ છે. તો આ પણ એક મોત છે અને પેલા યુરોપીયનની પણ એક મોત છે.

હવે છેલ્લે હું મારા વિષય તરફ પાછો કરૂં છું "**હુન્ન લેબાસુલ્લકુમ વઅન્તુમ લેબાસુલ્લહુન્ન.**" "તમારી સ્ત્રીઓ તમારો પોશાક છે. અને તમે તેમનો પોશાક છો."

પોશાક ઈન્સાનના શણગારનો સબબ છે. તેની પરદાદારી કરે છે. શરદી-ગરમીથી બચાવે છે. અલ્લાહતઆલાએ સુરએ આઅરાફની છવ્વીસમાં આયતમાં ફરમાવ્યું :

**યા બની આદમઅ્ કદ અનઝલના અલયકુમ લેબાસંય યોવારી સૌઆતેકુમ વરીશન વ લેબાસુત્તકવા ઝાલેકઅ્ ખયર**

**અર્થાત્** : અય આદમની અવલાદ ! અમે તમારા માટે પોશાક નાઝિલ કર્યો અને તે સિવાય પરહેઝગારીનો પોશાક છે.

વળી સુરા નહલમાં ફરમાવ્યું :

**વજઅલઅ્ લકુમ સરાબિલઅ્ તકીકોમુલ હર્ર**

(આયાત નં. ૮૧)

અને તેણે તમારા માટે પોશાક બનાવ્યો, જે તમને શરદી, ગરમીથી રક્ષણ આપે છે.

પતિ-પત્ની પરસ્પર ભેગાં થઈને એકબીજાની કુદરતી કમજોરીઓ ઉપર પરદો નાખી દે છે. આ એકતા પરસ્પરની મહબ્બત, એકસૂત્રતા તેઓને તે બધી મુશ્કેલીઓ, તકલીફોથી સુરક્ષિત રાખે છે. જે જીવનપથ ઉપર એકલા સફર કરનારને ભોગવવી પડે છે. પતિ-પત્નીની પરસ્પરની

મહબ્બત શાદી શુદા જીવનમાં ખુશી ભરી દે છે. કુદરતે તેઓને જે રીતે પેદા કર્યાં છે તે પ્રમાણે તેઓ જીવન વ્યતિત કરે છે. એકનું ક્ષેત્ર કુદરતી રીતે જ બહાર છે. બીજાનું ક્ષેત્ર ઘર છે.

## પ્રકરણ-૨ : ઈસ્લામી મર્યાદાઓ અને ફરજો

આપણે સ્ત્રી અને પુરુષની મર્યાદા અને ફરજો ઉપર ચર્ચા કરીશું કે અલ્લાહે આ મર્યાદા શા માટે બનાવી છે. તેનું રક્ષણ પણ અલ્લાહે કર્યું છે. કુદરતનો તકાદો આ છે કે દરેક ઈન્સાનને સમાન હકો મળે. પરંતુ આ વાતનો મતલબ આ નથી થતો કે ગમે તે માણસને ગમે તે પ્રકારનું કામ કે ફરજ સોંપી દેવામાં આવે. એક કમજોર માણસ પાસેથી એવી આશા નહીં રાખી શકાય કે તે સડક તોડવાનું કામ કરશે અથવા સડક તોડવા જેવું પહેલવાનીનું કામ કરનાર પાસેથી કોમ્પ્યુટરનું કામ નહીં લઈ શકાય. જો આપણે કોઈ મુડદાલ વ્યક્તિથી પહેલવાનનું કામ લેવાની કોશીશ કરીશું તો તે તેના માટે ઘણું જ નુકશાનકારક સાબિત થશે. એ જ પ્રમાણે પહેલવાન પાસેથી કોઈ હલકુંફુલકું કામ

લેવાની કોશીશ કરીશું તો તે તેના માટે ઘણું જ નુકશાનકારક સાબિત થશે. મતલબ બધા જ ઈન્સાનોને એક જ લાકડી વડે હાંકી શકાય નહિ. જો એવું કરવા જઈશું તો બંને માટે નુકશાનકારક સાબિત થશે.

ઉપરોક્ત સિદ્ધાંતના અનુસંધાનમાં ઈસ્લામી સમાનતાનો શું અર્થ ગણાશે ? તેનો ઉત્તર આ છે કે દરેક પુરુષ અને દરેક સ્ત્રીને તેનો હક કોઈપણ પ્રકારની રૂકાવટ અથવા મુશ્કેલી વગર મળવો જોઈએ. વળી તેમાંના દરેક તેના ખરેખરા મરતબા પ્રમાણે - તેની કક્ષાનુસાર જગ્યા મળવી જોઈએ. અલ્લાહતઆલાના શબ્દો એ જ હુકમ તરફ આપણને ઈશારો કરે છે :

**વલઅ્હુન્ન મિસલુલ્લઝી અલયહિન્ન બિલમઅરૂફે વલિર્રેજાલે અલયહિન્ન દરઅ્જઅ્તન.**

**અર્થાત્** : અને સ્ત્રીઓનો પુરુષો ઉપર તે જ અધિકાર છે, જે પુરુષોનો સ્ત્રીઓ ઉપર છે. અલબત્ત પુરુષોનો દરજ્જો સ્ત્રીઓ કરતાં વધારે છે.”

ઉપરોક્ત આયત માનવસમૂહના બે પૈડાં સ્ત્રી અને પુરુષ બંનેના હકોનું જાહેર એલાન કરે છે. તે પણ સાફ શબ્દોમાં કે બંનેનો પરસ્પર એકસરખો જ હક છે. સાથે જ બંનેના તફાવતનું વર્ણન પણ જાહેર કરે છે.

પુરુષ અને સ્ત્રી બંને અક્કલની શક્તિમાં અને ઈરાદાની શક્તિમાં જે ખુદાએ આપેલી ભેટ છે. તેમાં બરાબરના ભાગીદાર છે અને બંનેએ પોતાના જીવનપથ ઉપર સ્વતંત્રતા સાથે ચાલવાનું છે. પુરુષો પોતાની અક્કલ અને ઈરાદા બંનેમાં આઝાદ છે. તેમ સ્ત્રી પણ પોતાની અક્કલ અને ઈરાદામાં આઝાદ છે. જેમ પુરુષ પોતાની બુદ્ધિક્ષમતા અને વિચારશક્તિ દ્વારા પોતાનો રસ્તો પસંદ કરે છે. તેમ

સ્ત્રીને પણ પોતાના જીવનપથનો એટલો જ અધિકાર છે.

બીજા શબ્દોમાં આમ કહી શકાય કે સ્ત્રી પણ પોતાના કાર્યો પોતાની મરજી મુજબ કરવાનો પુરેપુરો અધિકાર ધરાવે છે. પછી તે તેના પોતાના અંગત કાર્યો હોય કે સામાજિક, અલબત્ત જ્યાં કોઈ યોગ્ય કારણ-યોગ્ય અટકાવ આવી પડે ત્યાં એણે રોકાઈ જવું પડશે. ઈસ્લામે સ્ત્રીને પણ નાગરિક હકની આઝાદી સંપૂર્ણ રીતે આપી છે.

સ્ત્રી મિરાસ-વારસામાં પોતાનો હક મેળવે છે. તેને જે કંઈ મળે તેની માલીક તે પોતે જ ગણાય છે. તે દરેક બાબતમાં અન્યો સાથે વહેવાર કરી શકે છે. દૃષ્ટાંતરૂપે વેપારમાં ભાગીદારી (પાર્ટનર શીપ), કરવામાં કોઈને દાન કે બક્ષિસ આપવામાં આઝાદ છે. તે ઈલ્મ પ્રાપ્ત કરી શકે છે. બીજાઓને ઈલ્મ (જ્ઞાન) શીખવી શકે છે. દાવો

માંડી શકે છે. તે પોતાના હકોનું રક્ષણ જાતે કરી શકે છે, તે કેસ કરી શકે છે. અને તેની વિરુદ્ધ કેસ કરી શકાય છે. આ બધી વસ્તુઓ તેને પોતાની મરજીથી કરવાનો અધિકાર છે. તેણે ઉપરોક્ત કોઈપણ વસ્તુ કરવા માટે પોતાના પતિ પાસેથી મંજૂરી લેવાની જરૂર નથી.

આટલા થોડાક દૃષ્ટાંતો દ્વારા આ વાતનો અંદાજો આવી શકે છે કે ઈસ્લામે સ્ત્રીને કેટલે દરજે એક અલગ ગણી શકાય એવી આઝાદ વ્યક્તિ તરીકેના હકો આપ્યા છે. તે પોતાના ઈરાદા અને ઈંgયારમાં બિલકુલ આઝાદ છે. અહીં સુધી કે તે પોતાના કાર્યોમાં - તેને પૂર્ણ કરવામાં ચાલુ રાખવામાં - બંધ કરવામાં - ન પુરુષની ઈજાઝતની મોહતાજ છે, ન તેના સંરક્ષકપણાની - વાલીપણાની. (ઈસ્લામે સ્ત્રીઓને આ હકો તો મિલ્લતે ઈબ્રાહીમી અને શરીઅતે ઈસા (અલ.)માં પણ આપેલા જ

હતા. આ તો આપણે પુરુષોએ સ્ત્રીઓને જાણે આપણી મિલકત સમજી લીધી છે. તેઓના હકો કોઈકે થોડાક પ્રમાણમાં કે કોઈકે વધુ પ્રમાણમાં છીનવી લીધા છે. પેગંબરે ઈસ્લામ (સલ.)ના બધા જ વડવાઓ મિલ્લતે ઈબ્રાહીમ પર હતા. મોમીન બાઅમલ હતા. અહીં સુધી કે મા ખદીજા રઝિયલ્લાહો તઆલા અનહા મક્કાના માલેતુજાર વેપારી ખાતુન હતાં. વેપારનું હેન્ડલીંગ પોતે જાતે જ કરતાં હતાં. મક્કાના વેપારી કુટુંબોમાં આપનું એક આગવું સ્થાન હતું. આપે જ પેગંબરે ઈસ્લામને બોલાવીને પોતાનો વેપાર સોંપ્યો હતો. આવાં સેંકડો દૃષ્ટાંતો આપી શકાય છે. પરંતુ કિતાબ મોટી થઈ જવાનો ડર લાગે છે. ઈસ્લામ હઝરત આદમ (અલ.)થી છે. એ ઈસ્લામની અગાઉની આવૃત્તિઓ છે. આપણી પાસે અત્યારે જે શરીઅત છે તે ઈસ્લામની છેલ્લી આવૃત્તિ છે. લાસ્ટ અને લેટેસ્ટ.

આ જ મા ખદીજાને જ્યારે શાદી કરવી હતી, તો પોતાના એક વડીલના દ્વારા પેગંબરે ઈસ્લામના વડીલ હઝરત અબુ તાલિબ (અલ.)ને સંદેશો કહેવડાવ્યો. આ જ વિશ્વની શ્રેષ્ઠ સ્ત્રી-જન્નતની શ્રેષ્ઠ ખાતુન આ જ મા, જનાબે ફાતેમા (સલા.)ના મા, આ જ મા પેગંબરે ઈસ્લામના પ્યારાં બીબી. આપના ઈન્તિકાલ પછી જ્યારે પણ પેગંબરે ઈસ્લામ હઝરત ખદીજા (રઝિ.)નું નામ લેતા તો આપ (સલ.)ની આંખોમાં ઝરઝરીયાં આવી જતાં હતાં. અમારાં લાખો દુરૂદો સલામ આ જન્નતની શ્રેષ્ઠ નારી ઉપર.)

અલ્લાહ રબ્બુલ ઇઝ્ઝતે શરીઅતે ઈસ્લામ દ્વારા સ્ત્રીને તે તમામ હકો આપેલા છે. જે હકો દુનિયાના લોકોએ તેની પાસેથી છીનવી લીધા હતા.

ઉપરોક્ત દુન્યવી કાર્યોમાં પુરુષો સાથે દરેક કાર્યોમાં સાથે રહેવા સિવાય સ્ત્રી બીજી કેટલીક વાતોમાં પુરુષથી અલગ છે. આ તફાવતને કારણે

સ્ત્રીનું શરીર પુરુષોના શરીરના મુકાબલામાં નરમ અને ખૂબસુરત છે. આ રીતે તીવ્ર ચેતનાઓ અનુભવવું, તીવ્ર- મનોભાવ અને આવેશ અનુભવવું. દાખલા તરીકે મહબ્બત, નરમદીલી, સુંદરતા અને શણગાર તરફનું તેનું આકર્ષણ પુરુષોના કરતાં વિશેષ હોય છે.

એનાથી ઉલટું ઠંડા દિમાગથી વિચારવું, કોઈ ગંભીર વાત ઉપર ચિંતન-મનન કરવું સ્ત્રીઓના મુકાબલામાં પુરુષોમાં વધારે છે, ઓછા શબ્દોમાં આમ કહી શકાય કે સ્ત્રી એક આવેશમય જીવન જીવે છે. જ્યારે કે પુરુષ મોટાભાગે ફેંસલો કરતી વખતે આવેશને અક્કલ ઉપર કાબુ આપતો નથી. પ્રથમ વિચારે છે. દિમાગને જોર આપે છે. આવેશને - ગુસ્સાને કે આનંદને કાબુમાં રાખે છે. પછી જ ફેંસલો આપે છે.

આ જ કારણથી ઈસ્લામે બંનેની - પુરુષ અને સ્ત્રીની જવાબદારીઓ અને ફરજોમાં તફાવત રાખેલો છે. જે કામોમાં ઠંડા દીલથી અને દિમાગથી ફેંસલો કરવાની જરૂરત પડે છે તે કામોને પુરુષોને સોંપી દીધા. તેના માટે વિશિષ્ટ કરી દીધાં. આ કાર્યો છે. હુકુમત-રાજ્યવ્યવસ્થા. ન્યાયતંત્ર, જેમાં મુકદ્દમાઓનો ફેંસલો કરવાનો હોય છે અને જેહાદ-પવિત્ર જંગ.

આમ તો સ્ત્રી જેહાદમાં બીમારોના ઈલાજ અને ઘાયલોની મલમપટ્ટી, તેમની દેખભાળ (નર્સીંગ) વગેરે માટે જઈ શકે છે. (આગળ ઈમામ જઅફર સાદીક (અલ.)નું કથન પેગંબરે ઈસ્લામની હદીસના રૂપમાં આવશે. જેમાં સ્ત્રીઓ તરફથી પુછવામાં આવ્યું કે યા રસુલુલ્લાહ ! પુરુષ જેહાદમાં જાય છે. ગાઝી બને છે કે શહીદ થાય છે તો અમને એના મુકાબલામાં શહાદત અને ગાઝીપણું કેમ

નહિ? પેગંબરે ઈસ્લામ (સલ.)એ ફરમાવ્યું કે તમારૂં બાળકને નવ માસ પેટમાં રાખવું, પછી પ્રસુતિ અને ત્યાર બાદ બે વર્ષ બાળકને દૂધ પીવડાવવું. આ બધી જ ક્રિયાઓ તમારા માટે જેહાદની સમકક્ષ છે. હમલથી લઈ દૂધ પીવડાવવાના સમયની અંદર અંદર જેમાં બાળક નાનું હોય છે તમો મૃત્યુ પામો તો તમને શહાદતનો દરજ્જો છે. આ કૌલે રસૂલ પણ છે અને કૌલે ઈમામ પણ છે.) આના મુકાબલામાં-મતલબ આ નેકીના બદલામાં બાળકોની પરવરિશ, નવી નસ્લ - ઈન્સાની જાતિની હિફાઝત - દેખભાળ - શિક્ષણ પ્રશિક્ષણ પાલન-પોષણ, ઘર સંભાળવું આ બધું સ્ત્રીની જવાબદારીમાં છે. શું આ કાર્યો ઓછા અઘરાં છે ? જે બહેનોની જવાબદારીમાં છે. જે અલ્લાહે સ્ત્રીઓ માટે ખાસ કરેલાં છે. સાથે સાથે અલ્લાહે પુરુષ ઉપર આ જવાબદારી પણ નાખી છે કે તે સ્ત્રીના બધા જ

ખર્ચનો બંદોબસ્ત કરે. ખર્ચ પુરો કરે. વળી પુરુષના આ ખર્ચને પહોંચી વળવા બાપની મિલકતમાંથી પુરુષને ડબલ હક (મિરાસ - વારસો) આપવામાં આવ્યો. મતલબ વારસામાં બે રૂપિયા પુરુષના, એક રૂપિયો સ્ત્રીનો.

ઈસ્લામ દુનિયાનો તે વાહિદ - એકલો જ ધર્મ છે, જેણે સ્ત્રીને ઈરાદો અને અમલની આઝાદી આપી છે. બલકે ઈસ્લામી જીવન વ્યવસ્થાએ જ સ્ત્રીને પુરુષોની ગુલામીમાંથી છોડાવી છે. અર્વાચિન સમયમાં સ્ત્રી આઝાદીની જે બૂમો અને અવાજો સંભળાય છે તે ઝાલીમ અવાજો છે. બલકે ઈસ્લામ દુનિયાનો તે પ્રથમ મઝહબ છે જેણે સ્ત્રીને બાપનો વારસો આપ્યો છે. જેણે સ્ત્રીને પતિ પાસેથી ખુલાઅ (તલાક) માંગવાની છૂટ આપી છે.

આ જ ઝાલીમ અવાજોએ સ્ત્રીને બજારનું રમકડું બનાવી દીધી છે. એક બે-રુહ ગુડીયા

બનાવી દીધી છે. આ ઝાલીમો સ્ત્રીઓની ભાવનાઓ સાથે ખેલ ખેલી રહ્યા છે. આ નાપાક લોકોના બેશર્મીભર્યા ખેલોને અટકાવવા માટે ઈસ્લામ તેમના રસ્તાનો પથ્થર બની રહ્યો છે. તેથી આ બદમાશ અવાજો મિડિયા દ્વારા ઈસ્લામને બદનામ કરી રહી છે.

મુસ્લિમ સમાજ ઈસ્લામે સ્પષ્ટ કરેલા આ રસ્તા ઉપર ચાલી રહ્યો છે. જે બિન-મુસ્લિમ સમાજને રૂચિકર નથી. ઈસ્લામે જે જે હકો સ્ત્રી આઝાદીના, તલાક-ખૂલાઅના, વાણી-વિચારોની આઝાદીના, બાપ અને પતિના માલમાંથી વારસાના, મતલબ પુરુષોને સમકક્ષ બધા જ હકો જે ઈસ્લામે સ્ત્રીઓને આપ્યા છે, જે હકો આજના પ્રચલિત ધર્મોમાંથી કોઈપણ ધર્મે પોતાના ધર્મપુસ્તકોમાં આપ્યાં નથી. ઈસાઈય્યત અને યહુદીયત જે આસ્માની ધર્મો છે. તેઓએ પોતાની કિતાબોને

બદલી નાખી છે. ઘણુંબધું કાઢી નાખ્યું છે. જે ન હતું તે બિન-જરૂરી તેમાં નાખી દીધું છે. જે આ આસમાની ધર્મો પણ ઈસ્લામના આગમન પછી અનુસરણને લાયક નથી. ન તો તેઓની કિતાબો મૂળ શકલમાં છે, ન તો તેમનો અમલ સાચો છે. જેથી જે હકો ઈસ્લામે સ્ત્રીને આપેલા છે તે હકો તો બીજા ધર્મોને કાયદા ઘડીને આપવા પડ્યા છે, મજબુર થઈને આપવા પડ્યા છે.

આ લોકોને ખૂંચી શું રહ્યું છે ? દુ:ખી રહ્યું છે પેટ અને તેઓ માથું ફૂટી રહ્યા છે. ખરેખર ઈસ્લામી સમાજની પવિત્રતા, તેમાં રહેલી ખૂબીઓ, તે ખૂબીઓમાંથી ઉદભવતી શાંતિ અને સલામતિ. તેઓ પોતાના સમાજમાં લાવી શકતા નથી. હિદાયત જ ન હોવાથી તેઓ એમ ઇચ્છે છે કે જે ગંદકી અમારી અંદર છે. તેનાથી આ ઈસ્લામી સમાજ પણ શા માટે બાકી રહી જાય ? ખોટા - જુઠ્ઠા વાંધા-વચકા ઊભા

કરો. સ્ત્રી સ્વતંત્રતાના નામથી ચળવળ ચલાવો. મુસ્લિમ સમાજમાંથી આપણા જેવા અપવિત્ર અને ગંદા માણસોને ઉશ્કેરીને ઊભા કરો. મુનાફિકો સ્ત્રીઓ અને પુરુષો બંનેમાંથી ઊભા કરો, શોધી કાઢો. જે થાય તે કરો, જરૂરત પડે તો નાણાનો પણ ઉપયોગ કરો. પરંતુ ઈસ્લામી સમાજની શાંતિને હણી લો.

ગમે તેમ આ લોકોએ કોશીશ તો ઘણી કરી કે સ્ત્રીને આઝાદી આપે. પોતે જેને આઝાદી સમજે છે. તેવી આઝાદી આપે, તેનું ભરપુર શોષણ કરે, સ્ત્રીઓની ઈઝ્ઝતથી ખિલવાડ કરે, તેને કંઈ વધુ આપીએ છીએ એવો ઢોંગ રચીને ઈસ્લામને બદનામ કરે. પરંતુ આ લોકો આ બાબતમાં એક ટકો પણ કામ્યાબ રહ્યા નથી અને ઈન્શાઅલ્લાહ કદીપણ કામ્યાબ થશે નહિ. ઈસ્લામે જે જે જવાબદારીઓ પુરુષો માટે વિશિષ્ટ કરી છે. તેમાં સ્ત્રી આજે પણ ઘણી જ પાછળ છે. મોજણીના

આંકડા તેના સાક્ષી છે, રાજ્યવ્યવસ્થા, ન્યાયતંત્ર અને સંરક્ષણ વગેરે ક્ષેત્રો આજે પણ પરુષોના હાથોમાં છે.

નીચે અમો એક હદીસ ટાંકી રહ્યા છીએ જે હદીસ ઈસ્લામી સિદ્ધાંતો પ્રમાણે સ્ત્રીનું સીમાક્ષેત્ર નક્કી કરે છે.

“ઈમામ મોહંમદ બાકિર (અલ.)એ ઈરશાદ ફરમાવ્યો. જનાબ ફાતેમા સૈયેદા સલવાતુલ્લાહ અલયહાએ ઘરના બધાં જ કામોની જવાબદારી લીધી હતી. દૃષ્ટાંતરૂપે આટો ગુંદવો, રોટી પકાવવી, ઘરની સફાઈ વગેરે અને હઝરત ઈમામ અલી (અલ.) ઘરની બહારના બધા જ કામોના ઝિમ્મેદાર હતા. દૃષ્ટાંત રૂપે લાકડીઓ - બળતણ લાવી આપવું, અનાજ લાવવું વગેરે. ઈસ્લામે બહારની દુનિયાના સંઘર્ષ અને ખેંચતાણથી સ્ત્રીને આઝાદી

બક્ષી છે, જેથી તે શાંતિથી ઘરેલું વ્યવસ્થાની મુશ્કેલ જવાબદારીઓ તરફ પૂરેપુરું ધ્યાન આપે."

આ ટૂંકા વર્ણન પછી હવે આપણે પતિ અને પત્નીના પરસ્પરના હકો અને ફરજો વિશે જાણકારી મેળવીશું.

# પ્રકરણ – ૩ : પતિના હકો

અલ્લાહતઆલાનો ઈરશાદ છે :

**અર્રેજાલો કવ્વામૂનઅ્ અલન્નીસાએ બેમાફઝ્ઝલલ્લાહો બાઅ્ઝહુમ અલાબાઅ્ઝીંવ વ બેમા અનફકુ મિન અમવાલેહીમ.**

(સુરા નિસાઅ આયાત નં. ૩૪)

**અર્થાત્ :** પુરુષો સ્ત્રીઓના રક્ષક અને હાકેમ છે કારણ કે અલ્લાહતઆલાએ એકમેકને પ્રધાનતા અર્પણ કરેલ છે અને તેઓ પોતાનો માલ સ્ત્રીઓ ઉપર ખર્ચ કરે છે.

ઉપરોક્ત આયત ઘર-સંસારની જિંદગીના બધા જ સિદ્ધાંતોને આવરી લે છે. થોડાક શબ્દોમાં ઘણુંબધું કહી જાય છે. સ્ત્રી શરીરના બંધારણની દૃષ્ટિએ જ નાજુક કહેવાય છે. તેથી તેના ઉપર રોઝી કમાવાનો ભાર નાખવો, અન્યાય ગણાશે. સાથે

આ પણ ફરમાવ્યું કે પુરુષે તેની જવાબદારી સ્વીકારવી જોઈએ. પોતાનો માલ તેના ઉપર ખર્ચ કરવો જોઈએ. માની લો કે ઘર એક નાની સરખી સલ્તનત છે. તો પુરુષ તેનો સુલતાન અને પત્ની તેની પ્રધાનમંત્રી (વઝીરે આઝમ) જેવો હોદ્દો ધરાવે છે. આ નાની આયત તે બધી વાસ્તવિક્તા તરફ ઈશારો કરે છે જે આપણે સંસારી જીવનમાં અનુભવીએ છીએ.જુઓ અલ્લાહતઆલાનો એક બીજો ઈરશાદ :

**બેમા ફઝ્ઝલલ્લાહો બાઅ્ઝહુમ અલાબાઅ્ઝ.**

આ વાક્ય કે અલ્લાહે કેટલાકને કેટલીક વાતોમાં પ્રધાનતા આપી. કોઈક વળી અમૂક બાબતોમાં વધુ યોગ્ય છે તો વળી બીજી વ્યક્તિ બીજી અમૂક બાબતોમાં તેનાથી આગળ છે.

# સ્ત્રી-પુરુષમાં શારીરિક તફાવત

આ અગાઉ આપણે જાણી ચૂક્યાં છીએ કે સ્ત્રીઓનુ શારીરિક બંધારણના દૃષ્ટિકોણથી જ પુરુષના શારીરિક બંધારણથી તદ્દન અલગ પડી જાય છે.બંનેના શારીરિક બંધારણમાં ઘણા મહત્ત્વના તફાવતો જોવા મળશે. જે તમને પેદાઈશ અને પેદા કરવું બંને રીતે અલગ અલગ જવાબદારીઓમાં નાખે છે. આ તો એક મુખ્ય તફાવત છે. તે સિવાયના પણ અમૂક તફાવતો છે. જે શરીરના અવયવોમાં પણ જોઈ શકાય છે. બંનેની બનાવટ જ જુદી જુદી છે.

શરીરશાનું કોઈપણ પુસ્તક ઊઠાવીને જોશો તો ખબર પડશે કે અલ્લાહે બંનેના શરીરના બંધારણમાં રાખેલો આ તફાવત કુદરતી રીતે જ પેદા થતા હોર્મોન્સના કારણે હોય છે. આ

રસાયણના અવયવો છે. જે પ્રાણીઓ અને ઈન્સાનો બંનેમાં પેદા થાય છે.

સ્ત્રી જેમકે જન્મ આપવો, ઉત્પત્તી દ્વારા નવી નસ્લ પેદા કરવી અને બીજાં કેટલાંક જરૂરી કાર્યો અંજામ આપે છે. જેના કારણે પુરુષ અને સ્ત્રીના શરીરમાં તથા કાર્યોમાં તફાવત પેદા થાય છે. વિજ્ઞાન કહે છે, આ જ હોર્મોન્સના કારણે તે મનોભાવો, આવેશો પેદા થાય છે જે પુરુષો અને સ્ત્રીઓમાં જુદા જુદા સમયે જુદી જુદી રીતે દૃષ્ટિમાન થાય છે. દૃષ્ટાંતરૂપે સ્ત્રીઓમાં હમલ દરમ્યાન અને પ્રસુતિ પછી મનોભાવો (મનો) ચેતનાઓમાં જે ઊતાર-ચઢાવ આવે છે તે આ હોર્મોન્સના કારણે જ હોય છે.

સ્ત્રીઓ અને પુરુષોમાં સ્પષ્ટ અને સર્વવ્યાપી ફેરફાર જે દૃષ્ટિમાન થાય છે તે બાળકોની તરબીયત, તેમના પાલન-પોષણ અને પરવરિશ

બાબત છે. આ ગુણો સ્ત્રીઓમાં પુરુષોના મુકાબલામાં કુદરતી રીતે જ વધારે છે. બાળકને જરૂરત તો માની જ છે. દૂધ તો મા પાસે જ છે. જેથી બાપના હાથમાથી બાળક મા તરફ જ ખેંચાઈ જાય છે. આપણે વારંવાર બોલી પડીએ છીએ કે અરે ભાઈ ! એ તો મા કહેવાય મા.

પુરુષોમાં ઘરની બહારના જે પ્રશ્નો છે. દૃષ્ટાંતરૂપે કમાઈના મેદાનમાં દોડવાની શક્તિ કુદરતી રીતે જ વધારે છે. આ બાબતનું કારણ પણ હોર્મોન્સ જ છે. એક પ્રખ્યાત ચિંતક મિસરી લેખક ફરીદ વજદી આફરી પોતાના એક પુસ્તકમાં લખે છે કે :

સ્ત્રીઓની શારીરિક હાલત બાળકોની શારીરિક હાલતના જેવી બલકે તેમને મળતી છે. તેથી આપણે અનુભવીએ છીએ કે બાળકની જેમ સ્ત્રી પણ દરેક પ્રકારની અસરો જલદી ગ્રહી લે છે. દરેક

બાબતનો પ્રભાવ વધારે પ્રમાણમાં ગ્રહણ કરે છે. બાળકોની આદત હોય છે કે જો તેને કોઈ તકલીફ થાય તો ઘણું જલ્દી રડવા લાગે છે અને જો કોઈ ખુશીની વાત હોય તો ખૂબ જ ઉછળવા-કૂદવા લાગી જાય છે. લગભગ આવી જ પરિસ્થિતિ સ્ત્રીની પણ છે. મતલબ પુરુષના મુકાબલામાં તે ઘણી ભાવુક પણ બની જાય છે. ભાવુક્તાને અક્કલ સાથે સંબંધ નથી હોતો. જેના કારણે સ્ત્રીઓના કાર્યોમાં દૃઢતા-મજબુતી નથી હોતી. ઠરેલપણાની પણ કમી હોય છે. કેટલીક વખત તો સ્ત્રીઓ કોઈ નિર્ણય લેવામાં બાળકો જેવી ઉતાવળ કરી નાખતી હોય છે. આ કારણોથી તે સખત અને ખતરનાક પરિસ્થિતિઓમાં દૃઢ નથી રહી શકતી. (દાયરતુલ મઅરૂફ)

આ તો એક વિદ્વાનના પોતાના મંતવ્યો છે. એની સાથે સંપૂર્ણ રીતે આપણે સંમત થઈએ કે ન

થઈએ. આપણો ખાસ મકસદ તો કુર્આન સુન્નતના મંતવ્યો સાથે સંમત થવાનો છે. કુર્આન સુન્નતના મંતવ્યોનો આપણે ઇન્કાર કરી શકીએ નહિ. અલ્લાહે સ્ત્રીને મૃદુ - નાજુક બનાવી છે. એના વલણો, એના મનોભાવો, એની ચેતનાઓ દરેકમાં ખાસ પ્રકારની મૃદુતા જોવા મળે છે. પુરુષોના મુકાબલામાં એની દરેક વાત નરમ અને નાજુક દેખાશે. કારણ કે તેને જે ઝિમ્મેદારીઓ સોંપવામાં આવી છે તેના માટે તેનામાં આવી જ મૃદુતા અને નરમદીલીપણું હોવું જરૂરી છે. આ ઝિમ્મેદારી મા બનવું છે.

**એક યુરોપીય તત્વચિંતક લેતેથ વોકર લખે છે કે :**

"સ્ત્રી આ દુનિયામાં પોતાના કાર્યોમાં સફળ થઈ શકે તે માટે કુદરતે તેને શારીરિક બંધારણ મુજબ પેદા કરી છે, તેમને પુરુષોના મુકાબલામાં વધારે શરમાળપણું અને કોઈપણ વાતોની વધારે અસર લેવી-પ્રભાવિત થવું વગેરે ગુણો આપેલા છે.

તે જીવનને પોતાના અંદરની ચેતનાઓની દૃષ્ટિથી જુએ છે. પછી ઉત્તેજના સાથે એવા સત્યો સુધી પહોંચી જાય છે, જે સત્યો તરફ પુરુષ અક્કલના સહારે પહોંચવાની કોશીશ કરે છે. જેથી નિષ્ફળ જાય છે. હવે આ વાત કે અક્કલની બાબતમાં એનું પલ્લું હલકું રહે છે. તો તેના કારણે તે પુરુષથી કમ છે એવું સાબિત નથી થતું. કારણ કે અતિશ્યોક્તિ વગર કહી શકાય છે કે અમૂક વખત એવું પણ બને છે કે પુરુષ અક્કલના સહારે જે પરિણામો સુધી પહોંચે છે, તે પણ ખોટાં અને મુશ્કેલીભર્યાં હોય છે. આ બાબત સ્ત્રીની બેઈઝ્ઝતી કે બુરાઈ નથી. જો આપણે એમ કહીએ કે તે વધુ ઉત્તેજિત થઈ જનારી ભાવુક અને મૃદુ હોય છે. એના ફેંસલા અક્કલ સાથે થોડાક જ મેળ ખાય છે, જ્યારે અમે આમ કહીએ છીએ તો પુરુષ સ્ત્રીના એક તદ્દન સ્પષ્ટ અને જાહેર તફાવત વર્ણવીએ તો એક ખાસ પ્રકારની

જવાબદારી ઉપાડવા માટે જ કુદરતે એને આ તફાવતો આપ્યા છે.”

શક્ય છે કે આવા ફેરફારોને કારણે જ કુર્આન મજીદે બે સ્ત્રીઓની ગવાહીને એક પુરુષની ગવાહીના બરાબર ગણી છે. અલ્લાહતઆલાનો ઈરશાદ છે :

**વસતશહેદુ શહીદયને મિર્રેજાલેકુમ ફઈલ્લમ યકુના રજોલયને ફરજોલુંવ વમ્રઅતાને મિમ્મન તરઝવનઅ્ મિનશ્શોહદાએ અનતઝિલ્લ ઈહદાહોમા ફતોઝકકેરઅ્ ઈહદાહોમલ ઉખરા.**

(સુરા બકરહ આયાત નં. ૨૮૨)

**અર્થાત્** : “અને તમારામાંથી બે પુરુષોને સાક્ષી રાખો. પણ જો બે પુરુષો (હાજર) ન હોય તો એક પુરુષ અને બે સ્ત્રીઓ, જે તમે સાક્ષી માટે પસંદ

કરો તેને સાક્ષી બનાવો કે જેથી તેમાંની એક ભૂલી જાય તો બીજી તેને યાદ દેવડાવે.”

નાજૂક અને નમણી પ્રકૃતિ અને આ કુદરતી કમજોર સ્ત્રીની તમામ જરૂરિયાત, ખર્ચાઓનો જવાબદાર પુરુષને બનાવવામાં આવ્યો છે. ઈન્સાફ અને રહમદીલીનો તકાદો આ છે કે કમાવાનો ભારે બોજ સ્ત્રી ઉપર નાખીને તેની પીઠને ઝખ્મી ન કરો.

**અલ્લાહતઆલા ફરમાવે છે કે :**

**“વબેમા અનફકુ મિન અમવાલેકુમ”**

અને કેમ કે તેઓ પોતાનો માલ (સ્ત્રીઓ ઉપર) ખર્ચ કરે છે.

અલ્લાહનો આ ઈરશાદ ઉપરની સચ્ચાઈને સાબિત કરે છે.

## “સ્ત્રી આઝાદી”ના નામે ઝુલમ

આ જોઈને દીલ ગમથી ભરાઈ જાય છે કે બિનઈસ્લામી સમાજે તેમાં ખાસ તો યુરોપીય સમાજે સ્ત્રીની નાઝૂક કમર ઉપર કમાવાનો બોજો નાખી દીધો છે. અમને ખૂબ ખબર છે કે આ નાપાક અવાજો જે પુરુષ સ્ત્રીને સરખા હકો આપવાના બહાના હેઠળ લગાવવામાં આવે છે, તે ઝાલીમોની ઝાલીમ અવાજો છે. તેઓને પવિત્ર સમાજ ગમતો નથી. આ ઝાલીમો સ્ત્રી આઝાદીના નામે સ્ત્રીનું શોષણ કરવા માગે છે. આ ભોગીઓ છે. જેઓ તેના શરીરો ભોગવવા માગે છે. તેમની આ મનોરમ, પ્રિયદર્શન અને દીલકશ અવાજો ઓરતને ભોગવીને તેને બજારનું રમકડું બનાવવા માટેની છે.

સ્ત્રી આઝાદીનો સાચો અર્થ શું છે ? સ્ત્રી તો બિચારી આજે પણ પોતાની કુદરતી

 amillibrary.com

જવાબદારીઓનો ભાર પોતે જ ઊઠાવે છે. બાળકને પેટમાં પરવરિશ આપવી. નવ-દસ માસ બાળકને પેટમાં લઈને ફરવું, તેનું વજન ઊઠાવવું, તેને પેટમાં સાચવવું, તેના વિકાસનો ખ્યાલ રાખવો. પછી તેને જન્મ આપવો, જન્મ આપ્યા પછી તેને દૂધ પાવું, તેનું પાલનપોષણ કરવું. જે સમયગાળો બે વર્ષનો છે. પ્રસુતિ પછી દસ વીસ કે ત્રીસ દિવસ તો સ્ત્રી પોતે પણ નિફાસથી (પ્રસુતિ પછી આવતું ખૂન) પરેશાન રહે છે.

શું પુરુષ સ્ત્રીના આ કાર્યોમાં ભાગીદાર થઈ શકે છે ? નથી થઈ શકતો. સગર્ભાવસ્થાની તકલીફો, પ્રસુતિ, દૂધ પીવડાવવું, બાળકની દેખરેખ રાખવી, આવાં અસંખ્ય મુશ્કેલ કાર્યો અને લાંબા સમયગાળાનું રોકાણ ફક્ત મા સાથે જ છે. આ બધો જ ભાર-વજન ફક્ત સ્ત્રી એકલી જ ઉપાડે છે. આ

એક કાયમી જવાબદારી છે. સ્ત્રી બિચારી જીવનપર્યંત તેમાં મશગુલ રહે છે.

તેમ છતાં પણ પુરુષ એવો તકાદો કરે છે કે તે કમાવા માટે પણ તેની સાથે બહાર જાય. કમાવાના સંઘર્ષમાં પણ સ્ત્રી પુરુષની મદદ કરે. સ્ત્રીના કોઈપણ કાર્યમાં પુરુષ તો તેનો મદદગાર થઈ શકતો જ નથી. એવું તો થઈ શકતું નથી કે એક બાળક પુરુષ પેદા કરે, અને એક બાળક સ્ત્રી પેદા કરે. અથવા છોકરો પુરુષ પેદા કરે અને છોકરી સ્ત્રી પેદા કરે. એક મહિનો પુરુષને માસિક આવે અને એક મહિનો સ્ત્રીને. આ રીતે પુરુષ સ્ત્રીને તેના તમામ કામોમાં એક મા હોવાની હૈસિયતથી અંજામ અપાતાં બધાં જ કાર્યોમાં બરાબરનો ભાગીદાર બની જાય. પછી સ્ત્રી સમાનતા, સ્ત્રી આઝાદીના નારા જરૂર લગાવે. (આ કોઈ ગમ્મતમાં લખ્યું નથી. પરંતુ હકીકત તરફ ઈશારો કર્યો છે. આવો માહોલ

યુરોપમાં બની રહ્યો છે. એનું સચોટ દૃષ્ટાંત આવતા પ્રકરણ નં. ૪ માં “સ્ત્રીની જગ્યા એનું ઘર છે” ના પેજ નં. ૩૨, ૩૩ ઉપરના હાંસિયામાં જોવા મળશે.)

યુરોપીય સમાજ ફક્ત ઉપભોગતાવાદનો જ શિકારી બની ગયો છે. એને તો ફક્ત સ્ત્રીનો ઉપયોગ જ કરવો છે. તેની લાગણીઓ સાથે ખિલવાડ કરવો છે. તેને નિકાહ અને કુટુંબ જેવી પવિત્ર સંસ્થાઓનો નાશ કરવો છે. સમાજને વ્યભિચારી બનાવવો છે. આ ખુદા-રસૂલની સાથેની દુશ્મનાવટ છે. સ્ત્રી આઝાદીના લોભામણા નારા લગાવી તેઓ ખુદા અને તેના રસુલની દુશ્મનાવટ કરી રહ્યા છે. આ રીતે એક નાજૂક પ્રકૃતિ નારીને લોભામણી આઝાદી બક્ષીને એક શક્તિશાળી પ્રકૃતિ પુરુષે એવા પ્રકારનું એહસાન કર્યું છે કે આપણને હસવું આવે. શક્તિશાળી પુરુષ એમ ઈચ્છે છે કે આ નાજુક સ્ત્રીને અમે એવી આઝાદી આપીએ છીએ કે તે બિચારી

પુરુષના બોજનો અમૂક ભાર પોતાના ખભાઓ ઉપર ઊઠાવી લે. જ્યારે કે પુરુષ કુદરતી રીતે જ સ્ત્રીની જવાબદારીઓને પોતાના માથે લેવા અશક્તિમાન છે.

બિચારી સ્ત્રી પોતાની આઝાદી અને સ્વતંત્રતાના ગગનભેદી નારાઓથી એટલી બધી પ્રભાવિત થઈ ગઈ છે કે એને એવો ખ્યાલ જ નથી આવતો કે પુરુષોનો આ સુંદર છલ છે. ખૂબસુરત ધોખો છે. તેઓ ઈચ્છે છે કે પોતાનો બોજો પણ સ્ત્રી ઉપાડે.

કમાવાના મેદાનમાં સ્ત્રીના આવવાથી સામાજિક, કૌટુંબિક અને માનસિક બરબાદીઓ એટલી વધી ગઈ છે કે તેની અનુક્રમણિકા બનાવવી પણ મુશ્કેલ છે.

સુરા નિસાઅની ૩૪મી આયાત મુબારક "અર્રેજાલો કવ્વામુનઅ્ અલન્નિસાઅ્"નો શાબ્દીક અનુવાદ જુદા જુદા મુફસ્સિરોએ આ પ્રમાણે કર્યો છે.

(૧) અલ્લાહે પુરુષોને સ્ત્રીઓ ઉપર કાબુ આપ્યો છે. (વ્યવસ્થા કરવા માટે લાયક બનાવ્યા છે.) (અદીબે આઝમ મૌ. સૈયદ ઝફર હસન સાહેબ)

(૨) પુરુષો સ્ત્રીઓના સંરક્ષક મુરબ્બી છે. (તફસીરે નમૂના ભાગ-૩ પેજ નં. ૨૬૭)

(૩) પુરુષો સ્ત્રીઓ ઉપર હાકેમ છે. (તફસીરૂલ મુત્તકીનમાંથી)

તફસીરૂલ મુત્તકીનના કર્તા અલ્લામા સૈયદ ઈમદાદહુસૈન કાઝિમી મશહદી લખે છે કે પુરુષોની હુકુમત સ્ત્રીઓ ઉપર એવી રીતે છે, જેવી રીતે હાકિમની હુકુમત પોતાની પ્રજા ઉપર હોય છે. સ્ત્રીઓ ઉપર પુરુષોની મહાનતાનું કારણ પુરુષોની અક્કલનું મજબૂત અને સંપૂર્ણ હોવું છે.

અલ્લુશ્શરાએમાં છે કે આપ (સલ.)ને પુછવામાં આવ્યું યા રસુલુલ્લાહ ! પુરુષોને સ્ત્રીઓ ઉપર મહાનતા શા માટે છે ? ફરમાવ્યું : જે રીતે પાણીની મહાનતા જમીન માટે છે, પાણી વગર જમીન વેરાન છે. સૂકીસટ, જમીન પાણીથી જ જીવંત છે. માટે સ્ત્રીઓનું જીવન મતલબ એમના જીવનનો લુત્ફ પુરુષોના કારણે છે. જો પુરુષો ન હોત તો સ્ત્રીઓને પેદા જ ન કરવામાં આવત. પછી આપ (સલ.) એ ઉપરોક્ત આયત તીલાવત ફરમાવી. અર્રેજાલો....

(૪) "પુરુષોનો સ્ત્રીઓ ઉપર કાબુ છે" તફસીરમાં છે કે એક વખત સઅદ બિન રબીઅ અનસારીએ પોતાની પત્ની હબીબાને તેની શરારત અને નાફરમાની ઉપર તમાચો મારી દીધો. તે દોડતી સીધી જ પિયર પહોંચી ગઈ. તેનો બાપ આ ફરિયાદ લઈને પેગંબરે ઈસ્લામની સમક્ષ આવીને રડવા લાગ્યો. તે

વખતે આ આયત નાઝિલ થઈ (કુર્આન અનુવાદ મૌલાના ફરમાનઅલી સાહેબ પેજ નં. ૧૩૧નો હાંસિયો)

(પ) "પુરુષો સ્ત્રીના વ્યવસ્થાપક અને સુધારણાના ઝિમ્મેદાર છે" લખે છે કે તમે સ્ત્રીઓના મુકાબલામાં બરતરી - ઉચ્ચતા ધરાવો છો. પરંતુ યાદ રાખો કે અલ્લાહ જે બધાના જ હકોનો રક્ષક છે. તે સર્વથી મહાન છે. સ્ત્રીઓને તેમની શરારત - સતત નાફરમાની - અવળચંડાઈ ઉપર સમજાવો, ન માને તો સાથે સૂવાનું છોડી દો, હજીય ન સમજે, ઠીક ન થાય, તો મારો, પણ લોહી ન નીકળે, સોળ ન પડે, હડ્ડી ન તૂટે. અલ્લાહથી ડરતા રહો. ઝુલમ ન થાય. (તફસીરૂલ કુર્આન - પેજ ભાગ-૨ પેજ નં. ૧૯૩. અલહાઝ સૈયદુલ ઓલમા સૈયદ અલી નકી નકવી સાહેબ)

યુરોપીય વિચારધારામાં માનનારાઓમાં આ વિચાર દિવસે દિવસે જોર પકડતો જાય છે કે સ્ત્રીઓએ પુરુષોની આગળ આગળ રહેવું જોઈએ. એમની માન્યતા મુજબ ખૂબસુરતીમાં અને બીજી અમૂક બાબતોમાં સ્ત્રી પુરુષોની આગળ નીકળી ગઈ છે. પોતપોતાના વિચારો ધરાવવાની દરેકને આઝાદી છે. આપણા માટે એક મુસલમાન હોવાની રીતે અલ્લાહના ફરમાનની જ તાબેદારી કરવાની છે. કોઈ માને કે ન માને.

**કેટલીક જરૂરી ચર્ચા છે :**

(૧) અલ્લાહે પુરુષને જે ફઝીલત-મહાનતા આપી છે. તેનો સંબંધ શક્તિ સાથે છે. પછી ભલે તે શક્તિ શારીરિક હોય કે રૂહાની (આધ્યાત્મિક) હોય. આ એક એવી હકીકત છે કે તેનો ઈનકાર શક્ય જ નથી કે સ્ત્રીના મુકાબલામાં પુરુષ વધારે શક્તિશાળી હોય

છે. રોઝી કમાવામાં તે સ્ત્રી કરતા વધારે મહેનત કરે છે. એવા સખત કામો અંજામ આપે છે. તેના ખ્યાલ માત્રથી સ્ત્રી ધ્રુજી ઉઠે છે.

(૨) સ્ત્રીના મુકાબલામાં પુરુષ દીલ પણ મજબૂત હોય છે. મજબૂત મનોબળ ધરાવે છે.સ્ત્રી થોડીક તકલીફ પડતાં પણ રડી પડે છે. ગભરાઈ જાય છે. જ્યારે પુરુષ તલવારોની ઝંકારોમાં પણ જરાય ગભરાતો નથી. આદમથી લઈને ખાતીમ સુધીની પુરાની જંગો જોઈ લો. આમને-સામને સામી છાતીએ આગ ઝરતી તલવારોની જંગોનો ખ્યાલ કરો. તેમાં તમને પુરુષો જ જોવા મળશે.

(૩) યુદ્ધના મેદાનો હાથોની શક્તિ વડે જ ફતેહ થાય છે. સ્ત્રીઓની કોઈ રેજીમેન્ટે આ ખુશનસીબી પ્રાપ્ત કરી નથી. (સમય અને સંજોગો જોતાં વિશ્વના પ્રવાહમાં પાછળ ન પડી જવાય, સાથે કાનૂને ઈસ્લામનું પણ ખૂન ન થાય એ રીતે

ઈરાનના બુદ્ધિશાળી આયતુલ્લાહઓએ ઘણા સુંદર પગલાં લીધાં છે. આ લોકોએ એક લાખનું સ્ત્રીઓનું લશ્કર પણ ઊભું કર્યું છે. ભલે સ્ત્રીઓ પુરુષો જેવી બહાદુરી કદાચ મેદાને જંગમાં ન બતાવી શકે છતાંય આમને સામને જંગના સંજોગોમાં દુશ્મનો થોડા હોય, પુરુષો આપણા પક્ષે વધુ ઘવાયા હોય તેવા સંજોગોમાં સ્ત્રીઓને પણ મોકલી શકાય છે. પરદાના રક્ષણ સાથે કેટલીક શરતોને આધીન ઈરાની સ્ત્રીઓ વિશ્વક્ષેત્રે રમતના મેદાનોમાં પણ કદમબકદમ છે. કુર્આન-સુન્નતની હદો ઓળંગ્યા વગર ઈરાની બુદ્ધિશાળી આલીમોએ યુરોપીય માંધાતાઓના (ઈસ્લામ દુશ્મનોના) દાંત ખાંટા કરી દીધા છે. તમામ ઈસ્લામ દુશ્મનો આજે ઈસ્લામના મુકાબલા માટે ઊભા થઈ ગયા છે. ખુલ્લા પડીને સામે આવી ગયા છે. આ પરિસ્થિતિમાં આપણે

 amillibrary.com

(પુરુષો)જો સ્ત્રીઓને તેમના જાઈઝ હકથી મહરૂમ રાખીશું તો ઈસ્લામ દુનિયામાં રૂસ્વા થઈ જશે.)

(૪) સલ્તનતોની વ્યવસ્થા હંમેશા મરદોએ જ કરી છે. દરેક મુલકનો બાદશાહ મરદને જ બનાવવામાં આવે છે. આ મેદાનમાં એકાદ બે સ્ત્રીઓ દૃષ્ટિમાન થાય છે. તો તે પણ નામનીજ છે તેમના સલતનતનો વહીવટ ચલાવનારા પાછલે બારણે પુરુષો જ હોય છે. જેઓ સ્ત્રીઓને માર્ગદર્શન આપતા હોય છે.

(૫) ઈલ્મી મેદાન પણ પરાપૂર્વથી પુરુષોના કબજામાં જ છે. દરેક ક્ષેત્રમાં પુરુષો અગ્રતાક્રમે જોવા મળશે. વિશ્વવિખ્યાત હકીમો, વૈદો, દાક્તરો, બુદ્ધિશાળીઓ, ફિલોસોફરો, વૈજ્ઞાનિકો, લેખકો વગેરે થયા છે. તેઓ પુરુષો જ થયા છે. હાલમાં પણ આ બધા જ ક્ષેત્રોમાં સ્ત્રીઓનું યોગદાન નહીવત છે. જો છે તો તે આ પ્રકારે હશે કે શાકમાં નમકનું પ્રમાણ.

(૬) સ્ત્રીઓની અખ્લાકી કમજોરીનો અંદાઝ આ વાતથી પણ આવી શકે છે આજદિન સુધી કુદરતે કોઈ સ્ત્રીને નબી કે ઈમામ બનાવી નથી.

(૭) કુદરતે સ્ત્રીઓની ફરજોમાંથી ખાસ ફરજ તો બાળકોનું લાલનપાલન, પરવરિશ અને ગ્રહસ્થીમાં લાગ્યા રહેવાની છે. જ્યારે પુરુષોની ફરજોમાં કમાવું છે. સમયની અવ્યવસ્થા અને ખુદાના હુકમોની અવગણના કરવાના કારણે આ મામલો ઉલટો થઈ જાય તો તેને ઈન્સાનની અક્કલની કમજોરી ગણવામાં આવશે.

(૮) રૂહાની (આધ્યાત્મિક) ક્ષેત્રની પ્રગતિમાં પણ સ્ત્રીઓ પુરુષો ઉપર પ્રધાનતા ધરાવતી નથી. કારણ કે તેના જીવનના ઘણાબધા દિવસો તેને ઈબાદતથી વંચિત રાખે છે. હૈઝ, નિફાસ, પ્રસુતિ વગેરે વગેરે.

(૯) સ્ત્રીના ઈખ્યિતારમાં અલ્લાહતઆલાએ તલાક નથી આપી આ બાબતમાં પણ તેની અક્કલની

કમજોરીનો ખ્યાલ આવે છે. (જો સ્ત્રીઓના હાથમા તલાક હોત તો શું થાત તેનો વિચાર કરતાં હસવું આવી જાય છે. દિવસમાં સો વખત તલાક બોલી જાત. યુરોપમાં બૂરા હાલ થયા છે. આગળ આ બાબત ચર્ચા થઈ ચૂકી છે.)

(૧૦) બધી વાતો અગર આપણે જવા દઈએ પરંતુ સંભોગ વખતની સ્ત્રીની પોજીશન હોય છે તે પણ કુદરતે જ રાખેલી છે. આ જ પોજીશન વૈજ્ઞાનિક રીતે સાચી પણ છે. તે પોજીશન આ વાતનો બોલતો પુરાવો છે કે પ્રધાનતા કોને છે.

## શારીરિક શિક્ષા અંગે

આ બાબત ઈમામોના ફરમાનો આગળ આવી ગયાં છે. તમે મિસ્વાક વડે મારો, પ્રથમ સમજાવો, જો ન સુધરે તો સાથે સૂવાનું છોડી દો, જો હજીય ન માને તો તેમને હળવી શિક્ષા કરો. દુશ્મન

બનીને નહિ. પત્ની તો આપણા ઘણા જ ઉપયોગની વસ્તુ છે. તેની તંદુરસ્તી, તેની ખૂબસુરતી તો આપણે જ સાચવવાની છે. ગુસ્સાને કંટ્રોલમાં રાખી હળવી શિક્ષા કરી ઘરમાંથી તરત જ બહાર નીકળી જાઓ. પછી તમે આવશો એટલે તમારી પત્ની કોઈપણ રીતે તમને બોલાવવાની કોશીશ કરશે. કંઈ બહાનું નહીં દેખાય તો “તમારે ચા નથી પીવી?” અથવા “તમારા કપડાં મેલાં થઈ ગયાં છે બદલી નાખો ને !” કંઈક તમારા ફાયદાની વાત કાઢીને તમને રાજી કરી દેશે. મામલો ઠંડો પડી જશે.

માનસશાસ્ત્રીઓનું માનવું છે કે શિક્ષા અમૂક વખત જરૂરી થઈ પડે છે. અમૂક સ્ત્રીઓમાં એટલી વિચિત્રતા હોય છે કે જો તમે તેને સહેજ શિક્ષા (શારીરિક) ન કરો તો સખણી રહે જ નહિ. કેટલીક વખત મારવા જેવો ફક્ત ગુસ્સો પણ સ્ત્રીને ઠીક કરી

દે છે. કેટલીક વખત મારવું નામનું હોય પરંતુ મારવાનો હાઉ ઊભો કરવાથી પણ કામ ચાલી જાય છે.

અમારા એક હેડમાસ્તર હતા. વિદ્યાર્થીના કે વિદ્યાર્થીનીના પગના અંગૂઠા ઉપર સહેજ સાજ સોટી મારે, પતલી કડવી મેંદીની સોટી. પરંતુ તેને મારતા મારતા ખૂણામાં ધકેલી દે, હાઉ એવો ઊભો કરે કે છોકરું રડી પણ દે અને ગભરાઈ પણ જાય. ફરિયાદનો પણ પ્રશ્ન જ નહિ. ઉપલા ધોરણોમાં વિદ્યાર્થીઓ શરારતી પણ હોય છે. જો તેઓને કંટ્રોલમાં ન રાખવામાં આવે તો શાળાનું શિસ્ત અને વ્યવસ્થા બંને બગાડી નાખે છે.

મારી સંપૂર્ણ નોકરી મિશ્રશાળાઓ જેમાં કન્યાઓ પણ હોય અને શિક્ષિકાબેનો પણ હોય, ગુજરી છે. બહેનો છુપાવવાની વાતને ખોલીને પહોળી કરી દે અને નહીં છુપાવવાની હોય તે વાત

છુપાવે. શરારતી સ્ત્રીને કબજામાં રાખવાની કેટલીક ચાવીઓ પણ હોય છે.

દરેક સ્ત્રીમાં અલ્લાહે કંઈક સારા ગુણો મૂકેલા હોય છે. કોઈકના સંપૂર્ણ ગુણો ખરાબ તો હોતા જ નથી. એક સ્ત્રીમાં કોઈ અવગુણ હોય તો તેના બીજા ગુણો વખાણપાત્ર પણ હોઈ શકે. જ્યારે બીજી સ્ત્રીમાં તે ગુણ ન હોય. મારી નોકરીનો એક સમય તો એવો ગુજર્યો કે બાર શિક્ષિકાઓ અને હું એકલો જ શિક્ષક. વળી એમને એ ખબર પણ ખરી જ કોઈ કાર્ય જો મારી સલાહસૂચન વગર કરશે તો લોચો પડવાનો ભય છે. મારે શાળામાં જતાંની સાથે જ અમૂકને તતડાવવી પડે. મોઢું પણ ચઢે. પછી તેના વર્ગમાં જઈ તેના કોઈ સારા ગુણ-સારું કાર્ય કે સારી આવડતવાળા ગુણની સરાહના કરી તેની નારાઝગીને દૂર કરતાં, વાદળ વિખેરાઈ જાય.

સોક્રેટીસ માટે કહેવાય છે કે તેની પત્ની કલેશીયણ હતી. તેને યુવાનો પ્રશ્નો પૂછવા -તેની પાસે જ્ઞાન મેળવવા આવતા. એક વખત ઘરમાં આવાજ યુવાનો બેઠા હતા. આ તોફાની સ્ત્રીએ વાસણ પછાડવાં માંડ્યાં. સોક્રેટીસે તેને કંઈ ન કહેતાં યુવાનોને લઈ ઘરની બહાર લઈ જઈ ઊભા ઊભા તેમના પ્રશ્નો સમજાવવાનું શરૂં કર્યું. પત્નીએ જોયું કે આ તો બહાર ઊભા રહીને પોતાનું કાર્ય કરે છે. તો મેડા ઉપર ચઢી પાણી નાખ્યું. યુવાનો ચમક્યા કે આ પાણી ક્યાંથી પડ્યું ? જોયું તો પોતાના પ્રોફેસરના જ મેડા ઉપરથી પ્રોફેસર પત્નીજ પાણી ફેંકી રહી હતી.

સોક્રેટીસે કહ્યું કે ગભરાઓ નહિ. આપણે ઘરમાં હતા ત્યારે વાદળ ચઢેલું હતું, તે વરસી પડ્યું છે. સોક્રેટીસની પત્ની કહેવાય છે કે ઘણી જ ખૂબસુરત હતી. એની નજીકની વસ્તીમાંથી કોઈની

પત્ની પણ આટલી ખૂબસુરત ન હતી. કેટલાક લોકો એની ખૂબસુરત પત્ની જોઈને અફસોસ કરતા, એ કહેતો કે ભાઈ તમે અફસોસ ન કરો. આ ખૂબસુરતી મને કેટલી હેરાન કરે છે તેની મને જ ખબર છે, એક વખત કોઈ વ્યક્તિએ એને પ્રશ્ન કર્યો કે તમે આટલી સુંદર પત્ની સાથે પણ મનમેળ નથી રાખી શકતા ? એણે નવો નકોર બૂટ પહેર્યો હતો, બતાવતાં કહ્યું કે આ બૂટ કેવા છે ? પેલાએ કહ્યું કે ઘણા જ સુંદર છે. આ બૂટ મને પગમાં ક્યાં ખૂંચે છે તે તમે કહી શકો છો ? પેલાએ કહ્યું કે એ મને કેવી રીતે ખબર પડે. બૂટ તમારો છે. તમે પહેરો છો.

કેટલીક સ્ત્રીઓ જિદ્દી ચકલીઓ જેવી હોય છે. તમે ચકલીઓને ઘરમાંથી તેને માળો બનાવતી ગમે તેટલા વખત અટકાવો, તેના ગમે તેટલાં માળા ફેંકી દો, પરંતુ તેઓ તેમનો માળો બનાવીને જ જંપે. તેમ કેટલીક સ્ત્રીઓ પતિને ગમે કે ન ગમે પોતાની

જીદ છોડતી નથી. ત્યારે પતિએ ગુસ્સો કરવો પડતો હોય છે.

અમૂક સ્ત્રીઓ પતિને વગર કારણ બદનામ કરવાની કે નીચો બતાવવાની કોશીશ પણ કરતી હોય છે. ખરેખર તો એના અંતરમનમાં છુપાયેલી કોઈ બદલાની ભાવના હોય છે. વેરની વસૂલાત જેવું કરતી હોય છે. આવી જ એક સ્ત્રી પેગંબરે ઈસ્લામની સેવામાં હાજર થઈ. હાથમાં એક નાનું જાડું કપડું હતું. તેના ત્રણ ખૂણા પોતાના હાથમાં પકડ્યા અને એક ખૂણો રસુલુલ્લાહની સામે બતાવ્યો. જે લબડી પડ્યો હતો. લટકતો બતાવ્યો. પછી રસુલુલ્લાહ (સલ.)ને કહ્યું "યા રસુલુલ્લાહ ! મેરે મિયાં તો ઐસે હૈં" આપ (સલ.) ખામોશ રહ્યા પછી ફરમાવ્યું કે તું જા હું તેહકીક કરૂં છું. જો તારી વાત સાચી હશે તો તને તલાક અપાવી દઈશ. પેલી સ્ત્રી ચાલી ગઈ. પેગંબરે ઈસ્લામે સહાબા સાથે

આ બાબત તેહકીક કરી તો ખબર પડી કે આવી કોઈ વાત નથી. સહાબાએ કહ્યું હઝરત અમારી જાણમાં તો તે મર્દ છે, પછી તે સહાબીને બોલાવ્યા, પુછ્યું તો તેમણે જણાવ્યું કે “યા રસુલુલ્લાહ ! હું મર્દ છું. આપની સમક્ષ જુઠ કેવી રીતે બોલી શકું ? પરંતુ જો એ તલાક ઈચ્છતી હોય તો તે માટે હું તૈયાર છું. પછી આપ (સલ.) તેને બોલાવી ખૂબ ઠપકારી. ફરમાવ્યું કે તેને જુઠ બોલવાની સજા આપવી જોઈએ.

ખરેખર પેલી સ્ત્રી પોતાના પતિને આ રીતે હેરાન કરવા માગતી હતી. આવી સ્ત્રીઓને શારીરિક શિક્ષાની જરૂરત હોય છે. તો જ આવી સ્ત્રીઓ ઠીક થાય. આવા તો ઘણાબધાં દૃષ્ટાંતો મારી પાસે છે. પરંતુ આટલેથી અટકાવું છું.

# પ્રકરણ – ૪ : સ્ત્રીની જગ્યા એનું ઘર છે.

પુરુષને સ્ત્રીનો નિરિક્ષક બનાવાયો છે. સંરક્ષક બનાવાયો છે. આનું કારણ પુરુષની તે વિશેષતાઓ છે જે શારીરિક રીતે પુરુષને કુદરતે બક્ષેલી છે. આ રીતે પુરુષને સ્ત્રીના તમામ ખર્ચનો પણ જવાબદાર બનાવ્યો છે. સાથે સાથે સ્ત્રી ઉપર પુરુષની તાબેદારીને વાજીબ ગણવામાં આવી છે.

**પેગંબરે ઈસ્લામ (સલ.)એ ફરમાવ્યું :**

"ખુદાના નજીક સૌથી વધુ ઈઝ્ઝતવાળી સ્ત્રીઓ તે છે જે પોતાના પતિઓની ફરમાંબરદાર અને પોતાના ઘરોમાં બેસનારી હોય."

જ્યારે સ્ત્રીઓ વગર જરૂરતે (મજબુરી વગર) ઘરની બહાર કદમ નહીં મૂકે, પતિની તાબેદારી કરશે, તો સમાજ અને કુટુંબ એક આદર્શ સમાજ અને આદર્શ કુટુંબ બની જશે. જેને ઈસ્લામે

સાચી રીતે જીવનનો આનંદ કહ્યો છે. તે સુખ તેમને પ્રાપ્ત થશે. આવા કુટુંબો સમાજ બનાવશે. અને આવો સમાજ એક જન્નતનું દૃષ્ટાંત બની જશે. રાહત અને રહમત બની જશે. જ્યાં ખુદાની નાફરમાનીનું નામોનિશાન નહીં હોય. આવા સમાજમાં સ્ત્રીઓની જે માન-મર્યાદા હશે તે બીજે ક્યાંયે નહિ હોય.

દરેક કુટુંબમાં સ્ત્રી અને બાળકો ઘરના વડીલ એવા પુરુષની તાબેદારી કરે. તેના હુકમો ઉપર અમલ કરે તેમાં વાંધો શું અને ક્યાં આવે છે ? સ્ત્રી-પુરુષ સમાનતાના મુબલ્લીગોને આ સીધી સાદી વાતો સમજમાં નહીં આવે. તમામ બીજી સંસ્થાઓની જેમ કુટુંબ પણ એક સંસ્થા છે. તેના સભ્યો સવારથી સાંજ કે રાત સુધી નહિ. આઠ કલાક કે બાર કલાક નહિ, પરંતુ ચોવીસે કલાક હંમેશા - હંમેશ સાથે રહે છે. શું તેમના કોઈ લીડર ન હોય ?

એક અંજામનને લીડર કે પ્રમુખની જરૂરત છે. એક સોસાયટીને પ્રમુખ સેક્રેટરીની જરૂરત છે.એક શાળાને હેડમાસ્તરની જરૂરત છે. તો શું એક કુટુંબને કોઈ લીડરની જરૂરત નથી ? એક ચક્કી જેમ પોતાની ધરી ઉપર ફરે છે. તેમ એક કુટુંબ પણ તેના પિતાની આસપાસ જ ધુમતું હોય છે. ખેલકૂદની કલબોને પણ પ્રમુખ - સેક્રેટરીની જરૂરત હોય છે. તો પછી દીન-દુનિયાની દરેક પ્રકારની કામ્યાબી અને જિંદગીના સુખ-ચેનની ધરીરૂપ કુટુંબ માટે, તેની વ્યવસ્થા માટે, એક એવી વ્યક્તિની જરૂરતને માનવી પડશે જેનો હુકમ ચાલતો હોય, જેને બધાં માન આપતા હોય.

પુરુષમાં કુદરતી રીતે જ અલ્લાહે આ આવડત આપેલી છે. જેથી તે ઘરનો વહીવટદાર બને છે. હાકેમ બને છે.જ્યારે કે સ્ત્રીને કુદરતી રીતે મળેલી આવડતો ત્યારે જ કામ આવી શકે છે, જ્યારે

 amillibrary.com

તેને પુરુષનો સહકાર અને માર્ગદર્શન મળે. અલ્લામા ઈકબાલ કહે છે :

**જાહરે મર્દ અયાં હોતા હે બેમિન્નત ગૈર**
**ગૈર કે હાથમેં હે જાહરે ઓરત કી નુમૂદ.**

(મર્દનું પુરૂષત્વ આપમેળે જ જાહેર થાય છે. જ્યારે મહિલાના તત્ત્વના પ્રગટિકરણ માટે બીજાની સહાયની જરૂર પડે છે.)

સંસ્કૃતિ, નાગરિકતા, શિષ્ટાચાર કે સભ્યતા સાથે માનવીની ઉચ્ચતાનો મતલબ જો આ જ હોય કે સ્ત્રીને સંપૂર્ણ આઝાદી મળી જાય, તે પુરુષોના કાર્યોમાં જોતરાઈ જાય, તો પછી શું કારણ છે કે જે જંગલી લોકો છે. એવા ઈલાકા જ્યાં માણસો ટોળામાં ફરે છે. સ્ત્રી-પુરુષો સાથે જ હોય છે. સાથે જ શિકાર કરે છે. સાથે જ ફરે છે. ન કોઈ કુટુંબ પ્રથા છે. ન કોઈ સમાજ સોસાયટી. આવા ઈલાકાઓમાં સ્ત્રીને સંપૂર્ણ આઝાદી હોય છે. જ્યાં ન લગ્ન છે ન

તલાક છે. બાળકો પેદા થાય તો તે ટોળામાં ઉછરે છે. તો આવા જંગલી ઈલાકાઓને દુનિયાના સૌથી વધારે સુસંસ્કૃત અને પ્રગતિશીલ શા માટે ન કહેવામાં આવે ? આ લોકો તો સૌથી વધારે પ્રગતિશીલ ગણાવા જોઈએ.

હકીકત આ છે કે સ્ત્રીને “આઝાદ” કરી દેવાના જે પરિણામો જાહેર થયાં છે. (આઝાદીથી મતલબ કંઈ ઓરત ગુલામ નથી. પરંતુ તેને પુરુષોના બધા જ કાર્યોમાં ભાગીદાર બનાવી. ઘરની બહાર જ રાખવામાં આવે એવો અર્થ લેવાનો છે. નહીં તો આપણા દેશોમાં સ્ત્રી કંઈ ગુલામ નથી.) તેનો અંદાઝો આપણે નથી લગાવી શકતા ? બલકે એ જ કોમોના બુદ્ધિશાળીઓ જેમને ભાન થયું છે તેઓ જ અંદાઝ લગાવી શકે છે. જેમની સ્ત્રીઓની આ આઝાદી પુરુષોના ગળામાં અટકેલી હડ્ડી બની ચૂકી છે. આઝાદીનો આ ગાળિયો સ્ત્રીઓએ પુરુષોના

ગળામાં જ પહેરાવી દીધો. સ્ત્રીને પોતાના કુદરતી કાર્યોથી હઠાવીને બજારમાં લાવી મૂકવાનું પરિણામ એ આવ્યું છે કે તેમની સ્ત્રીઓની એક મોટી સંખ્યા શાદીના બંધનથી આઝાદ બનીને જીવી રહી છે. આ પ્રકારની વિચારધારા ત્યાંની સ્ત્રીઓમાં એક મુદ્દતથી ફેલાઈ રહી છે. (હું જ્યાં મુખ્ય શિક્ષક હતો તેના બાજુના જ અમારા ઓળખીતા એક મુસ્લિમ શિક્ષકની છોકરી ઘણી જ નાની ઉંમરમાં કોઈની સાથે ઇંગ્લેન્ડ પહોંચી ગઈ હતી. ત્યાં જ ભણી, ત્યાં જ મોટી થઈ. એક મુસ્લિમ ઈન્ડિયન ત્યાં જ ભણેલા છોકરા સાથે મહામહેનતે શાદી કરાવી. તેને ત્રણ વરસનો એક પુત્ર હતો. ઇન્ડિયા આવી ત્યારે એક બાળક પેટમાં હતું. તે આઠમા મહિને ભરૂચના દવાખાનામાં જઈને ડૉક્ટરને કહે છે અને ઓપરેશનથી લઈ લો. મને હેરાન કરે છે. ઘણી મહેનતે ડૉક્ટરે, ઘરવાળાએ સમજાવી ઘેર લાવ્યા.

છતાંય પંદર દિવસ અગાઉ ઓપરેશનથી બાળક પેદા કરાવી લીધું. કહેતી હતી કે મેં તો આ મોટા બાળકને પણ ત્યાં એક મહિનો જલદી કઢાવી લીધું હતું.)

આવી સ્ત્રીઓને પત્ની બનવાથી અને મા બનવાથી જ નફરત થાય છે. તેઓ એવી બની જાય છે કે તેમનામાં કુદરતી સ્ત્રી હોવાનો એહસાસ નાબુદ થઈ જાય છે. વળી સ્ત્રી હોવાની જાતીય વિશેષતા પણ તેઓ ગુમાવી બેસે છે. તેમની ઉંમરની જે છોકરીઓમાં જાતીય વિશેષતા હોય છે. તેઓ શરમાળ, મૃદુ, આકર્ષક લાગતી હોય છે. આ તો પુરુષ જેવી સ્ત્રી બને છે. બલકે ન સ્ત્રી કહેવાય ન પુરુષ. એક નવી જ જાતિનો નમૂનો પેદા થઈ ગયો છે. તે પુરુષ એટલા માટે નથી કે તેના કુદરતી અવયવો, બંધારણ સ્ત્રીના જેવાં છે. તેને દાઢી નથી ઊગતી. સ્તન પેદા થાય છે. તેને માસિક આવે છે.

તેનું શરીર પુરુષના મુકાબલામાં ઓછું શક્તિશાળી છે. જ્યારે તે સ્ત્રી પણ રહી નથી. સ્ત્રીમાં હોવા જોઈતા ગુણો તેનામાં નથી. બાળક પેદા કરવું તેને ગમતું નથી. દવાઓ ખાઈને રોકી શકાય એટલી હદ સુધી તે માસિક રોકી લે છે. કપડાં પુરુષના પહેરે છે. પુરુષો સાથે કામ કરે છે. રાત-દિવસ ગમે તે પાળીમાં કામે જાય છે. સ્ત્રીમાં હોવું જોઈતું આકર્ષણ, નમ્રતા, કુમળાપણું, મૃદુતા તેનામાં કશું જ નથી. માતૃપ્રેમ પણ નથી. આ એક નવા પ્રકારનું પ્રાણી પેદા થયું છે. જે ન પુરુષ છે ન સ્ત્રી છે. વિચારો, ચિંતન-મનન કરો. (વર્તુળ મોટું રાખું છું. નાનું કરવા જઈશ તો હજી આ બધા જ લોકો હયાત છે. મારા એક હેડમાસ્તરના બધા જ કુટુંબીજનો ઇંગ્લેન્ડ છે. એક છોકરાની પત્ની જે મુળ અને મઝહબે તો ઈન્ડિયન મુસ્લિમ જ છે. પરંતુ ત્યાં ભણેલી છે. તેને એક પુત્ર છે. બીજું બાળક તે પેદા કરવા માગતી ન

હતી. પરંતુ તેના પતિને પેદા કરવું હતું. બંને પતિ-પત્ની કામ પર જાય. કલાક દોઢકલાક આગળ પાછળ આવે. છેવટે બાળક તો પેદા થઈ જ ગયું. આ બંને મુખ્ય શિક્ષક અને તેમના મિસિસ-સાસુ સસરા તે પુત્રને ઘેર મહેમાન હતાં. પુત્રની પત્ની કામ પરથી વહેલી આવી. બાળક પારણામાં રડતો હતો. તેણે જાજરૂ-પેશાબ કર્યાં હતાં. ઘરડી સાસુએ કહ્યું : તું પ્રથમ બાળકને પારણામાંથી કાઢી સાફસૂફ કરી દે. હું તને ચા બનાવી આપું છું. વહુએ કહ્યું નહીં હું એને અડકવાની નથી. મારે એ બાળક પેદા કરવું હતું નહિ. એ તો તમારા પુત્રે પેદા કર્યું છે. તે આવશે ત્યારે સાફસૂફ કરશે. છેવટે સાસુએ ઘરડે ઘડપણ (ઉંમર ૮૦) બાળકને સાફસૂફ કર્યું. પછી તો આ ક્રિયા રોજની બની ગઈ. પેલી મા કદીપણ મા બનવા જ તૈયાર નહિ. થોડા દિવસ પછી આ ઘરડાં-સાસુ-સસરા ત્યાંથી બીજા પુત્રના ઘેર જતા

રહ્યાં. આ હેડમાસ્તર કહેતા હતા કે પેલા પુત્રની પત્ની કહેતી હતી કે એ (પતિ) પણ કમાવા જાય છે અને હું પણ કમાવા જાઉં છું. પછી બાળકો પેદા કરવાની આ જંઝટ મારે શા માટે ઊઠાવવી ? આવાં અને એના જેવાં બીજાં સત્ય દૃષ્ટાંતો મારી પાસે છે. પરંતુ કિતાબ મોટી થઈ જવાનો ભય મને સતત સતાવી રહ્યો છે.)

## એક સાથે બે હોડીમાં સવાર થવું

એક સાથે બે હોડીઓમાં બેસવા જતાં સ્ત્રી ન સ્ત્રી રહે છે, ન પુરુષ બની શકે છે. ન મા રહી શકે છે. ન બાપ બની શકે છે. જો સ્ત્રીઓ પોતાનો સમય રોઝી કમાવામાં ખર્ચ કરશે, તો તેનાં સમય અને શક્તિ બંને ખર્ચાશે. પછી તે પોતાના બાળકોને તેના કુદરતી હકો એટલે કે માતૃપ્રેમ અને શિક્ષણ-પ્રશિક્ષણ ક્યારે અને કેવી રીતે આપશે ? બલકે

બાળકોને માતૃપ્રેમથી માતાના શિક્ષણથી અહીં સુધી કે માતાના દૂધથી પણ વંચિત થઈ જવું પડશે. માતાઓ માટે આ બંને ક્ષેત્રોમાં એક સાથે કાર્ય કરવું ઘણું જ મુશ્કેલ છે.

દૃષ્ટાંતરૂપે એક મા ને જુઓ. જે ઑફિસમાં કામ કરે છે. નોકરી સ્વીકારતાં પહેલાં તેને આ ચિંતા સતાવે છે કે તેના બાળકોનું શું થશે ? પ્રથમ તો એ વિચારે છે કે એક યોગ્ય આયાની શોધ કરે. પરંતુ તેનો આ વિચાર સ્વપ્નું જ બની રહે છે. કારણ કે યોગ્ય અને સારી સંસ્કારી આયાઓ દરરોજ મોંઘી થઈ રહી છે. મા બિચારી એક નરમદીલ, ખુશમિઝાજ આયા ઢૂંઢે છે જે તેની ગેરહાજરીમાં માની મહબ્બત આપે અને બાળકોની દેખભાળ કરે.

આ માને પુરેપુરો ખ્યાલ છે કે બાળકોને માની મહબ્બતનો બદલો મળવો શક્ય જ નથી. મા ની મહબ્બત બાળકની સાચી પ્રગતિ તેના વિકાસ

માટે બેહદ જરૂરી છે. કારણ કે બાળકે દરેક સમયે માની મહબ્બતના સાયામાં જ પરવરિશ પામવું જોઈએ.

પરંતુ જેવી રીતે ઉપર વર્ણવ્યું તેમ આયાના પગારનું શું ? એક શાદીશુદા ઑફિસ કલાર્ક મા માટે આ પ્રશ્ન ઘણો જ વિકટ છે. આ મા ઓને ખાસ કરીને પોતાના બાળકોની ચિંતા રહે છે. બલકે સતાવે છે. ઉપરાંત નોકરીને પણ સમય આપવો પડે છે. માની લો કે એક સ્ત્રી શિક્ષિકાને બે બાળકો, તે સિવાય એના સમયના અમૂક કલાક ઘરનું કાર્ય પણ હોય છે. ઉપરાંત શાળાનું કાર્ય-શિક્ષણ કાર્ય માટે ઘરે તૈયારી પણ કરવાની હોય છે. ને આખો દિવસ બાળકોને ભણાવીને થાકી જાય છે. આ થાકેલું મગજ ઘરના બાળકો સાથે પ્યારભરી વાતચીત કે તેમનો મીઠો-ત્રાસ જે બાળક મા ને આપતું હોય છે, તે સહન કરવાલાયક હોતું નથી. મા

બાળકો સાથે ગમે તેવો વ્યવહાર કરી બેસે છે. બાળક તો બિચારું સમજી પણ શકતું નથી કે મારી મા આમ કેમ કરે છે.

કેટલાક બાળકો સ્વભાવથી જ શરારતી - તોફાની હોય છે. તેમને ખૂબ જ પ્રેમથી સંભાળવાના- સાચવવાના હોય છે. એક તરફ સ્કૂલના સાધનોની તૈયારી કરવાની હોય, ખાવાનું પકાવવાનું હોય, કામવાળી હોય તો આવી ન હોય. બિચારી સ્ત્રીનું આ શોષણ નથી તો બીજું શું છે ? તેની જિંદગીને આપણે બે ભાગમાં વહેંચી દીધી છે.

એક દીલચશ્પ વાત શું પતિ પત્નીને ખાવા પકાવવાના કામોમાં મદદ કરે છે ? જો તે અને તેની પત્ની બંને નોકરીયાત હોય તો તેણે ખાવા પકાવવામાં મદદ તો કરવી જ જોઈએ. પણ શું તે વ્યવહારમાં આમ કરે છે ? અથવા કરી શકે છે ? જો તે કરવા ઈચ્છે તો પણ અમૂક વખતે પતિને એવાં

સામાજિક કામો મોત, મય્યત, શાદી ગમી કે મહોલ્લાના સગાંઓનાં અન્ય કામો આવી પડતાં હોય છે કે પુરુષ પત્નીને રસોડામાં છોડી-બાળકોને પણ પત્નીને હવાલે છોડી પેલાં સામાજિક કામો નિપટાવવા ભાગી જાય છે. હવે નોકરી ઉપર તો બંનેને જવાનું છે, બિચારી સ્ત્રી....

આ બિચારી સ્ત્રી પણ જ્યારે કુંવારી હોય છે ત્યારે સ્ત્રી આઝાદીના નારા લગાવનારાઓને ઓળખી કે સમજી શકતી નથી. ઈસ્લામી લેખકોના આવા લખાણો ને જુનવાણી ગણી હસી કાઢતી હોય છે. તે વખતે એને છડાપણમાં લડ્ડુ જ લડ્ડુ દેખાતા હોય છે. શાદી પછી, પતિ અપેક્ષા રાખે, સાસુ અપેક્ષા રાખે, સસરા અપેક્ષા રાખે, ને હવે તો શાદી પછી એક વર્ષ પછી મીનમીનીયું તો આવી જ જાય છે. ક્યાં વાર લાગે છે ? ને વાર લાગે તો બાપ રે બાપ, ઘરના કરતાં આજુબાજુંવાળાંને, સમાજને વધારે

ચિંતા થાય છે. તમારી વહુને કંઈ છે ? શાદી તો આ પતિએ કરી છે. સાસુ પોતાના દિકરાની શાદી થયાના માસની ચિંતા કે ગણતરી કરે છે તેનાથી વધારે આસપાસવાળાં કે સગાંઓની સ્ત્રીઓ માસ ગણતરીનો ખ્યાલ રાખે છે. તેમને વધારે ચિંતા છે. સાસુને મળતાં જ તમારી વહુને કંઈ છે ? નથી તો બા અલ્લાહ દેશે. દુઆ પણ આપી દે છે.

આ નોકરીયાત વહુના બાળક આવ્યા પછીના જે બુરા હાલ થાય છે. તેને તો તે જ સમજી શકે છે. સાસુ પણ ફરિયાદ કરશે. બસ નોકરી જ કરે છે. બીજું કશું જ કરતી નથી. બધાંની જ ફરિયાદ. અમને પુરુષોને તો ખબર છે જ કે બહારના જીવનમાં લડ્ડુ નથી ખાવાના.

સ્ત્રી આઝાદીના નારા લગાવનારાઓએ સ્ત્રીઓને બજારનું રમકડું બનાવી દીધું છે. સ્ત્રીને બિચારીને ડબલ કામ કરવું પડે છે. કૌટુંબિક

જવાબદારી ઉપરાંત નોકરી. વળી પુરુષને પણ બેવડું કાર્ય કરવું પડે છે. કમાવું અને રસોડામાં પત્નીની પાસે ઊભા રહી મદદ કરવી કે મદદનું નાટક કરવું. આમેય પુરુષની પ્રકૃતિને આ કામ ફાવતું નથી. પણ પત્નીના સંતોષ માટે કંઈક તો કરવું જ પડે છે.

તો શું આ વાત બેહતર નથી કે આપણે પુરુષસ્ત્રીને તેમના કાર્યો માટે આઝાદ છોડી દઈએ. દરેક પોત-પોતનું કાર્ય કરે અને ઈતમીનાનની જિંદગી બસર કરે. કારણ કે સ્ત્રીની બનાવટ તેની કાયા કુદરતી રીતે જ ઘરેલુ જિંદગીને અનુરૂપ છે.

**અલ્લામા ઈકબાલે આ બાબત એક શએર કહ્યો છે.**

**તાલીમે ફિરંગી હો અગર મર્ગે ઉમ્મત,**
**કેહતે હૈં ઈસી ઈલ્મકો અરબાબે નઝર મોત.**

મર્ગ-મૃત્યુ, ઉમ્મત એટલે મા, અરબાબે નઝર એટલે બુદ્ધિશાળીઓ. ઈકબાલ સાહેબ કહે છે

કે જો યુરોપીય તાલીમ-શિક્ષણ માતૃત્વનું મોત હોય તો બુદ્ધિશાળીઓ કહે છે કે આ ઈલ્મ જ મૃત્યુ સમાન છે. જે ઈલ્મ જીવનના લુત્ફને, પ્રેમને, મજાને, ઈત્મીનાનને, સાચા આનંદને હણી લે છે. તે ઈલ્મ પોતે જ મૃત્યુ સમાન છે.

**જિસ ઈલ્મકી તાસીરસે ઝન હોતી હે નાઝન**
**કહતે હૈં ઉસી ઈલ્મકો અરબાબે નઝર મોત.**

(જે જ્ઞાનના-એજ્યુકેશનના પ્રભાવથી સ્ત્રીનું સ્ત્રીત્વ જ જતું રહેતું હોય, તેવા એજ્યુકેશનને દૃષ્ટિવાનો મોત કહે છે.)

# પ્રકરણ – ૫ : પતિની આમન્યા સાચવો

એક સ્ત્રી રસુલુલ્લાહ (સલ.)ની પાસે આવે છે, પૂછે છે કે યા રસુલુલ્લાહ !

પુરુષ ઉપર સૌથી વધારે હક કોનો છે ? ફરમાવ્યું : "તેના મા-બાપનો" પછી તેણે પૂછ્યું : "સ્ત્રી ઉપર સૌથી વધારે હક કોનો છે ? ઈરશાદ ફરમાવ્યો "તેના પતિનો."

(બેહારૂલ અનવાર - ભાગ - ૧૦૩ પેજ નં. ૪૭)

એક વખત કેટલાક લોકોએ પેગંબરે રહમત (સલ.)ને વિનંતી કરી કે "યા રસુલુલ્લાહ ! અમે જોયું કે કેટલાક લોકો પોતાની જ કોમના કેટલાક લોકોને સિજદો કરે છે."

**આપ (સલ.)એ ફરમાવ્યું :**

"જો હું ઈન્સાન ઈન્સાનને સિજદો કરે એવો હુકમ આપત તો જરૂર સ્ત્રીને હુકમ આપત કે

પોતાના પતિને સિજદો કરે." (વસાઈલુશ્શીયા ભાગ-૧૪ - ૧૧૫ મું પેજ. બેહારૂલ અનવાર ભાગ-૧૩, પેજ નં. ૨૪૭ અલ્લાહ સિવાય કોઈને સિજદો કરવો જાઈઝ નથી. કોઈને માન આપવું, તઅઝીમ કરવી, હાથ ચૂમવા, માન આપતી વખતે થોડુંક ઝૂકી જવું આ બધી એક નમ્રતા છે. આજીજી છે. અખલાક છે. ઈન્સાનિયત છે. કોઈક કબરને ચૂમવું, હાથ લગાવી મોં ઉપર ફેરવવો, કબર પાસે હાથ ઉઠાવી દુઆ માગવી વગેરે બધાં જ કાર્યો ફિરૂત્ની, તઅ્ઝીમ, નમ્રતા અને અખલાકમાં ગણાય છે. આપણે કંઈ બુઝૂર્ગો-ઈમામોને ખુદા તો માનતા જ નથી. પણ બહક્કે મોહંમદ વ આલે મોહંમદ કહીએ છીએ. વહાબીઓની પોતાની બનાવેલી શરીઅત છે. કે તેમાં આજીજી ફિરૂત્ની નમ્રતા જેવું કંઈ જ નથી. જાડી બુદ્ધિના વહાબીઓએ ઈસ્લામની રૂહને નૂકશાન પહોંચાડ્યું છે. સઉદી શાસકોનો ખુદા તો અમેરિકા છે

ને તવહીદના જુઠ્ઠા નારા પોકારે છે. જુઓ મારી કિતાબ તવહીદના વિષય ઉપર જ. કશફૂલ અસરાર- ભેદની વાતો - અઝ. ઈમામ ખોમેની રહ.)

ઈમામ જઅફર સાદીક (અલ.)એ ઈરશાદ ફરમાવ્યો : ખુદાવંદે આલમે નબીએ રહમત ઉપર વહી મોકલી.

“અય રસૂલ ! ફાતેમા (સલા.)ને કહી આપો કે તે અલીની નાફરમાની ન કરે જો તેઓ ગઝબનાક (ગુસ્સે) થયા તો હું પણ ગુસ્સે થઈશ.”

ત્યારબાદ રસૂલે રહમતે પણ પોતાની બેટી જનાબે ફાતેમા (સલા.)ને ઉદ્દેશીને તમામ ઉમ્મતની સ્ત્રીઓ-મા-બહેનો બેટીઓને ઉદ્દેશીને કહ્યું :

“બેટા ફાતેમા ! જો કોઈ સ્ત્રી સિત્તેર હજાર વર્ષ ખુદાની ઈબાદત કરે, પછી મૃત્યુ પામે. પરંતુ જો તે પોતાની પતિની નાફરમાન હોય અને તેનો પતિ તેનાથી રાજી ન હોય તો તેની ગણતરી

જહન્નમવાળાઓમાં કરવામાં આવે છે. (અનવારૂલ હિદાયા. અલ્લાહનું માસુમને હિદાયત કરવું ઉમ્મતના લોકો માટે છે. કુર્આનમાં પણ આ રીતના ઉદ્દેશો નબી સલ.ને છે. જે ખરેખર તો આપણા માટે હોય છે. જુઓ પ્રકરણ ૧૧નો પ્રથમ ફકરો અત્યારે જ. આ રીતે અલ્લાહ પોતાના માસુમ બંદા દ્વારા દૃષ્ટાંત પુરૂં પાડે છે.)

તાબેદારી-પતિની આમન્યા-પતિની માન-મર્યાદા મહબ્બત ઉપર આધારિત હોવી જોઈએ

એક ઘણી જ દીલચશ્પ વાત તરફ વાચકોનું ધ્યાન દોરૂં છું. બહેનો પોતાના પતિની આમન્યા સાચવે, તાબેદારી કરે, તેના હુકમોને માને. વગેરે બધું જ પ્રેમ અને મહબ્બત ઉપર આધારિત હોવું જોઈએ. પતિ પણ પત્ની પાસેથી જે કંઈ આમન્યા અને માનની મર્યાદાની આશા રાખે તે તેનો પ્રેમ જીતીને રાખે. નહીં કે પી.એસ.આઈ.ની

જેમકે ડી. એસ.પી.ની જેમ. બલકે અવલાદ સાથે પણ મહબ્બતથી વર્તો. સમજાવટથી કામ લો. સ્ત્રી અલ્લાહનું એક નાજૂક સર્જન છે. તમે તેનું દીલ તૂટે તેવું ગમે તેવું બોલ્યા કરો. ને પછી ડી.એસ.પી. બનીને આમન્યામાં રાખવાની કોશીશ કરો. તો કદાચ તે તમારી આમન્યા (દાદાગીરીવાળી) સાચવે પણ ખરી. પરંતુ તેમાં મજબુતાઈ નથી. જે હુકુમત ઝુલમ અને દાદાગીરી ઉપર કાયમ હોય, તે ટકી શકતી નથી. તે માટે હયબત અને ખૌફ-ડરની જગ્યાએ ઈતાઅત-તાબેદારીનો ઝરીયો મહબ્બતને બનાવવામાં આવે, પ્રેમને બનાવવામાં આવે.

જો દાદાગીરીવાળી આમન્યા કે તાબેદારી સ્ત્રી પાસે પડાવશો તો કોઈ દિવસ એ તમને એવો ટોણો કે ઘા કરશે કે તમને શહીદ કરી દેશે. એક શએર યાદ આવે છે.

**અકબર ન ડરે કિસી સુલતાન કી ફોજસે**
**મગર શહીદ હો ગયે અપની બેગમકી નોઝસે**

બળજબરીવાળી આમન્યા જો ઓરત સાચવશે તો કોઈ વખત એવી વિફરેલી વાઘણ બની જશે કે તમારા બધુંજ પાણી ઉતારી નાખશે. પછી તે ડી.એસ.પી. હોય કે બાદશાહ હોય. ઓરત ઓરત છે. અલ્લાહ રબ્બુલ ઇઝ્ઝત પણ પોતાના બંદાઓને કેવી સુંદર દલીલોથી સમજાવે છે. અલ્લાહ કહે છે કે અમે તો તમારી સ્ત્રીઓને તમારામાંથી જ તમારી જ જાતિમાંથી તમારા જેવી જ શક્લ-સુરત આપીને પેદા કરી છે. જેથી તમને સૂકુન-શાંતિ રાહત-ચેન નસીબ થાય.

**સુરએ રોમમાં અલ્લાહતઆલા ફરમાવે છે :**

**વમિન આયાતેહી અન ખલકઅ્ લકુમમિનઅન ફોસેકુમ અઝવાજલ લેતસકોનુ**

**એલયહા વજઅ્અલઅ્ બયનકુમ મોવદ્દતંવ વરહ્મતન. ઈન્ન ફી ઝાલેકઅ્ લઆયાતીલ લેકૌમીંય યતફક્કરૂન**

(સુરા રોમ આયાત નં. ૨૧)

**અર્થાત્** : ખુદાની કુદરતની નિશાનીઓમાંથી આ પણ છે કે તેણે તમારા વાસ્તે તમારામાંથી જ જોડાં પણ પેદા કરેલ છે. જેથી તમે તેની પાસે રહીને સૂકુન હાસિલ કરો. અને તેણે તમારા બંને વચ્ચે મહબ્બત અને રહમત પેદા કરી તેમાં શક નથી કે આ બાબતમાં ચિંતન-મનન કરનારાઓ માટે (ખુદાની કુદરતની) ઘણી નિશાનીઓ મોજૂદ છે. (ઈન્સાન પોતાની પત્ની પાસે આવીને સૂકુન - દીલની શાંતિ મેળવે છે. હારેલો-થાકેલો ઘેર આવે, નાહી ધોઈ ફ્રેસ થાય, ખાવાનું ખાય.બીજું સૂકુન એકાંતમાં પોતાની ઈચ્છા પુરી કરવાનું પણ એક

સૂકુન છે. અલ્લાહ આપણને ચિંતન-મનન કરવાનું કહે છે.)

ઉપરોક્ત આયતમાં મોવદ્દતન વ રહમતન શબ્દ પ્રયોગ છે. મોવદ્દત એવો પ્રેમ છે જેને ઈશ્કે સાદીક કહી શકાય. પતિની મહબ્બતને “રહમત”થી પોકાર કર્યો.

## કૌટુંબિક ફરઝો

પત્ની પોતાના પતિની આવક ભલે થોડી હોય, તેને સપ્ત મહાદ્વિપની સલ્તનતથી વધારે સમજે. સ્ત્રી ઘરના ખર્ચને પતિની આવક-જાવકની વધ-ઘટની સાથે સમતોલ કરતી રહે. આ જ કારણથી રસૂલે રહમત (સલ.)એ ઈરશાદ ફરમાવ્યો:

“જે સ્ત્રી તે રોઝી ઉપર રાઝી રહે, જે ખુદાએ તેના પતિને આપી છે. વળી પતિ ઉપર તેની

શક્તિથી વધુ ભાર ન નાખે. ખુદા તેને જન્નતમાં સિત્તેર હજાર જાતના જુદા જુદા જન્નતી પોશાક આપશે. (અનવારૂલ હિદાયત)

અલ્લાહે ઉપરોક્ત ખુશખબરી સાથે એનું ઉલંઘન કરનાર સ્ત્રીઓ માટે ફરમાવ્યું : "જે સ્ત્રી પોતાના પતિની કમર ઉપર તેની શક્તિ કરતાં વધારે બોજ નાખે અને તેની થોડી કે વધુ આવક ઉપર રાજી ન થાય. સાથે ખુદાએ આપેલી રોઝી ઉપર સંતોષ વ્યક્ત ન કરે, અલ્લાહ તેની કોઈપણ નેકીને કબૂલ કરશે નહિ અને તેના કોઈપણ ગુનાહને માફ કરશે નહિ અને જ્યાં સુધી તેનો આવો જ હાલ રહેશે, અલ્લાહ તેના ઉપર ગુસ્સે રહેશે. જ્યાં સુધી કે તે તોબા કરે. (અનવારૂલ હિદાયત)

રસૂલે રહમત (સલ.)એ ફરમાવ્યું : "જો ખાવાનું પકાવતી વખતે ધુમાડાના કારણે સ્ત્રીની આંખમાંથી આંસુ વહી જાય, તો અલ્લાહ તેના

નામએ આમાલમાં મુજાહેદીનના જેવો સવાબ લખશે, જેઓની આંખો ખુદાની રઝામંદી માટે રડતી હોય છે." (બેહારૂલ અનવાર ભાગ - ૧૦૩ પેજ નં. ૨૫૧)

રસૂલે રહમતે પત્નીને ઘરના કામોથી નવરાશ મળતાં સમયને વેડફી ન નાખતા ફાયદાકારક ગૃહ ઉદ્યોગમાં ખર્ચ કરવાની નસીહત ફરમાવી.

રસૂલે રહમતે ફરમાવ્યું : "સ્ત્રીઓનું બેહતરીન કાર્ય રેટિયોં કાંતવું છે કારણ કે દરેક ધાગાના બદલામાં એક ગુનાહ બખ્શી આપવામાં આવશે અને એક નેકી લખી દેવામાં આવે છે."

પેગંબરે રહમતનો આ ઈરશાદ તે જમાનાના ગૃહઉદ્યોગને અનુલક્ષીને છે. ચાલુ સમયમાં અનેક પ્રકારના ભરત-ગુંથણો બહેનો ઘેર રહીને નવરાશમાં ભરતી હોય છે. સ્યુઈંગ મશીન

ઉપર ઘરના કે સ્ત્રીઓના કપડાં સીવતી કે તેને ઠીકઠાક કરતી હોય છે. પેગંબરે ઈસ્લામના તે જમાનાના હુકમો આ જમાનાના ગૃહઉદ્યોગોને લાગુ પડશે.

બેહારૂલ અનવારની એક બેહતરીન હદીસ આ પ્રમાણે છે.

જે પત્ની પોતાના પતિના ઘરમાં કોઈ વસ્તુને એક જગ્યાએથી ઊઠાવીને બીજી જગ્યાએ મૂકે. આ કાર્યથી તેનો હેતુ ઈસ્લાહ - સુધારણા હોય, બેહતરી હોય, તો અલ્લાહ આવી સ્ત્રીઓ તરફ રહમતની દૃષ્ટિથી જુએ છે અને જેના ઉપર ખુદા રહમતની નિગાહથી જુએ તેના ઉપર અઝાબ નથી કરતો.

અલ્લાહુમ્મ સલ્લેઅલા મોહમંદીંવ વ આલે મોહંમદ

# પ્રકરણ – ૬ : સગર્ભાવસ્થા અને જન્મ

સગર્ભાવસ્થા તે ફરજ છે જે ઈન્સાની જાતિની ઉન્નતિ માટે આવશ્યક છે. બલકે ઈન્સાનોનું અસ્તિત્વ એના ઉપર જ આધારિત છે. આ એક ઘણી જ ભારે જવાબદારી છે. ઈન્સાનના જન્મ તથા તે અગાઉ અને તે પછીની બધી જ જવાબદારીઓ સ્ત્રીના માથા ઉપર છે. આ તો એક નેઅમત પણ છે. જે સ્ત્રીને આ નેઅમત પ્રાપ્ત થાય છે તે ઈન્સાની સમાજની આ આવશ્યક - અતિ આવશ્યક જવાબદારીથી ભારમુક્ત થઈ જાય છે. ફારિગ થઈ જાય છે. ઈન્સાની સમાજ સ્ત્રીનું આ ઋણ કદીપણ અદા કરી શકતો નથી.

સગર્ભાવસ્થા અને જન્મ-આ નેઅમત જે સ્ત્રીને પ્રાપ્ત થાય છે તે ભાગ્યવંતી - નસીબદાર ગણાય છે. સ્ત્રી આ નેઅમતનો જેટલો શુક્ર કરે

એટલો ઓછો ગણાશે. જે સ્ત્રીઓની કુખ ખાલી છે તેમને જ આ નેઅમતની સાચી કદર થાય છે. આ એક પછી એક આવતી તકલીફો અને વ્યસ્તતાને અલ્લાહે જાણ્યું-અજાણ્યું નથી કર્યું. બલકે પરવરદિગારે આલમે આ તકલીફોના બદલામાં અજ્રેઅઝીમ - ઉચ્ચોચ્ચ બદલો આપવાનો વાયદો કર્યો છે. આ માટે દરેક સ્ત્રીને ચાર પરિસ્થિતિઓ-માંથી પસાર થવું પડે છે. ચાર મંઝિલો મુખ્ય છે.

**(૧) હમલ**

**(૨) હમલ પછી ૯-૧૦ મહિને પ્રસુતિ**

**(૩) બાળકને વધુમાં વધુ બે વર્ષ દૂધ પીવડાવવું**

**(૪) બાળકનું પાલનપોષણ.**

સ્ત્રીને આ દરેક પરિસ્થિતિમાં હંમેશા હંમેશના સવાબનો વાયદો કરવામાં આવે છે. જેથી તે પોતાની કુદરતે સોંપેલી જવાબદારીઓથી કંટાળી

ન જાય. બલકે ખુશીખુશી તે જવાબદારીઓને ઊઠાવી લે.

**નબીએ રહમત ફરમાવે છે :**

**પ્રથમ મંઝિલ**

જ્યારે સ્ત્રી સગર્ભા હોય છે ત્યારે તેનો દરજ્જો તે લોકો જેવો હોય છે, જેઓ રોઝેદાર, નમાઝગુઝાર, અને પોતાની જાન અને માલ સાથે અલ્લાહના રસ્તામાં જેહાદ કરનારા હોય છે. (વસાએલુશ્શીયા ભાગ-૧૫, પેજ નં. ૧૭૫)

**બીજી મંઝિલ**

પછી જ્યારે બાળકનો જન્મ થાય છે. તો તે સ્ત્રીને એટલો બધો અજ્ર-બદલો આપવામાં આવે છે કે તે અજ્ર જોઈને સ્ત્રી આશ્ચર્યમાં ગરકાવ થઈ જશે. તેને અંદાઝો પણ ન આવી શકે કે અલ્લાહે તેને આટલો બધો બદલો આપ્યો ?! (નફસે મસદર) આ પણ હદીસમાં છે.

### ત્રીજી મંઝિલ

પછી જ્યારે આ મા પોતાના બાળકને દૂધ પીવડાવે છે ત્યારે તેને દરેક ઘૂંટ જે બાળક પોતાના પેટમાં ઊતારે છે. તેના ઉપર હઝરત ઈસ્માઈલ (અલ.)ની અવલાદમાંથી એક ગુલામ આઝાદ કરવાનો સવાબ મળે છે. (નફસે મસદર)

### ચોથી મંઝિલ

બાળકને શિક્ષણ - પ્રશિક્ષણ આપવાનો સવાબ જન્નતની એવી નેઅમતો છે જે કદી ખતમ થવાની નથી.

(આ વિષય ઉપર આગલા પ્રકરણોમાં ઘણું બધુ લખાઈ ચૂક્યું છે. જેનું અહીં પુનરાવર્તન નથી કરતો.)

અત્રે કિતાબ અનાવરૂલ હિદાયતમાંથી એક લાંબી હદીસનું ટૂંકાણ રજૂ કરવામાં આવે છે. આગળ હું લખી ચૂક્યો છું. અલ્લાહતઆલા પોતાના નબીને

ફરમાવે છે કે આમ કરો, તેમ કરો, તોબા કરો વગેરે વગેરે. એ જ રીતે નબીએ રહમત હઝરત મોહંમદ (સલ.) હઝરત અલી (અલ.)ને કે હઝરત ફાતેમા (સલા.)ને જે નસીહતો કરતા હોય છે, તે નસીહતો ખરેખર ઉમ્મત માટે હોય છે. ન કે એ બુઝૂર્ગો માટે, તેઓ તો માસુમ છે.

પેગંબરે ઈસ્લામ (સલ.) પોતાની લાડલી બેટી જનાબે ફાતેમા ઝહરા સલામુલ્લાહ અલયહાને ઉદ્દેશીને કહે છે :

અય બેટી ફાતેમા ! સ્ત્રી ઉપર વાજીબ છે કે પોતાના પતિની વિરુદ્ધ જઈને કોઈ કામો ન કરે.પોતાની જાતને પતિની અમાનત સમજીને રક્ષિત રાખે. પતિની હાજરી કે ગેરહાજરીમાં તેનો ખ્યાલ રાખે. પોતાની ઝબાનથી પતિને દુ:ખ ન પહોંચાડે.જ્યારે પતિને ખિદમતની જરૂર હોય તો તેની ખિદમત બજાવી લાવે. પતિની રજા વગર

કોઈને તેના દસ્તરખાન પર ન બોલાવે. જે કંઈ રોઝી ખુદાએ આપેલી છે તેના ઉપર સંતોષ વ્યક્ત કરે. પોતાના પતિથી અલગ ન રહે. જો નારાઝગી સાથે સ્ત્રી પોતાના પતિથી અલગ રહેશે તો જ્યાં સુધી પતિને તે રાજી ન કરશે-તેની નમાઝ, રોઝા અને સદકો બધું જ વ્યર્થ છે. કબૂલ થશે નહિ. (કબૂલ થશે નહિંથી મતલબ એના ઉપર ઈનામ નહીં મળે કરઝ તો ઊતરી જશે. ફરઝ માથા પરથી ઉતરી જશે.)

## પત્નીના હકો

અલ્લાહે જેવી રીતે પતિને હકો આપ્યા છે. આ હકો અદા કરવાની જવાબદારી પત્નીને સોંપી છે. તેવી જ પતિ ઉપર પણ પત્નીના હકો મુકર્રર કર્યા છે.

**અલ્લાહ રબ્બુલ ઇઝ્ઝત ફરમાવે છે :**

**વલહુન્ન મિસલુલ લઝી અલયહિન્ન બિલમઅરૂફે વલિર્રેજાલે અલયહિન્ન દરજતુન**

(સુરા બકરહ આયાત નં. ૨૨૮)

**અર્થાત્** : "સ્ત્રીઓનો પણ પુરુષો ઉપર તે જ હક છે જે હક પુરુષોને સ્ત્રીઓ ઉપર પ્રાપ્ત છે. હાં, પુરુષોને તેમના ઉપર ફઝીલત પ્રાપ્ત છે."

આ આયત સ્ત્રીઓની કાલ્પનીક ગુલામીનો પરદો ચીરી નાખે છે. જે બાબત સ્ત્રી સ્વાતંત્ર્યના નારા લગાવનારા, સ્ત્રીઓ પ્રત્યે પોતાની ગલત હમદર્દી વ્યક્ત કરતા હોય છે. સ્ત્રી-પુરુષ બંનેએ યુવાનીકાળની શરૂઆત-જીવનના ૨૦ વર્ષની ઉમરથી લઈને વૃદ્ધાવસ્થા જ્યાં હવે તેમના જીવનનો અંત અને નવા જીવનની શરૂઆત થઈ રહી છે ત્યાં સુધી પહોંચવાનું છે. આ એક ઘણો લાંબો કાળ છે. જેમાં મંઝિલ સુધી પહોંચવા માટે

અનેક સમજુતિઓ જરૂરી થઈ પડે છે. તેમાં પુરુષને સ્ત્રી ઉપર એક આગેવાનનો દરજ્જો આપ્યો તે યોગ્ય કર્યું છે.

આગળ અમે લખી ચૂક્યા છીએ કે નાનામાં નાની જમાત કે ટોળી, સંસ્થા કે મંડળનો એક આગેવાન - એક અમીર હોવો જરૂરી છે. તો કુટુંબ એક સંસ્થા છે. તેનાં પ્રમુખ કે આગેવાન પુરુષ છે. છતાંય અલ્લાહતઆલાએ હકોની બાબતમાં તો બંનેનું પલ્લું એક સરખું જ રાખ્યું છે. બંનેના પરસ્પરના સરખા હકોનો સ્વીકાર કર્યો છે.

આગળ આ પણ લખાઈ ચૂક્યું છે કે શરીઅત અને અક્કલ બંને દૃષ્ટિએ પુરુષ પત્નીના તમામ ખર્ચાઓનો ઝિમ્મેદાર છે. આના બદલામાં કુદરત અને શરીઅતે તેને એક એવી હુકુમત આપી છે કે જેની બુનિયાદ મહબ્બત ઉપર સ્થાપિત થઈ છે.

 amillibrary.com

સ્ત્રીને જો આધ્યાત્મિક શાંતિ, સંતોષ અને શારીરિક આરામ સુખ સલામતિ જોઈતી હોય તો તેને ફક્ત બે જ વસ્તુની જરૂરત છે.

(૧) નેક નિય્યત સાથેની - સાચા દીલની મહબ્બત સાથે સદવર્તન - અખ્લાક.

(૨) યોગ્ય પ્રમાણમાં ભરણપોષણ - બાલબચ્ચાંનો ખર્ચ

જો સ્ત્રીને રૂહાની શાંતિ જોઈતી હોય તો આ બે જ બાબતોની તેને જરૂર છે. સ્ત્રી-પુરુષની સમાનતાની વકીલાત કરનારાઓ ભલે સ્ત્રીઓના હકોની ગમે તેટલી લાંબી અનુક્રમણિકા રજૂ કરે, પરંતુ તે બધી જ વાતો ઉપરોક્ત બે જ મુદ્દાઓમાં આવી જાય છે. ઈસ્લામે પુરુષને સખત તાકીદ કરી છે કે તેઓ સ્ત્રીઓને તેમના હકો સંપૂર્ણ રીતે આપે. સાથે તેમના ઉપર ઝૂલમ હરગિઝ ન કરે.

વસાએલુશ્શીયા ભાગ-૧૪ પેજ નં. ૯ ઉપરની એક હદીસ આપણને ચિંતન મનન કરવા પ્રેરણા આપે છે.

“જે સ્ત્રી પોતાના પતિને પોતાની જીભ વડે તકલીફ પહોંચાડે, તે બધાથી પ્રથમ જહન્નમમાં જશે. એવી જ રીતે તે પતિ બધાથી અગાઉ જહન્નમમાં જશે જે પોતાની પત્ની ઉપર ઝુલમ કરતો હોય.” (તકલીફનો મતલબ ગમે તેવું એલફેલ બોલે, તેની આમન્યા ન સાચવે. તેની શક્તિથી વધુ માંગણી રજૂ કરે, જરૂરતથી વધારે ઈરાદાપૂર્વક ખર્ચ કરે. વગેરે વગેરે તકલીફમાં ગણાશે.)

સ્ત્રી સમાનતા - સ્ત્રી આઝાદીના સમર્થકો ખરેખર સમાજજીવનને તથા કુટુંબ સંસ્થાને બરબાદ કરી રહ્યા છે :

(૧) અપરિણીત સ્ત્રી-પુરુષોનો સમૂહ વધશે.

(૨) તલાકોનું પ્રમાણ વધશે.

(૩) કુટુંબ જીવન બરબાદ થશે. બાળકો મા કે બાપ વગરના થઈ જશે.

(૪) પુરુષ કરતાં સ્ત્રીને વધારે નુકસાન થશે. તેની રૂહાની શાંતિ છીનવાઈ જશે.

## મહબ્બત અને અખ્લાક

ઈમામ જઅફર સાદિક (અલ.) ઈરશાદ ફરમાવે છે કે "મને યકીન છે કે જેમ જેમ પુરુષના ઈમાનમાં મજબુતાઈ આવતી જશે તેટલી જ વધારે તે પોતાની પત્નીની સાથે મહબ્બત કરશે. (નફસે મસદર પેજ નં. ૧૨૨)

આપણે આગળ સૂરએ રૂમની ૨૧ મી આયત જોઈ ગયા છીએ.

વજઅ્અલના બયનકુમ મોવદ્દતન વ રહમતન "અને અલ્લાહે તમારા (પતિ-પત્નીના) દરમ્યાન મહબ્બત અને રહમત પેદા કરી દીધી છે."

આ વાત તો નિર્વિવાદ છે કે સ્ત્રી-પુરુષ વચ્ચેની મહબ્બત એ અલ્લાહની ભેટ છે. પછી જે વ્યક્તિનું ઈમાન જેટલું વધારે મજબૂત હશે. ખુદાવંદે કરીમ તરફથી આ મહેરબાનીઓ તેના ઉપર વધારેમાં વધારે ઊતરતી જશે.

ઈસ્લામ એક દીને ફિતરત છે. કુદરતે-ખુદાવંદે નક્કી કરેલી કુદરતી જીવનવ્યવસ્થા છે. આ દીને ફિતરતનું સાચું ચિત્ર આપણને અંબિયા અલયહેમુસ્સલામના જીવનમાં દૃશ્યમાન થશે.

**ઈમામ જઅફર સાદિક (અલ.)એ ઈરશાદ ફરમાવ્યો:**

"આપણી પત્નીઓ સાથે મહબ્બત કરવી અંબિયાની આદત છે." (નફસે મશદર - પેજ નં. ૧૨૪)

તેથી જ પેગંબરે ઈસ્લામ હઝરત મોહંમદ (સલ.)એ ઈરશાદ ફરમાવ્યો :

"સાવધાન થઈ જાઓ, કે તમારામાંથી સૌથી શ્રેષ્ઠ તે છે, જે પોતાની સ્ત્રીઓ માટે સૌથી બેહતર હોય

અને હું મારી પત્નીઓના મામલામાં સૌથી બેહતર છું. (અનવારે હિદાયત પેજ નં. ૮૬)

એક વખત પેગંબરે ઈસ્લામ (સલ.)એ સહાબાના સમૂહમાં ફરમાવ્યું :

“ખુદા તે બંદા ઉપર રહેમ કરે જે પોતાના અને પોતાની પત્ની વચ્ચેના સંબંધોને ખુશગવાર રાખે, આ એટલા માટે કે ખુદાએ પત્નીની લગામ (ઈખ્તિયાર) તેના હાથમાં આપેલી છે. તેને તેના ઉપર કાબુ આપેલો છે. (અનવારે હિદાયત પેજ નં. ૧૦૫)

એટલા માટે આ વાત મુસતહબ છે કે આપણે ઘરમાં દાખલ થઈએ તો આપણા ચેહરા ઉપર ખુશી હોય. હોઠો ઉપર મુશ્કુરાહટ હોય. આ એક દૃઢ-મજબૂત હુકમ છે આમ કરવાથી જિંદગી કેટલી ઈત્મીનાનવાળી અને રૂહાની શાંતિ આપનારી બની શકે છે તે તો અક્કલવાળા જ જાણે છે.

# પ્રકરણ – ૭ : પત્નીના ખરાબ સ્વભાવ ઉપર સબર કરવી

જે પ્રમાણે અમારા નબી, નબીએ રહમત છે, એ જ રીતે અમારો દીન પણ દીને રહમત છે. જેના ઉપર અમલ કરવાથી જિંદગીનો સાચો આનંદ, સાચી મજા, દીલી સૂકુન નસીબ થાય છે.

ઈસ્લામે ઘણી જગ્યાએ પત્ની સાથે ભલાઈ કરવાનો હુકમ ફરમાવ્યો છે, નસીહતો પણ ફરમાવી છે. ઈરશાદ ફરમાવ્યો.

**વ આશેરૂ હુન્ન બિલ મઅરૂફ** (સુરતુન્નીશા આયત નં. ૧૯)

“પોતાની બીબીયો સાથે સારો વર્તાવ કરતા રહો” સારા વર્તાવથી ખુદાવંદે આલમનો મતલબ આ છે કે પત્નીની જિંદગીને તેટલી જ બુલંદ રાખવામાં આવે જેટલી કે તેના પિયરયાંનાં માપદંડ

પ્રમાણેની હોય. બીજા શબ્દોમાં પત્નીને એવી રીતે રાખો, એ પ્રમાણેની સુખ-સગવડો આપો જે પ્રમાણે એ પોતાના પિયરમાં ભોગવીને આવી હોય. મતલબ કે પત્નીના જીવનધોરણને તેના પિયરમાં થયેલા ઉછેર મુજબના અનુરૂપ રાખો. એ પ્રમાણે ખર્ચી આપો. જેથી તેને શારીરીક અને રૂહાની તકલીફ ન પહોંચે. વધારે ખર્ચ કરો તો તે બેહતર છે.

પરંતું જો તંગદસ્તી-ગરીબાઈના કારણે આ બાબત તમારી શક્તિ બહારની હોય તો તેમાં કોઈ વાંધો નથી. તમે મજબુર છો. અલ્લાહતઆલા ફરમાવે છે કે :

**અર્થાત્** : "શક્તિવાળાને જોઈએ કે પોતાના ગજા પ્રમાણે ખર્ચ કરે અને જેની રોઝી તંગ હોય-ઓછી હોય તો તેને જોઈએ કે તેને અલ્લાહે જે કંઈ

આપ્યું છે તે પ્રમાણમાં ખર્ચ કરે.” (વસાએલુશ્શીયા - ભાગ-૧૪ પેજ નં. ૧૨૨)

**ઈમામ જઅફર સાદીક (અલ.) એ ફરમાવ્યું** :

“ઈન્સાનના બીબી-બચ્ચાં તેના કેદી છે અને ખુદાને તે બંદો સૌથી વધારે વહાલો છે જે પોતાના કેદીઓ ઉપર સૌથી સારો વ્યવહાર કરે.

આવી જ રીતનો ઈમામ મુસા કાઝિમ (અલ.)નો પણ ઈરશાદ છે.

ઈન્સાનના બીબી-બચ્ચાં તેનાં કેદી છે. તો જેને ખુદા આપે (રોઝી-કમાણી આપે) તે પોતાના કેદીઓના ખર્ચમાં વધારો કરે. પરંતુ જો તેણે એવું ન કર્યું તો તે નેઅમતનું છીનવાઈ જવાનું યકીન કરે. (નફસે મસદર)

અહીં આ પણ યાદ રાખો કે પત્નીના ભરણપોષણનો ખર્ચ તે તેના પતિની ફરમાંબરદારીનો જ બદલો છે. જો તે પોતાના

પતિના હકો અદા કરી રહી છે, તેની ઈતાઅત કરી રહી છે તો કોઈ કારણ નથી કે તેને તેના હકથી વંચિત કરવામાં આવે. તેને ભરણપોષણ ન આપવામાં આવે. કોઈ સંજોગોમાં પતિ મજબૂર થઈ જાય, તો શક્તિ આવ્યા પછી તેની જરૂરિયાતો પુરી કરવી જરૂરી છે. કારણ કે આ ભરણ-પોષણ ખર્ચ વાલેદૈનના ભરણપોષણની જેમ નથી ગણાતો. પરંતુ બદલાના સિદ્ધાંત ઉપર ગણાય છે. તેને અદા કર્યા વગર ઈન્સાન છૂટી શકતો નથી.

**ઈમામ જઅફર સાદીક (અલ.) એ ફરમાવ્યું :**

મલઉન છે, મલઉન છે તે વ્યક્તિ જે પોતાના બીવીબચ્ચાંને તબાહ કરી દે. (નફ્સે મશદર પેજ નં. 33)

આ બાબત આપણે ચર્ચા કરી ચૂક્યા છીએ કે સ્ત્રીઓ કુદરતી રીતે જ દરેક પ્રકારની અસરો ઘણી જલ્દી લઈ લે છે. તે શીઘ્રકારી હોય છે.

ઉત્તેજક થઈ જનારી-ભડકી જનારી હોય છે. તેમના જોશ અને ઉત્તેજનાને રોકવા માટે બુદ્ધિથી કામ લેવું પડશે. આપણે તેને સદંતર નાબુદ કરવા વિચારીએ તે તો શક્ય જ નથી. જો તેમને તાલીમો-તરબીયતથી વંચિત રાખીશું તો તેઓ ખરાબ સ્વભાવની થઈ જ જવાની છે. જો આપણે તેમને શિક્ષણ નહીં આપીએ તો તેઓ જરૂર વાંકી ચાલશે.

એનાથી ઉલટું પુરુષો નાની બાબતોમાં ઉત્તેજિત થઈ જતા નથી. દિમાગથી કામ લેતા હોય છે. બુદ્ધિનો ઉપયોગ કરે છે. શાંતિથી વિચારીને કાર્ય કરે છે. ઓરતને ભલે આપણે ઉત્તેજિત થઈ જનારી માનીએ છીએ છતાંય પુરુષોને તો એમના વગર ચાલવાનું જ નથી. અલ્લાહે સ્ત્રીમાં એવો લુત્ફ મૂકેલો છે કે એમના વગર સંસાર અસાર થઈ જાય છે. જિંદગીની ગાડી જ અટકી જાય છે. વાઈફ વગરની લાઈફ જ નથી. ગાંડી-ઘેલી ગમે તેવી

હોય, પણ એ આપણી પત્ની જ છે. તેની અંદર કોઈક ખામી હશે તો ખૂબીઓ પણ છે જ. ગુલાબની ખુશબો પ્રાપ્ત કરવા કાંટાની ચુભન થઈ જતી હોય છે. સ્ત્રીની કદર-કિંમત ક્યારે થાય ? જ્યારે તે બે-પાંચ દિવસ પિયર જાય અને ઘેર તેની અવેજીમાં કામ કરનાર કે આપણને ચા બનાવી આપનાર કોઈ ન હોય. ઘર ઉકરડો જ બની જાય.

તો ભઈ તેના થોડા ઉતાવળીયા કે કડવા સ્વભાવને તો વેઠવો જ પડે. કોઈ બેહતર અંદાઝથી બુદ્ધિશક્તિના ઉપયોગ દ્વારા તેની ઉત્તેજનાને બાયપાસ કરવી પડે. તેની અરૂચિકર માંગણીઓને પણ હસતાં હસતાં સ્ત્રીને પોતાની અવગણના ન માલૂમ પડે એ રીતનો ઉકેલ કરતાં આપણે શીખવું પડે. આમેય પત્ની બિચારી તેની જવાબદારીમાં નથી એવાં ઘણા બધાં કામો પણ કરે છે. બિચારી શું કરે ? આપણે તેને નથી કરતા ત્યારે તેને તો

પોતાના ઘર-સંસાર-જીવનને સુખરૂપ અને સુંદર બનાવવા તે કરવાં જ પડે છે. જુઓ અલ્લાહતઆલા કેટલા પ્યારા અંદાઝમાં આપણને સમજાવે છે. હુકમ આપે છે.

**વ આશેરુ હુન્ન બિલમઅરૂફે, ફઈન કરિહતોમુહન્ન ફઅસા અનતકરહુ શયઅંવ વ યજઅલલ્લાહો ફિહે ખયરન કસીરા.**

(સુરા નિસા આયત નં. ૧૯)

**અર્થાત્** : તમારી પત્નીઓની સાથે સારો વર્તાવ કરતા રહો. અને જો તમને કોઈક કારણથી તેમના પ્રત્યે અણગમો હોય તો પણ સબર કરો, નવાઈ ભર્યું નથી કે તમે કોઈ ચીજને નાપસંદ કરતા હોય અને ખુદાએ તમારા માટે તેમાં જ બેહતરી રાખી હોય.

મતલબ તમે તમારી પત્ની પ્રત્યે કોઈ એક વસ્તુના કારણે અણગમો કે નફરત કરતા હોય. તેમાં કદાચ અલ્લાહે પુષ્કળ ખૂબીઓ પણ મૂકી હોય. હું એટલું તો માનું જ છું કે આ મંઝિલ ખૂબ જ સબર અને અજમાઈશવાળી છે. સાબિતી માટે કુર્આનનો જ ઈરશાદ છે.

**વમિનહુમ મંયયકુલો રબ્બના આતેના ફિદુન્યા હસનતંવ વ ફિલ આખેરત હસનતંવ વકેના અઝાબન્નાર.**

(સુરા બકરહ આયત નં. ૨૦૧)

**અર્થાત્** :- કેટલાક બંદાઓ એવા છે જેઓ દુઆ કરે છે કે પરવરદિગાર અમને દુનિયામાં પણ ભલાઈ અતા કર અને આખેરતમાં પણ ભલાઈ અતા કર અને અમને જહન્નમના અઝાબથી મહફૂઝ રાખ.

આ આયતની ઘણીબધી તફસીરોમાંથી અમીરૂલ મોઅમેનીનની તફસીર ચિંતન-મનનને કાબિલ છે. આપ ફરમાવે છે કે દુન્યવી ભલાઈથી મતલબ સારી નેક સ્ત્રી અને આખેરતની ભલાઈથી મતલબ જન્નતની હુરો છે. જ્યારે જહન્નમના અઝાબથી મતલબ ખરાબ સ્વભાવની પત્ની છે. (તફસીરે સાફી, તકસીરૂલ મિઝાન-બહવાલા તફસીર અયાશી)

હઝરત અમીરૂલ મોઅમેનીનની તફસીર એક બેહતરીન રહસ્ય છે. પરંતુ તેની સાથે સાથે આ રીવાયત પણ આપણને જીવનના આ કઠીન રસ્તા ઉપરથી પસાર થતા રોશની માટે ઘણું બધું કહી જાય છે.

જનાબ ઈબ્રાહીમ (અલ.) એ ખુદા પાસે જનાબ સારાના ખરાબ સ્વભાવ અંગે ફરિયાદ કરી. ઈરશાદ થયો કે સ્ત્રી વાંકી પાસળી જેવી છે. (સ્ત્રીને

વાંકી પાંસળીમાંથી-પુરુષની ડાબી પાંસળીમાંથી બનાવવામાં આવી છે. આવી સવાદે આઝમની માન્યતા ગલત છે. અહીં તો વાંકી પાંસળી જેવી છે કહેવાયું છે. સીધી કરવા જશો તો તૂટી જશે.) જો તેને તેના હાલ ઉપર છોડી દેશો, તો એનાથી ફાયદો ઉઠાવશો. (વસીએલુશ્શીયા, પેજ નં. ૧૨૪ ભાગ-૨ પેજ નં. ૮૭)

સ્ત્રીને વાંકી પાંસળી સાથે સરખાવીને અલ્લાહતઆલાએ તેનામાં રહેલા કુદરતી બનાવટના તફાવત તરફ ઈશારો કર્યો છે. જેને આપણે આગળ સમજી ચૂકયા છીએ.

ટૂંકમાં એટલુંજ કે કુર્આનની ઘણી-બધી આયતો આપણને આ બાબતની શિખામણ આપે છે કે પતિ-પત્ની જ્યાં સુધી આ જીવનપથ ઉપર સાથે રહે, મહબ્બત અને અખ્લાકની સગાઈથી જોડેયાલ રહે. આ સગાઈને વધુ મજબૂત બનાવતાં રહે. બંને

એકબીજાની ભૂલો કે ખામીઓ જ ન જોયા કરે પરંતુ બંને પતિ-પત્ની એકબીજાની ખૂબીઓ, એક બીજામાંના સારા ગુણો જોવાની ટેવ પાડે. આ જગ્યાએ મારે ઘણા-બધા દ્રષ્ટાતો આપવા છે, પરંતુ કિતાબનું સ્વરૂપ ઘણું મોટું થઈ જાય છે. તેથી ડરૂં છું.

મતલબ કે પતિ-પત્નીની સગાઈને મજબૂત બનાવવા માટે પુરુષે ભલે પોતાના મનને-નફસને કાબૂમાં રાખવો પડે તો રાખે. તો જ પુરુષ પોતાની પત્નીથી સાચો લુત્ફ ઊઠાવી શકશે. જિંદગીની મજા માંણી શકશે. જો પુરુષ મોટું દીલ નહીં રાખે તો દુ:ખી થશે, કાં તો હીજરાયા કરશે. આપણને ખુદાએ જે પત્ની આપી છે. તેની સાથેના નિકાહ આપણે પોતે કબૂલેલા છે. તે સ્ત્રીમાં તે બધીજ ખૂબીઓ છે. જે બીજી બધી સ્ત્રીઓમાં છે. તે ખૂબીઓને આપણે બહાર લાવીએ. આપણી પત્નીને માન આપીએ.

એની ભૂલોને માફ કરીએ. આપણે દરરોજ અલ્લાહની કેટલી નાફરમાનીઓ કરીએ છીએ. કેટલા ગુનાહ કરીએ છીએ, છતાંય અલ્લાહ કેટલો રહમદીલ છે. તે આપણી અનેક ભૂલોને માફ કરી દે છે. અલ્લાહનું એક નામ “સત્તારૂલ ઓયુબ” છે. જે અયબોને ઢાંકી દેનારો છે. જો તે આપણી અયબોને ન છુપાવતો હોય, આપણા કૃત્યોની પરદાપોશી ન કરતો હોય તો શું આપણે સમાજને મોં બતાવવા જેટલા શક્તિમાન છીએ ? બસ, આપણે પણ રહમદીલ બનીને પત્ની સાથે નાની-નાની ક્ષુલ્લક વાતોમાં ઝઘડા ન કરતાં બાળકોના શિક્ષણ-પ્રશિક્ષણ તરફ આપણું લક્ષ્ય કેળવવું જોઈએ.

ઈસ્લામ એક દીને ફિતરત છે. ફિતરત એટલે કુદરત. અલ્લાહનો ઊતારેલો જીવન જીવવાનો તરીકો છે. તેમાં કોઈ ખામીને અવકાશ નથી. અલ્લાહ ગફુરુર્રહીમ છે. માફી આપવાને પસંદ કરે છે.

પત્ની ઘરના કોઈ અગત્યના કામમાં હોય-દૃષ્ટાંતરૂપે, ખાવાનું પકાવવું-તેવા સમયે જો બાળકે પેશાબ કર્યો અને ઘરમાં અન્ય કોઈ નથી તો પુરુષની અવ્વલીન ફરજ છે કે તે બાળકને સાફ કરી તેની ચડ્ડી બદલાવી નાખે, આવા કાર્યોને નાના ન સમજવામાં આવે. આ તો નબીઓની સુન્નત છે. આવાં કાર્યો કરવામાં નાનમ ન સમજે.

પત્ની આપણા જેવી જ એક ઈન્સાન છે. તેને પણ થાક લાગે છે, ભૂખ લાગે છે, ઊંઘ આવે છે. આ બધી વાતોનો ખ્યાલ રાખવો પતિની ફરજ છે. †◌ીનું શોષણ ન કરવામાં આવે. કેટલીક વખત તો એવું બનતું દેખાય છે કે પત્નીના પેટમાં બાળક છે, એક નાનુ બાળક રડતું છે, અને પત્ની ઘરના કામમાં વ્યસ્ત છે. છતાંય પતિદેવ તો ડી.એસ.પી.ની જેમ ખુરશી ઉપર બેસી છાપું વાંચી રહ્યા છે. પેલી સ્ત્રી બિચારી પકાવવાનું છોડી, રોટલી શેકતી અટકાવી બાળકને

છાનું રાખે છે. જો કે રસૂલે ખુદાના ફરમાન મૂજબ તો તે સ્ત્રી (આપણી પત્ની) જેહાદમાં છે. (નાની નાની બાબતોમાં ગુસ્સે થઈ તલાક આપી દેવી કે એવો ઈરાદો કરવો હરામ છે. તમે જોઈ છે કોઈ યુવાન સ્ત્રીને ? જે પોતાના બાળકને હાથમાં લઈ દોડતી હોય. એક મુદ્દતની જદ્દજહદ બાદ જેને નબીએ રહમતે જેહાદ કહ્યો છે. આ બાળકને આ માએ પેદા કર્યું છે. આ બાળક એના ગોશ્તનો ટૂકડો છે. એના શરીરનો ભાગ છે. આ બાળકના ગર્ભમાં રહેવાના દસ માસ અને પછીના દિવસોમાં તેની પરવરિશ કેટલી મુશ્કેલ છે ! બાપે શું કળતર કરી છે ? આ બાળકને પેદા કરવા માટે. વધુમાં વધુ પાણીનું એક ટીપું જ્યારે મા એ મોત જેવી પરિસ્થિતિને વેઠીને-જેહાદમાંથી ગાઝી બનીને મેળવેલું આ બાળક માને કેટલું પ્યારું હોય છે. શું તમો તલાક જેવા એક નાપાક શબ્દ દ્વારા માને પોતાના કલેજાના ટૂકડાથી અલગ કરવા માગો છો !!!)

ફરીથી વાત તાજી કરી દઉં છું. પેગંબરે ઈસ્લામે સ્ત્રીઓના પ્રશ્ન કરવા ઉપર ફરમાવ્યું છે કે બાળક પેટમાં આકાર પામે ત્યાંથી લઈને દૂધ છોડવાના સમયગાળા સુધી સ્ત્રી જેહાદમાં છે. આ સમય દરમ્યાન જો તે મૃત્યુ પામે તો તેને પુરુષ જેવો જ શહાદતનો દરજ્જો મળે છે.

મઝહબે ઈસ્લામના કાયદાનું ઉલંઘન કરીને આપણે અન્યોને ટીકા કરવાનો મોકો જ શા માટે આપીએ છીએ. જિંદગીની એક ગાડીના બે પૈડાં છે. પતિ અને પત્ની કોઈ પૈડુ સેન્ટર ગુમાવે તો આપણે બોલ ચાકી ફીટ કરીએ છીએ. ધરીમાં કંઈ ઘસારો હોય તો ધરીને ઠીક ઠાક કરીએ છીએ. આંકા ઘસાઈ ગયા હોય તો ચાકી બોલ્ટ બદલી નાખીએ છીએ. કંઈ પૈડું થોડું બદલી નાખીએ છીએ. તેમ પત્નીની ભૂલ ઉપર તેને માફ કરી શકાય છે. તેની ભૂલ સુધારી શકાય છે.

# પ્રકરણ – ૮ : વહેમ-બદગુમાની અને વિરોધાભાસ

ઈસ્લામ આ બાબતથી પણ વાકેફ છે કે ફક્ત ફિલસોફી દ્વારા જ જીવનપથ ઉપર જીવી શકાતું નથી. સમજદારો માટે આ એક વ્યવહારિક તરીકો છે જે રૂહ માટે શાંતિ છે. સભ્યતા અને શિષ્ટાચારની દૃષ્ટિએ પણ ઉત્તમ છે. પરંતુ ઈન્સાનોના સામાન્ય પ્રવાહ માટે આ શિખામણો બહુ કામ આપતી નથી. પતિ-પત્નીનો વિરોધ કે ઝઘડાથી બચતા રહેવાની તાકીદ કર્યા પછી પણ આ વાતની આવશ્યકતા હતી કે કાનૂન દ્વારા અદ્લ સ્થાપિત કરવામાં આવે. જે લોકો શર્મો-હયાને માથે મૂકી સામાજિક ઉસૂલોની પરવા નથી કરતા તેમને કાનૂન દ્વારા કંટ્રોલ કરવામાં આવે.

ઈસ્લામની દૃષ્ટિમાં એક આદર્શ શાદી તે છે જેમાં પતિ-પત્ની એકબીજાને દીલથી ચાહે-મહબ્બત કરે. એકબીજાની ઈઝ્ઝત કરે. દરેક પાકા ઈરાદા સાથે, દીલના સંકલ્પ સાથે, એકબીજાના હકો અદા કરે. પરંતુ મુશ્કેલી આ છે કે આ દુનિયામાં ફક્ત મુત્તકી, પરહેઝગાર અને સમજદાર લોકોજ નથી વસતા. ઘણાબધા સ્ત્રી-પુરુષો ખૂબ જ સખત દીલના પણ હોય છે. તેઓને આ બાબતની કોઈ પરવા નથી હોતી કે તેમની આવી ખરાબ વર્તણુકોથી ઈસ્લામી સમાજને કેટલું મોટું નુકસાન પહોંચે છે. આવા લોકોને એવું ભાન પણ નથી હોતું કે ઈસ્લામી ઉસૂલોને બરબાદ કરીને અમે અમારી દુન્યવી જિંદગીને પણ બરબાદ કરી રહ્યા છીએ. પોતાની રૂહની શાંતિ તો આવા લોકો ગૂમાવે જ છે. સાથે સાથે પોતાની જોડી અગર પત્ની છે તો તે પત્ની અને તેના મા-બાપની અને અગર પતિ છે તો પતિ

અને તેના મા-બાપની જિંદગીને પણ અશાંત બનાવી દે છે. મતલબ પતિ-પત્નીમાંથી જે કોઈ અવળચંડુ છે તે સામા પક્ષની અને તેના સગાંઓની શાંતિ હણી લે છે. અને જો બંને અવળચંડાં છે તો તો બંનેની ફેમીલી દુ:ખી થાય છે. આવા લોકોના કાર્યોને સુધારવા માટે કાયદા-કાનૂનની પણ જરૂરત હતી. જેથી અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે આવા કાયદા કાનૂનો પણ બનાવ્યા છે.

## પતિ-પત્ની વચ્ચે ઝઘડો થવાના કારણો

ઝઘડાનું મુખ્ય કારણ તો પોતાની ફરજ અદા કરવામાં ભૂલચૂક કરવું છે. આ ભૂલચૂક એક તરફી ફક્ત પતિ કે ફક્ત પત્ની તરફથી હોય કે બંનેની ગલતીઓ પણ હોય.

**આપણે આ ઝઘડાના ત્રણ પ્રકાર માની લઈએ.**

(૧) પત્ની તરફથી અત્યાચાર

(૨) પતિ તરફથી અત્યાચાર

(૩) બંને તરફથી અત્યાચાર.

**(૧) પત્ની તરફથી અત્યાચાર**

પ્રથમ પ્રકારમાં પત્ની પોતાની ફરજો અદા કરવામાં જાણી જોઈને ભૂલ કરે, કતરાઈ, ટાલમટોલ કરે, સાથ ન આપે વગેરે પરિસ્થિતિમાં પતિ અકળાઈ જાય આ બાબત સુધારણા માટે અલ્લાહતઆલાએ એક પછી એક ત્રણ ઈલાજ બતાવ્યા છે. સુરા નિસામાં અલ્લાહતઆલા ફરમાવે છે :

**વલ્લાતી તખાફૂનઅ્, નોશુઝહુન્ન ફએઝુહુન્ન વહજોરૂહુન્ન ફિલમઝાજેએ વઝરેબુહુન્ન ફઈનઅતઅ્નકુમ ફલાતબતગુ અલયહિન્ન સબીલા, ઈન્નલ્લાહે કાનઅ્ અલીય્યન કબીરા**

(સુરા નિસા આયત નં. ૩૪)

"અને તે સ્ત્રીઓ જેમના નાફરમાન હોવાનો તમને ભય હોય (સૌ પ્રથમ) તેમને નસિહત કરો - સમજાવો. (જો નસિહતથી ન માને) તો તેમને તેમની પથારીઓ ઉપર એકલી છોડી દો અને (આમ કરવા છતાં પણ ન માને તો) તેમને મારો. પછી જો તમારી આજ્ઞા માની લે તો તેમના ઉપર કોઈપણ સખ્તાઈનો રસ્તો ન શોધો. બેશક અલ્લાહ ઉચ્ચ દરજ્જાવાળો મહાન છે." (તફસીરે સાફી)

શરૂ શરૂમાં તો પતિએ પત્નીની અવજ્ઞા ઉપર તેને નસીહત કરવી જોઈએ. સમજાવવી જોઈએ જેથી તે પોતાની ટેવો સુધારે, વતર્ણુક બદલે. શરૂઆતમાં તો શીખામણ પુરતી છે. જેથી પત્ની પોતાની વર્તણુક બદલે. પત્નીને હિદાયત ઉપર લાવવા માટેનો આ એક અસરકારક ઉપાય છે. સ્ત્રીઓમાં મૃદુતા હોય છે. સમજાવવાથી ૫૦% સ્ત્રીઓમાં સુધાર આવી જાય છે.

પરંતુ જો સમજાવવાથી કામ ન બને. કોઈ ફાયદો ન થાય તો તેનો મતલબ આ છે કે બીમારી આગળ વધી ગઈ છે. આવી પરિસ્થિતિમાં પતિ પત્ની સાથે એક પથારી ઉપર સૂવાનું છોડી દે. અલગ સૂઈ શકાય છે કે પતિનો આ ખામોશ અસંતોષ, વિરોધ પત્નીને ધક્કો આપે. તે પોતાની ભૂલ સુધારી લે અને સમજી જાય.

જો ધૃષ્ટતા અને ફસાદ પત્નીના લોહીમાં જ વણાઈ ગયો છે. નસીહત અને નારાજગી બંને વસ્તુ કામ લાગતી નથી તો સમજી લો કે સ્ત્રીનો નફસ અને રૂહ બંને બગડી ચૂક્યાં છે. ફસાદ એની રૂહ ઉપર સવાર થઈ ગયો છે. મલિનતા એના ઉપર પ્રભૂત્ત્વ પામી ચૂકી છે. એના શરીરમાં ભરાઈ ચૂકેલી આ મલિનતાને કાઢવા માટે શારીરીક શિક્ષા જ જરૂરી થઈ પડી છે ત્યારે તેમને હળવી શારિરીક

શિક્ષા જરૂરી થઈ પડે છે. પરંતુ આ શિક્ષાની પણ એક હદ છે.

ઈમામ મોહંમદ બાકિર (અલ.)નું એક કથન ઘણું જ યોગ્ય છે કે “તેઓને મિસકવાથી મારો”

આ રીતે શરીઅતે એક હદબંધી કરી દીધી કે એ રીતે મારો કે હાડકું ન તૂટે, લોહી ન નીકળે, સોળ ન પડે, મોં ઉપર ન મારો. શરીરના કોઈ એક જ ભાગ ઉપર ન મારો આ રીતે સ્ત્રીને તે ભાગ ઉપર વધારે તકલીફ પહોંચવાનો અંદેશો છે.

અને આ પ્રકારની શિક્ષા પછી પત્ની સુધરી જાય તો પતિ ઉપર વાજીબ બને છે કે તરત જ પોતાની વતર્ણૂક સુધારી લે. તેની સાથે એક પથારી ઉપર સૂતો થઈ જાય, બોલતો થઈ જાય. હસી-ખુશીથી પત્નિના રંજોગમમાં પણ સામેલ થઈ જાય. અલ્લાહતઆલાએ આપણને આ બાબત પણ હિદાયત આપી દીધી છે.

ફઈન અતઅ્નકુમ ફલા તબતગુ અલયહિન્ન સબીલા.

પછી જો તે (પત્ની) તમારી ફરમાં બરદાર બની જાય તો તેમના ઉપર ઝુલમ ન કરશો.

**(૨) પતિ તરફથી અત્યાચાર**

પતિ-પત્નીમા ઝઘડો થવામાં પતિ પણ ગુનેહગાર હોઈ શકે. પતિ પોતાની ફરજો અદા કરવામાં ઊણો ઊતરે, ગફલત વર્તે. પત્નીના હકોની અવગણના કરે. આ બાબત પણ અલ્લાહતઆલાએ આપણને હિદાયતો આપી છે.

**વએનિમ રઅતુન ખાફત મિમબઅ્લેહા નોશુઝન અવઈઅ્રાઝન ફલાજોનાહઅ્ અલયહેમા અંયયુસલેહા બયનહોમા સુલહા, વસ્સુલહો ખયર**

(સુરા નિસા આયત નં. ૧૨૮)

**અર્થાત્** : અને કોઈ સ્ત્રીને પોતાના પતિ તરફથી ખરાબવર્તન અથવા બેદરકારીનો ભય હોય

તો તેઓ બંને પરસ્પર સુલેહ કરી લે તો તેમાં કાંઈ દોષ નથી. અને સમાધાન કરવું એ (દરેક રીતે) વધારે સારૂં છે.

પરંતુ જો આ તરકીબ પણ ફાયદાકારક ન બને તો પત્નીને હક છે કે તે “હાકેમ શરઅ”ની પાસે જઈને પોતાની ફરિયાદ રજૂ કરે. અને “હાકેમ શરઅ” ને આ ઈખ્તિયાર છે કે તે બંને પક્ષોને સાંભળી સમય - સંજોગોને ધ્યાનમાં લઈ નરમી અથવા સખ્તી કરીને-મતલબ બેહતર તરીકાથી આ પતિ-પત્નીના ઝઘડાનો નિકાલ કરે. (હાકેમે શરઅથી મતલબ મરજએ તકલીદ અથવા એમના નાયબ અથવા મોમીન સમાજે નિયુક્ત કરેલું આલિમોનું એવું વર્તુળ જે શરીરઅતના હુકમો લાગુ કરતું હોય)

## બંને તરફથી અત્યાચાર

જ્યારે પતિ-પત્ની બંને ભૂલો ઉપર ભૂલો કરતાં હોય. બંને એકબીજા ઉપર દોષારોપણ કરતાં હોય. બંને પોતાની ફરજો ચૂકયાં હોય. સ્પષ્ટ છે કે આવી પરિસ્થિતિમાં તો અન્ય સગાંઓ, વડીલો કે મહોલ્લા ગામના આગેવાનો આ બંનેની વચ્ચે પડીને સુલેહની કોઈ યોજના અમલમાં નહીં લાવે, ત્યાં સુધી આ લોકો શાંત થવાનાં નથી. ઝઘડ્યા જ કરશે. મતલબ કે આવા સંજોગોમાં બંને વચ્ચે કોઈએ પંચ બનવું જ પડશે.

**અલ્લાહતઆલા ઈરશાદ ફરમાવે છે :**

**વઈન ખિફતુમ શેકાકઅ્ બયનેહેમા ફબઅસુ હકઅ્મમ મિનઅહલેહી વહકઅ્મમ મિન અહલેહા ઈંયયોરીદઅ્ ઈસલાહંય**

**યોવફફેકીલ્લાહો બયનહોમા ઈન્નલ્લાહઅ્ કાનઅ્ અલીમન ખબીરા.**

(સુરા નિસા આયત નં. ૩૫)

**અર્થાત** : અને જો તમને બંને વચ્ચે નાઇત્તેફાકીનો ભય હોય તો એક પંચ પુરુષના કુટુંબમાંથી અને એક પંચ સ્ત્રીના કુટુંબમાંથી નીમો. જો તે બંને (પંચો) બંનેમાં મેળમેળાપ કરાવી દેવાનો ઈરાદો રાખશે, તો અલ્લાહ તે બંનેમાં મેળાપ કરાવી દેશે. બેશક અલ્લાહ મહાન જાણનાર અને ખબરદાર છે.

આમ તો આવા બે પંચોની પંચાયત દ્વારા આગલા બે પ્રકારો પત્ની તરફથી નાફરમાનીમાં અને પતિ તરફથી અવગણનામાં પણ ફાયદો ઊઠાવી શકાય છે. પતિ પોતાની ફરિયાદ પોતાના પંચ દ્વારા પત્નીના સગાંઓ સુધી પહોંચાડે, અને

ઊકેલ આવી જાય. અથવા પત્ની પતિની અવગણના ઉપર પોતાની ફરિયાદ પતિના ઘરવાળાંઓને પહોંચાડે, કે પતિને પહોંચાડે તો પણ બે પંચો તેમના ઝઘડાનો નિકાલ લાવી શકે છે. અહીં તો અમારો હેતુ આ રીતે ટૂંકાણમાં ઈસ્લામ એક ઈલાહી દીન હોઈ તેની ખૂબીઓને વર્ણવવાનો છે.

## જુદા થઈ જવું

ઘણા-બધા પ્રશ્નો પતિ-પત્નીમાં એટલા વિચિત્ર હોય છે કે તેનો ઉકેલ મુશ્કેલ થઈ જાય છે. જેમાં આપસની રંજીસ, ઝઘડા અને દરરોજનો લોહી ઉકાળો બંધ થતો જ નથી. ચાલુ ને ચાલુ જ રહે છે. ત્યારે સમાજ પરેશાન રહે છે. પતિ-પત્ની બંનેના કુટુંબો દુ:ખી રહે છે. પરેશાન થાય છે. આખા સમાજને પણ આ બંનેના ઝઘડાની થોડીઘણી

અસરો તો થાય જ છે. આ સમયે બે જ ઉપાયો આપણી દૃષ્ટિ સમક્ષ આવે છે.

(૧) આ બંનેને આ રીતે લડતા-ઝઘડતા જ છોડી દેવામાં આવે. એમને આવી જ દુ:ખી જિંદગી બસર કરવા મજબૂર રાખીએ. જેને કુર્આને "અઝાબન્નાર" જહન્નમનો અઝાબ કહ્યો છે.

**અથવા**

(૨) બંને પતિ-પત્ની પોતાના નિકાહના કરારને તોડી નાખે. બંનેને નિકાહના બંધનમાંથી આઝાદ કરી દેવામાં આવે જેથી બંને પોતાના માટે કોઈ બેહતર રસ્તો શોધી લે.

ઉપરની પરિસ્થિતિમાં કે સુલેહ શકય જ નથી. બંને પતિ-પત્ની લડતાં-ઝઘડતાં જીવી રહ્યાં છે. સુલેહ થવાની કોઈ નિશાની પણ દેખાતી નથી. તો આવા ઝેર જેવા દુ:ખી જીવનથી તેમને છુટકારો આપવો એ જ બેહતર તરીકો છે. એમ ઈન્સાનની

અક્કલ કહે છે. ઉપરના બે ઉપાયોમાંથી બીજો ઉપાય જ બેહતર છે.

ઈસાઈયતે પોતાની શરીઅતમાં ફેરફાર કરીને શાદીના બંધનને કદી ન તૂટી શકે તેવું બંધન બનાવી દીધું. જ્યારે ઈન્ઝિલે એનો ઉકેલ જ ન કર્યો. ત્યારે તેમની સરકારી કોર્ટો દ્વારા દખલગીરી કરી “તલાક”ના કાનૂન બનાવવા પડ્યા.

એ જ રીતે હિન્દુ ધર્મ પણ તલાક ને કબૂલ કરતો નથી. પરંતુ મજબૂર થઈને હિંદુ ધર્મે પણ “તલાક”ના કાનૂનને “હિંદુ કોડ બીલ” તરીકે પાર્લામેન્ટમાં પસાર કરવો પડ્યો. આ રીતે ઈસ્લામ સિવાયના બધાજ ધર્મોએ તલાકના કાનૂનને સ્વીકાર્યો છે. પરંતુ પોતાની પાર્લામેન્ટમાં કાનૂન બનાવીને સ્વીકાર્યો છે. તેમના મઝહબમાં કાંતો તલાક છે જ નહીં અને છે તો તેના કાનૂન અટપટા છે.

ઈસ્લામ સિવાયના તમામ ધર્મોને પોતપોતાની પાર્લામેન્ટોમાં "તલાક"નો કાનૂન બનાવવાની ફરજ કેમ પડી ? કારણ કે આપઘાત અને ખૂનના કિસ્સા વધી રહ્યા હતા. બળી જવું અને બાળી નાખવું ની ઘટનાઓ રોજની થઈ પડી હતી.

જ્યારે પતિ-પત્ની બંને વચ્ચે સુલેહ શક્ય જ ન હોય ત્યારે જો તેમને તલાક દ્વારા છૂટાં કરવામાં ન આવે તો તે બંનેમાંથી કોઈ એક આપઘાત કરી બેસે. અથવા તેમાંનું એક બીજાને મારી નાખે. પોતે છૂટકારો મેળવવા ઇચ્છે. જ્યારે અન્ય સમાજોમાં આવી પરિસ્થિતિ રોજની થઈ પડી ત્યારે તેમની અંદરના અક્કલવાળા માણસોએ પાર્લામેન્ટમાં બીલ પસાર કરી તલાકના કાનૂનને કાયદેસરનો બનાવ્યો. આ રીતે ઈસ્લામ સિવાયના બીજા તમામ ધર્મોએ ઈસ્લામના તલાકના કાનૂનને અપનાવ્યો છે. આ કઈ અક્કલમંદી છે કે દીલની

મહબ્બતના સંબંધ વગર એકબીજાથી નફરત કરતાં હોય, એવી પરિસ્થિતિમાં પરાણે નિકાહના બંધનને બાંધી રાખવું.

આજે પણ અમે ચેલેંજ સાથે કહીએ છીએ કે બીજા બધા જ ધર્મો કરતાં ઈસ્લામમાં-મતલબ મુસલમાનોમાં પછી ભલે તેઓ નામના મુસલમાન કેમ નથી. અશિક્ષિત કે અભણ કેમ નથી. ઈસ્લામી સમાજનું બંધારણ જ એવા પ્રકારનું છે કે તેમનામાં તલાકનું પ્રમાણ ઓછું છે. મુસલમાનો કરતાં બીજા ધર્મના લોકોમાં તલાકનું પ્રમાણ વધારે છે. બીજી વાત જો કોઈ લોકો આ પ્રકારની મોજણી કરતા હોય તો તો તેઓ અપ્રમાણિકતા આચરે છે. મુસ્લિમ બુદ્ધિજીવીઓને પણ આ મોજણીમાં સામેલ કરવા જોઈએ.

બીજો એક અગત્યનો મુદ્દો પણ નોંધપાત્ર છે, તે આ છે કે મોજણી અલગ અલગ સમાજની

અલગ અલગ થવી જોઈએ. ગરીબ મુસ્લિમ સમાજ સાથે ગરીબ બિનમુસ્લિમ સમાજની. શિક્ષિત મુસ્લિમ સમાજ સાથે શિક્ષિત બિન મુસ્લિમ સમાજની મોજણી. આ રીતના વિભાગો પણ જરૂરી છે. ધનવાન મુસ્લિમ સમાજ સાથે ધનવાન બિન-મુસ્લિમ સમાજની મોજણી થવી જોઈએ. તલાકના પ્રશ્ને મિડિયાનો બદઈરાદો મુસ્લિમ સમાજને બદનામ કરવા સિવાયનો બીજો કંઈ દેખાતો નથી.

## પ્રકરણ – ૯ : તલાક, ખુલાઅ્ અને મબારાત

જ્યારે વહેમ, બદગુમાની અને વિરોધ એ દરજ્જે પહોંચી જાય કે સુલેહ, સમજુતિ કે પંચાયત નિષ્ફળ જાય ત્યારે છેવટે તલાક, ખુલાઅ અને મબારાત જેવી પરિસ્થિતિઓ સર્જાય છે. અહીં પણ ત્રણ પ્રકાર છે.

**(૧) તલાક :**

પ્રથમ ઉપાય તરીકે પતિ પત્નીની નાફરમાની, તેની અવચંડાઈ વગેરેથી કંટાળીને તેનાથી અલગ થવાનું વિચારે. આ અલગ થવાની વાતને ઈસ્લામી પરિભાષામાં કહો કે શરીઅતે ઈસ્લામમાં તલાક કહે છે. અલ્લાહતઆલાનો ઈરશાદ છે કે :

**યા અય્યોહન્નબીય્યો ઈઝા તલ્લકતોમુન્નીસાઅ ફતલ્લેકુ હુન્ન લેઈદ્દતેહીન્ન.**

(સુરા તલાક આયત નં. ૧)

"અય પેગંબર ! મુસલમાનોને કહી દો. જ્યારે તમે તમારી બીવીઓને તલાક આપો તો તેમની ઇદ્દ્ત (પાકી)ના સમયમાં તલાક આપો, અને ઈદ્દ્તની ગણતરી રાખો.

**(૨) ખુલાઅ :**

બીજો ઉપાય આ છે કે પત્ની પતિની હરકતો કે ઝુલમથી કંટાળીને તેને કોઈપણ તરીકાથી રાજી કરીને તેનાથી પોતાનો પીછો છોડાવે. તેનું નામ ખુલાઅ છે. અલ્લાહતઆલા ફરમાવે છે કે

**ફઇન ખિફતુમ અલ્લા યોકીમા હોદુદુલ્લાહે ફલા જોનાહઅ્ અલયહેમા ફિમફતદત બેહી.**

(સુરા બકરહ આયત નં. ૨૨૯)

**અર્થાત** : અને જો તમને આ ભય હો કે તે બંને ખુદાની નક્કી કરેલી હદો ઉપર નહીં રહી શકે તો જો સ્ત્રી પતિને કંઈક આપીને પોતાની જાન છોડાવી લે તો કોઈ વાંધો નથી.

**(3) મબારાત :**

ત્રીજો તરીકો આ છે કે પતિ-પત્ની બંને એકબીજાથી નારાજ હોય અને બંને શાદીના બંધનથી છુટા થવા માગતા હોય એને મબારાત કહે છે.

**અલ્લાહ ફરમાવે છે કે**

**વઈય્યતફર્રકા યુગનીલ્લાહો કુલ્લમ મિન સઅતેહી**

(સુરા નિસા આયત નં. ૧૩૦)

**અર્થાત** : અને જો તેઓ બન્ને જુદા થઈ જાય તો અલ્લાહ બંનેને પોતાના ફઝલથી ગની કરી દેશે.

એટલે કે શાદીના બંધનને તોડવાની ત્રણે રીતો મઝહબે ઈસ્લામે જાઈઝ ફરમાવી છે. પરંતુ આ ત્રણે પ્રકારોમાં પતિની રઝામંદી જરૂરી છે. કારણ કે પતિને જ આ ઈખ્તિયાર આપવામાં આવ્યો છે કે તે તલાક, ખુલાઅ કે મબારાતના શીગા (વાક્યો) ઉચ્ચારીને અમલ કરે.

સ્ત્રી પુરુષની સમાનતાના ધ્વજવાહકોને કદાચ આ બાબતનો ખ્યાલ હોય કે ન હોય પંરતુ યુરોપમાં ૮૦ ટકા તલાકો સ્ત્રીઓ તરફથી માગવામાં આવે છે. આ એક એટલી સાચી હકીકત છે કે તેને સંદર્ભની જરૂર નથી. બીજી વાત આ તલાક માગનારી સ્ત્રીઓ પ્રથમ બીજી શાદી કરી લે છે. પછી પોતાના પતિઓને તલાકની ખબર આપે છે.

કારણ કે યુરોપીઓને તલાકનો અધિકાર આપેલો છે. આગળ અમે લખી ચૂક્યા છીએ કે યુરોપીઓના વિચારોમાં જોશ-આક્રોશ વિશેષ જોવા મળે છે. ઘણી જલ્દી એ ઉત્તેજિત થઈ જાય છે. પછી એ પોતે પણ પસ્તાય છે.

યુરોપમાં પોતાના એક પતિ પાસેથી તલાક લીધા પછી બીજી શાદી કરીને પસ્તાતી સ્ત્રીઓની સંખ્યા પણ ખાસ્સી એવી છે. જેઓ પોતાના બીજા પતિને એમ કહેતી હોય છે કે તારા કરતા તો મારો આગલો પતિ સારો હતો. મેં જોશમાં આવી જઈને તેની પાસેથી તલાક લઈ લીધા. આમ જે પરવરદિગારે ઈન્સાનનું સર્જન કર્યું છે. તેણે સંસારમાં જીવન જીવવાના કાયદા-કાનૂન પણ સમજાવી દીધા છે. શીખવી દીધા છે. સ્ત્રી પુરુષનું સર્જન કરનાર જાણે છે કે બંનેના સ્વભાવમાં શું શું તફાવત છે. તે પ્રમાણે તેમના જીવનમાં શાંતિ અને

સલામતિ સ્થાપિત થાય એવા કાયદા-કાનૂનો પણ અલ્લાહે બનાવેલા છે.

## તલાક એક નાપસંદ અમલ

તલાક આપવાની છૂટ આપવાની સાથે સાથે ઈસ્લામે આ અમલથી પોતાની બેઝારી - નાપસંદગી પણ સ્પષ્ટ શબ્દોમાં જાહેર કરી છે. જેથી લોકો સખત મજબુરી વગર આ કદમ ન ઊઠાવે. તલાકમાં અહીં ખુલાઅ અને મબારાત પણ આવી જાય છે.

**નબીએ અકરમ (સલ.)નો ઈરશાદ છે.**

મબાહ ચીજોમાં સૌથી વધુ નાપસંદ ચીજ તલાક છે.

ઈમામ જઅફર સાદીક (અલ.)નો ઈરશાદ છે કે બેશક અલ્લાહ રબ્બુલઈઝ્ઝત તે ઘરને પસંદ કરે છે. જેમાં શાદી હોય, શાદી થતી હોય. અને તે

ઘરને નાપસંદ કરે છે, તેનાથી નફરત કરે છે જે ઘરમાં તલાક હોય. કારણ કે તલાકથી વધીને કોઈપણ વસ્તુ અલ્લાહ રબ્બુલઈઝ્ઝતની નજીક નફરતજનક નથી. (વસાએલુશ્શીયા ભાગ-૭ પેજ નં. ૨૬૭) તલાક ઈન્સાની જિંદગીને તબાહ-બરબાદ કરી નાખે છે. તલાક બાળકોને યતીમ જેવાં બનાવી દે છે.

પેંગંબરે ઈસ્લામ (સલ.)એ ફરમાવ્યું જિબ્રઈલ હંમેશા મને સ્ત્રીના વિષયમાં તાકીદ કરતા રહ્યા, અહી ંસુધી કે મને આ ગુમાન થવા લાગ્યું કે એને તલાક આપવી જ ન જોઈએ.

બુદ્ધિશાળીઓ જરા વિચારે. ઈસાઈયતે તલાકને જ નાબુદ કરી દીધી. અહીં સુધી કે તેના માનનારાઓએ તેમની શરીઅતના આ હુકમને ફેંકી દીધો અને આઝાદ થઈ ગયા. પછી સરકારી કોર્ટ દ્વારા કાનૂન બનાવી તલાકને રમકડું બનાવી દીધું.

ઈસ્લામે કુદરતી સંજોગોને ધ્યાનમાં રાખીને તલાકની છૂટ આપી. પરંતુ તેના માનનારાઓને એટલી પકડમાં લીધા કે તેઓ તેનો ગલત ઉપયોગ ન કરે. અનેક પાબંદીઓ લગાવી. હલાલ અને જાઈઝ બનાવીને પણ લોકોના દિલોદિમાગનો આ બાબત બરાબર કંટ્રોલ કર્યો કે એનો કોઈ ગલત ફાયદો ન ઊઠાવે. ઈન્સાનના અંતરાત્માને ઈસ્લામે જાગૃત કર્યો. પત્નીના વિષયમાં ઈન્સાફ અને અદ્‌લનો દામન પતિના હાથમાં પકડાવ્યો. પતિ તેને છોડી શકે નહિ. પરિણામ આપણી સામે છે. ઈસ્લામી દુનિયામાં ઈસાઈ મુલકોના મુકાબલામાં તલાકના પ્રસંગો ઘણા જ ઓછા બને છે. મુસલમાનોનું સામાજિક બંધારણ એટલું મજબૂત છે કે અન્ય કોમોને તેનો ખ્યાલ સુદ્ધાં ન આવી શકે.

## પ્રકરણ – ૧૦ : રસૂલે રહમત પેગંબરે ઈસ્લામ (સલ.) એ આપેલા તે ફેંસલાઓ જેમાં સ્ત્રીના હકોનું રક્ષણ કર્યું છે.

(૧) નિકાહમાં સ્ત્રીની મરજી જરૂરી છે.

(૨) પતિના માલમાં સ્ત્રીનો હક

(૩) મહેરની રકમ

(૪) મજુસીનો ઈસ્લામ

(૫) બીમારની પત્ની

(૬) પત્નીઓનો વારો નક્કી કરવો

(૭) બે સગી બહેનો એક નિકાહમાં ન રહી શકે

(૮) દૂધ સગાઈ

(૯) સ્ત્રી પતિથી ખુલાઅ્ (છૂટકારો) માગી શકે છે

(૧૦) સ્ત્રી તલાક ઉપર સાક્ષી રજૂ કરે

(૧૧) હલાલને હરામ કરી દેવું

(૧૨) તખ્યીર (બે વાતોમાંથી એકદને પસંદ કરવી)

(૧૩) બાળક કોની પાસે રહે ?

(૧૪) બાળકની પરવરિશ માસી કરે

(૧૫) ઝહ્‌હાર

(૧૬) લોઆન

(૧૭) ફરઝંદ માની સાથે રહે

(૧૮) પેગંબરે ઈસ્લામે એક સ્ત્રીને રડતી જોઈ

(૧૯) પેગંબરે ઈસ્લામે ઝમીરાની માને રડતી જોઈ

(નહજુલ ફસાહતમાંથી અલ્લામા સૈયદ નસીરૂદ્દીન ઈજતેહાદી રહ.)

**(૧) નિકાહમાં સ્ત્રીની મરજી જરૂરી છે**

હુકમે રસૂલુલ્લાહ સલ.

(૧) મોઅત્તામાં ખનસાથી રિવાયત છે કે મારા નિકાહ મારા પિતાજીએ એક વ્યક્તિ સાથે કરી દીધા હતા. તે વ્યક્તિ મને પસંદ ન હતો. જો કે હું કુંવારી ન હતી. (મારી એક શાદી અગાઉ થઈ ચૂકી હતી) હું પેગંબરે ઈસ્લામ (સલ.)ની પાસે આવી

અને વિનંતી સાથે મારી પરિસ્થિતિ રજૂ કરી. આપ (સલ.)એ તે નિકાહ રદબાતલ કરી દીધા.

(૨) મુસન્નીફ અબ્દુર્રઝઝાકમાં છે કે એક કુંવારી છોકરીની શાદી તેના બાપે એક એવી વ્યક્તિ સાથે કરી, જે તેને પસંદ ન હતો. તે છોકરી પેગંબરે ઈસ્લામની સેવામાં આવી. આપ (સલ.)ને બધી વિગત જણાવી. આપ (સલ.)એ ફરમાવ્યું "તને ઈખ્તિયાર છે. ચાહે તો તું આ નિકાહ બાકી રાખ અથવા ચાહે તો તું એને રદ કરી દે.

(૩) યહ્યાથી રિવાયત છે કે એક કુંવારી અને બીજી કુંવારી નહીં એવી સ્ત્રીની શાદી તેમના બાપોએ આ બંનેની રજા વગર કરી દીધી. તે બંને પેગંબરે ઈસ્લામ (સલ.)ની ખિદમતમાં આવી. આપ (સલ.)એ તે બંનેના નિકાહ રદ કરી દીધા.

(૪) અબ્દુલ્લાહ બિન બરહથી રિવાયત છે કે એક વખત એક કુંવારી સ્ત્રી પેગંબરે ઈસ્લામ

(સલ.)ની પાસે આવી. તેણે વિનંતી કરી યા રસુલ્લાહ ! મારા બાપે મારી શાદી મારા કાકાના છોકરા સાથે કરી દીધી છે અને આ શાદી માટેનો મારા કાકાના છોકારાનો ઈરાદો પોતાની નાણાકીય મુશ્કેલી દૂર કરવાનો છે. તેનો બીજો કોઈ મકસદ નથી. આ બાબત મારી મંજૂરી પણ લેવામાં આવી નથી. હવે આપ ફરમાવો કે મને પણ કંઈ હક છે ? કોઈ ઈખ્તિયાર છે ?

પેગંબરે ઈસ્લામ (સલ.)એ ફરમાવ્યું "કેમ નહિ ?" ત્યાર બાદ તે સ્ત્રી બોલી મારો આ ઈરાદો નથી, કે હું મારા બાપના કરેલા કાર્યને મિટાવી દઉં. બલકે મારો મકસદ આ છે કે સ્ત્રીઓ જાણી લે કે તેઓ નિકાહ માટે પોતાની મરજીની માલિક છે.

**(૨) પતિના માલમાં સ્ત્રીનો હક**

બુખારીમાં છે કે એક દિવસ હિન્દા રસુલુલ્લાહ (સલ.)ની સેવામાં હાજર થઈ અને

વિનંતી કરી કે યા રસુલ્લુલ્લાહ ! અબુ સુફયાન ઘણો જ કંજુસ વ્યક્તિ છે. તે મને એટલું પણ નથી આપતો કે તેના દ્વારા મારો અને મારા બાળ-બચ્ચાનો ગુજારો થઈ શકે. તેથી જો હું તેની ગેરહાજરીમાં છુપી રીતે થોડુંક લઈ લઉં તો કંઈ વાંધો છે ? અથવા નથી ? આપ (સલ.) એ ફરમાવ્યું "હા, જરૂર લઈ શકો છો. પરંતુ ફક્ત જરૂરત જેટલું જ અને તે પણ જરૂરી અને હલાલ કામો માટે.

**(3) મહેરની રકમ**

કિતાબ નિસાઈમાં છે કે હઝરત અલી બિન અબી તાલિબ (અલ.)એ જનાબ ફાતેમા ઝેહરા સલામુલ્લાહ અલયહાને મહેરમાં પોતાનું કીંમતી બખ્તર આપ્યું હતું. જેનું નામ "હતીમા" હતું તે બખ્તર પાંચસો દિરહમમાં વેચવામાં આવ્યું. આ રકમનો કેટલોક ભાગ રસુલ્લુલાહ (સલ.)એ ખુશબો ખરીદવામાં ખર્ચ્યો હતો.

પેગંબરે ઈસ્લામ (સલ.)એ જનાબ ફાતેમા ઝેહરાને એક ઊંટના વાળની કમ્બલ, એક મશક, એક ચામડાનો ગાદલા સાથે બીજી અમૂક ચીજો દહેઝમાં આપી હતી.

મોઅત્તામાં છે કે એક સ્ત્રી પેગંબરે ઈસ્લામ (સલ.)ની પાસે આવી. તેણે કહ્યું "યા રસુલુલ્લાહ ! મારી સાથે શાદી કરી લો, પછી તે ઘણીવાર સુધી ઊભી રહી.

એક વ્યક્તિ જે ત્યાં હાજર હતો, તેણે કહ્યું "યા રસુલુલ્લાહ જો આપની શાદી કરવાની ઈચ્છા ન હોય તો એની શાદી મારી સાથે કરી દો. આપ (સલ.)એ ફરમાવ્યું "તારી પાસે આપવા માટે મહેર તરીકે કંઈક છે ? તેણે કહ્યું કે "મારી પાસે તો તેહબંદ (લુંગી) સિવાય કશું જ નથી." આપ (સલ.)એ ફરમાવ્યું કે જો તમે તેહબંદ તેને આપી દેશો તો તમે નાગા થઈ જશો, કોઈ બીજી વસ્તુનો બંદોબસ્ત

કરો", તેણે કહ્યું "મારી પાસે તો કશું જ નથી." આપ (સલ.)એ ફરમાવ્યું "કંઈ પણ લાવો. છેલ્લે કશું ન હોય તો એક લોખંડની અંગૂઠી પણ ચાલશે." તેણે ઘણી કોશીશ કરી, પરંતુ તેને તે પણ મળી નહિ. છેવટે રસૂલેકરીમ (સલ.)એ કહ્યું "શું તને કુર્આન યાદ છે ? તેણે કહ્યું "હાં ! યાદ છે. મને ફલાણી ફલાણી સુરતો બરાબર યાદ છે. પછી તે વખતે ઈરશાદ થયો કે મેં આટલી સુરતોના બદલામાં તારા નિકાહ આ સ્ત્રી સાથે કરી દીધા. (મતલબ તારે આટલી સુરતો જે તને યાદ છે તે આ તારી થનાર પત્નીને શીખવવી પડશે. આ તારી મહેર છે.)

વાચકો વિચારે આ જીવનમાં કેટલી સાદગી હતી. સહાબા કહે છે કે અમને શાદી કરતાં એટલી વાર (સમય) લાગતી હતી જેટલી વારમાં એક વ્યક્તિ પેશાબ કરી લે. એક સહાબી તવાફ કરતા હતા. તવાફ દરમ્યાન એક બીજા સહાબીની

મુલાકાત થઈ. ઈશારો કર્યો કે મારે તમને મળવું છે. પેલા સહાબી પોતાનો તવાફ પૂર્ણ કરીને બહાર ઊભા હતા. બીજા સહાબી પોતાનો તવાફ પૂર્ણ કરીને તેમની પાસે ગયા. કહ્યું કે હું તમારા કબીલાનો જ છું. છતાંય રજૂઆત કરતાં મને શરમ આવે છે. મારી પાસે કોઈ માણસ નથી. કહ્યું કે "જે કહેવું હોય તે કહી દો." કહ્યું કે "મારે તમારી બેટી સાથે શાદી કરવી છે." કહ્યું કે "ચાલો તંબુમાં. ત્યાં અમારો ઉતારો છે. બંને તંબુમાં ગયા. બેટીની ઈજાઝત લીધી, માણસ બતાવ્યો. વાકેફ કરી. એક બીજા સહાબીને બોલાવી નિકાહના શીગા અદા ફરમાવ્યા. નિકાહ થઈ ગયા. ત્રીજા દિવસે રસુલ્લુલાહની ખિદમતમાં આવ્યા. ઘણા જ ખુશ હતા. કહ્યું કે યા રસુલ્લુલાહ ! મેં તો શાદી કરી લીધી. ફરમાવ્યું "હેં ક્યારે શાદી કરી ? અમને વલીમો પણ ન ખવડાવ્યો ? આપ (સલ.) મુશ્કુરાતા

હતા. તે સહાબી પણ મુશ્કુરાતા હતા. જવાબ આપ્યો કે યા રસુલ્લુલ્લાહ... હ...હ...પછી બહાર આવ્યા તાજા ખજૂરોનો એક છોહારો લઈ પેગંબરે ઈસ્લામની ખિદામતમાં મૂક્યો. આપ (સલ.)એ તેમાથી એક દાણો લીધો પછી ફરમાવ્યું “આને બધાને વહેંચી આપો.”

યા અલ્લાહ ! આજે આપણી શાદીઓ ઢીક મારો ઢીક ખાઓ

શાદીના દિવસે મને તો જાણે બંને વેવાઈ અને બંને વેવાણો ઢીકમઢીક કરતાં હોય એવું જ લાગે છે. જાણે હાર-જીતના મેદાનના અખાડાના કુસ્તીબાજો. વળી તેમાં નણંદબા પણ થોડીક કુસ્તી કરી લે છે. વળી દિયરને પરણાવનાર જેઠાણી પણ કોઈક વખત આ અખાડામાં પોતાના સાસુ-સસરાની જીત માટે કુસ્તીમાં જોડાય જાય છે. પડોશીઓને મોકો મળે તો તેઓ પણ એકાદ મુક્કો મારી લે છે.

આ લેવાનું, આ દેવાનું, તેમાં પસંદગી, નાપસંદગી, હલકું, ભારે, ચર્ચાઓ, વિવાદોના વમળો.

દિવસોની મેહનત, રાતોના ઊજાગરા, લગભગ બધાંજ બીમાર જેવા. બંને પરણનાર પણ માંદાં. તેમાં વળી પરણનાર કરતાં પરણનારી વધારે માંદી. મેક-અપની ચિંતા, મેંદીની ચિંતા (મેંદી સારી વસ્તુ છે. ગુનાહનું કામ નથી. બેહતર છે. રોનક છે. લગાવવી જ જોઈએ. પણ તે બોચી ઉપર, ગરદન ઉપર, કાન ઉપર લગાવવાની પરેશાની નહિ. હાથ-પગ ઉપર લગાવો. જેટલું વધારશો એટલું થાકશો. શાદીનો સાચો લુત્ફ, મજા ગુમાવશો, સમજ્જો મારી વાતને) પાછી મંડપમાં કે મિમ્બર ઉપર પણ લડાઈ-અંદર અંદર કચકચ આપણે વધારે લીધું એમણે ઓછું આપ્યું. આપણે ભારે કીંમતી લીધું એમણે હલકું હલકું આપ્યું. આ તો એમનો હક છે. આ તો રિવાજ છે. આ તો અમારી

જમાતનો કાયદો છે. અરે ભાઈ ! તમારો આ રિવાજ કે તમારી જમાતનો આ કાયદો શરીઅત છે ? પરંતુ શરીઅતની કોને પડી છે. શરીઅત વળી કયા ઝાડની મૂળી ? કરતા આવ્યા છીએ તે કરીએ છીએ. કંઈ નવું થોડું કરીએ છીએ ? આપણી શાદીઓ, લોહી ઉકાળો. તેમાં વળી પરણનારી જે બિચારીને ખુશ રહેવું જોઈએ, તંદુરસ્ત રહેવું જોઈએ. જરૂરત છે. તે પ્રથમવાર પોતાના પતિ પાસે જવાની છે. જેને જીવનનો એક અનોખો આનંદ માણવાનો છે. જે આનંદ પછી કદીય આવવાનો નથી. તે પરણનારી બિચારી શાદીના દિવસે પોતાના મા-બાપના ચહેરા ઉપર નાખુશી જોઈ લે. એને કોઈ વળી વાકેફ કરી દે કે તારા સસરા આવું કહેતા હતા. તારી સાસુ અને નણંદો પણ આમ બોલતી હતી, તો તેનું મોં વિલાઈ જાય. કમળ ખિલતાં પહેલાં જ કરમાઈ જાય. શું આપણી જિંદગી આવા નકામા સંઘર્ષોમાં જ વ્યતિત

થઈ જશે કે આપણે કંઈક અન્ય કામો કરીશું ! આવી પરિસ્થિતિમાં - આપણી આવી જહાલતના સમયમાં આપણા પ્યારા ઈમામનો ઝુહુર થાય તો આપણે તેમના મદદગાર બનવાનું છે. તેમના સૈનિક બનવાનું છે. આપણે તેમને શું મોં બતાવીશું ? વિચારો, મનન કરો. (જો અલ્લાહે મને જિંદગી આપી, સમય, શક્તિ આપ્યાં તો હું ઈન્શાઅલ્લાહ "શાદી" ફક્ત શાદીના વિષય ઉપર એક પુસ્તિકા લખીશ. જેમાં આ રિવાજો વિશે તથા શાદીના સાચા આનંદ વિશે પ્રકાશ પાડીશ. સહાબા અને અઈમ્માના સમયની શાદીઓના ભુરપુર દૃષ્ટાંતો પણ આપીશ. આ લખાણથી મારો મતલબ એવો નથી કે લોકોને ખાણું ન ખવડાવવામાં આવે, ખાણું ખવડાવવું, મેહમાનો બોલાવવા, મજલિસનો પ્રોગ્રામ રાખવો અને આ રીતે આપણી શાદીઓને અમ્ર બિલ મઅરૂફ બનાવી શકાય.)

## (૪) મજુસીનો ઈસ્લામ

મમદુનામાં છે કે જ્યારે એક પારસી ગીલાન નામી ઈસ્લામ લાવ્યો. ત્યારે રસુલુલ્લાહ (સલ.)એ ફરમાવ્યું “તમારા નિકાહમાં દસ સ્ત્રીઓ છે. તમે ચાર રાખી શકો છો. બાકીને છોડી દો.

ફિરાઝે દયલમીનું કહેવું છે કે જ્યારે હું ઈસ્લામ લાવ્યો. તે વખતે મારા નિકાહમાં બે સગી બહેનો હતી. પેગંબરે ઈસ્લામ (સલ.) એ ફરમાવ્યું “તમે આ બંનેમાંથી એક રાખી શકો છો.”

મુસન્નીફ અબુદાઉદ લખે છે કે એક સ્ત્રી પેગંબરે ઈસ્લામના સમયમાં ઈસ્લામ લાવી. તેણે બીજી શાદી કરી લીધી. તેનો આગલો પતિ પેગંબરે ઈસ્લામની ખિદમતમાં હાજર થયો. તેણે કહ્યું. યા રસુલ્લુલ્લાહ ! હું પણ ઈસ્લામ લાવી ચૂક્યો છું અને આ સ્ત્રી પણ મારા ઈસ્લામથી વાકેફ છે. છતાંય તેણે બીજી શાદી કરી લીધી. આ સાંભળીને રસુલ્લુલાહ

(સલ.)એ તે સ્ત્રીને ઠપકારી, તેના બીજા પતિથી અલગ કરી અને અવ્વલ પતિને સોંપી દીધી.

**(૫) બીમારની પત્ની**

મોઅત્તામાં છે કે રફાઆએ પોતાની પત્નીને અહદે રિસાલતમાં ઈસ્લામી તરીકાથી ત્રણ તલાક આપી. ત્યારબાદ અબ્દુલ્લાહ બિન ઝુબેરે તે સ્ત્રી સાથે નિકાહ કરી લીધા. (પદ્ધતિસર ઈદ્દૃહ પછી) પરંતુ અબ્દુલ્લાહ બિન ઝુબેર પોતે બીમાર હોવાથી હમબીસ્તર ન થઈ શકયા. પત્નીથી લુત્ફ ઊઠાવી શકયા નહિ. પછી તેમણે પણ ઈસ્લામી તરીકા પ્રમાણે તે સ્ત્રીને તલાક આપી દીધી. હવે રફાઆએ (આગલા પતિએ) ફરીથી શાદી કરવાની ઈચ્છા વ્યક્ત કરી. તેમણે આ વાતનું વર્ણન રસુલે કરીમ (સલ.)ને પણ કર્યું. આપ (સલ.)એ ફરમાવ્યું "તે તારા માટે ત્યાં સુધી હલાલ નથી જ્યાં સુધી તે બીજા પતિ સાથે હમ્બીસ્તર ન થઈ જાય."

મતલબ એણે બીજી શાદી તો કરી કુદરતી રીતે તેને તલાક પણ મળી પરંતુ બીમારીના કારણે તેનો પતિ તેની સાથે લઝ્ઝત ઉઠાવી શક્યો નથી. જેથી તારા માટે એ હલાલ નથી. મોઅત્તામાં છે કે જ્યાં સુધી તે પુરુષ પોતાની પત્નીથી લુત્ફ ન ઊઠાવી લે. બંને પતિ-પત્ની સંભોગ ન કરી લે. અવ્વલ પતિ માટે હલાલ થશે નહિ.

**(૬) પત્નીઓનો વારો નક્કી કરવું**

હદીસમાં છે કે જ્યારે રસૂલેકરીમ (સલ.)એ ઉમ્મે સલમાની સાથે નિકાહ કર્યા. તેમની સાથે ત્રણ દિવસ ગુજાર્યા. પછી પોતાની બીજી પત્ની પાસે જવા લાગ્યા. તો તેમણે આપનો દામન (પાલવ) પકડી લીધો. આપ (સલ.)એ ફરમાવ્યું “જો તું ઈચ્છે તો હું તારી સાથે સાત દિવસ ગુજારી શકું છું. પરંતુ પછી તો એટલા જ દિવસો મારે બીજી પત્નીઓ પાસે પણ ગુજારવા પડશે. નહીં તો ત્રણ દિવસ

તમારી પાસે, અને એટલા જ બીજી પત્નીઓ પાસે. તમે ઈચ્છો તે કબૂલ કરો. ઉમ્મે સલમાએ કહ્યું નહીં, યા રસુલુલ્લાહ ! ત્રણ દિવસ. (મતલબ ત્રણ ત્રણ દિવસ બરાબર છે.)

મોઅત્તામા છે કે રાફેએ એક જવાન છોકરી સાથે નિકાહ કર્યા. એમના નિકાહમાં મોહંમદ બિન સલમાનની છોકરી અગાઉથી જ હતી. અને તે એકલી પણ હતી. રાફેએ નવી પત્નીને વધુ મહત્ત્વ આપ્યું તો તેમની પ્રથમ પત્નીએ પેગંબરે ઈસ્લામની સમક્ષ ફરિયાદ કરી.

પેગંબરે ઈસ્લામ (સલ.)એ રાફેઅને બોલાવ્યો, હુકમ કર્યો. "તમે બંને પત્નીઓમાં અદ્‌લ કરો નહીં તો (જો અદ્‌લ ન કરી શકતા હોય તો) એકને છોડી દો.

આ બાબત રાફેએ જુની પત્નીને કહ્યું "જો તમે મારા આ મહત્ત્વ આપવાને કબૂલ કરતાં હોય,

તો તો વાંધો નથી. તને પણ રાખી લઉં છું. જો તમને આ બાબત મંજૂર નથી તો હું તમને તલાક આપી શકું છું. આ સાંભળીને તે સુલેહ માટે રાજી થઈ ગઈ. (વાંચકો આ વાત યાદ રાખો કે તે સમયનો સમાજ કેટલો શુદ્ધ હતો. કેટલો નેક હતો. રાફેઅ કંઈ તેમની જુની પત્નીને મારઝૂડ કરતા ન હતા. પરંતુ નવીને મહત્ત્વ આપતા હતા. મતલબ નવી પત્ની પાસે વધુ સમય રહેતા હશે. સ્ત્રી આઝાદી સ્ત્રીનું માન પણ કેટલું હતું કે તે સ્ત્રી (જુની પત્ની) બેધડક પેગંબર (સલ.)ની પાસે આવી, ફરિયાદ કરી. જુની પત્નીએ સુલેહ કરી. મતલબ રાફેએ કહ્યું કે મારાથી તમને સરખો સમય નહીં આપી શકાય. તમો ઇચ્છો તો તલાક આપી શકું છું. આ બાબત તે રાજી થઈ ગઈ. આ બાબતમાં મારઝૂડ, ગાળાગાળી અપશબ્દો કે એવી કોઈ જ ફરિયાદ નથી. ખાવા-પીવાની વાત પણ નથી. ફક્ત

મહત્ત્વ આપવાની વાત છે. જુની જાણતી હતી કે નવી નવ દિવસ અને જુની જન્મારો. થાકશે. જેથી સુલેહ કરી લીધી.)

**(૭) બે સગી બહેનો એક નિકાહમાં ન રહી શકે**

બુખારીમાં ઉમ્મે હબીબાની રિવાયત છે. તે કહે છે કે મેં પેગંબરે ઈસ્લામ (સલ.)ને વિનંતી કરી શું આપને (અબુ સુફયાનની) બીજી બેટી પણ મંજૂર છે ? આપ (સલ.) એ ફરમાવ્યું "શું મતલબ ?" ઉમ્મે હબીબા એ કહ્યું કે આપ શાદી કરી લો. આપ (સલ.)એ ફરમાવ્યું "તમે તેને બરદાશ્ત કરી શકશો. (મતલબ બહેન શોકન તરીકે સહન થશે !) ઉમ્મે હબીબાએ કહ્યું "વળી હું પ્રથમથી જ આપની કઈ અકેલી (એકજ) પત્ની છું જ્યાં આટલી શોકનો છે ત્યાં એક બહેન વધારે." આ બાબત આપ (સલ.)એ ઈરશાદ ફરમાવ્યો :

તે મારા ઉપર હલાલ નથી. (એક પતિના નિકાહમાં બે સગી બહેનો નથી રહી શકતી)

**(૮) દૂધ સગાઈ**

ઉરવહ કહે છે કે મેં એક સ્ત્રી સાથે શાદી કરી. એક દિવસ અમારી પાસે એક કાળી સ્ત્રી આવી અને તેણે કહ્યું "મેં તમને બંનેને દૂધ પીવડાવ્યું છે." મારો ખ્યાલ છે કે તે જુઠી છે. આ સાંભળીને આપ (સલ.)એ મારા તરફથી મોં ફેરવી લીધું. મેં ફરીથી આ જ વાત કહી કે તે મને જુઠી લાગે છે. આ સાંભળીને આપ (સલ.)એ ફરમાવ્યું :

"તમે આમ કેવી રીતે કહી શકો છો ? જ્યારે કે તે સ્ત્રી યકીન સાથે કહે છે કે તેણે તમને બંનેને દૂધ પીવડાવ્યું છે. તમે આ સ્ત્રીને છોડી દો." (આવા કોઈક જૂઝ કિસ્સા બનતા હતા. તે સમયમાં દાયાઓ દૂધ પીવડાવતી. અન્નાઓ રાખવામાં આવતી હતી. ગામડામાંથી આવતી. બાળકો લઈ જતી. મહેનતાણું

લેતી. દૂધ પીવડાવનારીઓની પણ નોંધ રાખતી હતી. છતાંય આવા અમુક કિસ્સા બની જતા. દૂધ શરીક ભાઈ-બહેનના નિકાહ હરામ છે.)

**(૯) સ્ત્રી પતિથી ખુલાઅ (છૂટકારો) માગી શકે છે**

મોઅત્તામાં છે કે હબીબા નામે એક સ્ત્રી સાબિત સહાબીના નિકાહમાં હતી. એક દિવસ પેગંબરે ઈસ્લામ (સલ.) પોતાના ઘરમાંથી ફજરની નમાજ માટે નીકળ્યા. તો અંધારામાં આ સ્ત્રીને પોતાના દરવાજાની બહાર જોઈ ફરમાવ્યું "શું બાબત છે ?" તેણે કહ્યું "યા રસુલુલ્લાહ ! હવે હું અને સાબિત એક સાથે રહી શકતાં નથી" આપ (સલ.)એ ફરિયાદ સાંભળી લીધી, પછી સાબિતને બોલાવ્યા. જ્યારે સાબિત આવ્યા તો આપ (સલ.)એ ફરમાવ્યું "હબીબાએ મને આ વાતનું વર્ણન કર્યું છે. જેનું વર્ણન અલ્લાહને પણ મંજૂર હતું."

હબીબાએ કહ્યું “યા રસુલુલ્લાહ ! જે કંઈ એમણે (પતિએ) મને આપ્યું છે તે બધું જ મારી પાસે હાજર છે.” આ સાંભળી પેગંબરે ઈસ્લામે ફરમાવ્યું “સાબિત ! આ માલ તેની પાસેથી લઈ લો અને તેને છૂટી કરી દો.” જેથી તેમણે તે માલ તેની પાસેથી લઈ લીધો અને તે પોતાના ખાનદાનવાળાંઓ પાસે ચાલી ગઈ.

બુખારીમાં આટલો વધારો છે કે (પત્નીના શબ્દો છે) તેણે કહ્યું મને ન તેમના અખ્લાકથી (ચરિત્રથી) કોઈ પ્રકારની ફરિયાદ છે અને ન તેના કોઈ નારાજી છે, બલકે હું ઈસ્લામમાં કાફિરો જેવી ચાલ-ઢાલને (આચરણ-પદ્ધતિને) નાપસંદ કરું છું. (બુખારીએ કે મોઅત્તાએ કાફિરો જેવી ચાલ-ઢાલ, આચરણ કે પદ્ધતિ વિશે કોઈ ફોડ કર્યો નથી. જે સાબિત સહાબીમાં હતી. અહીં વિચારો, સ્ત્રીઓમાં ઈમાનની કેટલી મજબુતાઈ હતી. બાગ, માલ ચીજો

બધું જ પરત કરી દીધું. સાથે સાબિતના ચરિત્ર અંગે પણ સારું હોવાનો અભિપ્રાય આપી દીધો. પરંતુ બુખારીએ અહીં સાબિતનો અવગુણ કાફિરોની પદ્ધતિ-આચરણ લખીને કશુંક બાકી રાખ્યું છે. બીજી વાત કે પેગંબરે ઈસ્લામે સાબિતની પત્નીને સમજાવવાની-રોકવાની સાબિતને તેમની કાફિરોના આચરણ જેવી પદ્ધતિ અંગે પણ કંઈ પુછતાછ કરી નથી. અગર કરી છે તો બુખારીએ વર્ણવી નથી) (જેથી શોહરના હકોનો એહતેરામ કરી શકતી નથી) તેથી ખુલાઅ (અલગ થવું) ચાહું છું. રસુલેખુદા (સલ.)એ ફરમાવ્યું "શું તું તેનો બાગ તેને પરત કરે છે ? તેણે વિનંતી કરી કે હા, તો આ બાબત રસુલ્લુલ્લાહ (સલ.)એ સાબિતને ફરમાવ્યું "બાગ લઈ લો અને તેને તલાક આપી દો."

## (૧૦) સ્ત્રી તલાક ઉપર સાક્ષી રજૂ કરે

ઉમર બિન શોએબથી રિવાયત છે કે રસૂલે કરીમ (સલ.)એ ફરમાવ્યું જ્યારે સ્ત્રી પોતાના પતિએ તેને તલાક આપી છે. એવો દાવો માંડે. તો આ બાબત તેણે આદિલ ગવાહ લાવવો જરૂરી છે. ત્યાર બાદ તેના પતિ પાસેથી હલફ લેવામાં આવશે. (અલ્લાહને સાક્ષી રાખીને કસમ લેવી) જો પતિ આ બાબત હલફ લઈ લે કે તેણે તલાક નથી આપી. તો પત્નીએ આપેલા ગવાહની ગવાહીને રદ બાતલ ગણવામાં આવશે. પરંતુ જો પતિ હલફ ન ઊઠાવે, મતલબ અલ્લાહને સાક્ષી બનાવી કસમ ન લે, તો તેનો આ ઈન્કાર બીજો ગવાહ (સાક્ષી) માનવામાં આવશે. જેથી પત્નીની તલાક સાચી ગણવામાં આવશે. તલાક લાગુ કરવામાં આવશે.

## (૧૧) હલાલને હરામ કરી દેવું

મઆફી ઝજાજમાં છે કે રસુલેકરીમ (સલ.) ઝયનબ બિન્તે જહશને ત્યાં થોડુંક વધારે રોકાતા હતા. (રસુલ્લુલાહ (સલ.) દરરોજ સાંજના પોતાની બધી પત્નીઓની ખબર અંતર પુછવા નીકળતા તે વખતની વાત છે.) ત્યાં આપ (સલ.) મધનું શરબત પીતા હતા. શોકયોમાં ઈર્ષાનો ગુણ તો હોય જ છે.

આયશા કહે છે કે મેં અને હફસાએ આપસમાં ત્રાગડો રચ્યો કે રસૂલ આવે ત્યારે આપણે કહીશું કે તમારા મોંમાંથી મુગાફિરથી (વાસ આવતો એક ઝાડનો ગુંદર, કોઈક લોકો તેને ખાતા પણ હતા. જેની જેવી રૂચિ) વાસ આવે છે. પેગંબરે ઈસ્લામને આ વાત સખત નાપસંદ હતી કે આપના મોંમાંથી જરાય પણ વાસ આવે. મશ્વિરો થયા મુજબ જ્યારે આપ (સલ.) હફસાની ઘેર આવ્યા તો તેણે એમ જ કહ્યું કે તમારા મોંમાંથી મુગાફિરની વાસ

આવતી હોય એમ લાગે છે. પછી આયશાના ઘેર ગયા તો આયશાએ પણ આમ જ કહ્યું. જેથી પેગંબરે ઈસ્લામ (સલ.) એ ફરમાવ્યું “મેં તો ઝયનબના ઘેર મધ ખાધું હતું. જો આમ છે તો હવે એવું નહીં થાય.

નહાસ અને ઝજાજનું માનવું છે કે આપ (સલ.)એ મધને પોતાના ઉપર હરામ કરી લીધું હતું. ન ખાવાની કસમ ખાધી હતી. જ્યારે રસુલે ઈસ્લામે આયશા સમક્ષ મુગાફિર ખાવાનો ઈન્કાર કર્યો, ત્યારે આયશાએ કહ્યું હતું શાયદ મધમાખીઓ મુગાફિર ઉપર બેઠી હોય અને મધ બન્યું હોય.

નહાસે એક બીજી ઘટનાનો ઉલ્લેખ પણ કર્યો છે. લખે છે કે આયશાના “ખાસ દિવસોમાં” પેગંબરે ઈસ્લામ પોતાની કનીઝ મારીયા સાથે હફસાના ઘરમાં રાત રોકાયા. (બની શકે છે કે કનીઝ મારીયાનો હુજરો દૂર હોય.

શકયતા પણ એ જ છે. અમુક રૂમ પેગંબરે ઈસ્લામને વધારે ફાવતો હોય હવા ઉજાસનો પ્રશ્ન હોય છે. હફસા પોતાના પિયર ગઈ હતી. ઘર ખાલી હતું. આ બાબત સિવાયની શોકયોની બીજી અનેક દીલચસ્પ વાતો માટે જુઓ અમારી કિતાબ "સઉદી અરબ મારા ચશ્માની આરપાર" પ્રકરણ-૧૯, પેજ નં. ૧૯૧થી ૨૨૦, જ્યાં વિસ્તૃત વર્ણન છે.) હફસા પોતાના પિયર ગઈ હતી. ઘર ખાલી હતું. જ્યારે દરવાજો ખૂલ્યો ત્યારે હફસાએ કહ્યું યા રસુલ્લુલાહ ! આપે મારી બેઈઝ્ઝતી કરી છે. કદાચ મારા કરતાં વધુ ઝલીલ અને હકીર આપની પત્નીઓમાંથી કોઈ ન હશે.

પેગંબરે ઈસ્લામે ફરમાવ્યું સારૂં. (જે થઈ ગયું તે થઈ ગયું) હવે આ વાતની ખબર આયશાને ન કરતી. તેણે કહ્યું "નહીં કરૂં." તે વખતે આપ (સલ.)એ મારિયાને પોતાના ઉપર હરામ કરી

લીધી. પરંતુ બન્યું આમ કે હફસાએ તો આખી ઘટના આયશાને કહી દીધી. સાથે જણાવી પણ દીધું કે તું વાતને છુપાવી રાખજે. (અહીં તો માતાજી આયશા રસુલની સી. આઈ. ડી. બરાબર કરતી હતી. તેણે રાતે પેગંબરે ઈસ્લામ અને મારિયાને હફસાના કમરામાં રાત ગુજારતાં જોયાં. તો હફસાને ખબર કરી બોલાવી લીધી. હફસાએ ગજબનું તોફાન કર્યું. મારી "ચશ્માની આરપાર" કિતાબ જુઓ, "સુરા તહરીમ"નો અભ્યાસ કરો. ઈરાદાપૂર્વક આ બધા જ પૂર્વઆયોજિત કાવતરા રૂપે વાતને ઉલટી-સુલટી કરીને બગાડી નાખે છે. રસૂલે મારિયાને પોતાના ઉપર હરામ કર્યાં. જે પેગંબરના બીબી હતાં. હઝરત ઈબ્રાહીમ (અલ.) રસૂલના પુત્ર જેઓ બાળપણમાં ગુજરી ગયા તેઓ મરિયાના જ પેટથી હતા. મારિયાની ખૂબસુરતી પણ આ લોકોની ઈર્ષાનું કારણ હતી.)

અલ્લાહતઆલાએ પોતાના રસૂલને તમામ ઘટનાથી વાકેફ કરી દીધા. આયત ઊતરી. “યાદ કરો તે વખત જ્યારે અમારો નબી પોતાની એક પત્નીની સાથે રાઝની વાત કરી રહ્યો છે. પરંતુ તે બીબી બીજી બીબીને બધું જ બતાવી દે છે. તો અલ્લાહે પણ પોતાના નબીને બધું જ બતાવી દીધું. પછી પેગંબરે કેટલીકને ઓળખી લીધી (સમજી લીધી) અને કેટલીકથી બેપરવા થઈ ગયા.”

આ વાતથી માલુમ પડે છે કે અલ્લાહના ઈરશાદ પ્રમાણે તહરીમથી (પોતાના ઉપર હરામ કરી લેવાથી) કોઈ વસ્તુ હરામ થતી નથી.

સુરા તહરીમમાં અલ્લાહતઆલા ફરમાવે છે કે “એય પેગંબર ! તમે શા માટે હલાલ વસ્તુઓને પોતાની બીબીઓની ખુશીને ખાતર પોતાના ઉપર હરામ કરો છો.”

અહીં કહેવાનો મતલબ આ છે કે પેગંબરના આમ કહેવાથી કે હવે હું મારીયાને હરામ કરું છું. પોતાના ઉપર આમ કહેવાથી વ્યક્તિની પત્ની પોતાના ઉપર હરામ થશે નહિ.

આ વાતનું વધુ વિસ્તૃત વર્ણન ઈમામોની હદીસોમાં વધારે સ્પષ્ટ રીતે આવશે.

**(૧૨) તખ્યીર (બે વાતોમાંથી એકને પસંદ કરવી)**

મદવુનામાં આયેશાથી રિવાયત છે કે જ્યારે રસૂલેકરીમ (સલ.)ને પોતાની પત્નીઓના મામલામાં તખ્યીરનો હુકમ થયો. તો આપ (સલ.) મારાથી શરૂઆત કરી. આપે ફરમાવ્યું “હું તને એક વાત કહેવા ઈચ્છું છું. ઉતાવળ કરવાની કોઈ જરૂરત નથી. તું તારા મા-બાપની સાથે મશ્વિરો કરી શકે છે. તેમનાથી ઈજાઝત લઈ શકે છે.

(આયશા કહે છે કે રસુલ્લુલાહ જાણતા હતા કે મારા મા-બાપ મને આપ (સલ.)થી જુદા થવા

દેશે નહિ.) આમ કહીને આયશાએ આ આયતની તિલાવત કરી.

**આ અય્યાહોહન્નબીય્યો કુલ્લેઅઝાવાજેકઅ્ ઈનકુનતુન્ન તોરીદનલ હયાતદ્દુન્યા વઝીનતઅ્હા ફતઆલયનઅ્ ઉમત્તેઅ્કુન્ન વ ઉસર્રિહકુન્ન સરાહન જમીલા...અઝીમા.**

(સુરા અહઝાબ આયત નં. ૨૮, ૨૯)

**અર્થાત** : “અય રસૂલ ! તમારી પત્નીઓને કહી દો, જો તમે સંસારી જીવન અને તેના શણગારને ચાહનારી છો. તો આવો. હું તમને કંઈક આપી, અપાવી દઉં. પછી ખૂબી સાથે રવાના કરી દઉં. અને જો તમે ખુદા અને તેના રસુલ અને આખેરતના ઘરની તલબગાર છો. તો તમારામાંથી જે નેક બીવીઓ છે. તેમના માટે આખેરતમાં ઘણો ઉચ્ચ મરતબો છે.”

"હે નબીની પત્નીઓ ! તમારામાંથી જે કોઈ ખુલ્લી રીતે નિર્લજ્જપણે વર્તશે, તો તેને અઝાબ બમણો આપવામાં આવશે, અને અલ્લાહ માટે આ વાત સહેલી છે."

મેં આ સાંભળીને કહ્યું "શું આપનો ઈરાદો આ બાબતમાં મારાં વાલૈદૈનથી મશ્વિરો લેવાનો છે. તો હું અલ્લાહ અને તેનો રસૂલ અને આખેરતના ઘરની તલબગાર છું."

આયશા કહે છે કે પછી તો બધી જ પત્નીઓએ તે જ કહ્યું જે મેં કહ્યું હતું (આને તલાક કહેવામાં આવતી નથી.)

આ બાબતની જરા વધારે સ્પષ્ટતા સાથેની માહિતી હઝરાત ઈમામોના હુકમોમાં આવશે. જેથી અહીં લાંબુ નથી લખતો.

(૧૩) બાળક કોની પાસે રહે ?

મુશન્નીફ અબ્દુર્રઝઝાકમાં છે કે એક સ્ત્રીને તેના પતિએ તલાક આપી દીધી. તેની પાસેથી પોતાનું બાળક પણ લેવા ઈચ્છયું. તે રસુલુલ્લાહ (સલ.)ની પાસે આવી, અને કહેવા લાગી. યા રસુલ્લુલ્લાહ ! આ મારો બેટોે છે. મારું પેટ એનું રહેઠાણ હતું. મારી છાતીઓ એની મશકો હતી. મારી રાનો એનું ઘોડિયું હતી. એના બાપે મને તલાક આપી દીધી. હવે તે આ મારા જિગરના ટૂકડાને પણ લઈ જવા માગે છે.

પેગંબરે ઈસ્લામ (સલ.)એ ફરમાવ્યું “જ્યાં સુધી તું બીજી શાદી નથી કરતી આ બાળકની વધારે હકદાર તું જ છે.”

મદ્દનામાં છે કે એક વખત એક મા અને બાપ (પતિ-પત્ની) બાળકના મામલામાં ઝઘડતાં ઝઘડતાં પેગંબરે ઈસ્લામની સેવામાં હાજર થયાં. તે

સ્ત્રીએ વિનંતી કરી. યા રસુલુલ્લાહ ! મારો પતિ મારા દીકરાને મારાથી અલગ કરવા ઈચ્છે છે. આ મારો છોકરો જ એક છે જે મને અબુ ઉતબાના કૂવાનું પાણી પીવડાવે છે. (અહીં બાળક થોડો મોટો હોવો જોઈએ. જેથી કોઈ દૂરના કૂવાથી પાણી લઈ આવતો હશે. તે સમયમાં અરબી ગધેડાઓ ઉપર મશકો મૂકીને પાણી દૂરથી લાવવું પડતું હતું. પુરુષો જ અંધારે અજવાળે પાણી લેવા જાય. ઓરત બિચારી કેવી રીતે જાય ? દીકરો પુરુષ કહેવાય. નજીક કોઈ પાણી મળતું હોય પણ તે પીવાલાયક ન હોય. જેથી ઉતબાના કૂવાના પાણીનો ઉલ્લેખ છે. દીકરો ૧૦-૧૨ વર્ષનો હોય.)

રસૂલેકરીમ (સલ.)એ ફરમાવ્યું. "દિકરા ! આ રહ્યો તારો બાપ અને આ છે તારી મા."

 amillibrary.com

"તારું દીલ ઈચ્છે તેનો હાથ પકડી લે." છોકરાએ માનો હાથ પકડી લીધો અને તે તેને લઈને ચાલતી થઈ.

**(૧૪) બાળકીની પરવરિશ માસી કરે**

બુખારીમાં છે કે પેગંબરે ઈસ્લામ (સલ.)એ ઉમરતુલ કઝા અદા ફરમાવ્યો. જ્યારે નિયત કરેલો સમય પૂરો થઈ ગયો તો મક્કાવાસીઓ હઝરત અલી (અલ.)ની પાસે આવ્યા. કહેવા લાગ્યા. તમારા દોસ્તને કહો (હઝરત મોહંમદ સલ.ને) કે હવે તેઓ મદીના ચાલ્યા જાય.

જ્યારે પેગંબરે ઈસ્લામ (સલ.) જવા તૈયાર થયા. તો જનાબ હમઝહ રઝિયલ્લાહો તઆલા અનહોની દીકરી, કાકા, કાકા કહેતી બહાર આવી. (જનાબે હમઝાહ (રઝિ.) જંગે ઓહદમાં શહીદ થયા હતા.) હઝરત અલી (અલ.) એ આગળ વધીને બેટીને ઊઠાવી લીધી. પછી જનાબ ફાતેમા ઝેહરા

સલામુલ્લાહ અલયહાને કહ્યું "આ બેટીને સંભાળી લો. આ તમારા ચચાની બેટી છે."

પરંતુ બન્યું આમ કે હઝરત અલી (અલ.), ઝૈદ અને જનાબ જઅફર આ બધા જ એમ ઈચ્છતા હતા કે આ બેટી અમારી પાસે રહે. એનું પાલનપોષણ અમે કરીએ.

હઝરત અલી (અલ.) કહેતા હતા કે આ મારી ચચાઝાદ બહેન છે. (કાકાની દીકરી છે.)

જનાબ જઅફર કહેતા હતા કે આ મારી ચચાઝાદ બહેન છે અને તેની ખાલા (માસી) મારી પત્ની છે. બેવડી સગાઈ છે.

ઝૈદ એમ માનતા હતા કે આ તેમની ભત્રીજી છે. હવે આ ત્રણે વ્યક્તિઓ આ છોકરીને પોતાની પાસે રાખી તેનું પાલનપોષણ કરવા ઈચ્છતા હતા. મસઅલો ગુંચવાડાભર્યો હતો. હઝરત ફાતેમા ઝેહરા (સલા.) પણ હતાં. શેહઝાદીએ રસૂલ.

પેગંબરે ઈસ્લામ (સલ.) એ ફરમાવ્યું :

"કેમ કે ખાલા (માસી) મા જેવી ગણાય છે. જેથી આ છોકરી તેની માસીને સોંપી દો." પેગંબરે ઈસ્લામે ફેંસલો આપ્યો ત્યારે આ ત્રણે પાર્ટી પેગંબરની સમક્ષ હાજર ન હતી. જેથી પછી દરેકને પોતાની સમક્ષ અલગ અલગ બોલાવી મહબ્બતભર્યા ભાવ સાથે ફરમાવ્યું :

હઝરત અલી (અલ.)ને ફરમાવ્યું "અલી તમે મારાથી અને હું તમારાથી છું."

જનાબ જઅફર (રઝિ.) ને ફરમાવ્યું "જઅફર તમે મારાથી દેખાવ અને સ્વભાવમાં સરખાપણું ધરાવો છો.

અને છેલ્લે ઝૈદને બોલાવી ફરમાવ્યું "તમે મારા બિરાદરે ઈસ્લામી અને મારા સાથી છો."

આપણી જાનો-માલ કુરબાન પેગંબરે ઈસ્લામ ઉપર કે ત્રણે પક્ષોને બેહતરીન શબ્દો કહીને રાજી કરી દીધા.

**(૧૫) ઝહ્હાર**

**ઝહ્હારના બે પ્રકાર છે.**

(૧) કોઈ વ્યક્તિ પોતાની પત્નીને કહે કે તું મારા ઉપર એવીજ હરામ છે. જેવી મારી માની પીઠ. અથવા

(૨) જો કોઈ વ્યક્તિ આમ કહે કે જો હું આ કામ કરું તો આ સ્ત્રી (મતલબ પોતાની પત્ની) મારા માટે એવી છે. જેવી મારા ઉપર મારી માની પીઠ.

ઉપરોક્ત બે પ્રકારે ઝહ્હાર થાય છે. એમાં બીજા અનેક મસાએલ છે. તેનું દીલચસ્પ વર્ણન ઇન્શાઅલ્લાહ ઈમામોના વચનોમાં આગળ આવશે.

આ તો ફક્ત પેગંબરે ઈસ્લામ (સલ.)ના જમાનાની ઘટનાઓ અને અમૂક કઝિયાઓનું વર્ણન

આપણી કિતાબના અનુસંધાનમાં હોય તે વર્ણવામાં આવે છે.

મઆની ઝજાજમાં છે કે ખોલા પેગંબરે ઈસ્લામની સેવામાં હાજર થઈ અને વિનંતી કરી :

"યા રસુલ્લુલાહ ! ઓસે મારી સાથે શાદી કરી હતી, તે વખતે હું જુવાન હતી. હું ઘણી જ ખૂબસુરત અને આકર્ષક છોકરી હતી. પછી જ્યારે મારી યુવાની ઢળવા લાગી. મને અવલાદ પર અવલાદ થઈ. મેં એને આટલી બધી અવલાદ આપી. જેથી મારૂં પેટ વધી ગયું. તો એણે મને પોતાની મા જેવી કહી દીધી. યા રસુલુલ્લાહ ! હું હવે શું કરૂં ? તે રડવા લાગી." (જમાનએ જાહિલીય્યતમાં ઈસ્લામ પહેલાં લોકો આમ બોલીને પત્નીથી દૂર ખસી જતા હતા. આવો રિવાજ હતો. સ્ત્રીઓ માટે આ કેટલો મુસીબતઝદહ રિવાજ હતો ? જેને ઝહ્હાર કહેવામાં આવતો.)

આપ (સલ.)એ ખોલા ને શાંતિથી સાંભળી પછી ફરી તેણે આપ (સલ.)ને રડમસ અવાજથી કહ્યું. યા રસુલ્લુલાહ ! મારાં તો નાના નાના છોકરાં છે. જો આ લોકો મારી પાસે રહે છે. તો હું એમને કેવી રીતે પાલવી શકીશ. મારામાં એટલી શક્તિ કયાં છે ? ન મારી પાસે માલ-દવલત છે. આ છોકરાં ભૂખે મરી જશે. ન તો હું એમના વગર રહી શકું છું."

તે જ સમયે અલ્લાહતઆલા તરફથી આ આયત ઊતરી અને ઝહ્હારમાં બીવીની પીઠને માની પીઠ કહેવાનો કફફારો નક્કી થયો.

પેગંબરે ઈસ્લામે પેલી સ્ત્રીના પતિને બોલાવીને ફરમાવ્યું "તું એક ગુલામ આઝાદ કરી શકે છે ?" તેણે કહ્યું "નહીં" છેવટે આપે ફરમાવ્યું "તું સાઠ ગરીબોને ખાવાનું ખવડાવી શકે છે ?" તેણે કહ્યું "નહીં મારી પાસે તો કશું જ નથી."

તે વખતે પેગંબરે ઈસ્લામે તેને ૪૫ કીલોગ્રામ ઘઉં અથવા જવ કોઈ વ્યક્તિ પાસેથી અપાવ્યા અને ફરમાવ્યું “જા આ અનાજને ગરીબોમાં વહેંચી દે. એક મિસ્કીનને દોઢ કીલો આપજે.

એક બીજી રિવાયતમાં છે કે રસૂલેકરીમ (સલ.) એ હઝરત અલી (અલ.)ને ફરમાવ્યું “મારી પાસે ખજૂરોથી ભરેલો એક ટોપલો લાવો.” હઝરત અલી (અલ.) તેવો ટોપલો લાવ્યા. પછી આપ (સલ.)એ પેલા વ્યક્તિને કહ્યું કે તું આ ખજૂરો તારા તરફથી અને તારી પત્ની તરફથી સાઈઠ મિસ્કીનોમાં વહેંચી દે.

પેલા ઝહહાર કરનારે કહ્યું યા રસુલ્લુલાહ ! મારાં મા-બાપ આપ ઉપર ફિદા હો. યા રસુલુલ્લાહ! હાલમાં જ એવા દિવસો આવવાના છે. જે મને અને મારા બાળકોને ટોપલાની વધારે નજીક કરી દેશે,

હકદાર બનાવી દેશે. (આપણા અંદર શિક્ષણ-પ્રશિક્ષિણનો અભાવ, ઉતાવળીયા અને ઉચ્છુંખલ મિત્રોની સોહબત, ગુસ્સાવાળો સ્વભાવ, આપણા સમાજમા આવા પ્રકારના પ્રશ્નો પતિ-પત્નીના ઝઘડાના ઊભા થતા હોય છે. યુવાનીકાળમાં હંમેશા સાંજે મારી ફરવા જવાની આદત હતી. ઘરની પાછલા ભાગમાં જંગલ વિસ્તાર હતો ત્યાંથી નદી કિનારે નીકળી જતો. રસ્તામાં એક વિશાળ કબ્રસ્તાનમાંથી પસાર થવું પડતું. હું દરરોજ જોતો કે એક ખૂબસુરત, પતલી નાકવાળો, વૃદ્ધ વ્યક્તિ કબ્રસ્તાનમાં એક કબર ઉપર ખૂબ જ રડતો. મને જોઈ થોડીક શરમ અનુભવતો. કબર સાથે કંઈક વાતો કરતો હોય એવું કરતો. એક દિવસ અમારી નજરો મળી. મેં પૂછ્યું “આપને વરસોથી આ કબર ઉપર આવતા, પઢતા, દુઆ માગતા જોઉં છું. શું આ આપના કોઈ ફરઝંદની કબર છે ? તે વૃદ્ધ વ્યક્તિએ

મારા ખભા ઉપર માથું નાખી દીધું અને ખૂબજ રડી પડ્યો. પછી મને જણાવ્યું “આ મારી પત્નીની કબર છે. હું એની ઉપર ઝુલમ કરતો હતો. મને એ ગમતી ન હતી. મને છોડીને વહેલી મરી ગઈ. મને તો બીજી પત્ની પણ ન મળી અને મારી યુવાની પણ કરમાઈ ગઈ. હું દરરોજ તેને પઢીને બક્ષી આપું છું. મારા ગુનાહની માફી માગું છું. આટલું બોલી તે ફરીથી મારા ખભા ઉપર મોં મૂકી ધ્રુસ્કે ધ્રુસ્કે રડી પડ્યો. મેં ઈત્મીનાનથી કહ્યું. “ઈન્શાઅલ્લાહ ! તમારી તોબા કબૂલ થઈ ગઈ છે. દરરોજ પઢીને બક્ષી આપો. શક્તિ હોય તો એના નામથી કંઈ ખૈરાત કરો, વકફ કરો. તે વૃદ્ધને ખૂબ જ સંતોષ થયો. જો મા-બાપ માટે પણ પુત્રનું વર્તન આવું હોય અને બંને હયાત ન હોય તો તેમને પઢીને બક્ષી આપે, તેમના નામ ઉપર ખૈર-ખેરાત


amillibrary.com

કરે. ઈન્શાઅલ્લાહ ! ગુનાહની બક્ષિસ થઈ જશે. મા-બાપ હયાત હોય તો માફી માગે.)

આ સાંભળીને પેગંબરે ઈસ્લામ (સલ.) મુશ્કુરાયા, પછી કહ્યું, અચ્છા જાઓ તમે અને તમારાં છોકરાં એને લઈ જાઓ.

આ જ ઘટનાનું પુનરાવર્તન કદાચ ઈમામોના વચનોમાં થશે. ભલે થતું. પેગંબરે ઈસ્લામ મુશ્કુરાયા એટલા માટે કે આ માણસના કંઈ ઠેકાણાં નથી, બચરવાર છે. કશું જ ખાવાનું નથી અને એને બૈરી ગમતી નથી. પેલી ખજૂરો પણ છેલ્લે તો પેગંબર (સલ.) પાસેથી માગી લીધી. નબીને હક છે. નબીનો બોલ મસઅલો છે. ઓરત એક નેઅમત છે. તેના માટે ખુદાની શુક્ર ગુજારી કરો. જો એ નેઅમત પણ છીનવાય જશે તો ખબર પડશે.

## (૧૬) લોઆન

લોઆન શબ્દનો વિસ્તૃત અર્થ ઈન્શાઅલ્લાહ ઈમામોના વચનોમાં ઘણા વિસ્તૃતિકરણ સાથે આવશે. લોઆન મર્દનું પોતાના બાળકથી ઈન્કાર કરી દેવું છે. પરંતુ લોઆન ત્યારે જ શકય છે, જ્યારે પતિ પોતાની પત્ની સાથે સંભોગ કરી ચૂકયો હોય.

મોઅત્તામાં છે કે ઉમૈર આસીમની પાસે આવ્યા અને કહેવા લાગ્યા "જો કોઈ વ્યક્તિ પોતાની પત્ની પાસે બીજા મરદને જુએ તો શું કરે ? (જોવાનો મતલબ સંભોગ કરતાં જોવું છે. ખૂબ સમજી લો કે વાતચીત કરતાં કે ઊભેલા વ્યક્તિની વાત નથી. બૂરી હાલતમાં બુરું કામ કરતાં જોવાની વાત છે.)

શું તે પેલી વ્યક્તિને કતલ કરી દે ? પરંતુ પછી તો જે કતલ થયો છે તેના વારિસો પેલાના

વારિસોને તેને કરી દેશે. છેવટે તે શું કરે ? ઉમૈરે આસિમને કહ્યું "તું આ મસઅલો પેગંબરે ઈસ્લામને પુછી આવ."

જ્યારે આસિમે આ મસઅલો પેગંબરે ઈસ્લામને પુછ્યો. તો આપ (સલ.)એ આ પ્રશ્ન ઉપર નારાજગી જાહેર કરી. આસિમને આ ન ગમ્યું. જ્યારે આસિમ ઘેર પરત આવ્યો તો તરત જ ઉમૈર તેની ઘેર પહોંચ્યા અને પુછ્યું "આપે રસુલુલ્લાહને મસઅલો પુછ્યો ? શું જવાબ મળ્યો ?

આસિમે કહ્યું કે આપ (સલ.) એ ફરમાવ્યું કે તમે કોઈ સારો મસઅલો લઈને મારી પાસે નથી આવ્યા. જ્યારે મેં રસૂલે કરીમ (સલ.)ને પુછ્યું. તો આપ (સલ.)નો મુબારક ચેહરા ઉપર મેં નાપસંદગીની નિશાનીઓ જોઈ. ઉમૈરે કહ્યું વલ્લાહ! જ્યાં સુધી હું આ મસઅલાને નબી (સલ.)ને પૂછી લઈશ નહિ. પાછો ફરીશ નહિં. આમ કહીને તેઓ

ચાલ્યા અને પેગંબરે ઈસ્લામ (સલ.)ની પાસે પહોંચ્યા. વિનંતી કરી.

યા રસુલુલ્લાહ ! શું ફેંસલો છે આ બાબત કે એક વ્યક્તિ પોતાની પત્નીની પાસે કોઈ પરાયા (નામહરમ) પુરુષને જુએ તો શું તેને કતલ કરી નાખે ? પછી તે મકતુલના વારિસો આ મારનારને મારી નાખશે. તો પછી તે શું કરે ?

આપ (સલ.)એ ફરમાવ્યું "અલ્લાહતઆલાનો તારી અને તારી પત્નીના વિષયમાં હુકમ નાઝિલ થઈ ચૂકયો છે. જા તારી પત્નીને બોલાવી લાવ. પછી ઉમૈર પોતાની પત્નીને લઈ આવ્યો. બંનેએ પેગંબરે ઈસ્લામ (સલ.)ની સમક્ષ લોઆન કર્યો.

જ્યારે લોઆન થઈ ચૂક્યો. ત્યારે ઉમૈરે કહ્યું "યા રસુલુલ્લાહ ! જો હું આ સ્ત્રીને મારી પાસે રાખું તો તેનો મતલબ એવો થશે કે મેં એની ઉપર જુઠી

તોહમત લગાવી છે. પછી ઉમૈર પેગંબરે ઈસ્લામ કંઈ જવાબ આપે તે પહેલાં તલાક આપી દીધી. (તેના તલાક આપવાથી તલાક તો એક જ પડશે અને તે ત્રણ તહર દરમ્યાન રૂઝુઅ કરી શકશે પછી પદ્ધતિસર બીજી અને ત્રીજી તલાક આપશે. તમને આખા લખાણમાં ઉમૈર ઉતાવળીયો. ગુસ્સાવાળો દેખાય છે. આવા માણસો હદથી વધી જનારા હોય છે. જે વાત એક વખત બોલવાની હોય તે ત્રણ વખત બોલી નાખે છે. પેગંબરે ઈસ્લામના સમયમાં કદીપણ કોઈ વ્યક્તિએ પોતાની પત્નીને આપેલી તલાકો પછી ભલે તેણે ગુસ્સામાં દસ વખત બોલી નાખી હોય. ગણાતી તો એક જ તલાક. પછી બીજી અને ત્રીજી નિયમ મુજબ. હઝરત અબુબકરના શાસનકાળમાં પણ આ જ પ્રમાણે નિયમ અનુસાર ચાલ્યું. ઉમરના શાસનના ચાર યા પાંચ વર્ષ પણ આમ બરાબર ચાલ્યું. પછી હઝરત ઉમરે પોતાના

શાસનમાં કુર્આનની આ પદ્ધતિની વિરૂદ્ધ પોતાનો ફતવો જારી કરી એક સાથેની ૩ તલાકોને ૩ ગણી લીધી. આ બુખારીનો ઈકરાર છે. અને હઝરત ઉમરની ઈસ્લામમાં દાખલ કરેલી ખરાબમાં ખરાબ બીદઅત છે.)

બુખારીમાં છે કે વધુ સ્પષ્ટીકણ સાથે રસુલુલ્લાહ (સલ.)એ બંનેને ફરમાવ્યું કે તમારા બંનેને હિસાબ કરનારો અલ્લાહ છે. તમારા બંનેમાંથી એક ચોક્કસ જુઠું છે. શું તમારામાંનું કોઈ જે જુઠું છે તે તોબા કરવા તૈયાર છે ?

મુસ્તગરજામાં છે કે રસુલુલ્લાહ (સલ.) એ ઉમૈરના લોઆન કરતાં અગાઉ ફરમાવ્યું "તું હજીપણ તારા આક્ષેપને પાછો લઈ લે. તારી ઉપર જુઠ બોલવાની હદ (સજા) લાગુ થશે. તારા તરફથી અલ્લાહની બારગાહમાં તોબા થઈ જશે અને અલ્લાહ તારી તોબા કબુલ ફરમાવી લેશે.

તેણે કહ્યું બખુદા મેં સાચું જ કહ્યું છે. વળી આ વાક્ય તેણે ચાર વખત દોહરાવ્યું અને રસુલુલ્લાહ (સલ.) ઉપરોક્ત વાત તેને વારંવાર કહેતા રહ્યા. પછી આપ (સલ.) પેલી સ્ત્રી તરફ ફર્યા. ફરમાવ્યું "તું અલ્લાહથી ડર અને તારો ગુનાહ કબૂલી લે. અલ્લાહ તારી ઉપર રહેમ કરશે. તો તેણે પણ આ કહ્યું કે કસમ છે ખુદાની જેણે આપ (સલ.)ને હકની સાથે મોકલ્યા છે. આ વ્યક્તિ જુઠ્ઠો છે તેણે મારા ઉપર જુઠ્ઠી તોહમત લગાવી છે. પછી કુર્આન મજીદની આયત નાઝિલ થઈ.

"જે લોકો પોતાની પત્નીઓ ઉપર ઝિનાની તોહમત લગાવે અને કોઈ સાક્ષી તેમને ન મળી શકે તો દાવો કરનારને જોઈએ કે તેઓ ચાર વખત ખુદાની કસમ ખાઈને સાક્ષી આપે."

પછી રસૂલે ઈસ્લામે પેલા ઉમૈરને કહ્યું ઊઠ અને શહાદત આપ. તેણે કહ્યું યા રસુલુલ્લાહ ! હું શું

કહું ? આપ (સલ.)એ ફરમાવ્યું "તું ચાર વખત આ પ્રમાણે બોલ."

"હું ખુદાની કસમ ખાઈને શહાદત આપું છું કે હું સાચો છું અને પાંચમી વખત આમ કહે કે જો મેં જુઠું કહ્યું હોય તો મારા ઉપર અલ્લાહની લઅ્નત થાય."

પછી આપે સ્ત્રીને બોલાવી. ફરમાવ્યું "શું તું ગવાહી આપે છે ? નહીં તો તને સંગસાર કરવામાં આવશે. તેણે કહ્યું "નહીં, હું મારી પાકીની શહાદત આપીશ. તેણે પણ ચાર વખત કહ્યું. "હું અલ્લાહની કસમ ખાઈને કહું છું કે તે જુઠો છે. પછી રસુલુલ્લાહ (સલ.)એ ફરમાવ્યું "પાંચમી વખત તમે આમ કહો કે અગર તે સાચો છે, તો ખુદાનો ગઝબ મારા ઉપર નાઝિલ થાય." જ્યારે પેલી સ્ત્રી આ ફકરો કહી ચૂકી ત્યારે આપ (સલ.) એ ફરમાવ્યું. "હવે તમે બંને જાઓ. હું તમને બંનેને અલગ કરું છું અને તમારા

બંનેમાંથી એકના માટે જહન્નમ યકીની છે. પરંતુ જે પુત્ર છે. તે માનો જ ગણાશે. પુત્ર મા પાસે જ રહેશે.

**(૧૭) ફરઝંદ માની સાથે રહે**

હદીસે સાબિતમાં છે કે રસુલે ખુદા (સલ.)એ ફરમાવ્યું કોઈ માને પોતાના બાળકની બાબતમાં પરેશાન ન કરવામાં આવે અને સાબિતથી આ પણ રિવાયત છે કે જે મા અને તેના બાળકમાં જુદાઈ નાખે - બંનેને છુટાં પાડી દે. ખુદાવંદે આલમ મેહશરના દિવસે તે વ્યક્તિ અને તેના જિગરી દોસ્તોના દરમ્યાન જુદાઈ નાખી દેશે.

કેટલીક સ્ત્રીઓ બદમાશ હોય છે. કોઈ વહુની ખોટી-ખરી શિકાયતો તેની સાસુ અથવા પતિને કહી ઘરમાં ફિતનો પેદા કરે છે. પછી વહુનું ઘર ભાંગે છે. મા અને બેટામાં જુદાઈ પેદા થઈ જાય છે. તે વહુ યુવાન હશે, બીજી શાદી કરશે તો બાળકો તેના પિતાને જ આપવા પડશે. આ બાબત

સાસુને પણ લાગુ પડે છે. જો કોઈ સાસુના મગજમાં કોઈ-વહુ (પોતાની વહુ) પ્રત્યે કીનો-કપટ પેદા થઈ જાય તો તેના માટે ખોટાં-ખરા આક્ષેપો ઊભા કરી પોતાના જ પુત્રનું મગજ ભમાવી તેને તલાક આપવા ઉપર મજબુર કરે છે અને બિચારી વહુને પોતાના છોકરાં છોડવા પડે છે. આવા સમયે જો સાસુ જેઠાણીને કાઢવા માગતાં હોય તો દેરાણી પણ પોતાની સાસુ પક્ષે થઈ જઈ ગુનાહમાં ભાગીદાર બની જાય છે. વળી જો સાસુ નાની વહુને કાઢી મુકવા માંગતાં હોય તો જેઠાણી સાસુમા સાથે ગુનાહની ભાગીદાર બની જાય છે. પડોશણો પણ આ બાબતમાં પોતાની લૂલી હલાવી દેતી હોય છે, આ બાબત ઘણાં-બધાંને લાગુ પડે છે.

મુદવ્વુનામાં જઅફર બિન મોહંમદથી રિવાયત છે કે જ્યારે પેગંબરે ઈસ્લામ (સલ.)ની પાસે કેદીઓ આવતા તો આપ (સલ.) તે બધાને

એક હારમાં ઊભા કરતા. પછી તેઓની તરફ ધ્યાનથી જોતા. જો કોઈ સ્ત્રીને રડતી જોતા તો ફરમાવતા કે તું કેમ રડી રહી છો ? તે કહેતી કે મારો છોકરો કે છોકરીને વેચી દેવામાં આવ્યાં. તો તરત જ આપ (સલ.) હુકમ આપતા કે તેનું બાળક પાછું આપવામાં આવે, અહીં સુધી કે યુદ્ધ કેદીઓમાં પણ આપ (સલ.) બાળકને માથી અલગ ન કરતા. હુકમ ફરમાવતા કે ફરઝંદ માની સાથે રહે.

**(૧૮) પેગંબરે ઈસ્લામે એક સ્ત્રીને રડતી જોઈ**

અબુ જઅફર બિન મોહંમદ રાવી કહે છે કે અબુ સઈદ અનસારી સહાબી બેહરૈનથી કેટલાક કેદી રસુલુલ્લાહ (સલ.)ની સેવામાં લાવ્યા. આપ (સલ.)એ તે બધાને એક લાઈનમાં ઊભા કર્યા. તે વખતે આપ (સલ.)ની દૃષ્ટિ એક સ્ત્રી ઉપર પડી. જે બિચારી રડી રહી હતી. આપ (સલ.)એ પુછ્યું કેમ

રડો છો ? તમને કોઈએ મારપીટ કરી છે ? કોઈ તકલીફ આપી છે ?

તેણે કહ્યું “મારું બાળક બની અબસ કબીલામાં વેચાઈ ગયું. તે જ સમયે આપ (સલ.)એ અબુ સઈદને ફરમાવ્યું કે તમે હમણાં જ સવાર થઈને જાઓ. અને જે કિંમત આપીને વેચેલો છે તે બાળકને તે જ કિંમત આપીને ખરીદ કરો. અને એ બાળકને આ સ્ત્રીના ભેગા કરી દો. ફરઝંદને માથી અલગ ન કરો. (અલ્લાહ આપણને માફ કરે આપણે તો ઘણા જ દુનિયાપરસ્ત લોકો છીએ. આપણા આમાલ તો ઠીક છે. અલ્લાહ તેને કબૂલ કરી લે તો તેની રહમત છે. આપ (સલ.) ફજરની નમાઝમાં ખાસ અને બીજી અન્ય નમાઝોમાં પણ જમાતમાં કુર્આનની તીલાવતને બાળકોના રડવાનો અવાજ સાંભળી ટૂંકાવી દેતા. કહેતા કે નાના બાળકની મા પણ પોતાના બાળક માટે ચિંતિત હોય છે. જેથી

માઓ જલ્દી નમાઝ અદા ફરમાવી પોતાના બાળકો ભેગી થાય.)

આ સરદારે અંબિયાનો હુકમ સાંભળતા જ અબુ સઈદ એક જોરદાર ઊંટ ઉપર સવાર થઈને તે કબીલામાં ગયા. પેલા બાળકને શોધીને પરત લાવ્યા.

**(૧૯) પેગંબરે ઈસ્લામે ઝમીરાની માને રડતી જોઈ**

હસીન બિન અબ્દ પોતાના દાદા ઝમીરાથી રિવાયત કરે છે કે એક વખત રસુલુલ્લાહ (સલ.) ઝમીરાની માની પાસેથી પસાર થયા. જોયું તો તે રડી રહી હતી. આપ (સલ.)એ ફરમાવ્યું “તમે કેમ રડી રહ્યાં છો ? શું તમે ભૂખ્યા છો ? ખાવાનું ઈચ્છો છો ? અથવા કપડાં કે અન્ય કોઈ જરૂરત છે ? આ સાંભળીને ઉમ્મે ઝમીરાએ કહ્યું “યા રસુલુલ્લાહ ! મારો છોકરો મારાથી અલગ કરી દેવામાં આવ્યો.

તે સમયે આપ (સલ.)એ ઈરશાદ ફરમાવ્યો કે બાળકને તેની માથી અલગ ન કરો. પછી એક માણસને તે માણસ પાસે મોકલ્યો જેની પાસે ઝમીરા હતો. તેની પાસેથી એક ઊંટ આપીને તેના બદલામાં ઝમીરાને પરત મેળવી તેની માને સોંપી દીધો. આવા હતા રસૂલે રહમત.

ઈબ્ને અબી ઝઈબ કહે છે કે પછી ઝમીરાએ મને એક લખાણ વંચાવ્યું. જે લખાણ સહાબી ઉબય બિન કઅબે પેંગબરે ઈસ્લામ (સલ.)ના હુકમથી લખ્યું હતું.

**બિસ્મીલ્લા હિર્રહમા નિર્રહીમ**

આ લખાણ અલ્લાહના રસૂલ મોહંમદની તરફથી અબુ ઝમીરા અને તેના ખાનદાનના માટે. જાણ કરવામાં આવે છે કે રસુલુલ્લાહ (સલ.)એ તેમને આઝાદ કર્યા છે. તેઓ અરબસ્તાનના ખાનદાનથી સંબંધ ધરાવે છે. જો તેઓ ઈચ્છે તો

રસુલુલ્લાહની પાસે પણ સ્થાયી થઈ શકે છે. (રહી શકે છે) અને જો તેઓ ઈચ્છે તો પોતાના કબીલાવાળાઓ પાસે ચાલ્યા જાય. તેમને કોઈ કંઈપણ કહી કે ટોકી શકશે નહિ અને મુસલમાનોમાંથી જે કોઈપણ તેમને મુલાકાત કરે, તેમને ભલાઈની હિદાયત કરે, વસીયત કરે.

## પ્રકરણ- ૧૧ : ૧. પેગંબરે ઈસ્લામ (સલ.)ની કેટલીક નસીહતો અમીરૂલ મોઅમેનીનને ઉદ્દેશીને

(ખરી રીતે આ નસીહતો આપણા માટે છે. ઉમ્મત માટે છે. પરંતુ આ એક તરીકો છે કે પેગંબરે ઈસ્લામ પોતાના વસીને ઉદ્દેશીને ઉમ્મતને નસીહત કરી રહ્યા છે. જેવી રીતે કલામે ખુદા કુર્આનેપાકમાં અમૂક નસીહતો અલ્લાહતઆલાએ પેગંબરે ઈસ્લામ હઝરત મોહંમદ (સલ.)ને ઉદ્દેશીને ફરમાવી છે. સાચી રીતે તો એ નસીહતો આપણા માટે છે.)

**મનલા યહઝરહુલ ફકીહમાંથી**

(૧) અબુસઈદ ખુદરી રિવાયત કરે છે કે પેગંબરે ઈસ્લામે હઝરત અલી (અલ.)ને ઉદ્દેશીને ફરમાવ્યું : અય અલી ! જ્યારે તમે સૌપ્રથમ એકાંતમાં તમારી દુલ્હન પાસે જાઓ પછી બેસો; ત્યારે તેના મોજાં ઉતારી નાખો. તેના બંને પગ

ધોઈ નાખો. આ પાણી ઘરના દરવાજાથી લઈને મકાનના છેલ્લા છેડા સુધી છાંટી દો. જો તમે આ પ્રમાણે કરશો તો અલ્લાહ તઆલા તમારા ઘરમાંથી સિત્તેર હજાર પ્રકારની મોહતાજી દૂર કરી દેશે. અને સિત્તેર હજાર પ્રકારની બરકતો તેમાં દાખલ કરશે. અને સિત્તેર રહમતો નાઝિલ કરશે. જે રહમતો દુલ્હનના માથા ઉપર હશે. તમે ઘરના ખૂણેખૂણામાં તેની બરકતો જોશો.

દુલ્હન જ્યાં સુધી આ ઘરમાં રહેશે. ત્યાં સુધી ઘરમાં પાગલપન, ધૂનીપણું, તૈશ-ગુસ્સો અને કોઢ જેવી બીમારીઓથી મહફૂઝ રહેશે.

નવી દુલ્હનને (બાળક અવતરવા માટે) એક અઠવાડિયા સુધી ચાર ચીજો ખાવાથી પરહેઝ કરાવો, દૂધ, સરકો, કોથમીર (લીલાધાણા) અને ખાટાં સફરજન. હઝરત અલી (અલ.)એ વિંનંતી

કરી કે યા રસુલુલ્લાહ ! આ ચાર ચીજોથી પરહેઝ શા માટે ?

આપ (સલ.)એ ફરમાવ્યું કે ઓરતની બચ્ચાદાની આ સમયગાળામાં આ ચીજો ખાવાથી સખત અને વાંઝ થઈ જવાની શક્યતા છે. પેટ ઠંડુ પડી જાય છે. જેથી બાળક પેદા થતું નથી. બચ્ચું પેદા ન કરી શકતી બિચારી ઓરતનો હાલ તો ઘરના ખૂણામાં પડેલી એક સાદડી જેવો થઈ જાય છે. લોકો આ સાદડીને વધુ કામની ગણે છે, આવી વાંઝ સ્ત્રીના મુકાબલામાં. હઝરત અલી (અલ.)એ વિનંતી કરી યા રસુલુલ્લાહ ! સરકો ખાવાની મનાઈ શા માટે ? આપ (સલ.)એ ફરમાવ્યું કે જો સરકો પછી હૈઝ આવ્યું તો સંપૂર્ણરીતે કદી તે હૈઝથી પાક નહીં થઈ શકે. કોથમીર આ હૈઝને તેના પેટમાં વિખેરી દેશે. તેથી તેને બચ્ચાના જન્મ વખતે વધુ તકલીફ થશે. જ્યારે ખાટું સફરજન તેના હૈઝને

કાપી નાખશે. શક્ય છે કે તે બીમારી બની જાય. (આ તે જમાનાની વાત છે જ્યારે લોકો શાદીના પ્રથમ દિવસથી જ બચ્ચાની રાહ જોતા હતા. જેથી નવી દુલ્હનને પ્રથમ અઠવાડિયાના સંભોગ દરમ્યાન આ સાવચેતી બતાવવામાં આવી છે. આ સમયગાળામાં હમલ રહી જવાના ચાન્સ ઘણા હોય છે. હમલ કરાર પામી ગયા પછી આ ચીજો ખાવામાં કોઈ વાંધો નથી. ફક્ત આ સમયગાળામાં સાવચેતીથી વર્તે.)

(૨) પેગંબરે ઈસ્લામ (સલ.)એ ફરમાવ્યું અય અલી ! તમે પોતાની પત્ની સાથે મહિનાની પહેલી, પંદર અને છેલ્લી તારીખમાં મુજામેઅત ન કરશો. કેમ કે આ સમયગાળામાં ધુનીપણું, પાગલપણું, તૈશ વગેરે બાબતો હમલ પામતા બાળક તરફ દોડતી પહોંચી જવાનો સંભવ છે. (ઈસ્લામી ચાંદ પ્રમાણેની તારીખ સમજવી. જે

દિવસોમાં સમંદરો-દરિયાઓમાં ભરતી અને ઓટ આવે છે. આ સમય દમના દર્દી ઉપર ખાસ હુમલો થાય છે.)

(૩) અય અલી ! ઝોહર પછી પોતાની પત્ની સાથે મુજામેઅત ન કરશો. નહીં તો આ વખતે જો કોઈ બાળક તમારા બંનેની કિસ્મત બની ગયું (મતલબ હમલ કરાર પામી ગયો) તો બાળકના ભીંગા (જેને એકની જગ્યાએ બે દેખાય એવી પુતલીવાળું) પેદા થવાની શક્યતા છે. અને ઈન્સાનોમાં આવા ભીંગા માણસોને જોઈને શયતાનને ખુશી થાય છે.

(૪) અય અલી ! સંભોગ કરતી વખતે વાતો ન કરવી બેહતર છે. નહીં તો તે સમયગાળામાં જો કોઈ બાળક તમારું કિસ્મત બની ગયું તો શક્ય છે કે સંતાન ગુંગી પેદા થાય. ઉપરાંત સંભોગ કરતી વખતે વ્યક્તિએ પોતાની

પત્નીની શર્મગાહ પણ ન જોવી જોઈએ કારણ કે સંભોગ કરતી વખતે શર્મગાહને જોવી બાળકમાં આંધળાપણું આવવાની શક્યતા છે.

(૫) અય અલી ! તમે બીજાની પત્નીના દિમાગી ખ્યાલ સાથે પોતાની પત્ની સાથે સંભોગ ન કરશો. નહીં તો મને ભય છે કે જો આ દરમ્યાન તમારી કિસ્મતમાં કોઈ બાળક હશે તો તેમાં હીજડાપણું, સ્ત્રી જેવાં હાવભાવ કે કમજોર અક્કલ જેવી ખામીઓ આવી જવા સંભવ છે.

(૬) અય અલી ! જે વ્યક્તિ પોતાની પત્ની સાથે બિસ્તરા ઉપર જનાબતની હાલતમાં આવી જાય (મતલબ સંભોગ કર્યા પછી પડ્યા પડ્યા) ત્યારે કુર્આનની તીલાવત ન કરે. એટલા માટે કે મને બીક છે કે આ બંને ઉપર આસમાનથી આગ વરસે અને તે બંનેને બાળીને ખાક કરી દે. (કિતાબના લેખક શેખ સદૂક અલયહે રહમત

ફરમાવે છે કે કુર્આનની તિલાવતથી મતલબ તે સૂરા અને આયાતની તીલાવત છે જે અઝાઈમમાં ગણાય છે. - અઝાઈમ = અઝમિય્યતનું બહુવચન છે. જે આયાતો મોવક્કલોને તાબે કરવા માટે પઢવામાં આવે છે. દુઆઓની આયાતની તીલાવત કરી શકાય છે.)

(૭) અય અલી ! જ્યારે તમે પત્ની સાથે મુજામેઅત કરો તો તમારી પાસે કપડાનો એક ટુકડો હોય અને તમારી પત્ની પાસે કપડાનો એક અલગ ટૂકડો હોય. એક જ કપડા વડે બંને જગ્યાને સાફ ન કરે. નહીં તો શહવત પર શહવત પેદા થવાનો સંભવ છે. જેનાથી તમારા બંનેમાં અદાવત પેદા થશે. જે જુદાઈ અને તલાક પરખતમ થશે.

(૮) અય અલી ! તમે તમારી પત્ની સાથે ઊભા ઊભા મુજામેઅત ન કરશો. એ ગધેડાઓનું કામ છે. જો આ રીતે તમારા નસીબમાં બાળક પેદા

થશે. તો તે પથારીમાં પેશાબ કરશે. જેવી રીતે ગધેડો જ્યાં હોય ત્યાં પેશાબ કરી દે છે.

(૯) અય અલી ! તમે તમારી પત્ની સાથે ઈદે કુરબાની રાતે મુજામેઅત ન કરશો. એટલા માટે કે જો તમને બંનેનું બાળક પેદા થશે તો તેને છ કે ચાર આંગળીઓ હોઈ શકે છે.

(૧૦) અય અલી ! તમે કોઈ ફળાઉ ઝાડ નીચે પોતાની પત્ની સાથે જિમાઅ ન કરશો. એનાથી તમારા બંનેની જે અવલાદ પેદા થશે તે કાપાકાપી, મારામારી કે ઝુલ્મમાં પ્રખ્યાત હશે.

(૧૧) અય અલી ! તમે સૂરજની સામે અને તેના પ્રકાશમાં ખુલ્લામાં પોતાની પત્ની સાથે મુજામેઅત ન કરશો. પરદો જરૂર નાખી લો. જેથી તમે બંને છુપાયેલાં રહો. નહીં તો આ રીતે જો તમને બંનેને કોઈ બાળક પેદા થયું. તો તે બાળક હંમેશાં તંગીમાં રહેશે. ગરીબાઈમાં રહેશે. મોત સુધી.

(૧૨) અય અલી ! તમે તમારી પત્ની સાથે અઝાન અને ઈકામત બંનેની વચ્ચે મુજામેઅત ન કરશો. નહીં તો જો તમને બંનેને બાળક પેદા થશે તેને લોહી વહેવડાવવાનો ઘણો શોખ હશે.

(૧૩) અય અલી ! જો તમારી પત્ની સગર્ભા હોય ત્યારે જો તમે મુજામેઅત કરવા ઇચ્છો તો જ્યાં સુધી વઝુ ન કરી લો, મુજામેઅત ન કરશો. નહીં તો તમને બંનેને જે બાળક પેદા થશે તે દીલનો આંધળો અને હાથનો કંજુસ હશે.

(૧૪) અય અલી ! તમે તમારી પત્ની સાથે ૧૫મી શાબાનમાં મુજામેઅત ન કરશો. નહીં તો તમારા બંનેની જે અવલાદ પેદા થશે, તે મનહુસ હશે, તેનો ચેહરા ઉપર પણ નહુસત હશે.

(૧૫) અય અલી ! તમે પોતાની પત્ની સાથે શાબાનના છેલ્લા દિવસોમાં, જ્યારે એમાં બે દિવસ બાકી રહી જાય મુજામેઅત ન કરશો. નહીં

તો તમને બંનેને છોકરો પેદા થશે એ ઝાલીમોની મદદ કરવાવાળો થશે અને એના હાથે લોકોનો એક સમૂહ હલાક થશે.

(૧૬) અય અલી ! તમે તમારી પત્ની સાથે ઈમારતોની છતો ઉપર જિમાઅ ન કરશો. એટલા માટે કે જો તમારા બંને માટે કોઈ બાળક નસીબમાં હશે તો તે મુનાફિક, રિયાકાર (લોકોને દેખાડવા માટે અમલ કરનાર) અને બીદઅતી હશે.

(૧૭) અય અલી ! જ્યારે તમે કોઈ સફર માટે નીકળો. જે મુસાફરી ત્રણ દિવસ અને ત્રણ રાતની હોય તો તે રાતે પોતાની પત્ની સાથે જિમાઅ ન કરશો. એટલા માટે કે તમારા બંને માટે કોઈ બાળક મુકદ્દરમાં હશે તો તે પોતાનો માલ નાહક કામોમાં ખર્ચ કરશે. પછી રસુલુલ્લાહ (સલ.)એ આ આયતની તીલાવત ફરમાવી. **ઈન્નલ મોબજ્ઝેરીનઅ્ કાનુ ઇખવાનશ્શયાતીન** (સુરા બની

ઈસરાઈલ આયાત નં. ૨૭) નિઃસંશય ફૂઝુલખર્ચ કરનાર શયતાનોના ભાઈબંધ છે.

(૧૮) અય અલી ! તમે મહિનાની બીજી તારીખની રાતે મુજામેઅત કરો. એટલા માટે કે જો બંનેનું બાળક પેદા થશે તો તે અલ્લાહની કિતાબનો હાફેઝ હશે અને અલ્લાહે એની કિસ્મતમાં જે લખી નાખ્યું છે. તેના ઉપર રાજી રહેવાવાળો હશે.

(૧૯) અય અલી ! જો તમે મહિનાની ત્રીજી તારીખની રાતે મુજામેઅત કરશો અને તમારા બંનેની મુકદ્દરમાં બાળક હશે તો તેને લાઈલાહ ઈલ્લલાહની શહાદત અને મોહમંદુર્રસુલુલ્લાહની શહાદત પછી (તીસરી) શહાદતની રોઝી મળશે અને અલ્લાહતઆલા તેને મુશરેકીનની તકલીફોથી બચાવશે. તે રહમદીલ, હાથનો સખી, તેની જીભ ગીબત, જૂઠ અને બોહતાનમાં પાક હશે.

(૨૦) અય અલી ! જો તમે જુમેરાતની રાતના મુજામેઅત કરો અને તમારા બંનેના નસીબમાં બાળક હોય તો હાકેમોમાંથી તે પણ એક હાકેમ થશે. અથવા આલિમોમાંથી તે પણ એક આલિમ થશે. અને જો જુમેરાતના દિવસે ઝવાલના વખતે જ્યારે કે સુરજ બરાબર આસમાનની વચ્ચોવચ્ચ હોય. તમે મુજામેઅત કરશો અને તમારા બંનેના નસીબમાં બાળક હશે. તો તેના ઘડપણ સુધી શયતાન તેની નજીક પણ આવી શકશે નહિ. અને તે લોકોના કાર્યોનો રક્ષક હશે. અલ્લાહતઆલા તેને દીન અને દુનિયાની સલામતિ અતા ફરમાવશે.

(૨૧) અય અલી ! તમે જો જુમાની રાતે જિમાઅ કરશો અને જો તમારા બંને માટે બાળક મુકદ્દરમાં હશે તો તે સ્પષ્ટ વક્તા અને નિડર હશે. અને જો તમે જુમાના દિવસે અસરબાદ જિમાઅ

કરશો અને તમારા બંનેના નસીબમાં બાળક હશે તો તે એક પ્રખ્યાત આલીમ બનશે. જો તમે શબે જુમાના ઈશા બાદ જિમાઅ કરશો અને જે બાળક પેદા થશે તે ઈન્શાઅલ્લાહ અબદાલ બનશે (નેક બુઝૂર્ગ બનશે).

(૨૨) અય અલી ! તમે તમારી પત્ની સાથે રાતના અવ્વલ સમયમાં જિમાઅ ન કરશો. જો તમારા બંનેના નસીબમાં કોઈ બાળક હશે તો શક્ય છે કે તે જાદુગર અને દીનને દુનિયા ઉપર પ્રભૂત્વ આપનારો બને.

અય અલી ! મારી વસીય્યતોને યાદ રાખો જેવી રીતે અમે જિબ્રઈલથી સાંભળીને યાદ રાખી છે.

(૨૩) સ્ત્રીઓના વિષયમાં અમીરૂલ મોઅમેનીન અલી ઈબ્ને અબીતાલિબ (અલ.)ની નસીહતો

અસહાબમાંથી એક વ્યક્તિએ પોતાની પત્ની માટે ફરિયાદ કરી. ત્યારે આપ લોકોને ખુતબો આપવા માટે ઊભા થયા. પછી ફરમાવ્યું :

“અય લોકો ! તમે કોઈપણ પરિસ્થિતિમાં સ્ત્રીઓની તાબેદારી ન કરો. સાથે તેમને કોઈ માલદવલતની રક્ષક ન બનાવો (હોદ્દાના રૂપમાં). બધાં જ કાર્યોમાં તેમને આઝાદ ન છોડી દો કે બાલબચ્ચાંની સારસંભાળ તથા વ્યવસ્થાનો બધો જ ઈન્તેઝામ સ્ત્રી કરે. એટલા માટે કે જો આ બધી વ્યવસ્થા તેમને સોંપી દેશો તો તે જ્યારે પણ ઈચ્છશે (પતિ સાથે ઝઘડાની પરિસ્થિતિમાં) તમને હલાકતમાં નાખી દેશે. પોતાના પતિના હુકમની અવગણના કરશે.

આ વાત આટલા માટે કે અમે સ્ત્રીઓને જોઈ છે કે પોતાની જરૂરત વખતે એમનામાં તકવો પરહેઝગારી રહેતી નથી. અને ઇચ્છા વખતે સબર

પણ નથી કરતી. તકબ્બુર તો જાણે તેમના ઉપર જરૂરી થઈ ગયો છે. ભલે પછી તેઓ મોટી ઉમરની કેમ ન થઈ જાય. સ્વેચ્છાચારી-નિરંકુશપણું એમની આદત બની ગઈ છે. ભલે પછી તેઓ વૃદ્ધ કેમ ન થઈ જાય. જો કોઈ નાની નજીવી (કિંમતની) વસ્તુ પણ તેમને ન આપવામાં આવે તો તેઓને આપેલી વધારે અને ઘણીબધી (કીંમતી) ચીજો ઉપર પણ શુક્રગુજારી નહીં કરે. તેઓ (તમે કરેલી) નેકીઓને ભૂલી જાય છે. બુરાઈઓ યાદ રાખે છે. તેઓ આક્ષેપો કરવામાં (બોહતાન લગાવવામાં) ખૂબ ઊતાવળી હોય છે. અમૂક વખત નાફરમાની કરવામાં (માથું ઊંચકે ત્યારે) હદથી વધી જાય છે. જેથી દરેક પરિસ્થિતિમાં તેમને આશ્વાસન, તસલ્લી આપતા રહો. તેમની આવભગત-સ્વાગત કરતા રહો સાથે તેમની સાથે સારી સારી (તેમનું દીલ ખુશ થાય એવી) વાતો કરો. તેથી કદાચ તેઓ પોતાના

આચરણને દુરસ્ત કરી લે - સુધારી લે. (આ એક સર્વ સામાન્ય અવગુણો જે બહુધા સ્ત્રીઓમાં જોવામાં આવે છે. તે અંગે અમીરૂલ મોઅમેનીને આપણને શિખામણ આપી છે. અમીરૂલ મોઅમેનીનના ઉપરોક્ત કથનનો મતલબ એવો પણ નથી થતો કે બધી જ સ્ત્રીઓ આવી હોય છે. સ્ત્રીઓ નેક, ગુણયલ અને આજ્ઞાંકિત પણ હોય છે. એક સર્વસામાન્ય વાત આ છે કે પતિ પોતાની પત્ની સાથેની વર્તણૂંક કે વહેવારમાં જો કોઈ જરા જેટલી પણ ચૂક કરી બેસે તો આજ્ઞાંકિત પત્ની પણ ધીરજ રાખી શકતી નથી. બીજું કે જીવનના મુખ્ય અને અતિ મહત્ત્વના નિર્ણયો લેવામાં તેમને આઝાદ ન કરી દેવામાં આવે. અમીરૂલ મોઅમેનીનના કલામમાં ઘણી જ ઊંડાઈ અને ગહનતા છે. ઈમામુલ કલામ, કલામુલ ઈમામ.) (બહેનો અમીરૂલ મોઅમેનીનના કલામને માથે ચઢાવે, પોતાની ગલતીઓને સુધારે)

(૨૪) રસુલુલ્લાહ (સલ.)એ ઈરશાદ ફરમાવ્યો : જો કે આ જિંદગી હંમેશની તો નથી જ. કોઈ બાકી રહેવાનું નથી. છતાંય ઈન્સાન પોતે બાકી રહેવા ઇચ્છે મતલબ પોતાની ઉમર સુખરૂપ લાંબી થાય એમ ચાહતો હોય તો વહેલી સવારે કંઈક ખાય. જોડા નવા પહેરે. હલકી ચાદર ઓઢે. અને સ્ત્રીઓ સાથે મુજામેઅત ઓછી કરે. પૂછવામાં આવ્યું કે યા રસુલુલ્લાહ ! હલકી ચાદરથી શું મતલબ છે ? આપ (સલ.)એ ફરમાવ્યું “હલકા-ફુલકા કર્ઝ.” (આ નસીહતમાં બે ત્રણ બાબતો સમજવા જેવી છે. જોડા નવા પહેરે. “જોડો એક સવારી છે.” આ પ્રખ્યાત હદીસ છે. પેગંબરે ઈસ્લામની નસીહતમાં નવો જોડો ચાલવામાં સ્ફૂર્તિ પેદા કરે છે. જુનો જોડો મરડાઈ જાય છે. પહોળો હોય તો લપસલપસ થાય જુનો જોડો હોય અને તેની અંદર કંઈક ફાટફૂટ કે નડતર હોય તો

પહેરનારના મગજ ઉપર તેની અસર થાય છે. બીજી વાત છે કે મુજામેઅત (સંભોગ) ઓછી કરે. પરંતુ જો ઓરત યુવાન છે તો મુજામેઅત પેદા થવી કુદરતી બાબત છે. પરંતુ કેટલાક માણસો જેવી રીતે ખાવા-પીવામાં અકળાંટીયા હોય છે. કોઈ પેટ ભરાઈ ગયા છતાં વધુ ખાઈ લેતા હોય છે. કોઈ પીણું પ્યાસથી વધુ પી લેતા હોય છે. આવા લોકો મુજામેઅતના વિષયમાં પણ અકળાંટીયા હોય છે. ત્રીજી બાબત હલકું-ફુલકું કર્ઝ કરે. મતલબ ઈન્સાનને કર્ઝ કરવું પડતું હોય છે. પોતાની જરૂરતો ઓછી રાખે. સાદગી અપનાવે. મધ્યમ કક્ષાનું જીવન જીવે તો કર્ઝ કદાચ ન પણ થાય. થાય તો થોડુંક થાય. આ હદીસમાં જીવનની બકાથી મતલબ મારી દૃષ્ટિએ સ્ફૂર્તિમય જીવન છે. માંદલું નહિ.)

(૨૫) અબ્દુલ્લાહ બિન મુસ્કાને જનાબ ઈમામ જઅફર સાદીક (સલ.)થી રિવાયત કરી છે.

આપે ફરમાવ્યું : “અલ્લાહતઆલાએ પોતાના રસુલ (સલ.)ને સારા સારા અખ્લાક સાથે ખાસ મોકલ્યા છે.તમે તમારી પોતાની જાતની અઝમાયશ (કસોટી) કરો.જો તે સારા અખ્લાક તમારી અંદર છે. તો અલ્લાહનો શુક્ર કરો. તેમાં વધારો થાય એવી ઇચ્છા પણ રાખો. પછી આપ(સલ.)એ દસ અખ્લાક ગણાવ્યા. યકીન, કનાઅત (થોડી ચીજ ઉપર ખુશી રહેવું, જે મળી જાય તેના ઉપર રાજી રહેવું) સબર (ધીરજ) શુક્ર, (હર હાલતમાં અલ્લાહનો શુક્ર કરો. અલ્લાહને પોતાના શુક્રગુજાર બંદા બહુ પસંદ છે.) હિલ્મ, (બુદ્ધિશાળી અને સહનશક્તિવાળો સ્વભાવ) હુસ્નસુલુક, (લોકો સાથેસારો વર્તાવ.) સખાવત, ગયરત, (શર્મો-હયા) સુજાઅત (બહાદુરી, શૂરવીરતા) અને મુરવ્વત (લેહાઝ, રિઆયત, અખલાકના અર્થમાં. બીજાનો ખ્યાલ રાખે.)

(૨૬) ઈમામ (અલ.) એ ફરમાવ્યું : જ્યારે કોઈ સ્ત્રી પોતાની જગ્યાએથી ઊઠે. ત્યારે કોઈ પુરુષ તે જગ્યા ઉપર તરત જ ન બેસી જાય જ્યાં સુધી કે તે જગ્યા ઠંડી થઈ જાય.

(૨૭) હઝરત ઈમામ જઅફર સાદીક (અલ.)એ ફરમાવ્યું : ત્રણ વાતો એવી છે જે શરીરને નકામું કરી દે છે. બલકે અમૂક વખત કતલ કરી નાખે છે. (એટલે કે મોત સુધી પહોંચાડી આપે છે.) એક પેટ ભરીને ખાધા પછી હમામમાં જવું. બીજું મતલી ઉપર ગશીનું (શરીરમાં ઊલટી જેવી હાલત હોય અને તેમાં બેહોશ થઈ જવાય.) આવવું અને ત્રીજું વૃદ્ધ સ્ત્રી સાથે નિકાહ કરવું.

(૨૮) આપ (સલ.) એ ફરમાવ્યું કે જે વ્યક્તિની પત્ની તે જ શહેરમાં હોય અને તે પોતાનું ઘર છોડીને બીજી જગ્યાએ રાત ગુજારે (અહીં રાત ગુજારવાથી મતલબ જાણી જોઈને પત્નીથી દૂર

રહેવું છે) આ શર્મોહયાવાળા મુરવ્વત વ્યક્તિની મોત છે.

(૨૯) આપ (સલ.) એ ફરમાવ્યું ત્રણ વાત એવી છે. જેની વ્યક્તિને તેની આદત પડી ગઈ તો પછી કદીપણ છોડશે નહિ. (૧) પોતાના વાળ ઊખાડવા. (૨) કપડું પોતાની પીંડલીઓ સુધી ઊઠાવવું (૩) કનીઝો સાથે નિકાહ કરવા.

(૩૦) આપે ફરમાવ્યું મલઉન છે. મલઉન છે તે વ્યક્તિ જેના પરિવારજનો તંગીમાં જીવન બસર કરે. (વ્યક્તિ કોઈ કોશીશ ન કરે, કામકાજ ન કરે, મેહનત મજૂરી ન કરે, આળસુ બની જાય તેને લાગુ પડે છે.)

(૩૧) રસુલુલ્લાહ (સલ.)એ ફરમાવ્યું : તમારા લોકોમાં સૌથી બેહતર તે છે જે પોતાના કુટુંબ અને પરિવાર માટે બેહતર હોય અને હું મારા ઘરવાળાઓ માટે તમારા કરતાં બેહતર છું.

(૩૨) આપે (સલ.) એ ફરમાવ્યું કે વ્યક્તિના મુતઅલ્લેકીન ("મુતઅલ્લીક" શબ્દનું બહુવચન છે. આમાં બીબી, બચ્ચાં, ઘરના લોકો નોકર ચાકર સર્વે આવી જશે.) તેના કેદી છે અને અલ્લાહની દૃષ્ટિમાં સૌથી પસંદીદા તે વ્યક્તિ છે જે પોતાના કેદીઓ સાથે સારો વર્તાવ કરે.

(૩૩) હઝરત ઈમામ અબુલહસન મુસા બિન જઅફર (અલ.) એ ફરમાવ્યું : ઈન્સાનના કુટુંબીજનો તેના અસીર અને કેદી છે. જેને અલ્લાહ પોતાની નેઅમતોથી નવાઝે, તેના માટે જરૂરી છે કે તે પોતાના કેદીઓના ખર્ચમાં વધારો કરે. જો તે એવું નહીં કરે. તો આ વાતની શક્યતા વધારે છે કે તે નેઅમત (રોઝી) તેની પાસેથી અલ્લાહ છીનવી લે.

(૩૪) હઝરત અમીરૂલ મોઅમેનીન અલી ઈબ્ને અબીતાલિબ (અલ.)એ પોતાના ફરઝંદ

મોહંમદ બિન હનફીયાને વસિય્યત કરતાં ઈરશાદ ફરમાવ્યો :

"અય ફરઝંદ ! જો તમે શક્તિશાળી બનવા ઈચ્છતા હો તો અલ્લાહતઆલાની ઈતાઅત (તાબેદારી) માટે શક્તિશાળી બનો. અને જો તમે ઝઈફ અને કમજોર બનવા ઇચ્છતા હો તો અલ્લાહતઆલાનો કોઈ ગુનો કરવા માટે કમજોર બનો (મતલબ એટલા કમજોર બની જાઓ કે ગુનો જ ન કરી શકો) જો તમારાથી બની શકે તો,સ્ત્રીને તેના બધા જ કામોમાં આઝાદી ન આપી દો. જેથી તે હદથી વધી જાય. નાફરમાની કરતી થઈ જાય. આમ આટલા માટે કે આ કંટ્રોલ તેની ખૂબસુરતીને કાયમ રાખે છે અને તેનું હ્રદય સંતોષીત (બેફિકર) રહે છે. તેના કારણે તે ખુશહાલ રહે છે. સ્ત્રી એક ફૂલ જેવી છે. તે સખ્તી કરવા માટે નથી.દરેક હાલતમાં તેને તસલ્લી આપતા રહો તેની ખાતિર-તવાઝુઅ -

આવભગત કરતા રહો (તેના પ્રશ્નોને, તેની માંગણીને કે તેની વાતોને ઝટકીને રદ ન કરો. આવભગત એટલે સાંભળો. બુદ્ધિપૂર્વક એની વાતને બીજો વળાંક આપી દો) પત્ની સાથે સારી રીતે મેળમેળાપ રાખો. જેથી તમારી જિંદગી ખુશહાલ ગુઝરે.

(૩૫) ખાલીદ બિન નજીહએ હઝરત ઈમામ અબી અબ્દુલ્લાહ જઅફર સાદીક (અલ.)થી રિવાયત કરી છે કે હઝરતની સમક્ષ લોકો નહુસતનું વર્ણન કરતા હતા. આપે ફરમાવ્યું. નહુસત ત્રણ વસ્તુઓમાં છે :

0 સ્ત્રીમાં, સવારીમાં, અને ઘરમાં.

0 સ્ત્રીમાં નહુસત તેની મહેરનું વધારે હોવું છે અને પતિની નાફરમાની. સવારીમાં નહુસત તેની ખરાબ ખસલતો (આદતો) અને પોતાની પીઠ ઉપર કોઈને સવાર ન થવા દેવું છે.

૦ ઘરની નહુસત તેનું સહેન નાનું હોય તથા તેના પાડોશીઓ ખરાબ હોય. (સહેન એટલે આંગણાંનો ભાગ. ઘરની આગળની ખુલ્લી વાપરવાની જગ્યા. જે ઘણાબધાં કામોમાં આવી શકે. બહાર બેસી શકાય. આપણું વાહન પણ રહે.)

(૩૬) જાબીર બિન અબ્દુલ્લાહ અનસારીથી રીવાયત છે કે રસુલુલ્લાહ (સલ.)એ ફરમાવ્યું કે હઝરત સુલેમાન બિન દાઉદ અલયહિસ્સલામના માતૃશ્રીએ હઝરત સુલેમાન અલયહિસ્સલામને કહ્યું કે અય ફરઝંદ ! રાતે ઓછું ઊંઘ્યા કરો. વધારે સુવાથી પરહેઝ કરો. રાતે વધારે સૂવું કયામતના દિવસે આદમીને ફકીર બનાવી દેશે. (ઓછું સુવે તો જાગૃત અવસ્થામાં અલ્લાહને યાદ કરે, નમાઝે શબ પઢે આમાલ થાય. કામ કરે તો જીવન વ્યવસ્થિત બને. જેથી બધા જ મામલા દુરસ્ત થાય. માલ કમાય તો પણ રાહે ખુદામાં ખર્ચ થાય. વધારે

સુવાથી સુસ્તી વધે જેથી આખો દિવસ પણ વ્યક્તિ સ્ફૂર્તિમય ન રહી શકે. દરેક રીતે આખેરતમાં નુકસાન થાય.)

(૩૭) સુલેમાન બિન જાઅફર બસરીથી રિવાયત છે કે તેમણે હઝરત ઈમામ જઅફર સાદીક (અલ.)થી અને હઝરતે પોતાના જદ્દ બુઝુર્ગવાર હઝરત ઈમામ અલી બિન અબી તાલિબ (અલ.)થી રિવાયત કરી છે કે રસુલુલ્લાહ (સલ.)એ ફરમાવ્યું : અય મારી ઉમ્મતના લોકો ! અલ્લાહતઆલાએ તમારા ઉપર ૨૪ વાતો મકરૂહ કરી છે.

(૧) નમાઝમાં કોઈ બેફાયદા - બેકાર કાર્ય કરવું.

(૨) સદકો આપવામાં પણ એહસાન માનવું - બતાવવું.

(૩) કબરો પાસે (કબ્રસ્તાનમાં) હસવું.

(૪) લોકોના ઘરોમાં (ઈરાદાપૂર્વક) જોવું.

(૫) સ્ત્રીઓની શર્મગાહને જોવું. આપ (સલ.)એ ફરમાવ્યું કે આવા કૃત્યથી અંધાપો પણ આવી શકે છે.

(૬) સ્ત્રી સાથે સંભોગ કરતી વખતે વાતો કરવી. વાતો કરવાથી બાળકમાં ગુંગાપણું આવી શકે છે.

(૭) ઈશાથી અગાઉ સુઈ જવું. (વ્યક્તિ બીમાર હોય, થાકેલો હોય કે સફરથી આવ્યો હોય, ઉજાગરો હોય આવા સંજોગોમાં કોઈ વાંધો નથી.)

(૮) ઈશા પછી વાતો કરવી. (બેકાર વાતો કરવી. જેમાં ન દુનિયાનો ફાયદો હોય કે ન આખેરતનો ?

(૯) ઈઝાર લુંગી કે લેંઘો પહેર્યા વગર આસમાનની નીચે નહાવું.

(૧૦) ખુલ્લા આસમાન નીચે સંભોગ કરવો.

(૧૧) પાયજામો કે સલવાર પહેર્યા વગર દરિયામાં ઊતરવું. (પાણીમાં ઉતરવું) ફરમાવ્યું કે દરિયાઓમાં મલાએકા હોય છે.

(૧૨) પાયજામો કે સલવાર પહેર્યા વગર હમામોમાં જવું. (અરબ દેશોમાં આજે પણ પબ્લીક હમામો છે. જ્યાં કંઈક ચૂકવીને નહાવાનું મળે છે. હવે પ્રશ્ન આ થાય છે કે આવા હમામોમાં લોકો પાયજામો - સલવાર પહેર્યા વગર કેવી રીતે જતું હશે ? જવાબ આ છે કે અરબો ગુંઠણથી નીચે સુધીનો આખો ઝભ્ભો પહેરે છે. કેટલાક આ ઝભ્ભાથી જ ચલાવી લેતા હોય છે. જેમાં અસંસ્કૃતપણું બેશર્મી જેવું ગણાય. ૧૯૭૮માં હું હાજીઓમાં તબ્લીગી કાર્ય માટે જમાત લઈને મુંબઈ ગયો. સાબુસિદ્દિક મુસાફરખાનામાં અમારો મુકામ હતો. ઊર્દૂ શીખતો એક અરબ પણ મારી જમાતમાં હતો. દાદર ઉતરતાં આ અરબને દાદર ચડતા એક સાથીએ જોઈ લીધો. મને ફરિયાદ થઈ કે આણે સલવાર પહેરી નથી. મેં તેને ઠપકાર્યો. છતાંય સતર, સતર કર્યા કરે. એનો કહેવાનો મતલબ આ હતો કે નાફથી

ગુંઠણ લગીનું જ પુરુષનું સતર છે. ઢાંકવું વાજીબ છે. મારે ગુસ્સે થવું પડ્યું. સતર-બતર કંઈ નહિ. ઊઠ... ઊઠ. સલવાર પહેરીને આવ. નહીં તો મારી જમાતમાં નહીં રાખું. યુવાનો મોં દાબીને હસતા હતા. ત્યારે પેલો અરબ સલવાર પહેરવા ગયો. જો બધા જ આવું વાજીબ સતર જ ઢાંકીને ફરતા થઈ જાય. તો જંગલવાસીઓ અને આપણામાં શું ફરક રહે ? પછી તો બધા જ લંગોટી વીંટાળીને ફરે. સુસંસ્કૃત સમાજમાં જેટલાં બેહતર હોય એટલાં કપડાં પહેરવાં જોઈએ, વુઝુના અવયવો સિવાય પુરુષે પણ પોતાના શરીરને ઢાંકવું જોઈએ. છાતીના બટન પણ ઉપર સુધી લાગેલા હોવા જોઈએ. સંજોગવશાત કોઈ તકલીફના કારણે કે અગવડ સગવડના કારણે કંઈક છૂટછાટ અલગ વસ્તુ છે. પુરુષે શરીર ઢાંકવું એક કેળવાયેલા સુસંસ્કૃત સમાજની નિશાની છે. એવી જ રીતે પુરતાં કપડાં

પહેરવામાં જ એક સ્ત્રીની સુંદરતા છે.પ્લાસ્ટીકની ઢીંગલીઓ-ગુડીયાની જેમ ઉઘાડી ફરતી સ્ત્રી પણ નિર્જીવ જ છે. ગુડીયાઓ જ છે.)

(૧૩) નમાઝ ઝહોરના વખતે જ્યાં સુધી નમાઝ પૂર્ણ ન થઈ જાય અઝાન અને ઈકામતના દરમ્યાન વાતો કરવી.

(૧૪) સમંદરમાં તોફાન હોય ત્યારે હોડીમાં સવાર થવું. (નંબર ૧૪ અને નંબર ૧૫ને ધ્યાનમાં લઈ વિચારો કે ટ્રાફિકવાળા રોડ ઉપર ફાસ્ટ-રફ ગાડી હાંકી અકસ્માત મોત થાય તો અલ્લાહને દોષ દેવો. આપણે જ જવાબદાર છીએ. ટ્રાફિક ન હોય તો પણ ગાડીને તેની મર્યાદામાં જ હાંકો.)

(૧૫) ફરમાવ્યું પેગંબરે ઈસ્લામે કે કોઈ વ્યક્તિ એવી છત ઉપર સૂઈ જાય જે પાકી કે પથ્થરની ન હોય તો હું તેની જવાબદારીથી અલગ છું.

(૧૬) કોઈ વ્યક્તિનું મકાનમાં એકલા જ સૂઈ જવું. (બેહતર છે કે કોઈ સાથીને પાસે રાખે. સફરમાં ખાસ તકલીફ, કોઈ બીમારી કે મોત. સાથી હોવો જ જોઈએ. સ્ત્રીએ પણ સફર તો એકલા ન કરવી જોઈએ.) (આસપાસ એક જ દિવાલથી બીજા મકાનો હોય તો વાંધો નથી.)

(૧૭) કોઈ પતિ પોતાની પત્નીથી સંભોગ કરે જ્યારે કે તે માસિકમાં હોય. એટલા માટે કે જો આ હાલતમાં સંભોગ કર્યો. તો છોકરો કુષ્ઠરોગી પેદા થાય તો તમારી જાત સિવાય અન્યોને ગુનેગાર ન ગણો. (ચામડીમાં કાળાશ આવી જવાનો સંભવ વધુ છે)

(૧૮) આપ (સલ.)એ આ કાર્યને પણ મકરૂહ અને નાપસંદ ફરમાવ્યું કે કોઈ વ્યક્તિને ઊંઘમાં એહતેલામ થઈ જાય. ઊંઘમાં મની નીકળી જાય. પછી ગુસલ કર્યા વગર આ જ એહતેલામની

હાલતમાં પોતાની પત્ની સાથે સંભોગ કરે. આવી પરિસ્થિતિમાં જો તેને પુત્ર જન્મ થાય તો તે છોકરો ગાંડો પેદા થઈ શકે છે. તે વખતે પોતાની જાત સિવાય કોઈબીજાને દોષીત ન માને.

(૧૯) આપ (સલ.) એ વહેતા પાણીના કિનારા ઉપર પેશાબ કરવાથી મના ફરમાવ્યું છે.

(૨૦) આપ (સલ.)એ કોઈ ફળદાર વૃક્ષની નીચે પેશાબ-પાયખાનું કરવાથી મના ફરમાવ્યું છે. ખજૂરના ઝાડ નીચે પણ જ્યારે કે ખજૂરો તેમાં આવી ગઈ હોય.

(૨૧) આપ (સલ.)એ ઊભા ઊભા જોડા પહેરવાને મકરૂહ કહ્યું છે.

(૨૨) આપ (સલ.)એ અંધારા ઘરમાં દાખલ થવાની મના ફરમાવી છે. કોઈ દીવો લઈને આગળ ચાલતું હોય તો અલગ વાત છે.

(૨૩) આપ (સલ.)એ નમાઝ માટેના સિજદાની જગ્યાને ફૂંકવાની મનાઈ ફરમાવી છે.

(૨૪) નબીએ કરીમ (સલ.)એ ફરમાવ્યું કે કોઈ વ્યક્તિ માટે જાઈઝ નથી કે મારી આ મસ્જિદમાંથી નાપાકીની હાલતમાં પસાર થાય. સિવાય મારા અને અલી, ફાતેમા તથા હસન હુસૈન અલયેહેમુસ્સલામના કે જેઓ મારાં એહલેબયત છે. તેઓ તો મારાથી જ છે.

(૩૮) હઝરત ઈમામ જઅફર સાદિક (અલ.)એ ફરમાવ્યું : તમારામાંથી કેટલાક લોકો એવા છે.જ્યારે તેઓ પોતાની પત્ની પાસે જાય છે. તો તે તેમની નીચેથી નીકળીને ભાગી જાય છે. (મતલબ કે કાબુમાં આવતી નથી. પોતાની અરૂચિ બતાવે છે.) જોકે તેને કોઈ હબશી પણ મળી જાત તો તે તેને ચિપકી જાત. જેથી કરીને તમારામાંથી કોઈપણ વ્યક્તિ પોતાની પત્ની પાસે જાય. તો આ

વાત જરૂરી છે કે તમારા બંને વચ્ચે સૌપ્રથમ એકબીજાને ખુશ કરીને તૈયાર કરવામાં આવે. પ્રેમચેષ્ટા કરવામાં આવે. આમ કરવું આ કાર્ય માટે ઘણી સારી વાત છે. (હઝરત ઈમામ જઅફર સાદીક અલ.ની આ વાત ઘણી જ ઉમદા, યોગ્ય અને સાચી છે. ઈમામનો દરેક કોલ સત્યવચન જ હોય છે. આપણા માટે તો ઈમામના કોલનો ઇન્કાર કરવો કુફ્ર છે. આપણે પુરુષો ઘણે ભાગે એક જ પ્રકારનું કામ કરતાં હોય છે. ઘરના કામોમાં ઓરતોને સહેજે મદદરૂપ થતા નથી. સ્ત્રીઓ ઉપર ઘરનાં અનેક પ્રકારના જુદાં જુદાં કાર્યોની જવાબદારી હોય છે. બાળકોની ચિંતા, ખાવા-પકાવવાની ચિંતા, ઘરડાં સાસુ-સસરા હોય તો તેમની ચિંતા વગેરે વગેરે. જેથી સંભોગ કરતાં અગાઉ થોડીક પ્રસ્તાવના, થોડીક પ્રેમચેષ્ટા, થોડીક મીઠી વાતચીત, કંઈક


amillibrary.com

હલવો કે એવો નાસ્તો જેથી સ્ત્રી વિષયાભિમૂખ થાય. તેને આક્રમણ જેવું ન લાગે.)

ઓરતનું બિચારીનું મગજ નવરૂં જ પડતું નથી કે તે બીજી દિશામાં કંઈ વિચારે. આવી પરિસ્થિતિમાં પુરુષ રાતે પત્ની પાસે જાય ત્યારે સ્ત્રીને જાણે તેના ઉપર આક્રમણ જેવું લાગે. મને-કમને તૈયાર થઈ જાય તે અલગ વાત છે. આપણને ખુશ રાખવા કે આપણા ગુસ્સાથી બચવા માટે-ગમે તે માનો.

(૩૯) સમાઆએ અબી બસીરથી રિવાયત કરી છે કે ઈમામ જઅફર સાદીક (અલ.)એ ઈરશાદ ફરમાવ્યો : અલ્લાહતઆલાએ લઝ્ઝતના ૯૯ ભાગ ઓરતને આપ્યા છે. પરંતુ અલ્લાહતઆલાએ તેને હયા પણ આપી છે. (લઝ્ઝત એટલે લુત્ફ ઉઠાવવો, મજા લેવી.)

(૪૦) આપનો જ ઈરશાદ છે કે ચાર ચીજો કદી પણ ચાર ચીજોથી ધરાતી નથી. (૧) જમીન વરસાદથી (૨) ઓરત મરદથી (૩) આંખો જોવાથી (૪) આલિમ ઈલ્મથી.

જ્યારે પવિત્ર બુઝૂર્ગ ઈમામોના ઈરશાદ તો આ પ્રમાણેના અને લોકોના અનુભવો તો કંઈક ઉલટા પ્રકારના હોય છે કે ઓરત જલ્દી તૈયાર થતી નથી. તેના કારણોમાં પુરુષો ઓરતના શરીર ઘસારાનો જરાયે ખ્યાલ નથી રાખતા. તેના કામમાં તેને જરાયે મદદ નથી કરતા. ઘણા તો ડી.એસ.પી. કે.પી. એસ.આઈ.ની જેમ ઘરમાં વર્તતા હોય છે. પછી ફૂલ ખીલી શકતું નથી.

ઈમામ જઅફર સાદિક (અલ.)ની એક હદીસ જે હમણા જ આપણે પઢી ગયા કે અલ્લાહતઆલાએ લઝ્ઝતના ૧૦૦ ભાગમાંથી ૯૯ ભાગ ઓરતને આપ્યા છે. જ્યારે પુરુષને તો એક જ

ભાગ મળે છે. પરંતુ અલ્લાહે ઓરતને હયા આપી છે. જેથી તે કદી પહેલ પણ કરતી નથી હોતી. આ વાતને સમજવા માટે આપણે **“મન્લા યહઝરહુલ ફકીય્યાહ”** ભાગ -૩ પેજ નં. ૩૪૩ ઉપરની ૪૯૨૬ મી હદીસ જોઈએ. પેગંબરે ઈસ્લામનો હુકમ હઝરત ઈમામ અલી (અલ.)થી રિવાયત છે.

## ઓરતોનો જેહાદ

હુસૈન બિન અલવાનની રિવાયત છે કે મેં અમરુ બિન ખાલીદથી તેમણે ઝેદબિન અલીથી તેમણે પોતાના વડવાઓથી અને તેમણે હઝરત અલી (અલ.)થી રિવાયત કરી છે. આપ ફરમાવે છે કે પેગંબરે ઈસ્લામ (સલ.)એ એક વખત જેહાદનું વર્ણન ફરમાવ્યું ત્યારે એક સ્ત્રીએ વિનંતી કરે કે યા રસુલુલ્લાહ ! શું આ જેહાદમાં સ્ત્રીઓનો પણ કંઈક ભાગ છે ? આપ (સલ.)એ ફરમાવ્યું હાં ! સ્ત્રીઓ માટે

તો હમલથી લઈને હમલ છુટતાં સુધી (પ્રસુતિ થતાં સુધી) અને ત્યાંથી લઈને દૂધ છોડાવતાં સુધીનો સવાબ એટલો છે. જેટલો રાહે ખુદામાં (જેહાદમાં) એક ઘોડે સવારનો છે. જો આ સમય દરમ્યાન તેનું મૃત્યુ થયું તો તેનો દરજ્જો શહીદના જેટલો છે.”
(મલ્લા યહઝરહુલ ફકીહમાંથી આ તમામ નસીહતો લીધી છે. શેખસદુક અલયહે રહમત)

પેગંબરે ઈસ્લામનો ઉપરોક્ત ઈરશાદ જ્યારે સ્ત્રીઓ સુધી પહોંચ્યો ત્યારે સ્ત્રીઓમાં ખુશીની લહેર દોડી ગઈ. તો સ્ત્રીઓની જેહાદ જેમાં સ્ત્રીઓને માનસિક, શારીરિક બધી જ રીતે જેહાદ જેટલી જ સહનશક્તિની જરૂર રહે છે. બલકે પ્રસુતિ વખતે અમૂક સ્ત્રીઓ તો અકળાઈ જાય છે. હવે આવો ધંધો કદી નહીં કરે. એવું ઉચ્ચારણ પણ કરી નાખે છે. વળી કોઈકે તો નર્સને બચકાં ભર્યાના પણ કિસ્સા જાણમાં છે. છતાંય પ્રસુતિ પછી તંદુરસ્તી હાંસલ

કરતાં જ સ્ત્રી ફરી વખત બીજા બાળક માટે કે લઝ્ઝત માટે તૈયાર થઈ જાય છે. આ વાત ઈમામની પેલી હદીસને કે લઝ્ઝતના ૯૯ હિસ્સા સ્ત્રીના હોય છે. પરંતુ અલ્લાહે તેને હયા પણ એટલી જ આપી છે. સાબિત કરે છે.

આ માટે જરૂરી છે કે પત્નીને આ વિષય તરફ લઈ જતાં પહેલાં પત્નીને વિષયાભિમુખ કરવા માટે કંઈક કરવામાં આવે. પ્રેમ પ્રગટ થાય એવાં બે ચાર વાક્યો બોલવામાં આવે. થોડુંક મસ્તી તોફાન કંઈક પત્નીને ગમતું ખાવાનું - નાસ્તો દૃષ્ટાંતરૂપે હલવો, ગુલાબજાંબુ કે સુતરફેણી જેવી હળવી મીઠાઈ થોડીક કોઈ વખત ફળફળાદિ લઈ જવામાં આવે, વળી કોઈક વખત તેના માટે નાની ભેટ જેવું કંઈક.

મારું તાલીમી જીવન ઘણીબધી કિસ્સા કહાનીઓ અને અનુભવોથી ભરપુર છે. મારી

મદ્રસાની તાલીમ દરમ્યાન મારા એક ઉસ્તાદ મૌલાના શબ્બીર શાહ કરીને સુરત જિલ્લાના હતા. ધો. ૯ સુધી તો હું રેગ્યુલર મદ્રસાની તાલીમમાં ચાલુ રહ્યો. ત્યાર બાદ આજ મદ્રસાના ઉસ્તાદોના ઘરો, રહેઠાણ કે એમના જ સાનિધ્યમાં તાલીમ માટે મસ્જિદમાં રોકાણ, મોલાનાના પોતાના ઘરમાં રોકાણ, તો શિક્ષક બન્યા બાદ પણ ચાલુ રહ્યું.

મૌલાના શબ્બીર શાહ મને મદ્રસામાંથી બજાર ખરીદી માટે મોકલતા. બીજી અનેક ચીજો શાકભાજી સાથે હલવો પણ મંગાવતા સાથે પોતાના પત્નીને સંદેશો કહેવડાવતા કે “યે હલવે કા પુડીકા રખ દેના રાતકે લીયે હૈ” કોઈ વખત બીજી કોઈ મીઠાઈ કે ફ્રૂટ પણ મોકલાવતા પછી મૌલાનાને બાળકો થયાં, ત્યારે અઠવાડિયામાં બે ત્રણ વખત હલવો મોકલાવતા. પરંતુ બે પડિકાં મોકલાવતા. વળી પત્નીને સંદેશો કહેવડાવતા કે “યે પુડીકા

બચ્ચોં કો ખિલા દે ઓર યે દુસરા પુડીકા ઊંચે રખ દે રાત કે લિયે હે.”

શિક્ષક બન્યા પછી હું એક દિવસ મૌલાનાના ઘરમાં કોઈ મોટી કિતાબ પઢતો હતો. અત્રે નામ યાદ નથી રહ્યું. તેમાં પેગંબરે ઈસ્લામની આવી કોઈ હદીસ પઢવામાં આવી. મૈં મૌલાનાને પૂછ્યું કે આ હદીસનો શું મતલબ થાય છે ? મને જવાબ મળ્યો કે “તૂઝે વો હલવે કે પુડીકે યાદ નહીં?” મેં કહ્યું “યાદ છે.” બસ વોહી ઇસ હદીસકા મતલબ હે.

અલહમ્દોલિલ્લાહ, અલહમ્દોલિલ્લાહ, મૈં મારા બધા જ ઉસ્તાદો મદ્રસાના મૌલાનાઓ તો ખાસ પરંતુ હાઈસ્કૂલના ટીચરોની પણ ખૂબ જ ખિદમત કરી છે, જે ટીચરો એકલા રહેતા. તેમના ચા-ખાવાના વાસણો પણ હું ધોઈ નાખતો, માંઝી નાખતો. જોકે હું એક સંસ્કારી, ખાનદાની અને આત્મનિર્ભર ખેડૂત કુટુંબનો સભ્ય હતો. ગરીબ કુટુંબનો ન હતો. મને ઉસ્તાદોની

ખિદમત કરવાનું ગમતું. મારી આ ટેવ કોઈપણ જાતની લાલચ વગરની હતી.

લગભગ મારા બધા જ મૌલાનાઓ મને જ પોતાના ઘેર મોકલતા, ચીજો ખરીદીને પહોંચાડવા મોકલતા. જોકે બીજા અનેક મારા સાથી છોકરા આ કામે તૈયાર થઈ જતા. છતાંય મને મોકલતા તેનું શું કારણ તો કહી શકતો નથી. કદાચ મારામાં આ વિષય પ્રત્યેની અક્કલ ઓછી હોય કે પછી મારી પ્રમાણિકતા ઉપર વિશ્વાસ હોય. ગમે તે માનો. મારા ઉસ્તાદ મૌ. યુસુફ લીંબાડા સાહેબ મને ઊક્તિ કહેતા. જ્યારે કે હું તેમને માથામાં તેલ માલિશ કરતો.

**ખિદમતસે ખુદા મિલતા હે**

**ઈબાદત સે જન્નત**

જિસે ખુદા મિલ જાએ.... ફિર જન્નતકી ક્યા કિમત રેહ જાતી હે.

# પ્રકરણ – ૧૨ : શાદી નેકી અને ભલાઈની બુનિયાદ ઉપર

ચાર વસ્તુઓ તમામ નબીઓને પસંદ હતી. આ ચારે વસ્તુઓ લગભગ તમામ નબીઓની સુન્નતમાં ગણાય છે.

(૧) શાદી (૨) મિસ્વાક (દાતણ) (૩) દાઢી અને (૪) ખુશ્બો. (હઝરત ઈસા. અલ. એ શાદી કરી નથી) શાદી એ સ્ત્રી અને પુરુષ બંનેની જરૂરત છે.

જાબીર બિન અબ્દુલ્લાહ અનસારીથી રિવાયત છે કે એક દિવસ અમે લોકો પેગંબરે ઈસ્લામ (સલ.)ની ખિદમતમાં બેઠા હતા. આપ (સલ.) એ ફરમાવ્યું.

શું હું તમને બતાવું કે તમારી સ્ત્રીઓમાં સૌથી સારી સ્ત્રીઓ કોણ છે ?

અમે લોકોએ વિનંતી કરી કે, જી, હાં, જરૂર બતાવો, યા રસુલુલ્લાહ.

ફરમાવ્યું : તમારી સ્ત્રીઓમાં સૌથી સારી સ્ત્રી તે છે, જે પાકદામન હોય, મહબ્બત કરવાવાળી હોય, પોતાના ઘરવાળાંઓમાં મિલનસાર હોય, પોતાના પતિની તાબેદારી કરનારી હોય, પોતાના પતિના માટે શણગાર કરનારી હોય અને બીજાઓથી પોતાને બચાવનારી હોય.

પછી ફરમાવ્યું

શું હું તમને બતાવું કે બુરી સ્ત્રીઓ કોણ છે ? અમે લોકોએ વિનંતી કરી કે જરૂર બતાવો, યા રસુલુલ્લાહ ! ફરમાવ્યું : બુરી સ્ત્રીઓ પોતાના પતિની નાફરમાની કરનારી, ચરબઝબાન, દરેક બાબતોમાં ફિત્ના ઊભા કરનારી, બુરાઈઓથી ન બચનારી, પતિની ગેરહાજરીમાં આમ તેમ રખડપટ્ટી કરનારી, એવી સવારી કે જે જલ્દી કાબુમાં ન આવે,

મતલબ એકાંતમાં પતિની ઇચ્છા પુરી ન કરે, બહાના બનાવી છટકી જાય. મતલબ જિદ્દી સ્વભાવની હોય પોતાના પતિની ભૂલને માફ ન કરે, પોતાના પતિને પોતાનાથી દૂર રાખે. આવી સ્ત્રીઓ કયામતમાં અલ્લાહની પકડમાં આવી જશે.

**પેગંબરે ઈસ્લામ (સલ.)એ ફરમાવ્યું એક પુરુષના માટે ઈસ્લામ પછી સૌથી શ્રેષ્ઠ નેઅમત એવી પત્ની છે કે**

(૧) પતિની મુલાકાત પર પતિ સાથે હસતી હસતી પેશ આવે.

(૨) પતિ કોઈ હુકમ આપે તો તેની ઈતાઅત કરે.

(૩) પતિની શક્તિ બહારની વસ્તુઓની માંગણી ન કરે.

(૪) પતિની ગેરહાજરીમાં પોતાની ઈઝ્ઝત આબરૂની તથા પતિના માલની હિફાઝત કરે.

હઝરત ઈમામ જઅફર સાદીક (અલ.)એ ફરમાવ્યું : “જો કોઈ વ્યક્તિ કોઈ ઓરતથી તેના માલ અને ખૂબસુરતીને કારણે નિકાહ કરશે, તો કદીપણ રોઝીમાં બરકત પામશે નહિ. પરંતુ જો તે ઓરતના દીનના કારણે-ઓરતના નેક હોવાના કારણે નિકાહ કરશે, તો અલ્લાહતઆલા માલ અને જમાલ બંનેમાં બરકત આપશે, પતિ-પત્ની બંનેના જીવનને અલ્લાહ સલામતિભર્યું અને ખુશહાલ બનાવી દેશે.”

હઝરત ઈમામ જઅફર સાદીક (અલ.)એ પેગંબરે ઈસ્લામનો ઈરશાદ વર્ણવતાં ફરમાવ્યું

“જેણે શાદી કરી લીધી, તેણે પોતાના અડધા દીનની હિફાઝત કરી લીધી. હવે જે બાકી દીન છે તે બાબત અલ્લાહથી ડરતો રહે. બે રકાત નમાઝ જે શાદીશુદા મર્દ પઢે છે તે અફઝલ છે. ગેરશાદીશુદા મર્દની રાતભરની ઈબાદતથી.”

હઝરત ઈમામ જઅફર સાદીક (અલ.)એ ફરમાવ્યું : “જે વ્યક્તિ ગરીબાઈના ભયથી નિકાહ ન કરે, કુંવારો રહે તો જાણે તેને અલ્લાહતઆલાથી બદગુમાની છે. જો કે અલ્લાહતઆલાનો ઈરશાદ છે. “જો તમે લોકો ફકીર છો તો અલ્લાહતઆલા પોતાના ફઝલોકરમથી તમને ગની (માલદાર) કરી દેશે.”

(સુરએ નૂર આયત નં. ૩૨)

એક વખત રસુલુલ્લાહ (સલ.) ખુતબો આપવા માટે મિમ્બર ઉપર ઊભા થયા. પછી આપ (સલ.) એ ફરમાવ્યું.

“અય લોકો ! તમે લોકો કચરાપુંજામાં ઊગેલી સબજીથી બચતા રહેજો.”

લોકોએ વિનંતી કરી, “યા રસુલુલ્લાહ ! આવી સબજીથી આપનો શું મતલબ છે ?” ફરમાવ્યું

:- “તે ખૂબસુરત સ્ત્રીઓ જેઓ ગંદા વાતાવરણમાં પરવરિશ પામી છે.”

હઝરત ઈમામ ઝયનુલ આબેદીન (અલ.)એ ફરમાવ્યું : “તમે જાણી લો કે પત્ની તમારા દીલના સૂકૂન અને રાહત માટે છે. તમારી પત્ની અલ્લાહ તરફથી તમને મળેલી એક નેઅમત છે. તેની કદર કરો. તેની સાથે નરમીથી પેશ આવો. એના ઉપર રહેમ કરો. તમારો કોઈ હક એનાથી અદા થયો ન હોય તો એને માફ કરો. એટલા માટે કે એ તમારા નિકાહના બંધનમાં છે. તમારી શક્તિ પ્રમાણે એને સારો ખોરાક, સારા કપડાં અને જરૂરી શણગાર આપો. એનાથી ના સમજમાં, ભૂલથી કોઈ ગુનાહ થઈ જાય તો એને માફ કરો.”

રસુલે ઈસ્લામ (સલ.) એ ફરમાવ્યું : “તમારામાં સૌથી સારો તે છે જે તમારી ઓરતો માટે

સારો હોય, અને તમારા સૌમાં ઓરતોના હકમાં હું સૌથી સારો છું.”

અમીરૂલ મોઅમેનીન અલી ઈબ્ને અબી તાલિબ (અલ.) એ પોતાના ફરઝંદ હનફીયાને ઘણીબધી વસીય્યતોમાંથી એક વસીય્યત આ પણ ફરમાવી.

ફરમાવ્યું : “અય ફરઝંદ તમારે જો મજબૂત બનવું છે, તો અલ્લાહતઆલાની ઈતાઅતમાં મજબૂત બનો. જો તમારે કમજોર બનવું છે તો અલ્લાહની નાફરમાની કરવાની બાબતોમાં કમજોર બનો. તમારી પત્નીથી તેની શક્તિથી વધુ કામ ન લો. તેના કામોમાં તેની મદદ કરો. એટલા માટે કે ઓછું કામ લેવાથી તેની ખૂબસુરતી અને યુવાની બાકી રહેશે. એનું દીલ સંતુષ્ટ અને નિશ્ચિંત રહેશે. એનો હાલ છુપાયેલો રહેશે. એટલા માટે કે ઓરત એક ફૂલ છે. તે સખ્તી કરવા માટે નથી. ઝુલમ

કરવા માટે નથી. દરેક હાલતમાં એને તસલ્લી આપતા રહો. જો તમે તમારી પત્ની સાથે સારો વર્તાવ રાખશો તો તમારી જિંદગી સારી ગુજરશે. રોઝીમાં પણ બરકત થશે.”

મશહદે મુકદ્દશ જ્યાં આપણા આઠમા ઈમામ અલી રઝા (અલ.) આરામ ફરમાવી રહ્યા છે. જ્યાં ઘણાબધા આયતુલ્લાહ - નેક સાલેહ ઈન્સાનો-ઈસ્લામી વિધ્વાનો મુસ્લિમ સ્કોલરોને તાલીમ આપી રહ્યા છે. ત્યાં એક આયતુલ્લાહ (મારા ફરઝંદે અઝીઝ મવ. શબ્બીરઅહમદે ઘણાંબધા આયતુલ્લાહ-બુર્ઝૂગોના વિશે ઘણીબધી વાતો કરેલી. હું આયતુલ્લાહ સાહેબોના નામો ચોક્કસ કેસમાં યાદ રાખી શકયો નથી.) પાસે એક નવયુવાન આવ્યા કરતો. પોતાની મુશ્કેલીઓ રજૂ કરતો કહેતો : મારી રોઝીમાં બરકત નથી. જીવનમાં ચેનસૂકૂન નથી. હઝરતે કેટલીક પૂછપરછ કરી. પછી ફરમાવ્યું. તારી

પત્ની સાથે તારે કેમ બને છે ? તેણે ઉત્તર આપ્યો : હઝરત મારી પત્ની સાથે મારે ઝઘડો થયા કરે છે. મારે સતત અનબન ચાલે છે.

હઝરતે ફરમાવ્યું : પત્ની સાથે સારો વર્તાવ કર. મહબ્બત અને પ્યારથી કામ લે. પછી તારી રોઝીમાં કેવી બરકત થાય છે તે જો. તને ચેનસૂકૂનની જિંદગી નસીબ થશે. જા પ્રથમ મારા હુકમ ઉપર અમલ કર.

પેલો યુવાન ઘેર ગયો. પત્ની સાથેનો પોતાનો વ્યવહાર સદંતર બદલી નાખ્યો. શાંતચિત્ત, મજબૂત રહી મહબ્બતથી પેશ આવતો. સંતાનો સાથે મહબ્બતથી વર્તણુક કરતો થયો. ફક્ત એક જ માસમાં તેના ધંધા રોઝગારમાં બરકતોનો સિલસિલો શરૂ થઈ ગયો. એનું જીવન આનંદમય બની ગયું. એક વખત મૌલાનાની ખિદમતમાં આવ્યો. કહેવા લાગ્યો : હઝરત ! આપે મને એવો નુસ્ખો બતાવ્યો, જેનાથી મારી બધી

જ મુસીબતો દૂર થઈ ગઈ. મને હવે નમાઝમાં પણ ચેન-સૂકૂન માલમ પડે છે. મને જીવન જીવવા જેવું લાગે છે. મેં મારી પત્ની સાથેનો ખરાબ વ્યવહાર સદંતર બદલી નાખ્યો છે. હું મારી પત્નીનો બરાબર ખ્યાલ રાખું છું. કદી ગાલીગલોચ કે મારઝૂડ કરતો નથી. ખૂબ જ પ્રેમથી રહું છું. મારું આખું જીવન બદલાય ગયું છે. મારી રોઝીમાં પણ ખૂબ જ બરકત થઈ રહી છે. આ છે માસૂમીનના હુકમો ઉપર અમલ કરવાના સારાં પરિણામો.

હવે છેલ્લે એક સત્ય અને રમૂજ એવી વાત ઉપર લેખ પૂર્ણ કરું છું. ભરૂચ મારું મોશાળ છે. જેની મારી માની ઉમરની સ્ત્રીઓને ઘણે ભાગે હું માસી કહું છું. શહેરના એક વિસ્તારમાં રોડની લગોલગ રહેતો એક નવયુવાન એક સમયમાં મારા મદ્રસાનો વિદ્યાર્થી હતો. મને ખબર હતી કે એણે હાલમા જ શાદી કરી છે. ત્યાંથી પસાર થતાં મેં એના ઘર પાસે શોરબકોર

સાંભળ્યો. બે પાંચ માણસોને એકત્રિત થયેલા જોયા. હું પણ ત્યાં રોકાયો. સમજાયું કે સિરાજની વહુ એના પિયર ચાલી ગઈ હતી. એના દાદીને મેં પૂછ્યું, માસી શું છે ? બેટા શું હોય, આ મૂઓ અમારો સિરાજ્યો. હું તો સમારટ લાવનાનો છું, સમારટ લાવવાનો છું (સ્માર્ટ પત્ની) અમે કેટલીય સારી નેક છોકરીઓ બતાવી પણ માન્યો જ નહિ. તે આ સમારટ લાવ્યો. જુઓ. મેં પુછ્યું "સમારટ એટલે ?" અરે બેટા, કોઈનું મોં ના રાખે, બધાંની સામે ગમે તેમ બએદબીભર્યું બોલે, તે સમારટ. આખો દિવસ આયનામાં જોયા કરે, બેટા ટી.વી. વાળીઓની જિંદગી કંઈ સાચી જિંદગી થોડી છે? આ તો દેખાડવાની જિંદગી છે. એ લોકો જ્યારે ઘર માંડે, શાદીઓ કરે છે. છોકરાં છૈયા થાય છે. ત્યારે એમનું નામ પણ કોઈ લેતું નથી. એક વૃદ્ધા ટી.વી.ની વાસ્તવિકતાનો આપણને ખ્યાલ આપે છે.

## પ્રકરણ – ૧૩ : ઈસ્લામી ઈન્કિલાબ અને ઓરત

એક સ્ત્રી સમાજમાં કેવો ઈન્કિલાબ લાવી શકે છે ? સમાજમાં સ્ત્રીની પ્રતિષ્ઠા શું છે ? દરજ્જો શું છે ? સાચા અર્થમાં બેહતરીન સમાજ કોને કહીશું?

આપણએ ઉપરોક્ત પ્રશ્નો ઉપર ઊંડાણથી વિચારતાં શીખવું પડશે. આ માટે આપણે એ જાણવું પણ જરૂર છે કે ઈસ્લામના ઉદયકાળમાં સ્ત્રીઓએ કેવાં કાર્યો અંજામ આપ્યાં ? ત્યારબાદ આપણે હઝરત ઈમામ ખોમેની (રહ.) પ્રસ્થાપિત કરેલ ઈન્કિલાબે ઈસ્લામીનું વિશ્લેષણ કરવું જોઈએ. હજી સુધી લોકોના દિમાગોમાં આ વાત સ્પષ્ટ નથી થઈ કે હઝરત ઈમામ ખોમેની (રહ.)ના ઈસ્લામી ઈન્કિલાબનું ફરમાન શું હતું. સ્પષ્ટ છે કે લોકો કલિમએ તોહીદ ઉપર ઈમાન રાખનાર હતા. બલકે બહુમતિ મુસ્લિમ ઈમામીયા મસલકને માનનારી

હતી. તેઓને શું શીખવવાનું હતું અને તેઓમાં શું ખરાબીઓ હતી. આ વાતોને પારખવાનું સહેલું કામ ન હતું. ઈરાનમાં ઈસ્લામ હતો જેવો સમગ્ર વિશ્વમાં હતો. પરંતુ આ ઈસ્લામ ઉપર બે બાજુથી થતા હુમલાઓએ તેને ઘણો જ કમજોર કરી દીધો હતો.

એક તરફ કટ્ટરપંથી લકીરના ફકીર કહેવાતા આલિમોએ સ્ત્રીઓને એક કોયડો બનાવી દીધો હતો. એક મુશ્કેલ મસઅલો બનાવી દીધો હતો. જ્યારે બીજી તરફ યુરોપની ઝેહરીલી હવાઓએમઝહબે ઈસ્લામની રોશની છીનવી લીધી હતી. ઈસાઈ-યહુદી યુરોપ ઈસ્લામને બદનામ કરવાનો કોઈ મોકો છોડતું ન હતું. તેમણે સ્ત્રીઓને બજારનું રમકડું બનાવી દીધું હતું. ટેલિવિઝન સામે પાંચ મિનિટ બેસીને જોઈ લો. યુરોપીયન નેતાઓ, પ્રધાનો, માલદારો, જાગીરદારોને જોઈ લો, જેમ કોઈ દુકાનેથી રમકડું ખરીદીને બગલમાં દબાવી ચાલે

છે. તેમ તેઓ સ્ત્રીઓને લઈને ફરતા દેખાશે. આ બંને હુમલાઓમાં સ્ત્રીઓ ઉપર ઝબરદસ્તી જોવામાં આવશે. બંને હુમલામાં ઓરતનું શોષણ છે.

પ્રથમ હુમલાખોરોએ ઓરતને ઘરની ચાર દિવલોમાં કેદ કરીને ઈન્સાની સમાજમાંથી એનું અસ્તિત્વ જ મિટાવી દીધું હતું. તેમની દૃષ્ટિએ ઓરતનો દરજ્જો આટલો જ હતો કે તે ચૂલો સળગાવે, ખાવા પકાવે, અને બાળકો પેદા કરી ઘંટીના આ બે પથ્થરો વચ્ચે દબાયેલી રહે. પીસાયા જ કરે. બસ પુરુષની રહેમ ઉપર જીવવાને પોતાનું કિસ્મત સમજે.

બીજા હુમલાખોરોએ પોતાની કામેચ્છા-હવસ પુરી કરવા માટે ઓરતને એક મોજશોખનું સાધન બનાવી દીધું. ઓરતને જુદાજુદા રૂપ આપીને જે રીતે ઇચ્છ્યું તેના હુસ્ન અને જુવાનીને વેપારનો માલ બનાવીને વેચવાનું શરૂ કર્યું.

ઓરતની શરમ-આબરૂ અને ઈઝ્ઝતની મોંમાગી કિંમત વસુલ કરવાનું શરૂ કર્યું. બંને જગ્યાઓએ ઓરતને પોતાનો દરજ્જો ન મળ્યો. આ જ કારણથી ઈમામ ખોમેની (રહ.)એ પોતાના ઉદ્બોધનોમાં બંનેની ટીકા કરી છે.

ઈસ્લામી ઈન્કિલાબ પહેલાં લોકોના જીવનનો કોઈ મકસદ કે ધ્યેય ન હતો. બસ લોકો જીવતા હતા. જીવવા માટે જિંદગીના શ્વાસો ચાલતા હતા. આવા સમાજમાં ઈન્કિલાબ લાવવો કેટલું મુશ્કેલ કાર્ય હતું. આપે ફરમાવ્યું.

“જો ઓરતને તેનો દરજ્જો મળી જાય, જે ખુદા-રસૂલે આપેલો છે. તો સમાજ ખૂબસુરત અને ઈઝ્ઝતવાળો બનશે. બલકે નવી આવનારી પેઢી સુશિક્ષિત બનશે. જેનાથી એક ઉચ્ચ ધ્યેયશીલ સમાજની રચના થશે અને ઈસ્લામને પણ સંપૂર્ણ ઈઝ્ઝત પ્રાપ્ત થશે. ઈસ્લામ ઉપર વારંવાર

કરવામાં આવતા આ નાપાક લોકોના હુમલાઓનો પણ સજ્જડ જવાબ મળશે.”

પેગંબરે ઈસ્લામ (સલ.)એ પોતાની વફાતથી અગાઉ ઘણી બધી વસીયતો કરેલી, સહાબાએ વસીયતો લખવા માટે કાગળ-કલમ તો ન આપી, ઉલટાનો પેગંબરે ઉપર સનેપાતનો ઈલ્ઝામ લગાવ્યો. જેથી કાગળ-કલમથી તો આ ઉમ્મતને આજ સુધી દુશ્મની ચાલી આવે છે. તે જ કારણથી મુસ્લિમ દેશોમાં આજે સિત્તેર સિત્તેર ટકા અશિક્ષિતપણું જોવા મળે છે. જ્યારે આપ (સલ.)એ કેટલીક મૌખિક વસીય્યતો કરી, તો આ લોકો તેમાં પણ ચોરી ગયા. મુખ્ય વસીય્યતને ઈરાદાપૂર્વક ભૂલી ગયા.

જેમાંથી એક વસીય્યત જેને મુસલમાનોએ યાદ રાખી તે આ છે. ફકત કિતાબોમાં નોંધવા યાદ રાખી. અમલ તો ન જ કર્યો.

“હું ઓરતોના મામલામાં તમને ખુદા યાદ અપાવું છું. એમના હકોનો ખ્યાલ રાખજો. એવું ન બને કે સ્ત્રીઓના હકો અદા ન કરવાના કારણે તમારે દુનિયામાં ઝલીલ થવું પડે.”

જે વસીય્યત યાદ રાખી તેના ઉપર પણ આપણો અમલ ન રહ્યો. ઈસ્લામના સૌ પ્રથમ માનનીય ખાતુન ખદીજતુલકુબરા રઝિયલ્લાહો તઆલા અનહા હતા. જેમને તાહેરાનો લકબ મળ્યો છે. તેમણે પોતાની બેહિસાબ અને બેસુમાર દવલત તબ્લીગે ઈસ્લામ માટે, નાદારો અને મોહતાજો ઉપર લુંટાવી દીધી. પછી ફાતેમા સૈયેદા સલામુલ્લાહ અલયહા જેવી બેટી પણ ઈસ્લામને આપી. જે ઈમામોના મા બન્યાં. જેથી નસ્લ ફાતીમીમાં હંમેશા માટે દઅ્વત અને તબ્લીગે ઈસ્લામનો હોદ્દો ખાસ થઈ ગયો. પછી ઝયનબ (સલ.)થી આ સિલસિલો ચાલ્યો, તે આજદિન સુધી આ મઝલુમ અને ગરીબ

 amillibrary.com

ઉમ્મતને નબીના ખાનદાનમાંથી આવી ખાતુનો મળતી રહી છે.

સામાન્ય રીતે ખાતુનોના મામલામાં જ્યારે ઈમામ ખોમેની (રહ.)નું નામ લેવામાં આવે છે ત્યારે દરેકના મગજમાં આ ખ્યાલ આવે છે કે પડદાથી શરૂ થશે અને દેખાવો તથા સરઘશો ઉપર વાત પૂરી થશે. જાણે હિજાબ અને પડદામાં જ બધો જ ઈસ્લામ ઘેરાય ગયો છે. જાણે ઈસ્લામની બધી જ ફિલોસોફી પડદામાં જ આવી ગઈ છે. ખુદાની કસમ ! ઈમામ ખોમેની (રહ.) વિરૂધ્ધ આ યુરોપનો ખોટો પ્રચાર છે. જ્યારે આપણું ભોળપણ છે કે આપણે નાપાક લોકોના પ્રોપ્રેગેંડાઓ સમજી શકતા નથી. બલકે આપના ઈસ્લામી ઈન્કિલાબમાં સંપૂર્ણ સમાજની ઈસ્લાહ હતી. જેમાં આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક, રાજકીય પરિવર્તન સાથે ઈસ્લામી અખ્લાક અને રહેણીકરણી બધું જ સામેલ હતું.

ખાતુનો માટે હિજાબ (પડદો) તો એક હથિયાર છે. બલકે તેજ ધારદાર હથિયાર જેથી યુદ્ધના મોકા ઉપર હઝરત ઈમામ ખોમેની (રહ.)એ ખાતુનોને ખિતાબ કર્યો, હિજાબની તાકીદ કરતાં પોતાના ઉદ્બોધનમાં આપે ફરમાવ્યું

"મા-બહેનો, તમારો પડદો ઈસ્લામ માટે ખુને શોહદાથી વધારે કિંમતી છે."

ઈમામના આ એક જ વાકયમાં સમંદરને લોટામાં સમાવી લીધો છે. એક મોકા ઉપર ઈમામે ખાતુનોને ફરમાવ્યું.

"શહીદો તો પોતાની જાન ફક્ત ઈસ્લામ ઉપર કુરબાન કરી દે છે. ઈસ્લામને બુલંદ કરે છે. તેનું નામ રોશન કરે છે. પરંતુ જો તમે બેપર્દગી અપનાવી લીધી-જે ફીત્ના અને ફસાદની ચાવી છે. તો ઈસ્લામની નસ્લોની નસલો બરબાદ થઈ જશે. અને ઈસ્લામનો સફાયો થઈ જશે, અથવા ઈસ્લામ

નામ પુરતો જ રહી જશે. જેથી શહીદોની બધી જ મેહનત નકામી જશે.”

મુસલમાનોની જવાબદારી છે કે પોતાના સમાજમાં તેઓને તે હકો આપે જેની તેઓ હકદાર છે. ત્યાર પછી જ પુરુષોને સમજાશે કે તેઓમાં કેવી કેવી શક્તિઓ છુપાયેલી છે. તેઓ પુરુષો સાથે બધા જ ક્ષેત્રોમાં સુંદર કામ આપી શકે છે. અલબત બહેનો માટે જરૂરી છે કે તેઓ દરેક જગ્યાએ પોતાની પ્રતિષ્ઠાને અગ્રતાક્રમે રાખે. શર્મો હયા અને પાકદામની, નેક ચાલચલગત અને હિજાબ અલ્લાહના રસ્તાની મશાલ છે, તેને આગળ રાખે.

સદીઓથી ઓરતો ઉપર જુલમ થતો આવ્યો છે. તેઓને કિંમતી ઘરેણાં અને ઝવેરાતથી શણગારી જનાનખાનાની કેદી બનાવી દેવામાં આવી. જ્યારે પુરુષોને બધી જ છુટ હતી. પરંતુ આ બિચારીની નઝર જો કોઈના ઉપર પડી જાય તો

એને જાનથી હાથ ધોવા પડતા. જ્યારે અર્વાચિન સમયમાં એકે એક જગ્યાએ નાઈટ-કલબ, બાલરૂમ, ડાન્સ રૂમ, બીયર બાર વગેરેમાં આ જ સદીઓની મઝલુમ ઓરત પોતાની આબરૂ વેચતી દૃષ્ટિમાન થાય છે. પહેલાંના જમાનામાં જે લોકોએ ઓરતોને હિજાબના બહાને કેદી બનાવી રાખી હતી, તેમનો મકસદ પણ અય્યાસી અને હવસખોરી જ હતો. ઓરતને કેદી બનાવીને તેઓ તેનું શોષણ કરતા હતા. આજે તે જ અમલ યુરોપ બેયર્દગી બેહયાઈ અને બેશર્મીના પ્રદર્શન સાથે કરી રહ્યું છે. આ ઝાલીમોની નફ્ફટતાની હદ તો ત્યાં છે કે બેશર્મી અને બેહયાઈને હુન્નર કહે છે. કલા કહે છે.

ઈમામ ખોમેની (રહ.)એ સૌ પ્રથમ ફરમાવ્યું “ગલતી કયાં છે ? શું સાચું ? શું ખોટું ? શું થવું જોઈએ, શું ન થવું જોઈએ. ફરમાવ્યું “ઓરતની કદર, પ્રતિષ્ઠા, કિંમત તેના રૂપ, અંગો ઉપાંગો કે

ઉપરના દેખાવ ઉપર આધારિત ન બનાવો, આ તો તેનું ઉપર ઉપરનું સતત ફેરફાર થનારું દુન્યવી રૂપ છે. પરદેશી પોશાક છે. તેની સાચી કદર, પ્રતિષ્ઠા અને કિંમત તેના અખ્લાક છે. તેના અંદરની દયા અને કરૂણા છે. તેની ઈઝ્ઝત છે. તેની શર્મો-હયા છે. તેની અંદરના સદ્ગુણો તેની સાચી કિંમત છે.”

આપણે આલમે ઈસ્લામની ઓરતોને જોઈએ. હઝરત હવ્વા, હઝરત હાજરા, હઝરત આસિયા અને હઝરત મરિયમ કોઈની પણ ખૂબસૂરતી તેમની ઈઝ્ઝત કે કિંમત કે માન સન્માનનું કારણ નથી બની. બલ્કે તેઓની પવિત્રતા, પાકદામની, કુરબાની, હમદર્દી, સબર અને શિસ્ત, ઈમાન અને અકીદો, નેક અમલો જેવા સદ્ગુણો તેઓની ઈઝ્ઝત, કિંમત અને પ્રતિષ્ઠા બની હતી. તો મા-બહેનો તમારી પણ સાચી પ્રતિષ્ઠા અને તમારી સાચી કિંમત આ જ સદ્ગુણો છે.

પુરુષોએ પણ આ જ સદ્ગુણોને ધ્યાનમાં રાખી પોતાની શરીકે હયાત (જીવન સંગીની) પસંદ કરવી જોઈએ. તો જ તમારી નવી પેઢીઓમાં ઈસ્લામ બાકી રહેશે. નહીં તો યુવાનો ! ખૂબ યાદ રાખે કે આવનાર સમય એટલો ખરાબ હશે કે તમારી નવી સંતાનોમાં તમે દીન બાકી નહીં રાખી શકો.

ઉપર વર્ણવાયેલા સદ્ગુણો જ ઓરતની ઉચ્ચતા અને તેની સાચી પ્રતિષ્ઠાનું માપદંડ છે. ગોરી ચામડી નથી. ભૂરાં તો ગધેડાં પણ હોય છે. મારી કોમના નવયુવાનો જો આવી પ્રતિજ્ઞા લઈ લે અમે તે જ છોકરીને પસંદ કરીશું જેમાં નીચેના ત્રણ ગુણો હોય. (૧) હિજાબમાં રહેવું (૨) નમાઝ પાબંદીથી અદા કરવી (૩) કુર્આન પડતાં આવડવું. એ જ રીતે મારી કોમની બહેનો એવી પ્રતિજ્ઞા કરી લે કે અમે એવા યુવાનને જ પસંદ કરીશું જેમાં ત્રણ

ગુણો હોય (૧) નમાઝ પાબંદી સાથે અદા કરતો હોય (૨) કુર્આન પડતાં આવડતું હોય અને (૩) આળસુ ન હોય.

તમારો પતિ આળસુ નથી તો રોઝી તો ગમે ત્યાંથી હલાલ રીતે મળી રહેશે. ઈન્શાઅલ્લાહ.

ઓરતના હાથમાં જ કોમ અને દેશનું ભાવિ છે. તે જ નવી પેઢીની અમાનતદાર છે. બાળકનો પ્રથમ મદ્સો માની ગોદ હોય છે. માની તરબીયત- શિક્ષણ - પ્રશિક્ષણ જ વ્યક્તિના જીવનમાં ઘટરનારી સારી-નરસી ઘડનાઓનું બીજ-રોપણ છે.

**ઈમામ ખોમેની (રહ.) ફરમાવે છે**

"એક મા શક્ય છે કે એક બાળકની સારી તરબીયત કરે, તેનું સારું પાલનપોષણ કરે, તે બાળક એક ઉમ્મતની નજાત અને બક્ષિસનો સબબ બને, અને શકય છે કે ખરાબ તરબીયત કરે અને તે જ બાળક ઉમ્મતની બરબાદીનો સબબ બની જાય."

આપણએ ઈમામના ફરમાનને વિચારીએ તો સમજાશે કે એક માએ ઝાલીમ સદ્દમ પેદા કર્યો અને એ જ ઈરાકમાં એક માએ આયતુલ્લાહ મોહંમદ કાસિમ ખૂઈ (રહ.) પેદા કર્યા. એક માએ ઈમામ હુસૈન (અલ.) પેદા કર્યા અને એક મા એ યઝીદલાતુનલ્લાહ પેદા કર્યો.

એક મા એ હઝરત ઈમામ અલી ઈબ્ને અબી તાલિબને પેદા કર્યા-ફાતેમા બિન્તે અસઅદ સલામુલ્લાહ અલયહાએ, જ્યારે એક માએ મલઉન અને મકકાર મઆવીયા પેદા કર્યો. જેણે ખિલાફતને રાજાશાહી તરફ ધકેલી દીધી. જે આજદિન સુધી આ ઉમ્મતની બેઈઝ્ઝતી અને બદહાલીનું કારણ બની છે.

આપણી કોમે સમજી લેવું જોઈએ કે ઓરત આવનારી પેઢીઓની શિક્ષક છે. જેથી કન્યા કેળવણી તરફ ખૂબ જ જાગૃત બની જવું જોઈએ.

છોકરીઓની તાલીમ અને શિક્ષણ તરફ ખૂબ જ ધ્યાન આપવું જોઈએ. સાથે સાથે વ્યક્તિએ પોતાના સંતાનોમાં એટલી ઉચ્ચ ઈસ્લામી સ્પિરીટ પેદા કરવી જોઈએ જેથી તેઓ બેઈમાનીઓ અને ઈન્કારીઓથી દોરવાય ન જાય. તેમની નાપાક ચાલોમાં ફસાય ન જાય. બાળકોમાં આ ગુણ સૌ પ્રથમ પેદા કરો કે ઈમાન સૌથી વધારે કિંમતી છે. નવી પેઢીનું ઈમાન મજબૂત બનાવો. જો તમારી દીલની સાચી ઈચ્છા હશે, તમારા દીલની સાચી ફિકર હશે, રાત-દિવસની તમારી ચિંતા હશે કે અલ્લાહ મારી સંતાનોને દીને-ઈસ્લામ ઉપર બાકી રાખે. તેઓ કુફ્ર તરફ, ગૂમરાહી તરફ, બેદીની તરફ દોરવાય ન જાય. તો ખુદાની કસમ ખાયને કહી શકાય છે કે અલ્લાહ તમારી ચિંતાનો ખ્યાલ રાખશે અલ્લાહ બંદાના અંતરાત્માને જુએ છે. માટે

બાળકોમાં ઈસ્લામી સ્પિરિટ પેદા કરો, ઈમાનની મેહનતમાં લગાવો.

ચાલુ સમયના સ્ત્રી આઝાદીના ઠેકેદારોને શાદીસુદા, બાલબચ્ચાં ધરાવનારી કે ઢળતી ઉમરની સ્ત્રીઓની કોઈ ફિકર નથી. આ નાપાક લોકો પોતાના નાપાર હેતુઓ માટે ફક્ત કુંવારી છોકરીઓના નામથી આઝાદીની ચળવળ ચલાવે છે. તેમને બેપરદા કરવા ઈચ્છે છે. સ્વચ્છંદી બનાવે છે.

આપણી વહુ દીકરીઓને આપણા ઘરોમાં સમાન હકો મળવા જોઈએ. પેગંબરે ઈસ્લામ (સલ.)એ ફરમાવ્યું

બેટી રહમત છે અને બેટાઓ નેઅમત છે. રહમત માટે તમારી પૂછ નહીં થાય. પરંતુ નેઅમતની પૂછ થશે. જે હકો, જે કપડાં જે શિક્ષણ, જેવી રહેણી-કરણી શરીઅતની હદોમાં રહીને આપણે

બેટાઓને આપીએ છીએ, બીલકુલ તેવી જ તમામ સગવડોની બેટી પણ હકદાર છે. જેથી આપણે બેટી કે બેટામાં સહેજે તફાવત ન સમજવો જોઈએ. બેટીને મા-બાપ ની લાગણી બેટાથી પણ વધુ હોય છે. મેં બે ત્રણ અને ચાર બેટાઓના વિધુર બાપને એક જ ગામ અને એક જ શહેરમાં રહેતાં હોવા છતાં બેટીના ઘેર જમતાં જોયો છે. આવાં તો એક નહીં અનેક દૃષ્ટાંતો મારા સ્મરણમાં પડેલાં છે.

ખિલાફે શરઅ કામના સિવાય બીજાં બધાં જ કાર્યોમાં આપણે ઓરતને આઝાદી આપવી જોઈએ. તેની પસંદ નાપસંદની આપણે કદર કરવી જોઈએ. આપણે બીમાર પડીએ છીએ ત્યારે, ઓરત આપણી સેવા કરે છે. તો તેની બીમારીના સમયમાં આપણે પણ તેની એવી જ સેવા કરવી જોઈએ. આપણે તો રીટાયર્ડ થઈએ છીએ. ઘણા ઘરોમાં ઓરત તો બીચારી રીટાયર્ડ પણ થતી નથી.

સંજોગોના કારણે આવું બને છે. તેવા સમયે આપણે આપણી જરૂરતો-સગવડો ઉપર સંયમ રાખવો જરૂરી બને છે. ઓરતને તેના કામમાં આપણી શક્તિ મુજબની મદદ કરવી જોઈએ. શક્તિ ધરાવતાં હોઈએ તો કામવાળી રાખવી જોઈએ.

ઓરતની આઝાદીના નામથી ચલાવવામાં આવતી અમેરિકાની નાપાક ચળવળને ઈમામ ખોમેની (રહ.)ની દીર્ધદૃષ્ટિએ બરાબર સમજી લીધી હતી. અન્યો તો અમેરિકાની અનીતિ અને અન્યાય સમજતા હતા. ફક્ત શરીઅતે મોહંમદીની મશ્કરી સમજતા હતા. જ્યારે ઈમામ ખોમેની (રહ.)એ ફરમાવ્યું

“આ બેપર્દગી અને હિજાબનો વિરોધ કરીને અમેરિકા શું ઈચ્છે છે ? એનો મકસદ શું છે ? હિજાબને હઠાવવું તો એક સાધન છે. માધ્યમ છે. તે અમારા મુલકમાં જ નહિ પરંતુ સમગ્ર ઈસ્લામી

જગતમાં બેહયાઈ ફેલાવવા માગે છે. દુશ્મનનું સાચું નિશાન અમારા નવયુવાનો છે. જે ભવિષ્યની હુકુમતના વારસદારો છે. આ દેશના આવતીકાલના મૂલ્યવાન નાગરિકો છે. જેઓ ભવિષ્યના નાગરિકત્વને સુંદર રીતે દીપાવાવાની યોગ્યતા ધરાવે છે. નવી નવી શોધખોળો કરી શકે છે. પરંતુ આ નાપાક દુશ્મન ઈચ્છે છે કે તેઓને બુરી આદતો, શરાબ અને સુંદરીમાં ફસાવીને અધોગતિ અને બરબાદીના એવા ભોંયરામાં નાખી દેવામાં આવે છે કે તેઓ તેમાંતી કદી બહાર જ ન આવી શકે. બસ રંગરેલીયામાં પડ્યા રહે. ન કંઈ વિચારી શકે, ન જોઈ શકે, ન કંઈક કરી શકે. જેથી તેમના મુલકની બધી સંપતિ ઉપર આપણો કબજો રહે. આપણું ચોધરીપણું કાયમ રહે. આપણે તેમની જળસંપતિ, જમીન સંપતિ લુંટતા રહીએ. આટલા જ માટે આ સંસ્થાનવાદીઓ વિશ્વમાં વસ્તા મુસ્લિમ

નવયુવાનોને સુંદરી અને શરાબ તથા નશો કરનારી ચીજો તરફ ધકેલી દે છે. જેથી આ નાપાક લોકોની હુકુમતમાં દખલગીરી કરનારું પણ કોઈ બાકી ન રહે.”

તેથી અમેરિકા અને તેમના નોકર એવા મુસ્લિમ દેશોના નેતાઓએ ઈમામ ખોમેની (રહ.)ને દુશ્મન જાહેર કર્યા હતા. પરંતુ તેઓનો આ ફરેબ લાંબો ચાલ્યો નહિ. ઈરાનમાં સ્ત્રીઓને તમામ ક્ષેત્રોમાં પ્રતિનિધિત્વ મળ્યું. શિક્ષક કારકૂન પોલિશ, લશ્કર, ડ્રાઈવર, એસેમ્બલી મતલબ ઈસ્લામી ઈન્કિલાબે કોઈ ક્ષેત્ર એવું નથી છોડયું જેમાં ત્યાંની ઓરતોનું પ્રતિનિધિત્વ ન હોય.

બહેનો ! આપણા માટે બેહતરીન નમૂનો દુખ્તરે પેગંબરે ખુદા ફાતેમા ઝેહરાનો છે. જેઓ ઈલ્મ ઈબાદત, હિંમત, સખાવત, બહાદુરી, સબ્ર અને શુક્રના ઉચ્ચ દરજ્જા પર હતાં. જેમને પેગંબરે

ઈસ્લામ પોતાના માંસનો ટૂકડો કહ્યો. ત્યારબાદ બીજો નમૂનો હતાં બીજાં ઝેહરા ફાતીહે કરબલા, ઉમ્મુલ મસાઈબ, હઝરત ઝયનબ બિન્તે અલીની સીરત. જેમણે દરેક આફત અને મુસીબતોનો સામનો પહાડ બનીને કર્યો અને હુસૈની પયગામનો ફેલાવો કર્યો. ઈમામ ખોમેની વારંવાર કહ્યા કરતા હતા કે જો દુનિયામાં "યવમે ઝન" (સ્ત્રીઓનો દિવસ) જો કોઈ બની શકે છે તો તે "યવમે વિલાદતે ફાતેમા" જ હોય શકે. જેમણે બાળપણથી યુવાની સુધીનો દરેક દિવસ ગમનું ઝેર પીને ગુજાર્યો. ઈસ્લામને ફેલાવવામાં અને વફાતે પેગંબરે ઈસ્લામ પછી તેને બાકી રાખવામાં કામ્યાબ રહ્યાં. ઈતિહાસમાં એકમાત્ર અજોડ બેટી, અજોડ પત્ની, અને બેહતરીન મા જેમનો દુનિયામાં જોટો ન જડે. જનાબે ફાતેમા ઝેહરા (સલા.)ને અમારા લાકો દુરૂદો સલામ.

# પ્રકરણ-૧૪ :ઈસ્લામી શરીઅત મુજબની તલાક ફિકહે જાફરીની પદ્ધતિ

**(૧) તલાકે સુન્નત**

તલાકના ઘણા બધા પ્રકારો છે. આ બધા જ પ્રકારોમાંથી કોઈપણ તલાક "તલાક" ગણાશે નહિ. સિવાય તે પાકી જેમાં પુરુષે પોતાની પત્ની સાથે સંભોગ ન કર્યો હોય, સાથે બે આદિલ ગવાહોની સમક્ષ આપવામાં આવી હોય. પ્રથમ આ ત્રણે શરતો યાદ રાખો.

(૧) સ્ત્રી હૈઝથી પાક હોય. (દર મહિને સ્ત્રીને આવતું ખૂન) આ પાકી દરમ્યાન પુરુષે પોતાની પત્ની સાથે સંભોગ ન કર્યો હોય.

(૨) બે આદિલ ગવાહોની સમક્ષ આપવામાં આવે.

(૩) તે સાથે આ વાત પણ યાદ રાખવામાં આવે કે વ્યક્તિ ઉપર કોઈએ અથવા સગાંઓએ તલાક

આપવા માટે બળજબરી કરી હોય તો તે તલાક પણ માન્ય ગણાશે નહિ... મતલબ તલાક પડશે નહિ.

**તલાકના તો ઘણા બધા પ્રકારો છે.**

(૧) તલાકે સુન્નત. (૨) તલાકે ઇદ્દત (૩) તલાકે ગાઈબ (૪) તલાકે ગુલામ. (૫) તે તલાક જેમાં પતિની અક્કલ જતી રહી હોય મતલબ દિવાના જેવો થઈ ગયો હોય. (૬) તે તલાક જેમાં પત્ની સાથે સંભોગ ન થયો હોય (૭) સગર્ભાની તલાક (૮) તે સ્ત્રીની તલાક જેને હજી હૈઝ (માસિક) આવ્યું ન હોય. (૯) તે સ્ત્રીની તલાક જેને હૈઝ આવવાનું બંધ થઈ ગયું હોય. (૧૦) ગુંગા વ્યક્તિની તલાક (૧૧) ગુલામની તલાક (૧૨) તલાકે મરીઝ-બીમાર હજી એમાં પણ ઘણાબધા પ્રકારો જોવા મળશે ઝહહાર, ઈલા, લોઆન, વગેરે વગેરે.

## (૧) તલાકે સુન્નત

અઈમ્માએ માસુમીનથી સુન્નત તલાક અંગે રિવાયતો મળે છે. તે આ મુજબ છે.

જ્યારે કોઈ પુરુષ પોતાની પત્નીને તલાક આપવા ઇચ્છે-ઇરાદો કરે તો એટલી રાહ જુએ કે તેને હૈઝ આવી જાય. હૈઝથી પાક થઈ ગયા બાદ બે આદિલ પુરુષ ગવાહોની સામે એક જ મજલિસમાં એક જ વખત “તલાક” શબ્દ પ્રયોગ કરીને તલાક આપે.

જો તલાક આપતી વખતે એક જ વ્યક્તિ સાક્ષી (ગવાહી) હોય. બીજો વ્યક્તિ પાછળથી ગવાહ બને તો તે તલાક જાઈઝ નથી. મતલબ બંને ગવાહો એક જ મજલિસમાં એક સાથે ગવાહ બન્યા હોવા જોઈએ.

જો આ સ્ત્રીના ત્રણ હૈઝ (એક વખત હૈઝ આવી ગયા બાદ પાક થઈ જાય એ રીતે ત્રણ

વખત પાક થઈ જાય) પછી તે પાક થાય. ત્યારબાદ સ્ત્રી પોતાના પતિથી અલગ થઈ જશે. હવે બીજા લોકો આ સ્ત્રીને નિકાહ માટેનું આમંત્રણ આપી શકે છે. એ જ રીતે આ તેનો અગાઉનો પતિ (જેણે તલાક આપી છે) પણ તેને બીજા વખત નિકાહ માટેનું આમંત્રણ આપી શકે છે. તે સ્ત્રીને ઇખ્તિયાર છે. બીજા વખત તેની સાથે નિકાહ કરે કે ન કરે. જો આ પતિ (અગાઉનો) તેની સાથે બીજા વખત નિકાહ કરશે તો બીજા વખત મહેર પણ આપવી પડશે. તેથી જો પતિ પોતાની પત્નીને તલાક આપવાનો ઇરાદો કરે તો તલાકે સુન્નત આપે. જેનું વર્ણન ઉપર મુજબ થયું છે.

તલાકે સુન્નત આપ્યા પછી પસ્તાવો થતાં પતિ પોતાની પત્ની સાથે બીજા વખત મહેર આપીને નિકાહ કરી શકે છે. પતિ-પત્ની બંને રાજી હોય તો.

તલાકે સુન્નતને તલાકે હદમ પણ કહે છે. જ્યારે એની ઇદ્દત પૂરી થઈ જાય જે સમય ત્રણ માસનો ગણાય છે. જેમાં સ્ત્રી ત્રણ વખત પાક થાય. એક વખત હૈઝ આવે, પાક થાય. બીજા વખત અને એજ રીતે ત્રીજા વખત પાક થાય. આ ઇદ્દત પૂરી થતાં બીજા વખત નિકાહ કરે. તો તલાકે અવ્વલ ખતમ અને બેકાર થઈ જશે. ફરી વખત બંને પતિ-પત્ની બની જશે.

દરેક તે તલાક જે સુન્નત તરીકાથી વિરુદ્ધ આપવામાં આવી હોય તે બાતિલ છે. ગલત છે.

તલાકે સુન્નત આપ્યા પછી સ્ત્રીની ઇદ્દત પુરી ન થઈ હોય, તે દરમ્યાન પતિને હક છે કે તે રૂજુઅ (રૂજુઅ = વાપસ આવવું. ફરીથી પત્નિને સ્વીકારી લેવું) કરી શકે છે. ફરીથી પતિ -પત્ની તરીકેના સંબંધ કાયમ કરવાની આ એક પદ્ધતિ અમે વર્ણવી છે.

તલાકે સુન્નતની એવી રીત જેમાં પતિ પસ્તાવો થતાં પોતાની પત્નીને ફરીથી પત્ની બનાવી શકે છે. જેમાં ફરી વખત નિકાહ પઢવાની જરૂર નથી.

તલાકે સુન્નતની જે પદ્ધતિ ઉપર વર્ણવાઈ છે. જેમાં પત્ની હૈઝથી પાક હોવાની હાલતમાં, બે આદિલ પુરુષ ગવાહોની સમક્ષ એક જ મજલિસમાં એક જ વખત તલાક આપવામાં આવે છે. તેમાં જો પતિ ઇચ્છે તો ઇદ્દતના ત્રણ માસના સમયગાળામાં તેને હક છે કે તે પોતાની પત્નીને પત્ની તરીકે સ્વીકારી લે. જેને રૂજૂઅ થવું કહે છે. મતલબ પત્ની સાથે સંભોગ કરી લે, અથવા ચુંબન કરી પ્રેમ દર્શાવે, જેના દ્વારા આ વાત સાબિત થાય છે કે પતિ પોતાની પત્નીને સ્વીકારી ચૂક્યો છે. બીજા વખત નિકાહ પઢવાની જરૂરત નથી.

પરંતુ જો ઇદ્દતનો સમય (ત્રણ માસ) ખતમ થઈ જશે તો પછી આ સ્ત્રી પતિથી અલગ થઈ જશે. પછી ફરી વખત પતિ-પત્નીને ભેગા થવા માટે ફરીથી નિકાહ પઢવા પડશે. બીજી મહેર પણ આપવી પડશે. અન્ય લોકો પણ આ સ્ત્રીને પત્ની બનાવવા નિકાહનો સંદેશો મોકલી શકે છે. તેનો આ અગાઉનો પતિ પણ આ સંદેશો મોકલનારાઓમાંનો એક ગણાશે. તલાકમાં સ્ત્રીઓની ગવાહી જાઈઝ નથી. બીજી વાત જ્યાં સુધી સ્ત્રી ઇદ્દતમાં છે ત્યાં સુધી જેણે તલાક આપી છે તે પતિ ઉપર સ્ત્રી માટે રહેઠાણ અને ખાવા-પીવાની વ્યવસ્થા કરવાનું વાજીબ છે. ઉપરાંત ઇદ્દતની મુદ્દત (ત્રણ માસ) પૂરી થતાં સુધી આ બંને એક બીજાના વારીસ પણ ગણાશે. મતલબ એકબીજાના વારીસ બનશે.

 amillibrary.com

## પ્રકરણ-૧૫ : ઇસ્લામના તરીકા પ્રમાણેની આ તલાકના વિષયમાં મઅસુમીનની થોડીક હદીસો

**(૧) કાસિમ બિન મોહંમદ જાહરીએ અલી બિન અબી હમઝાથી રિવાયત કરી છે કે**

ઇમામ જઅફર સાદીક (અલ.) એ ફરમાવ્યું સુન્નત તરીકા સિવાયની કોઈ તલાક નથી. એક વખત અબ્દુલ્લાહ બિન ઉમરે પોતાની પત્નીને એક મજલિસમાં ત્રણ તલાક આપી દીધી. તે વખતે તેની પત્ની હાએઝા (માસિકમાં) પણ હતી. ત્યારે આપ (સલ.) એ તેની તલાકને રદ કરી દીધી અને ફરમાવ્યું “જે વાત કિતાબે ખુદાની વિરુદ્ધ હોય તેને કિતાબે ખુદા તરફ પલટવું જોઈએ.” મતલબ કિતાબે ખુદા વિરુદ્ધના અમલને રદ કરી તે અમલને કિતાબે ખુદા પ્રમાણે સુધારવો જોઈએ.

(૨) હમ્માદે હલબીથી અને તેમણે હઝરત ઇમામ જઅફર સાદીક (અલ.)થી રિવાયત કરી છે કે હઝરતને પુછવામાં આવ્યું કે એક વ્યક્તિએ પોતાની પત્નીને કહ્યું કે "જો હું તારા ઉપર શોક્ય (બીજી પત્ની) લાવું અથવા તને છોડીને હું બીજી સ્ત્રી પાસે રાત પસાર કરું તો તને તલાક છે." તો ઇમામ (અલ.) એ ફરમાવ્યું કે આ બાબતમાં પેગંબરે ઇસ્લામ (સલ.)નો ઇરશાદ છે :

"જે વ્યક્તિ કિતાબે ખુદા સિવાય કોઈ બીજી શરત કરે તો આ શરત ન તેના વિરુદ્ધ જાઈઝ છે અને ન તેના માટે જાઈઝ છે કે આવી ગલત શરત ઉપર અમલ કરે" મતલબ આવી-આવા પ્રકારની કોઈ પણ શરત જ બાતીલ છે.

કોઈએ આપને પુછ્યું "યા ફરઝંદે રસૂલ ! એક વ્યક્તિ કહે છે કે જ્યાં સુધી મારી મા જીવતી છે. હું જે સ્ત્રી સાથે શાદી કરું તેને તલાક."

આપે ફરમાવ્યું "નિકાહથી અગાઉ કોઈ તલાક નથી. અને ગુલામીથી પહેલાં કોઈ આઝાદી નથી."

(૩) નઝર બિન સોવેદ અબ્દુલ્લાહ બિન સનાનથી રિવાયત કરે છે કે તેમણે ઇમામ જઅફર સાદીક (અલ.)થી રિવાયત વર્ણવી છે "એક વ્યક્તિએ પોતાની પત્નીને કહ્યું કે જો હું અંગુરનો અર્ક (દ્રાક્ષમાંથી કાઢેલો રસ) હલાલ કે હરામ (હરામથી મતલબ આ રસનો દારૂ પણ બને છ) મરતાં સુધી પીવું તો તને તલાક અને મારા બધા ગુલામ આઝાદ."

ઇમામે ફરમાવ્યું "હરામની તો નજીક પણ ન જાય, અગર સોગંદ લીધા હોય કે ન લીધા હોય. (હરામ કાર્ય (શરાબ) હરામ જ છે. તેના માટે કોઈ કસમ ખાવાની જરૂર નથી.) પરંતુ અંગુરના અર્ક માટે આવી કસમ ખાવી જાઈઝ નથી. અલ્લાહે જે

વસ્તુ હલાલ ફરમાવી છે. તેને હરામ કરવાનો તેને શું હક છે ? શું તમે અલ્લાહ તઆલાનો આ ઇરશાદ નથી સમજ્યો.

**"યા અય્યોહન્નબીય્યો લેમઅ્ તોહર્રેમો માઅહલલલ્લાહો લકઅ્ તબ્તગી મરઝાતઅ્ અઝવાજેકઅ્"**

(સુરએ તહરીમ આયત નં. ૧)

**અર્થાત્** : "અય રસૂલ ! જે ચીજ ખુદાએ તમારા માટે હલાલ કરી છે. તમે તેનાથી તમારી બીવીઓની ખુશી માટે શા માટે દૂર રહો છો ?" (સુરએ તહરીમ તફસીર સાથે વાંચી જવા વિનંતી)

અલ્લાહતઆલા ફરમાવે છે કે અય નબી ! તમે શા માટે તે વસ્તુને તમારા ઉપર હરામ કરો છો. જેને અલ્લાહતઆલાએ તમારા માટે હલાલ કરી છે. તો હલાલને હરામ કરવા કે હરામને હલાલ કરવા માટેની કોઈ કસમ જાઈઝ નથી. ન તો

પોતાના સગાંવહાલાંઓ સાથેના સંબંધો કાપી નાખવા અંગેની કસમ જાઈઝ છે. (કેટલાક લોકો જહાલતમાં કોઈની સાથે સંબંધ ન રાખવા માટે પણ આવી કસમ ખાય છે. આવી કસમ પણ બાતીલ છે. નકામી છે. સંબંધ રખાય.)

(૪) મોહંમદ બિન મુસ્લિમે હઝરત ઇમામ મોહંમદ બાકિર (અલ.)થી રીવાયત કરી છે. આપે ફરમાવ્યું "એક વ્યક્તિએ અમીરૂલ મોઅમેનીન અલી ઈબ્ને અબી તાલિબ (અલ.)ની મજલિસમાંથી ઊભા થઈને કહ્યું "મેં મારી પત્નીને ગવાહો વગર ત્રણ તલાકો (જેને તલાકે ઇદ્દહ પણ કહેવાય છે) આપી દીધી છે." આપે ફરમાવ્યું "તારી તલાક કોઈ તલાક નથી. તારી પત્ની પાસે પાછો જા, અને ખબરદાર ! ઝબરદસ્તી કે બળજબરી દ્વારા અપાયેલી તલાક પણ તલાક ગણાશે નહિ. ઉપરાંત નશો કરેલી હાલતમાં, ગુસ્સાની હાલતમાં તથા કોઈપણ

પ્રકારની કસમ દ્વારા અપાયેલી તલાક પણ બાતિલ ગણાશે. મતલબ તલાક પડશે નહિ.

(૫) અમીરૂલ મોઅમેનીનની સેવામાં એક વ્યક્તિ આવ્યો. તેણે અરજ કરી કે યા અમીરૂલ મોઅમેનીન! મેં મારી પત્નીને તલાક આપી દીધી છે. આપે પુછ્યું તારી પાસે આ બાબતના ગવાહ છે? તેણે કહ્યું “નહીં” આપે ફરમાવ્યું “તો પછી ચાલ્યો જા.”

(૬) હઝરત ઇમામ મોહંમદ બાકિર (અલ.)એ ફરમાવ્યું જો હું લોકોનો વાલી બન્યો હોત તો હું તેમને તલાકની તાલીમ આપત, સમજાવત કે તેઓએ પત્નીને કેવી રીતે તલાક આપવી જોઈએ. પછી પણ કોઈ વ્યક્તિ પકડાઈ જાત કે તેણે સુન્નતના વિરુદ્ધ તલાક આપી છે. તો હું તેની પીઠ ઉપર મારપીટ કરત. તેથી જો કોઈ વ્યક્તિ સુન્નતના સિવાય બીજી કોઈ ગલત પદ્ધતિથી તલાક આપે

તેને કીતાબે ખુદા તરફ પાછા વાળવું જોઈએ. ભલે પછી તેની ગમે તેટલી બેઈઝ્ઝતી કેમ ન થાય.

(૭) સમાઆએ હઝરત ઇમામ જઅફર સાદીક (અલ.)ને તલાક પામેલી સ્ત્રી બાબત પ્રશ્ન કર્યો કે તે પોતાની ઇદ્દતની મુદ્દત કયાં પસાર કરે ? આપે ફરમાવ્યું કે પતિના જ ઘરમાં રહે, બહાર ન જાય. જો તે ઝિયારત (મદીના, નજફ, કુમ, મશહદ, જયાં આપણા માસુમીનની આરામગાહો છે. ત્યાના સ્થાનિક રહેવાસીઓને લાગુ પડે છે.) કરવાનો ઇરાદો કરે તો અડધી રાત પહેલાં નીકળી જાય અને અડધી રાત પછી પાછી આવી જાય. દિવસ દરમિયાન બહાર ન નીકળે, અને જ્યાં સુધી તેની ઇદ્દત પૂરી ન થઈ જાય, હજ માટે જવું જાઈઝ નથી.

(૮) હઝરત ઇમામ જઅફર સાદીક (અલ.)થી અલ્લાહતઆલાના આ હુકમ બાબત પુછવામાં આવ્યું. જેમાં અલ્લાહતઆલાનો ઇરશાદ છે.

 amillibrary.com

**“યા અય્યોહન્નબીય્યો ઇઝા તલ્લકતોમુન્નીસાઅ ફતલ્લેકુ હુન્નઅ્ લેઈદ્દતેહીન્નઅ્ વઅહસુલ ઇદ્દત, વત્તકુલ્લાહઅ્ રબ્બકુમ, લાતુખ્રેજુહુન્નઅ્ મિમ બોયુતેહીન્નઅ્ વલાયખરૂજ્ન ઇલ્લા અંય્યાઅ્તીનઅ્ બેફાહેશતીમ મોબય્યેનહ.”** (તલાક જો કે ઇસ્લામમાં જાઇઝ છે. પરંતુ ઘણો જ નાપસંદ અમલ છે. પેગંબરે ઇસ્લામે તલાકને જાઈઝ પરંતુ ઘણો જ નાપસંદ અમલ કહ્યો છે. જ્યારે પતિ-પત્ની વચ્ચે મેળમેળાપ થવાની શક્યતા જ ન દેખાતી હોય. તેવા સમયમાં પરાણે પતિ-પત્ની બની રહેવું. દીલની ઇચ્છા વગર પતિ-પત્ની બની રહીને હીઝરાયા કરવું, બોજરૂપ જિંદગી જીવ્યા કરવું બેહતર નથી. ઇસ્લામે જો તેને જાઈઝ અમલ ન ઠરાવ્યો હોત તો મોટામોટા અકસ્માત સર્જાવાની શક્યતા હતી. જેવી રીતે કે જે ધર્મોમાં તલાક નથી તેઓ એક બીજાને મારી નખાવે છે. સળગાવી દે છે.

વગેરે વગેરે. તેથી બીજી કોમો જેમના ધર્મમાં તલાક નથી. તેમણે પણ કેટલીક વખત ઇસ્લામના આ મસઅલા ઉપર મજબૂરીની હાલતમાં અમલ કર્યો છે. પરંતુ આ જાઈઝ અમલમાં એવી એવી શરતો છે અલ્લાહના ફઝલથી શક્ય હોય ત્યાં સુધી તો તલાકની પરિસ્થિતિ ટાળી શકાય છે. દૃષ્ટાંતરૂપે પુરુષ બાલિગ, અક્કલ સલામત હોય પોતાના ઇરાદા અને ઇખ્તિયારથી તલાક આપે તે પણ બે આદિલ ગવાહોની રૂબરૂ જ તલાક આપે, સાથે સાથે પત્ની તે દિવસોમાં હૈઝ કે નિફ્રાસ બંનેથી પાક હોય વગેરે વગેરે. જો વળી તલાકની પરિસ્થિતિ પેદા થઈ પણ ગઈ ઉપરોક્ત બધી જ શરતો ઉપર અમલ થઈ ગયો તો પણ કોઈનો હક ગુમાવવાની પરિસ્થિતિ પેદા ન થાય. તલાક પછી ઇદ્દત એટલા માટે છે કે કદાચ બંનેને અથવા બંનેમાંથી એકને પસ્તાવો થાય અને ફરીથી સંસાર શરૂ કરવાની

શક્યતા નીકળી આવે. જેથી કુટુંબ બરબાદ ન થાય. બાળકો યતીમ ન થાય. ઇદ્દતનો બીજો ફાયદો નસલ-વંશમાં ગરબદ ન ઊભી થઈ જાય. ઇદ્દતના 3 માસ દરમિયાન સ્ત્રીને 3 માસિક આવી જાય અથવા હમલ હોવાની પરિસ્થિતિમાં તેની ઇદ્દત બચ્ચુ જન્મે ત્યાં સુધીની ગણાશે. આમ શરીઅતે પાકના હુકમો આપણા ચેનસૂકૂન માટે છે.)

(સુરએ તલાક આયત નં. ૧)

અય રસુલ ! મુસલમાનોને કહી દો કે જ્યારે તમે તમારી પત્નીઓને તલાક આપો તો તેમની પાકીના સમયમાં તલાક આપો. ઇદ્દતના સમયની ગણતરી રાખો. અને તમારા પરવરદિગારથી ડરતા રહો. અને ઇદ્દતના દિવસોમાં તેમના ઘરમાંથી તેમને બહાર ન કાઢી મૂકો તેઓ સ્વયં-પોતે પણ ઘરની બહાર ન જાય. સિવાય કે તેમણે કોઈ ખુલ્લી બેહયાઈનું કૃત્ય કર્યું હોય.

(૯) મોહંમદ બિન હસન સફ્ફાર (રઝિ.)એ હઝરત અબી મોહંમદ બિન હસન બિન અલી (અલ.)ને પત્ર લખી જણાવ્યું કે :

એક સ્ત્રીને તેના પતિએ તલાક આપી દીધી છે. પરંતુ તે તેની ઇદ્દતના સમય દરમિયાન તેને ખાધા-ખોરાકીનો ખર્ચ પણ આપતો નથી. તે સ્ત્રી મોહતાજ છે. શું એના માટે આ બાબત જાઈઝ છે કે તે પોતાના ઘરની બહાર નીકળી કંઈક કામકાજ કરે, જેના માટે તેણે બીજા સ્થળે રાત પણ ગુજારવી પડે.”

તો જવાબ આપ્યો કે “જ્યારે અલ્લાહતઆલાને તેનું વર્ણન સાચું હોવાનું ઇલ્મ છે. તો તેમ કરવામાં કંઈ વાંધો નથી મતલબ ઘર છોડી કામકાજ માટે જઈ શકે છે.”

(મલ્લા યહઝરહુલ ફકીહમાંથી શેખ સદુક અલયહેરહમત)

# પ્રકરણ-૧૬ : તલાકે ઇદ્દહ (ત્રણ તલાક)

તલાકે ઇદ્દહની (ઇદ્દહ શબ્દને ઈદ્દત પણ બોલી શકાય છે) (ત્રણ તલાકોની) પદ્ધતિ આ છે કે જ્યારે પુરુષ ઇરાદો કરે કે તે પોતાની પત્નીને તલાક આપવા ઇચ્છે છે. તો નીચેની ત્રણ શરતો સાથે (એક) (જો કે અહીં એક શબ્દ લખવાની જરૂર નથી. એક બેઠકમાં વ્યક્તિ ગમે તેટલા વખત તલાક શબ્દનું ઉચ્ચારણ કરે. એક જ તલાક પડશે. છતાંય મેં લખ્યું છે.) તલાક આપે.

**(૧) ઓરત હૈઝ કે નિફાસથી પાક હોય.**

**(૨) પાકીના આ સમયમાં પતિએ તેની સાથે સંભોગ ન કર્યો હોય.**

**(૩) બે આદિલ ગવાહોની રૂબરૂમાં તલાક આપે.**

ત્યાર બાદ તેજ દિવસે (જે દિવસે તલાક આપી છે) અથવા બીજા ગમે તે દિવસે પરંતુ હૈઝ

(માસિક) આવતાં પહેલાં પત્નીને રૂજૂઅ કરે. આ રૂજૂઅ કરવા પર કોઈ એક વ્યક્તિને ગવાહ બનાવી લે, કહે કે તું ગવાહ રહેજે મારી પત્નીને હું ફરીથી પત્ની તરીકે સ્થાપિત કરું છું. આ રીતે પત્નીનો માસિક આવતાં સુધી પત્ની બનાવી રાખે. માસિક આવી જાય અને તે પાક થઈ જાય, ત્યારે પછી તેની સાથે સંભોગ કર્યા વગર તેને બીજી તલાક આપે. તે બાબત પણ કોઈને ગવાહ બનાવી લે. પછી તેને હૈઝ આવતાં પહેલાં જ્યારે પણ ઇચ્છે રૂજૂઅ કરી શકે છે. તેની સાથે સંભોગ કરી શકે છે. આ રૂજૂઅ ઉપર પણ એક ગવાહ બનાવી લે. બીજું હૈઝ આવતાં સુધી તેની સાથે રહે.

પછી જ્યારે તેને બીજું હૈઝ આવી જાય અને સ્ત્રી પાક થઈ જાય. ત્યારે પાકીની હાલતમાં તેની સાથે સંભોગ કર્યા વગર ત્રીજી તલાક આપે. આ તલાક પણ બે ગવાહોની રૂબરૂ આપે.

ઉપર પ્રમાણે ત્રણ તલાક આપશે. ત્યારે પત્ની તેનાથી અલગ થઈ જશે. તેઓ પતિ પત્ની રહેશે નહિં. સ્ત્રી તે પુરુષ માટે હરામ થઈ ગઈ.

**કેટલીક સમજૂતિ :**

રૂજૂઅ – મતબલ પ્રથમ અને બીજી તલાક પછી પત્નીને ફરીથી પત્ની તરીકે સ્વીકારવાની ઓછામાં ઓછી શરત આ છે કે પતિ પત્નીને ચુંબન કરે. અથવા કહે કે હું તલાકને રદ કરું છું. તો તે રૂજૂઅ થઈ ગયો. (સંભોગ કરી શકતો હોય તો તે રૂજૂઅ થઈ જાય છે. પરંતુ કોઈ બીમારી કે કામકાજ કે અન્ય કોઈ કારણ અથવા વૃદ્ધાવસ્થા જેવી પરિસ્થિતિ હોય તો ચુંબન રૂજૂઅ માટે કાફી છે.)

બંને ફરીથી પતિ-પત્ની બની ગયાં.

ગવાહ વગર રૂજૂઅ જાઈઝ છે. જેવી રીતે ગવાહ વગર નિકાહ જાઈઝ છે. પરંતુ ગવાહ વગર રૂજૂઅ મકરૂહ છે. (મકરૂહ એટલે નાપસંદ. ઘણીબધી

મકરૂહ બાબતો આપણાથી થઈ જતી હોય છે. મતલબ મકરૂહ હરામ નથી. રૂજૂઅ કરતી વખતે ગવાહ મળી જાય તો ઠીક છે. બેહતર છે. ન મળે તો પણ ગવાહ વગર રૂજૂઅ કરી શકાય છે.)

આ રીતે ત્રણ તલાક આપતાં બંને સદંતર છુટાં થઈ જશે.

ત્રણ તલાક પડી ગયા પછી ફરીથી તે સ્ત્રી શરીઅતના હુકમ પ્રમાણેની પોતાના આગલા પતિના નિકાહમાં કયા સંજોગોમાં આવી શકે ?

અમારા ઉપરના વર્ણન મુજબ શરીઅતેપાકના હુકમ પ્રમાણે એક પછી એક ત્રણ તલાક પડી ગયા બાદ તે સ્ત્રી બીજા કોઈ પુરુષ સાથે નિકાહ કરે તે તેને પત્ની તરીકે રાખે. પછી તે તેને શરીઅત મુજબ તલાકે ઇદ્દા અર્થાત્ ત્રણ તલાક ઉપર પ્રમાણેના વર્ણન મુજબની આપે. અથવા મૃત્યુ પામે. પછી જો આ સ્ત્રીનો પહેલો પતિ તેણી સાથે

ફરીથી ઘર માંડવા ઇચ્છે તો ફરીથી નિકાહ પઢી તે સ્ત્રીને પોતાની પત્ની બનાવી શકે છે.

**બીજા વખત તે જ પતિ સાથે નિકાહ જાઈઝ થવાની જરૂરી શરતો**

(૧) બીજો પતિ આ સ્ત્રીથી દાએમી નિકાહ કરે. મતલબ નિય્યત નિકાહે દાએમીની જ હોય.

(૨) બીજો પતિ મુતઅહ (ગૈર દાએમી નિકાહ) કરે અને મુતઅહની મુદ્દત પુરી થઈ જાય. અથવા તે પતિ મરી જાય તો પણ આ સ્ત્રી પોતાના આગલા પતિ માટે હલાલ બનશે નહિ. કારણ કે આ સ્ત્રી દાએમી નિકાહમાંથી નીકળી હતી જેથી બીજા વખત દાએમી નિકાહ પઢવા જરૂરી છે.

(૩) બીજા પતિએ આ સ્ત્રીથી દાએમી નિકાહ પઢી, તેની સાથે સંભોગ કરવું જરૂરી છે. પત્નીથી લુત્ફ ઉઠાવવું જરૂરી છે. આ લુત્ફ દુખુલ દ્વારા (સંભોગ કરીને) ઉઠાવવો જરૂરી છે. જો બીજો પતિ દુખુલ

કર્યા વગર તલાકે ઇદ્દા ત્રણ તલાક આપી દે અથવા દુખુલ કરતાં અગાઉ મૃત્યુ પામે, તે સ્ત્રી તેની ઇદ્દતનો સમય પણ ગુજારે તો પણ આ સ્ત્રી તેના આગલા પતિ માટે હલાલ બનશે નહિ.

(૪) જો કોઈ ગુલામ પણ આવી ત્રણ તલાકવાળી સ્ત્રીની સાથે નિકાહ કરે તો તે નિકાહ જાઈઝ છે. ઉપરની શરતો પ્રમાણે દુખુલ (સંભોગ) કરી શરીઅતના હુકમ મુજબ તલાકે ઇદ્દા-ત્રણ તલાક આપે ત્યારબાદ તેનો પ્રથમ પતિ તેની સાથે નિકાહ પઢી શકે છે.

(૫) જો કોઈ વ્યક્તિ પોતાની પત્નીને તલાકે ઇદ્દા-ત્રણ તલાક આપે. પછી આ સ્ત્રી કોઈ બીજા પુરુષ સાથે નિકાહ કરે પછી તે પણ તેને તલાકે ઇદ્દા-ત્રણ તલાક આપે. ત્યાર પછી તેનો પહેલો પતિ તેનાથી નિકાહ કરે. પછી તે તેને તલાકે ઇદ્દા-ત્રણ તલાક આપી દે. પછી આ સ્ત્રી બીજા કોઈ પુરુષ સાથે

નિકાહ કરે, તે પણ તેને તલાક આપે. હવે તેનો પ્રથમ પતિ નિકાહ કરે પછી તે પણ તેને ત્રણ તલાક-તલાકે ઇદ્દા આપે તો હવે આ સ્ત્રી પોતાના પ્રથમ પતિ માટે હલાલ બનશે નહિ. કારણ કે નવ તલાક પડી ચૂક્યા છે. જેથી તે કદીપણ પોતાના પ્રથમ પતિથી નિકાહ કરી શકશે નહિ.

ઉપરોક્ત વાત સમજવા માટે ઘણી જ અટપટી છે. પરંતુ એટલું સમજી લો કે પ્રથમ પતિ પોતાની પત્નીને ત્રણ વખત શરીઅત પ્રમાણે નિકાહમાં લાવી ચૂક્યો છે. અને ત્રણ વખત તલાકે ઇદ્દા - ત્રણ તલાક શરીઅતના હુકમ પ્રમાણે આપી ચૂક્યો છે. મતલબ તેના પ્રથમ પતિથી આ સ્ત્રીને નવ તલાક શરીઅતના હુકમ પ્રમાણે થઈ ગઈ છે. જેથી તે હવે હંમેશ માટે પોતાના પ્રથમ પતિ માટે હરામ થઈ ગઈ.

(૬) આ બધી જ તલાકો જે ૧ થી ૫ નંબરમાં વર્ણન થઈ છે તે શરીઅત મુજબની હોવી જોઈએ જેનું વર્ણન અમે તલાકે ઇદ્દહ – ત્રણ તલાકના મથાળા હેઠળ કરી ચૂક્યા છીએ.

(૭) નંબર ૫માં જે તલાકે ઈદ્દાની વાત છે. તે દરેક તલાક વખતે સ્ત્રી હૈઝથી પાક હોય અને પાકિની હાલતમાં પતિ દ્વારા સંભોગ કર્યા વગર તલાક આપવામાં આવી હોય. આ મુખ્ય શરત છે. જેને આપણે શરીઅતે પાકના હુકમ મુજબની તલાક કહીએ છીએ.

(મલ્લા યહઝરહુલ ફકીયાહમાંથી શોખ સદૂક અલયહે રહમત)

## પ્રકરણ-૧૭ : ત્રણ તલાક બાબત મઅસુમીનની થોડીક હદીસો

(૧) મુફઝ્ઝલ બિન સાલેહે હલબીથી, તેમણે ઇમામ જઅફર સાદીક (અલ.)થી રીવાયત કરી છે કે મેં હઝરતથી અલ્લાહતઆલાના આ કોલના અનુસંધાનમાં સાંભળ્યું.

**વ ઇઝા તલ્લકતોમુન્નિસાઅ્ ફબલગ્ન અઝઅ્લહુન્ન ફઅમસેકુહુન્ન બેમઅ્રૂફીન અવસર્રેહુહુન્ન બેમઅરૂફીન વલા તુમસેકુહુન્ન ઝેરારલ લેતઅ્તદુ વમંયફઅલ ઝાલેકઅ્ ફકદ ઝલમઅ્ નફસહુ વલા તત્તખેઝુ આયાતીલ્લાહે હોઝુવન વઝકોરૂ નેઅમતલ્લાહે અલયકુમ વમાઅનઝલઅ્ અલયકુમ મિનલકેતાબે વલહીકમતે યએઝોકુમ બેહી વત્તકુલ્લાહઅ્ વઅ્લમુ અન્નલ્લાહમ્ બેકુલ્લે શયઈન અલીમ**

(સુરા બકરહ આયત નં. ૨૩૧)

**અર્થાત્** : “અને જયારે તમે સ્ત્રીઓને તલાક આપો પછી તેઓ પોતાની ઇદ્દત પૂર્ણ કરવાની નજીક જઈ પહોંચે, ત્યારે અગર તો વાજબી રીતે તેઓને રોકી લો અથવા તેઓ સાથે હુસ્નસૂલૂકથી વર્તી રવાના કરો. અને તેમને તકલીફ પહોંચાડવાના હેતુસર રોકો નહિ. કે જેથી તમે અત્યાચારી બનો, અને જે એમ કરશે તેણે ખરેખર પોતાના ઉપર ઝુલમ કર્યો. અને અલ્લાહની આયતોને હસી કાઢો નહિ. અલ્લાહે જે નેઅમતો તમને અર્પણ કરી છે તે અને જે કિતાબ તથા હિકમત તમારા ઉપર ઊતાર્યાં છે. તે યાદ કરતા રહો. તમને તેના દ્વારા તે શિખામણ આપે છે. અને અલ્લાહથી ડરો અને જાણી લો કે અલ્લાહ દરેક વસ્તુની જાણકારી ધરાવે છે.”

ઇમામે આ આયત તીલાવત ફરમાવીને સમજાવ્યું કે આનો મતલબ આ છે કે એક વ્યક્તિએ

પોતાની પત્નીને તલાક આપી પછી તેની ઇદ્દતની મુદ્દત પૂર્ણ થવા આવી ત્યારે તેને તકલીફ આપવાના હેતુથી રૂજૂઅ કરી લીધું. મતલબ અપનાવી લીધી. (એનો તલાક આપવાનો ઇરાદો તો હતો જ.) પછી પાછી તલાક આપી દીધી. ફરી ઇદ્દતની મુદ્દત પૂર્ણ થવા આવી અને રૂજૂઅ કર્યું. (જે કે તેનો ઇરાદો તો તેને કાઢી મૂકવાનો જ હતો.) આ રીતે ત્રણ વખત કર્યું તો અલ્લાહ આ રીતની ફક્ત હેરાનગતિ કરવાની નિય્યતથી મોડું કરી કરીને, રોકી રોકીને તલાક આપવાથી મના ફરમાવ્યું.

ચઆ તરીકો જાઈઝ હોવા સાથે તમારી નિય્યતમાં ખોટ હોવાથી તમે ઝાલીમ બનો છો. જે અલ્લાહને પસંદ નથી. અલ્લાહ ફરમાવે છે કે એક વખત તલાક આપ્યા પછી તેમે રૂજૂઅ કરો તો એ રીતે રૂજૂઅ કરો કે તેને સંપૂર્ણ માફ કરીને પત્ની બનાવવાના જ હેતુસર સ્વીકારી છે. જેવી રીતે તમે

તેની સાથે પ્રથમ નિકાહ પઢ્યા હતા અને પત્ની બનાવી હતી.

(૨) બઝનતીએ અબ્દુલ કરીમ બિન અમરૂથી તેમણે હસન બિન ઝિયાદથી તેમણે ઇમામ જઅફર સાદીક (અલ.)થી રીવાયત કરી છે કે આપે ફરમાવ્યું :

"કોઈ વ્યક્તિ માટે આ જાઈઝ નથી કે તે પોતાની પત્નીને તલાક આપે. પછી તેની તરફ રૂજૂઅ કરે, પરંતુ તેને તેની જરૂરત જ ન હોય, ફક્ત તકલીફ પહોંચાડવાનો મકસદ હોય. પછી તેને તલાક આપે. આવી તકલીફ આપવાથી અલ્લાહે મના ફરમાવ્યું છે, પરંતુ જો તલાક આપે અને પછી તેને રૂજૂઅ કરે તો તેને પત્ની તરીકે રાખવાની નિય્યતથી."

(૩) કાસિમ બિન સહહાફે રિવાયત કરી છે કે મોહંમદ બિન સનાને

હઝરત ઇમામ અબુલ હસન અલી ઇબ્ને મુસા રઝા (અલ. )ની પાસેથી કેટલાક મસઅલા જાણવા માટે પત્ર લખ્યો. તેના ઉત્તરમાં ઇમામે લખીને મોકલ્યું. જવાબ આપ્યો.

ત્રણ તલાકનું કારણ આ છે કે એક તલાકથી ત્રણ તલાક સુધીની મોહલત છે કે કદાચ પુરુષને આ સ્ત્રી સાથે ફરીથી લગાવ પેદા થઈ જાય. અથવા પુરુષ જો પત્ની પ્રત્યે ગુસ્સામાં છે તો તે ગુસ્સો ઠંડો પડી જાય. સાથે આ મોહલત પત્નીઓ માટે પણ એક પ્રકારની ડાંટડપટ છે. શિક્ષા છે. જેથી તેઓ પોતાના પતિઓની નાફરમાનીથી દૂર રહે. તેને ભાન થાય કે પ્રથમ તલાક અને રૂજૂઅ પછી પણ જો તે આવી જ રહેશે. પોતાની વર્તણુંક નહીં સુધારે તો પુરુષથી અલગ થઈ જવું પડશે. તેથી તેઓ માટે પતિની નાફરમાની યોગ્ય નથી. અને નવ તલાક પછી ઓરતનું હરામ થઈ જવું. પછી કદી હલાલ

થવાની શક્યતા ન હોવું. જેથી પુરુષ ન તલાકને રમત વાત સમજે, ન સ્ત્રીને મઅમૂલી સમજે કે જ્યારે ઇચ્છે ત્યારે તલાક આપે અને જ્યારે ઇચ્છે ત્યારે પત્ની બનાવી લે. જેથી તે પોતાના કાર્યોને ખુલ્લી આંખે-જાગૃત બનીને બોધપાઠરૂપ સમજે. જાણી લે કે નવ તલાકો પછી બંને એકબીજાને મળવાથી માયુસ થઈ જશે.

(૪) અલી બિન હસન બિન અલી બિન ફુઝ્ઝાલે પોતાના પિતાથી રિવાયત નકલ ફરમાવી છે કે તેમનું વર્ણન છે કે એક વખત મેં હઝરત ઇમામ રઝા (અલ.)ને પુછ્યું કે ત્રણ તલાક પછી સ્ત્રી પોતાના પતિ માટે ત્યાં સુધી હલાલ નથી થતી, જ્યાં સુધી કોઈ બીજો પુરુષ તેની સાથે નિકાહ ન કરે. આપે ફરમાવ્યું :

"અલ્લાહતઆલાએ બે વખત તલાક આપવાની છૂટ આપી છે. અલ્લાહતઆલા ફરમાવે છે કે :

**અત્તલાકો મર્રતાને ફઈમ્સાકુમ બેમઅરૂફીન અવતસરીહુમ બેએહસાનીન, વલા યહીલ્લો લકુમ અનતાઅ્ખોઝુ મિમ્મા આતયતોમુહુન્ન શયઅન અલ્લા અંયખાફા અલ્લા યોકીમા હોદુદલ્લાહે, ફઈન ખિફતુમ અલ્લા યોકીમા હોદુદલ્લાહે, ફલા જોનાહઅ્ અલયહેમા ફીમફતદન બેહી, તિલ્ક હોદુદુલ્લાહે, ફલા તઅ્તદુહા વમંયતઅદ્દ હોદુદલ્લાહે ફઉલાએકા હોમુઝઝાલેમૂન.**

(સુરા બકરહ આયત નં. ૨૨૯)

**અર્થાત્** : તલાકે રજઈ (તલાકે રજઈ એટલે રદ થઈ શકે એવી તલાક જેમાં રૂજૂઅ એટલે ફરીથી પતિ-પત્ની તરીકેના સંબંધો સ્થાપિત કરી શકાય છે.) બે વખત છે. તે પછી તે સ્ત્રીઓને યોગ્ય રીતે

રાખી લેવી. અથવા ભલાઈ (ભલાઈ સાથે – માયાળુપણે ત્યાગ કરવો. અલ્લાહતઆલા ફરમાવે છે બેએહસા નીન... નફરત સાથે ત્યાગ ન કરો. પોતાના બંદાઓને અલ્લાહતઆલા કેટલા બેહતર તરીકાથી કેળવણી આપે છે.) સાથે તેમને જવા દેવી. અને આ તમારા માટે હલાલ નથી કે જે કંઈ તમે તેને આપી ચૂક્યા છો, તેમાંથી કંઈ પાછું લઈ લો. (તોહફો આપ્યો હોય, ભેટમાં કંઈ આપ્યું હોય તે પાછું ન લેવું જોઈએ.) સિવાય એ હાલતમાં કે બન્નેને આ વાતનો ભય હોય કે બંને અલ્લાહની હદના નિયમો ઉપર કાયમ રહી શકશે નહિ.

(અય મુસલમાનો !) પછી જો તમને આ વાતનો ભય હોય કે બંને પક્ષો અલ્લાહની હદો ઉપર કાયમ રહેશે નહિ. તો જો સ્ત્રી પોતાના છુટકારા માટે કાંઈ આપી દે. તો બંને ઉપર કાંઈ દોષ નથી. આ અલ્લાહની હદો છે. જેથી તેને

ઓળંગી જાઓ નહિ. અને જેઓ અલ્લાહની હદો ઓળંગી જાય છે. તેઓ જ ઝુલમગાર છે.

ઉપરોક્ત આયતની તીલાવત પછી ઇમામે ફરમાવ્યું તલાકે રજઈ (રદ થઈ શકે એવી તલાક) બે જ વખત છે. ત્યાર પછી અગર શરીઅતના હુકમ પ્રમાણે રોકી લેવું જોઈએ. અથવા માયાળુપણે ત્રીજી વખત બીલકુલ ત્યાગ કરવો. ત્રીજી તલાક એવી છે કે પુરુષ તે હદમાં દાખલ થઈ ગયો, જેને અલ્લાહ પસંદ કરતો નથી. ત્રીજી તલાક પછી અલ્લાહે ઓરતને પતિ માટે હરામ કરી દીધી. જ્યાં સુધી તે સ્ત્રી કોઈ બીજા પુરુષના નિકાહમાં જાય પછી તે તલાક આપે. (આ બાબત કુદરતી બનવી જોઈએ. નહીં કે સુન્ની બિરાદરીમાં થતો હલાલો. જેમાં પૂર્વ આયોજન કરીને બીજા સાથે નિકાહ પઢાવી એક રાત મોકલવામાં આવે છે. પછી તે પતિ સવારમાં

જ વગર કારણે ત્રણ તલાક એક સાથે આપી દે છે. જેનું વર્ણન પાછળ થઈ ચૂક્યું છે.)

ઈમામે પોતાનું બયાન જારી રાખતાં ફરમાવ્યું : લોકો તલાકને મામૂલી ન સમજે. જેના દ્વારા સ્ત્રીઓને તલાક આપીને તકલીફ આપ્યા કરે. પરેશાન કર્યા કરે. ત્રણ તલાક પામેલી સ્ત્રી પોતાના ત્રીજા હૈઝનું પ્રથમ ટીપું જોશે તે પોતાના પતિથી અલગ થઈ જશે.

(મલ્લા યહઝર હુલ ફકીહ માંથી : શેખ સદુક અલયહે રહમત)

## પ્રકરણ – ૧૮ : કલામે ખુદાની તફસીરમાં તલાક

સુરા બકરહની આયત નં. ૨૨૯ની તફસીરમાં તફસીરૂલ મુત્તકીનના કર્તા અલ્લામા સૈયદ ઈમદાદહુસૈન કાઝીમી મશહદી રહમતુલ્લાહ અલયહ લખે છે કે આયત "અત્તલાકો મર્રતાને...લુગતમાં (ડીક્ષનરીમાં) તલાક શબ્દનો અર્થ કૈદથી છુટા કરવું અથવા છોડી દેવું એમ થાય છે. જ્યારે શરીઅતમાં તલાક એક નિકાહને નાબુદ કરવું એમ કહેવાય છે. અલ્લામા સૈયદ શરીફ જવજાનીએ પોતાની કિતાબ "અત્તારીફાત" માં લખ્યું છે કે ઈસ્લામમાં તલાકની કેટલીક શરતો છે.

(૧) તલાક આપનાર બાલિગ હોય.

(૨) અક્કલવાળો હોય. (અડધા મગજનો ન હોય.)

(3) આઝાદ હોય એટલે બાઇખ્તિયાર હોય કોઈ દબાણમાં ન હોય.

(૪) ઈરાદો કરીને એટલે કે તલાક આપવાની ઈચ્છા સાથે તલાક આપે.

જેથી નાબાલિગ, ગાંડો, મજબુરની તલાક સહી નથી.

(૫) પત્ની કનીઝ ન હોય.

(૬) પત્ની નિકાહ દ્વારા પત્ની બની હોય.

(૭) હૈઝ અને નિફ઼ાસ (પ્રસુતિ પછી આવતું લોહી)થી પાક હોય. કારણ કે હૈઝની હાલતમાં જો તલાક આપવામાં આવશે તો તે દુરસ્ત નથી.

(૮) જે પાકીમાં તલાક આપવામાં આવે તેમાં સંભોગ ન કર્યો હોય.

(૯) પત્ની નિશ્ચિત-નક્કી (એકથી વધુ પત્ની હોય અને અધ્ધર કહે કે હું મારી પત્નીને તલાક આપું છું. તે નહીં ચાલે. નિશ્ચિત કરવામાં આવે મુકર્રર કરવામાં આવે નામ સાથે ઈશારા સાથે) કરવામાં આવે, જેને તલાક આપવાનો ઈરાદો કરે.

(૧૦) તલાકનો સીગો (નક્કી કરેલા શબ્દ પ્રયોગો) અરબી ભાષામાં અદા કરે. અથવા કોઈ આલિમે દીનને વકીલ બનાવી તેના દ્વારા અદા કરાવે.

(૧૧) બે આદિલ સાક્ષીઓની હાજરીમાં તલાક આપવી. તલાકનો સીગો આ પ્રમાણે છે. જાતે તલાક આપતો હોય તો જે સ્ત્રીને તલાક આપવી છે તેના તરફ ઈશારો કરીને કહે "અન્તે તાલેકુન." (હું તને તલાક આપુ છું) જે માણસ અરબી શબ્દપ્રયોગોથી પરિચિત ન હોય તેના માટે "તલાક" જારી કરવું સહી નથી. ઉપરાંત બીજી વાત જે તલાક કાગળ ઉપર લખીને આપવામાં આવે છે. જે કોઈ મુસ્લિમ, બિન મુસ્લિમ દ્વારા લખવામાં આવે છે તેમાં પણ તલાકનો સીગો પતિએ બોલીને શરતો સાથે જીભથી પણ અદા કરવું જરૂરી છે.

(૧૨) તલાક ત્રણ વખત આપવામાં આવે છે. પ્રથમ બે તલાકો "તલાકે રજઈ" કહેવાય છે. તેમાં પતિને

છૂટ છે કે રૂજુઅ કરી લે એટલે પત્નીને સ્વીકારી લે, પાછી પત્ની બનાવી લે. આ રૂજુઅ માટે ઇચ્છા-ઇરાદો પુરતો છે અથવા એવી ક્રિયા દ્વારા સમજી શકાય કે પુરુષ તે સ્ત્રીને પોતાની પત્ની સમજી રહ્યો છે-માની રહ્યો છે. દા.ત. ચુંબન કરી લે, પ્યાર કરી લે વગેરે વગેરે. ત્રીજી તલાક “તલાકે બાઈન” કહેવાય છે. તે જારી કર્યા પછી રૂજુઅનો ઇખ્તિયાર બાકી રહેતો નથી. જ્યાં સુધી કે તે સ્ત્રી કોઈ બીજા પુરુષના નિકાહમાં ન જાય. તેના ઘરમાં આબાદ ન થઈ જાય. પછી તે વ્યક્તિ (બીજો પતિ) મરી જાય અથવા કોઈ કારણ પોતાની મરજીથી - રાજીખુશીથી તેને તલાક આપી દે. ત્યારે તે સ્ત્રી ઈદ્દતનો સમય ગુજાર્યા પછી પ્રથમ પતિ સાથે નિકાહ કરી શકે છે.

**અલ્લાહતઆલનો ઈરશાદ છે કે :**

**વલમોતલ્લાકાતો યતરબ્બસનઅ્ બેઅનફોસેહિન્ન સલાસતઅ્ કોરૂઈન, વલા યહીલ્લો**

**લહુન્ન અંયકતુમ્ન માખલકલ્લાહો ફી અરહામેહીન્ન ઈનકુન્ન યુઅ્મીન્ન બિલ્લાહે વલ્યવમીલ આખિર**

(સુરા બરકહ આયત નં. ૨૨૮)

**અર્થાત્** : અને જે સ્ત્રીઓને તલાક આપવામાં આવી હોય, તેઓ પોતાના ત્રણ હૈઝ આવતાં સુધી (ત્રણ પાકી) બીજા નિકાહ કરવાથી રોકાય રહે. અને જો તે સ્ત્રીઓ ખુદા અને કયામતના દિવસ ઉપર ઈમાન ધરાવતી હોય તો તેમના માટે આ જાઈઝ નથી કે જે કંઈ ખુદાએ તેમના પેટોમાં છે. (હમલ છે) તેને છુપાવે. (મતલબ ન છુપાવે, જાહેર કરી દે.)

આ આયતમાં તલાક પામેલી સ્ત્રીના ઇદ્દતમાં બેસવાનું વર્ણન છે કે તેણે કેટલી મુદ્દત ઇદ્દતમાં રહેવું જોઈએ. તે સ્ત્રી આદતવાળી હોય, કે તેના હૈઝના દિવસોની સંખ્યા એક સરખી હોય. હેઝનું ખુન મુકર્રર સમયમાં આવતું હોય, તો આવી

સ્ત્રીની ઇદ્દતનો સમય ત્રણ તહ્ર છે. ત્રણ માસિક-પાકી તહ્રથી મતલબ બે હૈઝોના દરમ્યાન અટકાવનો સમય છે. પરંતુ જો સ્ત્રી સાહબે આદત (એક સરખા દિવસોની સંખ્યાવાળી) ન હોય, તેના હૈઝનો સમય નક્કી ન હોય તો તેવી સ્ત્રીની તલાકની મુદ્દતે ઇદ્દત ત્રણ માસ ગણાશે. તે આ પરિસ્થિતિમાં કે તલાકવાળી સ્ત્રી સર્ગભા ન હોય કારણ કે સગર્ભાની મુદ્દત તો હમલ પુરો થતાં સુધીની છે. પ્રસુતિ સુધીની. પછી આ સમય થોડો હોય કે વધારે, તેથી તલાકસુદા સ્ત્રીને અલ્લાહ હિદાયત કરે છે કે તે જો હામેલા હોય-સગર્ભા હોય તો પોતાના હમલને છુપાવે નહિ. બલકે જાહેર કરી આપે. આ હુકમો તલાકે રજઈના છે.(તફસીરૂલ મુત્તકીનમાંથી)

## પ્રકરણ ૧૯ : તલાક અંગેના ટૂંકા મસાએલ

**આકા સૈયદ અલી હુસૈન સીસ્તાનીની તવઝીહુલ મસાએલમાંથી**

(૧) પોતાની પત્નિને તલાક આપનાર પતિ બાલિગ, બુદ્ધિવાળો હોય અને પોતાના ઇખ્યિતારથી (મરજીથી) તલાક આપે.

(૨) દબાણ અથવા મજબુરીથી અપાયેલી તલાક બાતિલ છે.

(૩) તલાક આપવાની નિય્યતથી તલાક આપે શોખી કે મજાકથી તલાકનો શીગો પઢે તો તલાક પડશે નહિ.

(૪) જે સ્ત્રીની ઉંમર હજી નવ વર્ષ થઈ નથી. પરંતુ તેની શાદી થઈ ગઈ છે. અને પતિ તલાક આપે તો તેનો કોઈ ઈદ્દો નથી. ભલે પછી પતિએ તેનાથી

સોહબત કરી હોય. તે તલાક પછી તરત જ બીજા નિકાહ કરી શકે છે.

(૫) યાએસા (યાએસા એટલે તે સ્ત્રી જેને માસિક આવતું બંધ થઈ જાય. સામાન્ય રીતે (ઘણે ભાગે) બિન સૈયદ સ્ત્રીઓ ૫૦ વર્ષની ઉમર થતાં યાએસા થઈ જાય છે. પરંતુ સૈયદાણી સ્ત્રીઓ ૬૦ વર્ષની ઉમર પછી યાએસા થાય છે.) સ્ત્રીનો કોઈ ઇદ્દો નથી. પતિએ સોહબત કરી હોય તો પણ તે તલાક પછી તરત જ બીજા નિકાહ કરી શકે છે.

(૬) જે સ્ત્રીને માસિક આવતું નથી. પરંતુ તેની ઉમર એટલી હોય કે તેને માસિક આવવું જોઈએ. તો આવી સ્ત્રીનો તલાકનો ઈદ્દો તલાકના દિવસથી લઈને ત્રણ મહિના સુધી ગણાશે.

(૭) સગર્ભા સ્ત્રીનો ઈદ્દો બાળક પેદા થતાં સુધીનો ગણાશે. અથવા હમલ પડી જાય તો તે દિવસ સુધી ગણાશે.

(૮) તલાકના ઇદ્દાની શરૂઆત તે વખતથી શરૂ થઈ જાય છે. જ્યારે તલાકનો સીગો પઢીને ખતમ કરવામાં આવ્યો હોય.

(૯) જો કોઈ સ્ત્રીને તલાકની ખબર ન પડે કે તેને તલાક આપવામાં આવી છે. ઈદ્દતના દિવસો પસાર થઈ ગયા પછી જાણ થાય કે તેને તલાક આપી દેવામાં આવી છે. તો તે સ્ત્રી માટે ફરીથી ઇદ્દતમાં રહેવું જરૂરી નથી.

(૧૦) જો આઝાદ સ્ત્રીનો પતિ મૃત્યુ પામે તો તેણે ચાર મહિના દસ દિવસ સુધી ઈદ્દતમાં રહેવું જોઈએ. મતલબ બીજા નિકાહ આટલી મુદ્દત સુધી ન કરે. ભલે તે યાએસા હોય તો પણ. અને પતિએ તેનાથી સોહબત ન કરી હોય તો પણ.

(૧૧) જો સ્ત્રી સગર્ભા છે. પતિ મૃત્યુ પામ્યો. તો બાળક જન્મે ત્યાં સુધી ઇદ્દતમાં રહે પરંતુ જો ચાર મહિના અને દસ દિવસ પહેલાં બાળક જન્મી જાય.

તો પણ પતિના મરણના દિવસથી ચાર મહિના અને દસ દિવસ સુધી સબર કરે. આ ઇદ્દાને વફાતનો ઇદ્દો કહે છે.

(૧૨) જો સ્ત્રી પોતાના પતિની વફાતના ઇદ્દમાં છે. જે ચાર મહિના અને દસ દિવસ ગણાય છે. તો તેણે આ સમયમાં રંગીન કપડાં પહેરવાં, સુરમો લગાડવો, મતલબ જે કામો શણગારની ગણત્રીમાં આવે તે હરામ છે.

(તવઝીહુલ મસાઈલ માંથી આકા સૈયદ અલી હુસૈની સીસ્તાની દામતબરકાતોહુમ)

**નોંધ** : સાફ સૂફ રહેવું, સ્નાન કરવું, ચોખ્ખાં કપડાં પહેરવાં, માથું ઓળવું, માથામાં તેલ લગાડવું વગેરે જરૂરી વાતો શણગારની ગણતરીમાં આવશે નહિ. જો સ્ત્રી માથું નહીં સાફ રાખે તો એના વાળ ખરાબ થઈ જશે. તેમાં ચાંદા, ચામડીની બિમારી વગેરે થઈ જશે.

આ જગ્યાએ મેં તલાકે સુન્નત અને તલાકે ઇદ્દત એટલે કે ત્રણ તલાક વિષયમાં વર્ણન કર્યું છે. જેની સમાજને અત્યારે તાતી જરૂર છે. છતાંય તલાકના અન્ય પ્રકારોના મસાએલ જાણવાની પણ ખૂબ જરૂરત છે.

## (૧) તલાકે ગાયબ

જે વ્યક્તિ પોતાના ઘરથી દૂર હોય-મતલબ પત્નીની પાસે ન હોય તેવી વ્યક્તિની તલાક

(૧) હસન બિન મહબૂબે અબી હમઝા સેમાલીથી તેમણે હઝરત ઈમામ મોહંમદ બાકિર (અલ.)થી રિવાયત કરી છે

તેમનું વર્ણન છે કે મેં હઝરતને પુછ્યું કે એક માણસે બીજા માણસને કહ્યું “અય ફલાં તું મારી પત્નીને તલાક લખી આપ, અથવા મારા ગુલામને લખી દે કે તે આઝાદ છે. તો શું બીજાના લખવાથી પેલી સ્ત્રીને તલાક થઈ જશે ? અથવા પેલો ગુલામ આઝાદ થઈ જશે ?

**ઈમામે ફરમાવ્યું** : તલાક અથવા આઝાદી ત્યાં સુધી નહીં થઈ શકે જ્યાં સુધી તે વ્યક્તિ

તલાકના ઈરાદાથી પોતાની પત્નીની રૂબરૂ ન કહે અથવા આઝાદીના ઈરાદાથી ગુલામને તેની સમક્ષ ન કહે અથવા પોતાના હાથ વડે તલાક કે અઝાદી અંગેનું લખાણ ન લખે. જે લખાણ મહિનાઓ (તારીખ વાર સાથે. તારીખ વાર યાદ ન હોય તો મહિનો તો લખે જ. આ તે જમાનાની વાત છે. જ્યારે તારીખીયાં, કેલેન્ડરો, ઘડિયાળો વગેરેનો રિવાજ નહીંવત હતો. હવે તો ઘણી આસાનીથી બધું જ પ્રાપ્ય છે.) અને ગવાહો સાથે લખવામાં આવ્યું હોય. જ્યારે કે તે વ્યક્તિ પોતાની પત્નીથી ગાયબ હોય. જે ગાયબ વ્યક્તિનો પોતાની પત્નીને તલાક આપવાનો ઈરાદો હોય, તો તેના ઘરથી દૂર-ગાયબ રહેવાનો સમય વધુમાં પાંચ અથવા છ માસ, અથવા દરમ્યાની ત્રણ માસ અથવા ઓછામાં ઓછો સમય એક મહિનો હોય.

ઉપરોક્ત હદીસમાંથી નીચેના મુદ્દા તારવી શકાય છે.

**પત્નીથી દૂર રહેતા વ્યક્તિને તલાક આપવા માટે ૪ શરતો છે.**

- ગેરહાજર વ્યક્તિ તલાક નામું જાતે લખે.
- તેમાં તારીખ, વાર, મહિનો વગેરેનો ઉલ્લેખ કરે.
- ગવાહોની સામે લખી તેમની સહી કરાવે. (ઓછામાં ઓછા બે ગવાહો)
- વધુમાં વધુ છ માસથી ગેરહાજર હોય અથવા ઓછામાં ઓછું એક માસથી.

(૨) સફવાન બિન યહ્યાએ ઈશ્હાક બિન અમ્મારથી રીવાયત કરી છે તેમનું વર્ણન છે કે મેં ઈમામ અબી ઈબ્રાહીમ અલયહીસ્સલામથી પુછ્યું. તે ગાયબ વ્યક્તિ જે પોતાની પત્નીને તલાક આપી રહ્યો છે. તે ગયબતનો સમય કેટલો હોવો જોઈએ ? આપે ફરમાવ્યું. “પાંચ મહિના અથવા છ મહિના મેં

વિનંતી કરી કે તેમાં ઓછામાં ઓછી ગયબતની હદ કેટલી છે ? આપે ફરમાવ્યું "ત્રણ મહિના."

(૩) મોહમંદ બિન હમઝાએ ઈશ્હાક બિન અમ્મારથી તેમણે ઈમામ જઅફર સાદીક (અલ.)થી રીવાયત કરી છે કે આપ (સલ.)એ ફરમાવ્યું : "ઘરથી દૂર રહેનાર વ્યક્તિ જ્યારે પોતાની પત્નીને તલાક આપવાનો ઈરાદો કરે તો તે વ્યક્તિ પોતાની પત્નીથી એક મહિનાથી અગાઉ છોડી દે. (તલાકની પદ્ધતિ તો તે જ રહેશે જે શરીઅત મુજબની છે. જેનું વિસ્તારથી વર્ણન અમો પાછળ કરી ચૂક્યાં છીએ.) (મતલબ ઓછામાં ઓછો એક માસનો સમય હોવો જોઈએ.)

**(૨) નાબાલિગ છોકરાની તલાક**

ઝરઆએ સમાઆથી રિવાયત કરી છે મેં ઈમામ જઅફર સાદિક (અલ.)થી પુછ્યું. "જે છોકરાને હજી એહતેલામ નથી થતું અને મહરની

રકમ હાજર છે. તે પોતાની પત્નીને તલાક આપવા ઈચ્છે છે.”

આપે ફરમાવ્યું “જો તલાકે સુન્નત આપે છે, સાથે મહરની રકમ અને તે સ્ત્રીનો હક તેને પહોંચાડી આપે છે તો કોઈ વાંધો નથી. જાઈઝ છે.”

**(3) નાકીસુલહ્ અકલની તલાક**

(નાકીસુલ અકલ = કમ અક્કલ, બેવકૂફ, અપરિપકવ બુદ્ધિવાળો, મંદબુદ્ધિવાળો.)

(૧) અબ્દુલ કરીમ બિન અમરૂએ હલબીથી તેમણે હઝરત ઈમામ જઅફર સાદીક (અલ.)થી રીવાયત નકલ ફરમાવી છે. તેઓ કહે છે કે એક વખત મેં હઝરતથી કમઅક્કલ વ્યક્તિની તલાક અંગે પ્રશ્ન કર્યો કે શું તે જાઈઝ છે આવો કમઅક્કલ વ્યક્તિ તલાક આપે. હઝરતે ફરમાવ્યું “નહીં.”

પછી આવી કમઅક્કલ સ્ત્રીના વિષયમાં પ્રશ્ન કર્યો કે જો કોઈ સ્ત્રી આવી છે તો તેને વેચી દેવી અથવા તેની મહર આપવી જાઈઝ છે ?

આપે ફરમાવ્યું "નહીં ?

(૨) હમ્માદ બિન ઈસાએ શોએબથી તેમણે અબી બસીરથી અને તેમણે ઈમામ જઅફર સાદીક (અલ.) રીવાયત કરી છે. તેમણે હઝરતથી કમઅક્કલ વ્યક્તિની તલાક વિશે પુછ્યું તો આપે ફરમાવ્યું : "તે કેવો હોય શકે ?" મેં અરજ કરી "અહમક્, બેવકૂફ જેવો, મંદ બુદ્ધિનો આપે ફરમાવ્યું : હાં.

આ કિતાબના લેખક શેખ સદુક અલયહે રહમત ફરમાવે છે કે તેના તરફથી તેનો વલી (વાલી) તલાક આપે તો જાઈઝ છે. પરંતુ તે જાતે તલાક આપે તો નહીં ચાલે. (જાઈઝ નથી) તેની પૃષ્ઠિ (પ્રમાણ-સાબિતિ) આ હદીસથી થાય છે. જે

હદીસમાં છે કે સફવાન બિન યહ્યાએ અબી ખાલીદ કમ્માતથી રિવાયત કરી છે. અબી ખાલીદ કહે છે કે એક વખત મેં હઝરત ઈમામ જઅફર સાદીક (અલ.)થી અરજ કરી. "એક વ્યક્તિ છે. જે એક વખત સમજદારી જેવી વાત કરે છે અને બીજી વખત સમજદારીવાળી વાત નથી કરતો.( બેવકુફ જેવું ઉલટું બોલે છે. જેને ખબર નથી કે હમણાં હું શું બોલ્યો હતો. અથવા હાલમાં શું બોલું છું.) તો શું તેના માટે જાઈઝ છે કે તેનો વલી તેના તરફથી તાલીક આપે."

આપે ફરમાવ્યું : "તેને શું થઈ ગયું છે. તે તલાક કેમ અપાતો નથી." મેં વિનંતી કરી કે તે નથી જાણતો કે તલાક શું છે ? બીજું કે તેના ઉપર વિશ્વાસ પણ નથી કરી શકાતો કે આજે તલાક આપે તો આવતી કાલે કહે કે મેં તો તલાક આપી જ

નથી. આપે ફરમાવ્યું કે મારી દૃષ્ટિમાં તો તેનો વલી ઈમામ જેવો ગણાશે. જે એના તરફથી તલાક આપે.
(૪) તે સ્ત્રીની તલાક જેની સાથે હજી સંભોગ થયો નથી, અને તે સ્ત્રી માટેનો હુકમ જેનો પતિ સંભોગ કરતાં અગાઉ અથવા સંભોગ કર્યા પછી તરત જ મરી ગયો.
(૧) મોહંમદ બિન ફૂઝેલે અબી અલ સબાહ કનાનીથી તેમણે હઝરત ઈમામ જઅફર સાદીક (અલ.)થી રીવાયત કરી છે કે આપે ફરમાવ્યું :
જ્યારે કોઈ વ્યક્તિ પોતાની પત્નીને સંભોગ કરતાં અગાઉ તલાક આપી દે, તો તેને અડધી મહર આપવી પડશે. અને જો મહરની રકમ નક્કી કરવામાં આવી નથી. તો માલદાર વ્યક્તિ પોતાની શક્તિ પ્રમાણે અને ગરીબ પોતાની શક્તિ પ્રમાણે સ્ત્રીને કંઈક આપી દે. આવી સ્ત્રી માટે ઈદ્દત નથી, તે

સ્ત્રી તે જ વખતે જેની સાથે ઇચ્છે નિકાહ કરી શકે છે.

(૨) અમરૂ બિન શમરે જાબીરથી તેમણે હઝરત ઈમામ મોહંમદ બાકિર (અલ.)થી અલ્લાહના આ ફરમાન અનુસાર

**સુમ્મ તલ્લકતોમુહુન્ન મિન કબ્લે અનતમસ્સુહુન્ન ફમા લકુમ અલયહીન્ન મિન ઈદ્દતીન તઅ્તદ્દુનહા, ફમત્તેઉ હુન્ન સરાહન જમીલા.**

(સુરા અહઝાબ આયત નં. ૪૯)

**અર્થાત્** : "પછી તમે તેમને તલાક આપી તે પહેલાં કે તેમને અડકયા (સંભોગ કર્યો) પછી તેમના માટે કોઈ ઈદ્દત નથી. જેની તમે ગણતરી કરો. તમે તેઓને કંઈક આપો. અને તેમને ખૂબ જ ભલાઈ સાથે રૂખ્શત કરો."

ઈમામે ફરમાવ્યું કે જો તમે ઔરતને હાથ લગાવતાં અગાઉ જ તલાક આપી દો. તો પછી

તમને તેમના ઉપર કોઈ હક નથી કે તેમની ઈદ્દત પૂરી કરાવો. (તલાક આપી દેવાનું કારણ ગમે તે હોય શકે. સમાજમાં અજીબોગરીબ બનાવો બનતા હોય છે. વ્યક્તિને એવા સંજોગો ઊભા થાય કે તેને પત્નીને તલાક આપવી પડે. અહીં દૃષ્ટાંતો તો આપતાં ઘણું લંબાણ થઈ જવા સંભવ છે. પત્ની ગુનેહગાર પણ ન હોય. પતિ ઈચ્છતો પણ ન હોય છતાં અમૂક વખત તલાક આપવી પડતી હોય છે.) કંઈક માલ, રૂપિયા કે કપડાં આપીને તેમને શ્રેષ્ઠ તરીકાથી ભલાઈ સાથે રૂખશત કરો.

**આપે ફરમાવ્યું : "ફમત્તેઉ હુન્ન સરાહન જમીબા"** અલ્લાહતઆલા ફરમાવે છેકે ખૂબી અને ભલાઈ સાથે જે કંઈ તમે આપી શકતા હોય આપો. એટલે માટે કે તે સ્ત્રી બિચારી કેટલી ખુશીથી તમારા નિકાહમાં આવી હતી. હવે તે દુઃખ પરેશાની અને ઝિલ્લત સાથે જઈ રહી છે. તેને પોતાના દુશ્મનોના

મહેણાં-ટોણાં પણ સહન કરવાં પડશે. કારણ કે અલ્લાહતઆલા ઘણો જ કરમવાળો છે. તે સ્વયં હયા કરે છે અને હયાવાનોને પસંદ કરે છે. તમારામાં સૌથી ઈઝ્ઝતને કાબિલ તે વ્યક્તિ છે જે પોતાની પત્નીઓની ખૂબ ઈઝ્ઝત કરે છે.

(૩) બઝનતીની રીવાયતમાં છે કે તલાકવાળી સ્ત્રીને ફાયદો પહોંચાડવો જરૂરી છે. (પતિએ તલાક આપતી વખતે કંઈક આપવું જ જોઈએ.)

(૪) બીજી રીવાયતમાં છે કે માલદાર વ્યક્તિ પત્નીને તલાક આપતી વખતે ઘર અને ગુલામ (ખાદીમ) આપીને ફાયદો પહોંચાડે. મધ્યમ દરજ્જાનો માણસે સારાં કપડાં-દિરહમ વગેરે આપીને અને ફકીર થોડા દિરહમ અને અંગુઠી (વીંટી) આપીને પણ ફાયદો પહોંચાડે.

(૫) એક રીવાયતમાં છે કે ગરીબે કમસે કમ એક ઓઢણી અથવા એટલી જ કિંમતનો કંઈક માલ આપીને ફાયદો પહોંચાડવો જોઈએ.

(૬) હલબી અને અબુબસીર અને સમાઆથી રિવાયત છે કે હઝરત ઈમામ જઅફર સાદીક (અલ.)એ ફરમાવ્યું. અલ્લાહતઆલાનું ફરમાન છે.

**વઈન તલ્લકતોમુ હુન્ન મિન કબ્લે અનતમસ્સુહુન્ન વકદ ફરઝતુમ લહુન્ન ફરીઝતન ફનીસફો માફરઝતુમ ઈલ્લા અય્યાંફૂનઅ્ અવયઅ્ફૂવલ્લઝી બેયદેહી ઉકદતુન્નીકાહ**

(સુરએ બકરહ આયત નં. ૨૩૭)

**અર્થાત** : અને જો તમે તેમને સ્પર્શ કરતાં પહેલાં તલાક આપી દો. એવી હાલતમાં કે તમે તેમની મહર નક્કી કરી ચૂક્યા હોય, તો જે કાંઈ નક્કી કરી હોય તેની અડધી મહર આપવી અને તમે (અય સ્ત્રીઓ) આખી મહર માફ કરી દો તો તે

પરહેઝગારીની વધુ નજીક છે. અથવા તે વ્યક્તિ માફ કરી દે જેના હાથમાં નિકાહની સત્તા હોય.

ઈમામે ફરમાવ્યું કે એનાથી મતલબ બાપ, અથવા ભાઈ અથવા તે વ્યક્તિ જેના માટે વસીય્યત હોય. અથવા તે વ્યક્તિ જે સ્ત્રીની માલમિલકતનો કારભારી હોય. તેનું ખરીદ વેચાણ કરતો હોય, વેપાર કરતો હોય, જો તેણે મહર માફ કરી દીધી, તો જાઈઝ છે.

(૭) એક હદીસમાં છે કે કંઈક બુઝૂર્ગી અને પરહેઝગારીની રીતે છોડી દે, એમને (નિકાહની સત્તાવાળાને) હક નથી કે બધું જ છોડી દે.

(૮) અબીદ બિન ઝરારાએ હઝરત ઈમામ જઅફર સાદીક (અલ.)ને પૂછ્યું કે “સ્ત્રીનો પતિ જો તેની સાથે સંભોગ કર્યા વગર મરી ગયો તો.”

આપે ફરમાવ્યું જો તેની મહર નક્કી કરેલી છે તો તેના માટે પતિના વારસાનો પૂરો હક છે. પુરી

ઈદ્દત પણ છે. સાથે મહરનો અડધો ભાગ સ્ત્રીએ લેવો. પરંતુ જો મહર નક્કી કરેલી નથી, તો પછી મહરમાંથી સ્ત્રીને કંઈ નહીં મળે. જે સમયે સ્ત્રીનો પતિ મરી ગયો, તેના માટે મકાન પણ નથી, અને ગુજરાન માટેની કોઈ ખર્ચીની પણ હકદાર નથી.

(૯) શહાબે ઈમામ જઅફર સાદીક (અલ.)ને પુછ્યું કે એક વ્યક્તિએ એક સ્ત્રી સાથે એક હજાર દિરહમ મહર આપીને નિકાહ કર્યો. મહરની રકમ પણ પત્નીને આપી દેવામાં આવી. પરંતુ પત્નીએ આ રકમ પોતાના પતિને આપી અને કહ્યું. હું તો ફક્ત તમને જ ચાહું છું. પછી પેલા પતિએ સંભોગ કરતાં અગાઉ જ પત્નીને તલાક આપી દીધી. આપે ફરમાવ્યું : “પતિ પાંચસો દિરહમ પત્નીને પાછા આપે. (મતલબ પત્ની અડધી મહરની હકદાર છે.)

(૧૦) અલી બિન રબાબે ઝરારાથી અને તેમણે હઝરત ઈમામ મોહંમદ બાકિર (અલ.)થી રીવાયત

કરી છે કે આપે ફરમાવ્યું "સ્ત્રીઓને કંઈક આપવું વાજીબ છે. સંભોગ કર્યો હોય કે ન કર્યો હોય. તલાક આપતાં પહેલાં તમે એમને જરૂર કંઈક આપી દો."

(૧૧) હઝરત અમીરૂલ મોઅમેનીન અલયહિસ્સાલમે એક એવી સ્ત્રીના વિષયમાં ફેંસલો આપ્યો, જેનો પતિ તેને હાથ લગાવ્યા વગર મરી ગયો હતો. ફરમાવ્યું : તે સ્ત્રી જ્યાં સુધી પોતાના મરનાર પતિની ઈદ્દત ચાર માસ અને દસ દિવસ પૂરા ન કરે, તે બીજા કોઈની સાથે નિકાહ કરી શકશે નહિ. તલાકસુદા સ્ત્રી તે દિવસથી ઈદ્દત શરૂ કરશે, જે દિવસે તેના પતિએ તેને તલાક આપી છે. જ્યારે તે સ્ત્રી જેનો પતિ મૃત્યુ પામ્યો હોય તે દિવસથી પોતાની ઈદ્દત ગણવાની શરૂઆત કરશે, જે દિવસે સ્ત્રીને પોતાના પતિના મૃત્યુના સમાચાર મળશે. કારણ કે તેમણે શણગાર છોડવાનો સમય છે.

તલાકસુદા સ્ત્રી ઈદ્દત દરમ્યાન શણગાર છોડશે નહિ.

(૧૨) મોહંમદ બિન હસન સફફારે હઝરત ઈમામ અબી મોહંમદ હસન બિન અલી (અલ.)ને પત્ર લખીને પુછ્યું કે સ્ત્રીનો પતિ મરી ગયો અને તે સ્ત્રી ઈદ્દતમાં છે. પરંતુ સ્ત્રી મોહતાજ છે. કોઈ એવી વ્યક્તિ નથી જોતી જે તેને ઈદ્દત દરમ્યાન ખર્ચી આપે. તે લોકોનું કામકાજ કરે છે. શું તેના માટે જાઈઝ છે કે તે ઘરમાંથી બહાર નીકળી લોકોનું કામકાજ કરે. આ દરમ્યાન એણે કામકાજના અનુસંધાનમાં ઈદ્દત દરમ્યાન ઘર છોડીને કોઈ જગ્યાએ રાતવાસો પણ રોકાવું પડે તો. આપે લેખિત જવાબ આપતાં ફરમાવ્યું : “આ બાબત ઈન્શાઅલ્લાહ કંઈ વાંધો નથી.”

(૧૩) અમ્માર સાબાતીએ હઝરત ઈમામ જઅફર સાદીક (અલ.)ને પુછયું “શું એક સ્ત્રીનો પતિ મરી

જાય તો તેના માટે હલાલ છે કે તે પોતાની ઈદ્દતના ઘરમાંથી બહાર નીકળે. આપે ફરમાવ્યું હાં, અને ખિઝાબ લગાવવો, વાળમા તેલ નાખવું, સુરમો લગાવવો, કાંસકી કરવી, રંગીન કપડાં પહેરવાં. બધું કરી શકે છે. પરંતુ કોઈ પતિના માટે શણગાર કરવાના ઈરાદા વગર. (મનલા યહઝરહુલ ફકીયાહ ભાગ-૩ પેજ નં. ૩૦૬ હદીસ નંબર : ૪૭૮૫. શેખ શદુક અલયહે રહમત.)

(૧૪) એક બીજી હદીસમાં છે કે જે સ્ત્રીનો પતિ મરી ગયો હોય તેના માટે કોઈ વાંધો નથી કે ઈદ્દતના સમય દરમ્યાન હજ્જે બયતુલ્લાહ જાય અથવા એક જગ્યાએથી બીજી જગ્યાએ જાય.

**(૫) હમલવાળી ઓરતની તલાક**

(૧) ઝરારહએ હઝરત ઈમામ મોહંમદ બાકિર (અલ.)થી રિવાયત કરી છે કે હામેલા સ્ત્રીની તલાક આ પ્રમાણે છે. જ્યારે તેને પ્રસુતિ થઈ જાય તો

પછી તે પતિથી અલગ થઈ ગઈ. અલ્લાહતઆલા ફરમાવે છે કે

**વઈલ્લા યઈસ્ન મેનલ મહીઝે મિન્નેસાએકુમ એનીરતબ્તુમ ફઈદ્દતોહુન્ન સલાસતો અસહોરીંવ, વઈલ્લા લમયહીઝ્ન, વઉલાતુલ અહમાલે અજલોહુન્ન અંય્યઝઅ્નઅ્ હમલહુન્નઅ્, વમય્યત્તકી-લ્લાહઅ્ યજઅલ્લહુ મિનઅમરેહી યુસરા**

(સુરા તલાક આયત નં.૪)

**અર્થાત્ :** "અને તમારી સ્ત્રીઓમાંથી જેઓ માસિક રૂતુથી નિરાશ થઈ ગઈ હોય (માસિક બંધ થઈ ગયું હોય) તેમના વિશે તમને જો શંકા હોય. તો તેમની ઈદ્દત ત્રણ માસ છે. અને તે સ્ત્રીઓ જેમને હજી માસિક રૂતુસ્ત્રાવ આવ્યો જ નથી તેમની પણ. (એટલી જ મુદ્દત છે) અને ગર્ભવતી સ્ત્રીઓની મુદ્દત તેમને પ્રસુતી થઈ જાય ત્યાં સુધીની છે. અને

જે અલ્લાહથી ડરીને ચાલશે તેના માટે તેના મામલામાં અલ્લાહ સરળતા પેદા કરી દેશે.”

ઈમામ (અલ.) એ ફરમાવ્યું : ગર્ભવતી સ્ત્રીની ઈદ્દત તેની પ્રસુતી છે. જો પતિએ તેને તલાક આપી અને તે જ દિવસે તેને પ્રસુતી થઈ ગઈ અથવા બીજા દિવસે તેની ઈદ્દતની મુદ્દત પુરી થઈ ગઈ તેના માટે જાઈઝ છે કે તે કોઈપણ પુરુષથી નિકાહ કરી શકે છે. પરંતુ તેનો પતિ તેની સાથે હજી સંભોગ ન કરે, જ્યાં સુધી તે સ્ત્રી પાક ન થઈ જાય. (પ્રસુતી પછી આવતા ખૂનને નિફ્રાસ કહેવાય છે. નિફ્રાસ બંધ થાય તે દિવસથી સ્ત્રી ગુસલ કરતાં પાક થઈ જાય છે. તેને તમામ વાજીબાત પણ લાગુ થઈ જાય છે.) અને જે સ્ત્રી ગર્ભવતી છે અને તેના પતિએ તેને તલાક આપી છે. તો તેની બે મુદ્દતોમાંથી જે નજીકની મુદ્દત હોય, તેના પ્રમાણે ઈદ્દત પૂર્ણ કરે. જો ગર્ભવતી (ગર્ભવતીની ઈદ્દતની

મુદ્દત પ્રસુતી છે. પ્રસુતી થઈ ગઈ, ઈદ્દત પુર્ણ થઈ ગઈ. તલાક સુદાની ઈદ્દતની મુદ્દત ત્રણ માસ છે.) સ્ત્રીને પ્રસુતી પહેલાં ત્રણ માસ થઈ ગયા. (તલાક આપ્યાને.) તો તેની ઈદ્દત પુરી થઈ ગઈ. પરંતુ તે પ્રસુતી સુધી બીજા નિકાહ કરી શકશે નહિ. જો તલાક આપ્યા પછી ત્રણ માસ પુરા થતા પહેલાં બાળક પેદા થઈ ગયું. તો તેની ઈદ્દતની મુદ્દત પુરી થઈ ગઈ.

હવે તે ગર્ભવતી સ્ત્રી જેનો પતિ મૃત્યુ પામ્યો હોય, તે બંને મુદ્દતો માંથી જે મુદ્દત વધારે હોય, તે મુદ્દતની ઈદ્દત પૂર્ણ કરશે. એટલે કે ચાર માસ દસ દિવસ પુરા થતા અગાઉ તેને પ્રસુતી થઈ જશે તો પણ તે તેની ઈદ્દત ખતમ કરશે નહિ. બલકે તેની ઈદ્દત ચાલુ રહેશે. જ્યાં સુધી ચાર માસ દસ દિવસ પુરા ન થઈ જાય. જો ચાર માસ દસ દિવસ પુરા

થઈ જાય. છતાં હજીયે પ્રસુતી નથી થઈ તો પ્રસુતી થતાં સુધી પોતાની ઈદ્દત પુરી કરશે નહિ.

(૨) અલી બિન અબી હમઝાએ અબુ બસીરથી, તેમણે હઝરત ઈમામ જઅફર સાદીક (અલ.)થી રીવાયત કરી છે કે હઝરતે ફરમાવ્યું : “ગર્ભવતી સ્ત્રી જેને તલાક આપવામાં આવી હોય, તેને પ્રસુતિ સુધીનો ભરણપોષણનો ખર્ચ આપવામાં આવશે. સાથે તેને બાળકને દૂધ પીવડાવવાનો વધારે હક છે. કોઈ બીજાના મુકાબલામાં.

**ઈમામે ફરમાવ્યું કે અલ્લાહતઆલાનો ઈરશાદ છે કે :**

**લા તોઝાર્ર વાલેદતુમ બેવલઅ્દેહા વલામૌલુદુલ્લહુ બેવલઅ્દેહી વ અલલ વારેસે મિસ્લો ઝાલેક**

(સુરા બકરહ આયત નં. ૨૩૩)

**અર્થાત** : ન માને તેણીના બાળકના કારણ તકલીફ પહોંચાડવામાં આવે. ન બાપને તેના

બાળકના કારણ તકલીફ પહોંચાડવામાં આવે. અને ન બાપના સ્થાને ઊભા રહેનારને પણ.

મતલબ દૂધ પીવડાવવાના મામલામાં અલ્લાહતઆલા ફરમાવે છે કે ન બાળકને નુકસાન થાય ન માને (બાળક નાનુ હોય અથવા તલાક પછી જન્મ પામે તો કેટલીક વખત બાળકના નાના-નાની મતલબ સ્ત્રીના મા-બાપ આ નાના દૂધ પીતા બાળકને તેના બાપના હવાલે કરી દે છે. હેતુ આ છે કે તેમને ભાન થાય. આ બાબત સ્ત્રીને પણ પોતાનું ધાવણું બાળક છીનવાઈ જતાં તકલીફ પહોંચે છે અને બાળકને પણ પોતાની માનું દૂધ ન મળતાં નુકસાન થાય છે. જો આમ થાય તો બાળકના વાલી વારસોને પણ તકલીફ પહોંચે છે.) જો બાપ ન હોય તો એ જ રીતે તેના વારસોને પણ.

દૂધ પીવડાવવાના મામલો બે વર્ષથી વધુ નથી. જેથી જે કંઈ ખર્ચ લેવામાં આવે તો બે વર્ષથી

વધુ સમયનો ન લેવામાં આવે. બાળકને દૂધ છોડાવવું બંનેની (મા-બાપની) રાજીખુશીથી હોય તો ઘણી સારી વાત છે. દૂધ છોડાવવું એટલે બાળકને માથી અલગ કરવું છે.

(૩) મોહંમદ બિન ફૂઝૈલે અબુ સબાહ કનાનીથી અને તેમણે ઈમામ જઅફર સાદીક (અલ.)થી રીવાયત કરી છે. ઈમામે ફરમાવ્યું એક ગર્ભવતી સ્ત્રીનો પતિ મૃત્યુ પામ્યો છે. તો તે બાળક જે માના પેટમાં છે. તેના માલના ભાગમાંથી માને (વિધવાને) ખર્ચ આપવામાં આવશે.

(૪) સફ્રનીની રીવાયત છે કે ઈમામ અલી બિન અબી તાલિબ (અલ.)એ ઈરશાદ ફરમાવ્યો કે ગર્ભવતી વિધવા સ્ત્રીને પતિના બધા જ માલમાંથી ખર્ચ આપવામાં આવશે. જ્યાં સુધી તે બાળક પેદા ન થઈ જાય.

(અમે જેના ઉપરથી ફતવો આપીએ છીએ તે કનાનીની રિવાયત છે જેનું અમે ઉપર વર્ણન કર્યું છે. લેખક શેખ સદૂક અલયહ રહમત)

(૫) મોહંમદ બિન કૈસે હઝરત ઈમામ મોહંમદ બાકિર (અલ.)થી રીવાયત કરી છે. આપે ઈરશાદ ફરમાવ્યો. હઝરત અલી (અલ.)એ એક સ્ત્રીના વિષયમાં ફેંસલો ફરમાવ્યો, જે ગર્ભવતી હતી અને તેનો પતિ મૃત્યુ પામ્યો હતો. તે સ્ત્રીની ઈદ્દત મુદ્દત ચાર માસ દસ દિવસ પુરી થતાં પહેલાં તેને બાળક અવતર્યું. (પ્રસુતી થઈ ગઈ) અને તે સ્ત્રીએ બીજા પુરુષ સાથે લગ્ન કરી લીધું.

હઝરત અલી (અલ.)એ ફરમાવ્યું : તે પુરુષ આ સ્ત્રીને છોડી દેશે અને ત્યાં સુધી તેને નિકાહનો પયગામ નહીં મોકલે જ્યાં સુધી બે મુદ્દતોમાંથી લાંબી મુદ્દત ખતમ ન થઈ જાય. ત્યાર પછી તે સ્ત્રીના વાલીવારસો ઈચ્છે તો તેની સાથે

નિકાહ કરી આપે. અથવા ન ઈચ્છે તો સ્ત્રીને રોકી લે- નિકાહ ન કરે. પરંતુ જ્યારે રોકી લે તો તેનો માલ તેને પાછો આપી દે. (જેની સાથે નિકાહ થયા હતા તે પતિનો માલ).

(૬) અબ્દુર્રેહમાન બિન હુજ્જાજે હઝરત અબુ ઈબ્રાહીમ અલયહિસ્સલામથી પુછવામાં આવ્યું. એક સ્ત્રી જે ગર્ભવતી હતી અને તેના પતિએ તેને તલાક આપી દીધી. તેને અધુરે મહિને બાળક પેદા થાય છે. અથવા ગર્ભપાત કરાવે છે. બાળક અધુરૂં છે કે પુરૂં થયું છે અથવા ફક્ત માંસનો લોથરો છે. શું તેના કારણે તે સ્ત્રીની ઈદ્દત પુરી થઈ ગઈ. આપે ફરમાવ્યું : “સ્ત્રી જે કંઈ પણ જણે (પૂર્ણ બાળક, અધુરૂં બાળક કે માંસનો લોથરો) તેનાથી આ વાત તો સ્પષ્ટ થઈ ગઈ છે કે તે ગર્ભવતી હતી. ભલે બચ્ચું પુર્ણ હોય કે અપૂર્ણ કે માંસનો લોથરો હોય. તેની ઈદ્દત પૂર્ણ થઈ ગઈ.

રાવીનું વર્ણન છે કે મેં હઝરતને ફરમાવતા સાંભળ્યા. “જો કોઈ વ્યક્તિ પોતાની પત્નીને તલાક આપે અને સ્ત્રી દાવો કરે કે હું ગર્ભવતી છું તો તે (પતિ) નવ માસ સુધી રાહ જુએ બાળક પેદા થઈ ગયું તો ઠીક છે. જો તે ગર્ભવતી નથી તો તે ત્રણ માસની ઈદ્દત પુરી કરશે પછી પતિથી અલગ થઈ જશે.

(૭) સલમા બિન ખત્તાબને ઈસ્માઈલ બિન ઈસહાકથી એમણે અબાનથી, તેમણે ગીયાસથી, તેમણે હઝરત જઅફર બિન મોહંમદ (અલ.)થી તેમણે પોતાના વાલીદમોહતરમથી, તેમણે પોતાના વાલીદથી, તેમણે હઝરત અલી (અલ.)થી રીવાયત કરી છે કે ફરમાવ્યું : કે સ્ત્રીના ગર્ભનો સમય ઓછામાં ઓછા છ માસ હોય છે. વધુમાં વધુ એક વર્ષ હોય છે. (આ કિતાબના કોઈક નુસખાઓમાં બે

વર્ષ પણ લખાયા છે. છતાં ઓલમાએ ઈમામીયામાં સામાન્ય મત એક વર્ષનો છે.)

(૮) અલી બિન હકમે મોહંમદ બિન મન્સુરી સયકલથી, તેમણે પોતાના બાપથી, તેમણે ઈમામ જઅફર સાદીક (અલ.)થી રીવાયત કરી છે. આપને પુછવામાં આવ્યું એક એવી વ્યક્તિના વિષયમાં જે પોતાની પત્નીને તલાક આપે છે. જ્યારે કે તે ગર્ભવતી છે. આપે ફરમાવ્યું કે તે તલાક આપી દે. મેં વિનંતી કરી કે પછી તે પોતાની પત્ની તરફ રૂજુઅ (ફરી પત્ની બનાવવી) કરી લે છે. આપે ફરમાવ્યું કે રૂજુઅ કરી શકે છે. મેં વિનંતી કરી કે પાછું ફરી તેના મનમાં આવ્યું કે તે તેની ફરીથી તલાક આપી દે. આપે ફરમાવ્યું : નહિ. જ્યાં સુધી કે બાળક પેદા ન થઈ જાય.

(૯) ઈમામ જઅફર સાદીક (સલ.) પુછવામાં આવ્યું : એક એવી સ્ત્રીના વિષયમાં જે ગર્ભવતી છે. અને

તેનો પતિ તેને તલાક આપે છે. પછી રૂઝૂઅ કરે છે. પાછી તલાક આપે છે. પાછી રૂઝૂઅ કરે છે. પછી ત્રીજા વખત તેને તલાક આપે છે. આપે ફરમાવ્યું હવે તે સ્ત્રી તેનાથી તદ્દન છુટી થઈ ગઈ. તે તેના માટે હલાલ થઈ શકશે નહિ. જ્યાં સુધી કે તે બીજા કોઈ વ્યક્તિ સાથે નિકાહ ન કરે. પછી તે તેને તલાક આપે.

**(૬) તલાક નીચેની સ્ત્રીઓના મામલામાં**

। તે સ્ત્રીની તલાક જેને હજી હૈઝ આવતું નથી. (માસિક રૂતુ)

। તે સ્ત્રીની તલાક જે યાએસા છે. (જેને માસિક રૂતુ આવવાનું બંધ થઈ ગયું હોય)

। તે સ્ત્રીની તલાક જેને ઈસ્તેહાઝા આવે છે. (બીમારીનું ખૂન)

। તે સ્ત્રીની તલાક જેના ગર્ભવતી હોવામાં શક છે.

 amillibrary.com

(૧) અહમદ બિન મોહંમદ બિન અબી નસર બઝનતીએ અબ્દુલ કરીમ બિન અમરૂથી તેમણે મોહંમદ બિન હકીમથી તેમણે ઈમામ અબ્દુસ્સાલેહ (અલ.)થી રીવાયત કરી છે. તેઓ કહે છે કે મેં હઝરતને વિનંતી કરી કે એક નવયુવાન છોકરી જેને હજી હૈઝ આવતું નથી. તેના પતિએ તેને તલાક આપી દીધી. આપે ફરમાવ્યું તેની ઈદ્દત ત્રણ માસની છે.

(૨) મોહમંદ બિન હકીમે મોહંમદ બિન મુસ્લિમથી રીવાયત કરી છે તેમનું વર્ણન છે કે મેં હઝરત ઈમામ મોહંમદ બાકિર (અલ.)ને ઈરશાદ ફરમાવતા સાંભળ્યા, તે સ્ત્રી વિષે જે હૈઝથી માયુસ થઈ ગઈ છે. (માસિક રૂતુ બંદ થઈ ગયું છે) હવે એટલી ઉમર થઈ ચૂકી છે કે તેને હૈઝ આવશે જ નહિ. તેના પતિએ તેને તલાક આપી છે. આપે

ફરમાવ્યું : તે પોતાના પતિથી બીલકુલ જુદી થઈ ગઈ. તેના માટે કોઈ ઈદ્દત નથી.

(૩) હસન બિન મહબૂબે અબાન બિન ઉસ્માનથી તેમણે હલબીથી તેમણે હઝરત ઈમામ જઅફર સાદીક (અલ.)થી રીવાયત કરી છે. આપે ફરમાવ્યું : તે સ્ત્રી જેને હૈઝ આવતું નથી, જો કે તેની ઉમર જોતાં તેને આવવું જોઈએ અને તે સ્ત્રી જે ઈસ્તેહાઝાનું ખૂન ચાલુ રહેવાથી કદી પાક રહી શકતી નથી, અને તે બાલિગ છોકરી જે યાએસા થઈ ગઈ તેને હૈઝ નથી આવતું. આ બધાંની તલાકની ઈદ્દત ત્રણ માસ છે. અને તે સ્ત્રીઓ જેમને માસિક રૂતુ પિરીયડ વ્યવસ્થિત ચાલુ છે. તેઓની તલાકની ઈદ્દત ત્રણ હૈઝ છે.

(૪) જમીલની રીવાયતમાં છે કે ઈમામ જઅફર સાદીક (અલ.)થી પુછવામાં આવ્યું એક પતિએ પોતાની એટલી નાની ઉમરની પત્નીને તલાક

આપી છે, જે હજી બાલિગ થઈ નથી. અને તેની ઉમરની છોકરીઓ ગર્ભવતી બની શકતી નથી. પરંતુ આ નાબાલિગ છોકરી સાથે તેના પતિએ સંભોગ કર્યો છે.

બીજી તે સ્ત્રી જે યાએસા છે. જેને હૈઝ આવવાનું બંધ થઈ ગયું છે. આટલી મોટી ઉંમરની સ્ત્રીઓ બાળક પેદા નથી કરતી. ગર્ભવતી નથી બનતી.

ઈમામે ફરમાવ્યું કે તે બંને ઉપર કોઈ ઈદ્દત નથી.

(૫) બઝનતીએ શની અને તેમણે ઝરારાથી તેમણે હઝરત ઈમામ જઅફર સાદીક (અલ.)થી રીવાયત કરી છે કે મેં હઝરતને એક એવી સ્ત્રી બાબત પ્રશ્ન કર્યો જે ત્રણ ત્રણ વર્ષે કે ચાર વર્ષે હૈઝ આવે છે. આપે ફરમાવ્યું : “તે ત્રણ માસની ઈદ્દત ગુજારે ત્યારબાદ ઈચ્છે તો નિકાહ કરે.

(૬) આલાએ મોહંમદ બિન મુસ્લિમથી અને તેમણે તે બંને બુઝુર્ગોમાંથી (ઈમામ હસન યા ઈમામ હુસૈન અલ.) કોઈ એકથી રીવાયત કરી છે કે હઝરતે તે સ્ત્રી માટે ફરમાવ્યું :

। એવી સ્ત્રી જેને ત્રણ મહિનામાં ફક્ત એક વખત હૈઝ આવે છે. અથવા વર્ષ દરમ્યાન એક વખત આવે છે.

। એવી સ્ત્રી જેને ઈસ્તેહાઝા આવે છે. (બિમારીનું ખૂન)

। એવી સ્ત્રી જે હજી બાલિગ થઈ નથી.

। એવી સ્ત્રી જેને એક વખત હૈઝ આવે છે અને એક વખત નથી આવતું. (મતલબ દર માસે રેગ્યુલર નથી આવતું)

। એવી સ્ત્રી જેને બાળક થવાની ઉમ્મીદ નથી.

। એવી સ્ત્રી જેને હૈઝ આવવાનું બંધ થઈ ગયું છે. પરંતુ તેનો ખ્યાલ છે હજી તે યાએશા (જેનું માસિક બંધ થઈ ગયું છે તે સ્ત્રી) થઈ નથી.

। એવી સ્ત્રી જે પોતાના હૈઝમાં પીળાશ (ઝર્દી) જુએ છે. તેનું હૈઝ પણ રેગ્યુલર નથી.

આપ (અલ.)એ ફરમાવ્યું : આ બધી જ સ્ત્રીઓની તલાકે ઈદ્દત ત્રણ મહિના છે.

(૭) ઈબ્ને અબી ઉમૈર અને બઝનતી, બંનેએ જમીલથી તેમણે ઝરારાથી અને તેમણે હઝરત ઈમામ મોહંમદ બાકિર (અલ.)થી રીવાયત કરી છે કે

બે વાતોમાંથી કોઈ એક વાત પણ તલાક પામેલ હૈઝના શકવાળી સ્ત્રીમાં પેદા થાય તો તે પોતાના પતિથી અલગ થઈ જશે.

(૧) જો તેના ત્રણ મહિના પાકસાફ પસાર થઈ ગયા, તે દરમ્યાન કોઈ ખૂન આવ્યું નહિ. તો તે પોતાના પતિથી અલગ થઈ જશે.

(૨) બીજી વાત આ છે કે તેને ત્રણ હૈઝ આવી ગયાં પરંતુ કોઈ પણ બે હૈઝોના દરમ્યાન ત્રણ માસનું અંતર નથી તો તે હૈઝ આવવા ઉપર પોતાના પતિથી અલગ થઈ જશે.

ઈબ્ને અબી ઉમર જમીલ બિન વર્રાજના હવાલાથી વર્ણવે છે કે જો તેના ઉપર ત્રણ માસ પસાર થવામાં એક દિવસ પણ બાકી હોય અને હૈઝ આવી જાય, ફરી ત્રણ માસ પસાર થવામાં એક દિવસ બાકી હોય અને હૈઝ આવી જાય, ફરી ત્રણ માસ બાકી હોય અને હૈઝ આવી જાય તો આ સ્ત્રી આ પ્રમાણેના ત્રણ હૈઝના હિસાબે ઈદ્દત પુરી કરશે. મહિનાઓના હિસાબ ઈદ્દત નહી ગુજારે. પરંતુ જો

ત્રણ મહિના સાફ પસાર થઈ જાય અને હૈઝ ન આવે તો તે પોતાના પતિથી અલગ થઈ જશે.

(૮) સબાહ કનાનીએ હઝરત ઈમામ જઅફર સાદીક (અલ.)ને પુછ્યું કે એક સ્ત્રીને દર ત્રણ વરસ પછી એક વખત હૈઝ આવે છે. જો આવી સ્ત્રીને તલાક પડી જાય તો તે ઈદ્દત કેવી રીતે ગુજારે ? હઝરતે ફરમાવ્યું : "તે પોતાની પાછળની આદત ઉપર દૃષ્ટિપાત કરે, જ્યારે તેને નિયમિત હૈઝ આવતું હતું. તે પ્રમાણેની ત્રણ આદતો ગણીને ઈદ્દત પસાર કરે. ઈદ્દત પછી તે ઈચ્છે તો નિકાહ કરે.

(૯) મોહંમદ બિન મુસ્લિમે હઝરત ઈમામ જઅફર સાદીક (અલ.)થી ઈસ્તેહાઝાવાળી સ્ત્રીના વિષયમાં પુછ્યું તો આપે ફરમાવ્યું : કે તેણે આ જોવું પડશે કે તેની આદત કેટલા દિવસ ખૂન આવવાની છે. જ્યારે તેને હૈઝ આવતું હતું તો કેટલા દિવસ આવતું હતું. પછી તેમાં એક દિવસ વધારી દે કે એક દિવસ

ઘટાડી દે. પરંતુ જો આ અગાઉ કદી હૈઝ આવ્યું નથી. તો તે પોતાની રીશ્તેદાર કેટલીક સ્ત્રીઓને જોશે. પછી તેમની આદત પ્રમાણે ઈદ્દ રાખશે.

(૧૦) રિવાયતમાં છે કે સ્ત્રી પચાસ વરસની ઉમરે પહોંચી જાય છે. તો પછી કોઈ લાલાસ જોતી નથી. (મતલબ તે યાએસા થઈ ગઈ છે. તેને માસિક રૂતુ આવતું બંધ થઈ ગયું છે. પરંતુ કુરૈશી સૈયેદાણી સ્ત્રીઓને લગભગ ૬૦ વર્ષ સુધી માસિક ઋતુ સ્ત્રાવ ચાલુ રહે છે.) પરંતુ આ કે તે કોઈ કુરેશી સ્ત્રી હોય.

(૭) જે વ્યક્તિ બોલી ન શકતો હોય મતલબ ગુંગો હોય તેનું તલાક આપવું

અહમદ બિન મોહંમદ બિન નસર બઝનતીએ હઝરત ઈમામ અબુલહસન રઝા (અલ.)ને પુછ્યું કે એક વ્યક્તિ પાસે પત્ની છે. પરંતુ તે ચૂપ રહે છે. બોલતો નથી. આપે પુછ્યું "તે ગુંગો છે ?" મેં વિનંતી કરી કે જી, તે ગુંગો છે. પરંતુ

અમે લોકો તેને પોતાની ઓરતથી નફરત અને નાપસંદગી કરતાં જોઈએ છીએ.

શું આ ગુંગાના વાલી (જેના આશ્રયમાં તે રહેતો હોય) માટે આ જાઈઝ છે કે તેના તરફથી તેની પત્નીને તલાક આપી દે. આપે ફરમાવ્યું : "નહીં તે તલાક નામું લખે. પછી તેના ઉપર બે માણસોની સાક્ષી લઈ લે. મેં વિનંતી કરી મૌલા ! તે તો લખવાનું પણ જાણતો નથી. તો ન લખી શકે છે ન વાંચી શકે છે. સાંભળી પણ શકતો નથી. ગુંગો અને બહેરો છે. તે તલાક કેવી રીતે આપે ?

ઈમામે ફરમાવ્યું : "તે જ કાર્યો અને હરકતો કે ચેષ્ટાઓ કે જેના દ્વારા તેની પત્ની સાથે તેની નફરત અને કરાહત (સુગ) માલુમ પડે. તલાક આપી શકે છે.

અને મારા વાલીદ રઝીયલ્લાહો તઆલા અન્હોએ મને પત્રદ્વારા લખીને જણાવ્યું કે ગુંગા

માણસ જ્યારે પોતાની પત્નીને તલાક આપવાનો ઈરાદો કરે તો તેને માથા ઉપર તેનો મિકનઅ (તે બારીક કપડું જેનાથી ઓરત પોતાનું મોં ઢાંકે છે.) નાખી દે, પછી જો રૂજૂઅ કરે તો તે મિકનઅ તેના માથા પરથી ઉતારી નાખે. તો સમજી લેવામાં આવશે કે પત્ની તેના માટે હલાલ થઈ ગઈ.

**(૮) પોશીદહની તલાક**

છુપાયલો વ્યક્તિ પોતાની પત્નીને કેવી રીતે તલાક આપે ?

હસન બિન મહબૂબે અબ્દુર્રેહમાન બિન હુજ્જાજથી રિવાયત નકલ કરી છે કે એક વખત મેં ઈમામ અબુલહસન અલયહિસ્સલામને પુછયું હઝરત ! એક વ્યક્તિએ પોતાના ઘરવાંળાંઓથી છુપાવીને કોઈ સ્ત્રી સાથે નિકાહ કરી લીધા અને પત્ની તેના ઘરવાળાઓ સાથે છે. હવે તે ઈચ્છે કે પત્નીને તલાક આપી દે પરંતુ તે પોતાની પત્ની

સુધી પહોંચી શકતો નથી. જેથી તે પત્નીના હેઝના દિવસો જાણી શકે અને પાકીના સમયથી વાકેફ થાય કે તેણી ક્યારે પાક થાય છે.

ઈમામે ફરમાવ્યું : "કે આ વ્યક્તિ પણ તે વ્યક્તિના જેવી જ ગણાશે.જે પોતાના ઘરવાળાંઓથી વિખૂટો (ગાયબ) થઈ ગયો હોય. તે પોતાની પત્નીને ચાંદ અને મહિનાનો હિસાબ રાખી તલાક આપશે.

રાવીનું વર્ણન છે કે મે વિનંતી કરી કે મૌલા! આપ શું ફરમાવો છો ? આ બાબતમાં કે તે (પતિ) કદી કદી પત્નીની પાસે પહોંચી જાય છે. લપાતો છુપાતો કદી કદી નથી પહોંચી શકતો. કે પત્નીનો હાલ જાણે. આ પરિસ્તિતિમાં તે તેની પત્નીને કેવી રીતે તલાક આપે.

ઈમામે ફરમાવ્યું : જ્યારે તેને એક મહિનો થઈ જાય કે પત્ની સુધી ન પહોંચી શકે. તો

મહિનાની શરૂઆતની તારીખે (૧લી તારીખે) બે ગવાહોઓની હાજરીમાં તેને તલાક આપી દે. આ મહિનાની નોંધ કરી લે. લખી લે. જે માસમાં તેણે તલાક આપી છે. તે લખાણ ઉપર બે સાક્ષીઓની પણ સહી લઈ લે. પછી જ્યારે ત્રણ મહિના પસાર થઈ જાય. ત્યારે તે સ્ત્રી આ પતિથી અલગ થઈ ગયેલી ગણાશે. હવે જો આ જ પતિ પોતાની પત્ની સાથે ફરીથી નિકાહ કરવા ઈચ્છે તો બીજા (અન્ય લોકો) શાદી માટે જે પ્રમાણે આ સ્ત્રીને પૈગામ પહોંચાડે છે. તેમાં આ પતિ પણ ગણાશે. અગર એ પણ નિકાહ કરવા ઈચ્છતો હોય. એના ઉપર તે સ્ત્રીનો ત્રણ માસની ખાધા-ખોરાકી વાજીબ ગણાશે. જેમાં તેણે ઈદ્દ રાખ્યો છે.

(૯) તે સ્ત્રીઓ જેમને કોઈપણ સમયે તલાક આપી શકાય છે. (મનલા યહઝરહુલ ફકીહ (ભાગ - ૩ હદીસ નં. ૪૮૦૮ અને ૪૮૦૯ પેજ નં. ૩૧૨.)

**જમીલ બિન દર્રાજે ઈસ્માઈલ બિન જઅફરથી અને તેમણએ હઝરત ઈમામ મોહંમદ બાકિર (અલ.)થી રિવાયત કરી છે કે ઈમામે ફરમાવ્યું : પાંચ પ્રકારની સ્ત્રીઓને કોઈપણ સમયે તલાક આપી શકાય છે.**

(૧) તે સગર્ભા સ્ત્રી જેનો હમલ બિલકુલ સ્પષ્ટ હોય.

(૨) તે સ્ત્રી જેના પતિએ તેની સાથે હજી સુધી સંભોગ ન કર્યો હોય.

(૩) તે સ્ત્રી જેનો પતિ તેનાથી ગાયબ હોય. વિખૂટો હોય.

(૪) તે સ્ત્રી જેને કદી હૈઝ આવ્યું જ નથી.

(૫) તે સ્ત્રી જે હૈઝથી પરવારીને બેઠી હોય. પાક થઈ ગઈ હોય.

એક બીજી રિવાયતમાં ફરમાવ્યું કે તે સ્ત્રી જે હૈઝથી માયુસ થઈ ચૂકી છે. મતલબ યાએસા

થઈ ગઈ છે. હવે તેને હૈઝ આવવાનું બંધ થઈ ગયું છે.

(૧૦) તખી...ર (બે વાતોમાંથી એકને પસંદ કરવું)

મારા વાલીદ મોહતરમ રઝિયલ્લાહો તઆલા અન્હો એ મને એક પત્ર દ્વારા જણાવ્યું કે “અય ફરઝંદ તમને ખબર હોવી જોઈએ કે ખરેખર તખી...ર (તલાકની અંદર) તે છે. જેના દ્વારા અલ્લાહતઅલાએ પોતાના નબી (સલ.)ને ખુદ્દરી તથા બેનિયાઝીનો (આ જગ્યાએ ઈસ્તીગ્ના શબ્દ પ્રયોગ છે. જેનો અર્થ અમોએ બેપરવા, બેનિયાઝ, કે બેફિકર થઈ જવું કર્યો છે. જ્યારે કોઈ આપણા સ્વાભિમાનને ઠેસ પહોંચાડે ત્યારે તેનાથી બેનિયાઝ-બેપરવા-બેફિકર થઈને જીવતાં શીખવું. નહીં તો ખરેખરી બેનિયાઝ તો જાતે ખુદા જ છે.) હુકમ આપ્યો હતો. સ્વાભિમાનનો હુકમ આપ્યો હતો. બેપરવા થઈ જવાનો હુકમ આપ્યો હતો. તે

વાતચીત જે આપ (સલ.)એ પોતાની કોઈ પત્ની સાથે કરી હતી. તે વાતચીતમાં આપ (સલ.)ની તે પત્નીએ આપ (સલ.)ના સ્વાભિમાનને ઠેસ આમ બોલીને પહોંચાડી હતી. “શું મોહંમદ એમ સમજે છે કે જો તે અમને તલાક આપી દેશે, તો અમોને કુરૈશમાંથી કોઈ અમારી બરાબરીનો પતિ મળશે જ નહિ. જે અમારી સાથે નિકાહ કરે.” ત્યારે અલ્લાહતઆલાએ પોતાના પેગંબરને હુકમ આપ્યો કે ૨૯ (ઓગણીત્રીસ) રાતો પોતાની પત્નીઓની પાસે ન જાય. ત્યારે આપ (સલ.)એ મશરબા ઉમ્મે ઈબ્રાહીમમાં મુકામ કર્યો. પછી નીચેની આયત નાઝિલ થઈ. (મશરબા પાણીનો ચશ્મો ઝરણું આ એક સ્થળનું નામ છે. ત્યાં પાણીનો ચશ્મો ચાલુ હોય કે પહેલાં ચાલુ હોય હવે ફક્ત નામ જ હોય. સવાદે આઝમ મુસ્લિમ બહુમતિના આલિમો ઉપર અલ્લાહ રહેમ ફરમાવે કે તેઓને રસૂલુલ્લાહ (સલ.)ની

ઈઝ્ઝત કરતાં આયશા અને હફસા આ બંનેની ઈઝ્ઝતની વધારે ફિકર છે. કારણ કે બંને મોટા બાપોની બેટીઓ છે. સુરા હુજરાતની આયત ૨૮ અને ૨૯ બંનેના નૂઝુલમાં ઓલમાએ એહલે સુન્નત કહે છે કે પેગંબરની પત્નીઓએ પેગંબર (સલ.)ની પાસે સારી જિંદગી, સારો પોશાક અને સારા રહેઠાણની માંગણી કરી હતી. તેના અનુસંધાનમાં પેગંબર (સલ.) નારાજ થઈ અલગ થઈ ગયા હતા. પરંતુ એક મુખ્ય અને ગંભીર વાત જેને જાણી જોઈને ઈરાદાપૂર્વક છોડી દેવામાં આવી તે આ છે કે આ સ્ત્રીઓએ આમ પણ કહ્યું હતું કે "શું મોહંમદ એમ સમજે છે કે તે અમને તલાક આપી દેશે તો કુરૈશમાંથી અમને અમારી બરાબરીનો પતિ નહીં મળે ! જે અમારી સાથે નિકાહ કરે." આ જ બાબતે આપ (સલ.)ના સ્વાભિમાનને ઠેસ પહોંચાડી, અને આપ (સલ.) ૨૯ રાત સુધી પોતાની પત્નીઓથી

અલગ થઈ ગયા. પેગંબર (સલ.)ની પત્નીઓના ઉપરોક્ત વાક્યો કાઢી નાખવાથી પેગંબર (સલ.) માટે એવું કહી શકાય કે આપ (સલ.) પત્નીઓના સારા ખોરાક અને સારા કપડાં માગવા ઉપર નારાજ થઈ ગયા ! બલકે આ પત્નીઓએ ઘમંડ પણ કર્યું હતું. સાથે એમને સારા પતિઓ મળી શકે છે એવા પ્રકારની બકવાશો પણ કરી હતી. જેથી પેગંબરે ઈસ્લામને આવું સખત કદમ ઊઠાવવું પડેલું. ગલત તફસીર કરવાથી નબી (સલ.)ની અખ્લાકી કમજોરી દેખાય છે કે પત્નીઓએ સારા ખોરાકની માંગણી કરી અને નબીએ તેઓને છોડી દીધી. સ્ત્રીઓ તો આવી માંગણી કરે તેમાં અલગ-છોડી દેવાનું હોય ? આલીમો આયશા અને હફસાને બચાવવા નબીને બદઅખ્લાક બનાવી દે છે. અસ્તગફિરૂલ્લાહ.)

**‘યા અય્યોહન્નબીય્યો કુલ્લે અઝવાજેકઅ્ ઈન કુન્તુન્ન તોરીદનલ હયાતદુન્યા વઝીનતઅ્હા**

**ફતઅ્આલયનઅ્ ઉમત્તેકુન્ન વઓસર્રેહકુન્ન સરાહન જમીલા. વઈનકુન્તુન્ન તોરીદનલ્લાહઅ્ વરસુલહુ વદ્દારૂલ આખેરતઅ ફઈન્નલ્લાહઅ્ અઅદ્દ લિલ્મોહસેનાતે મિનકુન્ન અજરન અઝીમા**

(સુરએ અહઝાબ આયત નં. ૨૮, ૨૯)

**અર્થાત** : અય નબી ! તમે તમારી પત્નીઓને કહી દો કે જો તમે સંસારી જીવન તથા તેના શણગારના ચાહનારી છો, તો આવો હું તમને લાભ પહોંચાડી દઉં. અને પછી તમને અત્યંત ખૂબી સાથે રવાના કરી દઉં. અને જો તમે અલ્લાહ તથા તેના રસૂલ તથા આખેરતના ઘરના ચાહનારી છો તો બેશક અલ્લાહે તમારામાંથી જેઓ નેક હશે તેમના માટે ઘણો મોટો બદલો તૈયાર કર્યો છે.”

જ્યારે આ આયાત આપ (સલ.)એ પછી સંભળાવી, ત્યારે આપ (સલ.)ની પત્નીઓએ તલાકના બદલામાં અલ્લાહ અને તે રસૂલનો

સ્વીકાર કર્યો. તલાક ન ઈચ્છી. નહીં તો તલાક ચોક્કસ થઈ જાત.

(૧) ઉબય સબાહ કનાનીની રિવાયતમાં છે કે ઝયનબ ઝવજએ રસૂલે નબી (સલ.)ને કહ્યું કે "આપ અદ્લ નથી કરતા, જો કે આપ તો અલ્લાહના રસૂલ છો. અને હફસા બિન્તે ઉમર બિન ખત્તાબે કહ્યું હતું કે તેમણે (નબી સલ.એ) અમને તલાક આપી દીધી તો કંઈ પરવા નથી અમને અમારી કોમમાંથી અમારા લાયક પતિ મળી જ જશે. (અત્રે આ વાત યાદ રહે કે સવાદે આઝમની રિવાયતો અનુસાર આપ (સલ.) એ હફસા બિન્તે ઉમરને એક તલાક આપી હતી.) ત્યારે રસુલુલ્લાહ (સલ.) ઉપર વહીનો નૂઝૂલ ૨૯ દિવસ સુધી રોકાયેલો રહ્યો. ત્યારબાદ ઉપરોક્ત આયતો નાઝિલ થઈ. ત્યારે આ ઓરતોએ તલાકના બદલામાં અલ્લાહ અને તેના રસૂલને કબૂલ કરી લીધા. પછી

તલાક થઈ નહિ. જો તેઓ તલાક કબૂલ કરત તો ચોક્કસ તલાક પડી જ જાત.

(૨) ઈબ્ને અઝનીયાએ મોહંમદ બિન મુસ્લિમથી, તેમણે ઈમામ મોહંમદ બાકિર (અલ.)થી રિવાયત કરી છે કે જ્યારે સ્ત્રીને ઈખ્તિયાર આપવામાં આવે અથવા તેના માટે નિર્ણય કરવાનો મામલો તેના જ હાથમાં સોંપી દેવામાં આવે. ગવાહો વગર અને ઈદ્દ ગુજાર્યા વગર તો સમગ્ર બાબત વ્યર્થ છે. શરીઅતમાં તેનું કોઈ અસ્તિત્વ નથી. પરંતુ જો ઈદ્દ ગુજાતાં પહેલાં બે ગવાહોની રૂબરૂ ઓરતને ઈખ્તિયાર આપવામાં આવે એટલે કે તેનો મામલો તેના હાથમાં સોંપી દેવામાં આવે, તો જ્યાં સુધી તે બંને પતિ-પત્ની તેમની મજલિસથી છૂટા ન પડે, તે પહેલાં ઓરત પોતાની જાતને ઈખ્તિયાર કરે. મતલબ છૂટી થવા માટે ઈચ્છા વ્યક્ત કરે. તો આ રીતે એક તલાક થશે. પતિને તેને રૂજુઅ કરવાનો

(પત્ની તરીકે ફરીથી સ્વીકારવાનો) પુરેપુરો હક રહેશે. પરંતુ ઓરત પતિને ઈખ્તિયાર કરે તો તો તલાક પડશે જ નહિ.

(આ મસઅલામાં ઓરતને પોતાના ઈખ્તિયારની કબૂલાત એકજ મજલિસમાં પતિની રૂબરૂ બે ગવાહોની હાજરીમાં કરવાની છે. ઈદૃ ગુજારતાં પહેલાં કરવાની છે. તો પણ એક જ તલાક પડશે. અને પતિને રૂજૂઅ કરવાનો અધિકાર રહેશે.)

(૩) ઈબ્ને મુસ્કાને હસન બિન ઝિયાદથી તેમણે ઈમામ જઅફર સાદિક (અલ.)થી રિવાયત કરી છે કે તલાક આ છે કે પતિ પોતાની પત્નીને કહે કે તું એક વાત ઈખ્તિયાર કરી લે, જો તે પોતાની જાતને ઈખ્તિયાર કરે, તો પોતાના પતિથી અલગ થઈ જશે. પછી તેનો પતિ પણ શાદી માટે પેગામ દેવાવાળાઓમાંથી એક હશે. પરંતુ જો પત્નીએ પોતાના પતિને ઈખ્તિયાર કર્યો તો પછી કશું જ

નથી. (તલાક પડશે નહિ) અગર પત્ની પોતાની જાતને ઈખ્તિયાર કરશે તો પતિ તેને કહેશે તને તલાક આપું છું. પત્ની પતિ ઉપર હરામ થઈ જશે.

અત્રે આ વાત યાદ રાખવામાં આવે કે તલાક, ખુલાઅ, મબારાત અને તખી...ર ફક્ત તે પાકીમાં જ અમલમાં આપી શકાશે જે પાકીની હાલતમાં પતિએ સંભોગ ન કર્યો હોય સાથે બે ગવાહોની ગવાહી પણ હોય.

(૪) હલબીએ હઝરત ઈમામ જઅફર સાદીક (અલ.)થી એક એવા વ્યક્તિના વિશે રિવાયત કરી છે કે જેણે પોતાની પત્નીને અથવા તેના બાપ અથવા તે ભાઈ અથવા એનો વલીને તલાકનો ઈખ્તિયાર આપી દીધો. જો આ સ્ત્રી આ વાત પર રાજી છે. તો આ બધાં જ એક સરખા હુકમમાં ગણાશે.

(૫) હસન બિન મહબુબે જમીલ બિન સાલેહથી તેમણે ફુઝૈલ બિન યસારથી રિવાયત કરી છે તેઓ વર્ણવે છે કે મેં એક વખત હઝરત ઈમામ જઅફર સાદીક (અલ.)થી એક એવી વ્યક્તિના વિષયમાં પુછ્યું કે તેણે પોતાની પત્નીને કહ્યું કે મેં તને ઈખ્તિયાર આપ્યા, તો પત્નીએ જગ્યાએથી ઉઠતાં અગાઉ પોતાના નફસના માટે ઈખ્તિયાર કબુલ કરી લીધો. આપ (અલ.)એ ફરમાવ્યું. તેને પતિના વિરુદ્ધ આ ઈખ્તિયાર જાઈઝ છે. મેં વિનંતી કરી. તો પછી તેના માટે કંઈક માલ કે વસ્તુ છે ? ફરમાવ્યું : હા છે! મેં અરજ કરી શું ? ફરમાવ્યું : જો ઈદ્દ પુર્ણ થતાં અગાઉ તેનો પતિ મૃત્યુ પામે તો તે સ્ત્રી માટે મિરાસ પણ છે. સાથે આપે આ પણ ફરમાવ્યું : અગર સ્ત્રી ઈદ્દ અગાઉ મૃત્યુ પામે તો પુરુષ માટે પણ મિરાસ છે. (મતલબ ઈદ્દ પુર્ણ થતાં અગાઉ બંનેમાંથી કોઈ

એકનું મૃત્યુ થાય તો તેઓ એકબીજાના વારસાના માલીક બનશે.)

(૬) મોહંમદ બિન મુસ્લિમે હઝરત ઈમામ જઅફર સાદીક (અલ.)થી રિવાયત કરી છે કે રાવીનું વર્ણન છે કે ઈમામે ફરમાવ્યું : "તમામ સ્ત્રીઓને તખી...રથી શુ કામ છે ? આ તો અલ્લાહતઆલાએ પોતાના નબી (સલ.) માટે ખાસ હતી.

**(૧૧) મબારાત**

હમ્માદે હલ્બીથી એમણે ઈમામ જઅફર સાદીક (અલ.)થી રિવાયત કરી છે. આપે ફરમાવ્યું મબારાત આ છે કે પત્ની પોતાના પતિને કહે જે કંઈ મારું તારા ઝિમ્મે છે, તે બધું તારું છે અને મને છૂટી કરી દે. તો તેના મરદે તેને છોડી દીધી. પરંતુ તેનો પતિ પોતાની પત્નીને કહી દે કે જો તેં આ બધામાંથી કોઈ વસ્તુની માંગણી કરી તો પછી હું તારા શરીરના ખાસ ભાગનો માલીક રહીશ.

રીવાયતમાં છે કે પતિ માટે આ જાઈઝ છે કે તે મહર કરતાં વધારે લે. પરંતુ તે સ્ત્રી મહરથી ઓછું લે અને મબારાતમાં પતિને રૂજુઅ કરવાનો (ફરી પત્ની તરીકે સ્થાપિત કરવાનો) કોઈ અધિકાર નથી.

**(૧૨) નુશુઝ (નાફરમાની)**

નુશુઝ (નાફરમાની) કદી કદી પતિ-પત્ની બંનેની તરફથી થાય છે. પુરુષ કદી પોતાની ઓરતની નાફરમાની કરતો હોય છે, તો ઓરત કદી પોતાના મર્દની નાફરમાની કરતી હોય છે. અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતનો ઈરશાદ છે.

**વએનિમરઅતુન ખાફત મિમ બઅ્લેહા નોશુઝન અવ ઈઅ્રાઝન ફલા જોનાહઅ્ અલયહેમા અંય્યુસલેહા બયનહોમા સુલહા.**

(સુરતુન્નિસાઅ આયત નં. ૧૨૮)

"અને જો કોઈ ઓરત ગેરવર્તન અને બેદરકારીના કારણે (તલાકનો) ભય પામતી હોય તો તેઓ (મિયાં-બીબી) કોઈ પણ રીતે પરસ્પર સમાધાન કરી લે તો બંનેમાંથી કોઈની ઉપર પણ કોઈ ગુનો નથી અને સુલેહ કરવું તો વધારે સારૂં છે."

એ રીતે કે એક ઓરત પોતાના મર્દની પાસે રહે છે. પરંતુ તે તેને ગમતી નથી. તેથી પુરુષ તેને તલાક આપી દેવાનો ઈરાદો ધરાવે છે. ત્યારે બિચારી ઓરત કહે છે.

"મને તમારી પાસે રહેવા દો. મને તલાક ન આપો અને તમારી પીઠ ઉપર જે બોજ છે. (મતલબ કરઝ-દેવું, જે પત્નિ માંગતી હોય-પતિ પત્નીનો કરઝદાર હોય અથવા પત્ની પાસે પોતાનો માલ હોય તે આપે) તે હું છોડી દઉં છું. (માફ કરૂં છું.) અને તમારા માટે મારો દિવસ અને મારી રાત બધું

જ હલાલ કરી દઉં છું. (મતલબ તમે ગમે ત્યારે મારી પાસે આવી શકો છો.) તો આ વાત પતિને પસંદ આવી જાય છે. (આ બંને પતિ-પત્ની વચ્ચેનું સમાધાન છે.)

આ હદીસની રિવાયત કરી છે. મુફઝ્ઝલ બિન સાલેહે, ઝૈદ સુહ્હામથી અને તેમણે ઈમામ જઅફર સાદિક (અલ.)થી. અને જો પુરુષની જેમ સ્ત્રી તરફથી નાફરમાની હોય, બેદરકારી અને ગેરવર્તન હોય, તો તે ખુલઅ્ કહેવાશે. જ્યારે આ બાબત ઓરત તરફથી થાય છે ત્યારે તે પતિની સાથે સંભોગ માટે તૈયાર થતી નથી. આ બાબત અલ્લાહતઆલાનો ઈરશાદ છે.

**વલ્લાતી તખાફોનઅ્ નોશુઝહુન્ન ફએઝુહુન્ન વહજોરૂહુન્ન ફિલમઝાજેએ વઝરેબુહુન્ન.**

(સુરા નિસાઅ આયત નં. ૩૪)

“અને તે સ્ત્રીઓ કે જેમની નાફરમાનીનો તમને ભય હોય, તેમને (પ્રથમ) નસીહત કરો (સમજાવો) અને (જો ન માને તો) તેમને તેમની પથારીઓ ઉપર એકલી છોડી દો, (છતાંય ન માને તો) તેમને મારો.

હીજ્રનો મતલબ આ છે કે તમે સુવાની પથારી ઉપર તેની તરફ તમારી પીઠ કરી દો. અને ઝર્બનો મતલબ આ છે કે મિસ્વાક (દાતણ જેવી લાકડી વડે) વડે મારો. લાકડી નાની હોય અને દાતણના જેવડી જાડાઈની હોય જેથી વધારે ચોટ ન આવે. (યાદ રાખો, ઓરતને ઘણી મોટી લાકડી, કે દંડા વડે મારવું હરામ છે. હાથથી મોં ઉપર મારવું પણ હરામ છે. સખત મના છે. જો પત્નીને એવી શિક્ષા કરી હોય તો તેની પાસે માફ કરાવી લો. જો પત્ની મૃત્યુ પામી હોય તો તેને સવાબ પહોંચાડી તેના તરફથી ખેરાત કરીને અલ્લાહથી તોબા કરો.

માફ થઈ જશે ઈન્શાઅલ્લાહ.) પછી જો તે તમારી ફરમાંબરદાર બની જાય, તો પછી તમે પણ તેને નુકસાન પહોંચાડવાના રસ્તા ન ઢૂંઢો. **ફઈન અતઅ્નકૂમ ફલા તબગુ અલયહિન્ન સબીલા. અર્થાત્** જો તમારી પત્ની તમારી આજ્ઞા માની લે તો પછી તેમના ઉપર કોઈ પણ રીતે સખ્તાઈ કરવાનો રસ્તો શોધો નહિ. ઈન્નલ્લાહઅ્ કાનઅ્ અલીય્યન કબીરા. બેશક અલ્લાહ ઉચ્ચ દરજ્જાવાળો અને મહાન છે.

**(૧૩) શેકાક (નાઈત્તેફાકી ઝઘડો, વિખવાદ)**

શેકાક (નાઈત્તેફાકી) કદીક મિયાં-બીવી બંને તરફથી હોય છે તેથી અલ્લાહતઆલાનું ફરમાન છે.

**વ ઈન ખિફતુમ શેકાકઅ્ બયનેહેમા ફબઅસુ હકમમ મિનઅહલેહી ઈંયયોરીદા ઈસલાહય યોવફફેકીલ્લાહો બયનહોમા. ઈન્નલ્લાહઅ્ કાનઅ્ અલીમન ખબીરા.** (સુરા નિસા. આયત નં. ૩૫)

"અને જો પતિ-પત્ની વચ્ચે (પુરેપુરો) બગાડ થઈ જવાનો ભય હોય તો પુરુષના સ્નેહીઓમાંથી એક પંચ નીમો અને એક પંચ સ્ત્રીના સ્નેહીઓમાંથી નીમો. જો તે બંને પંચો સલાહનો ઈરાદો રાખશે તો અલ્લાહ તે બંનેમાં સંપ કરાવી દેશે. બેશક અલ્લાહ મહાન જાણનાર અને ખબરદાર છે."

હુકમે ખુદા પ્રમાણે પતિ-પત્ની પોતપોતાના સગાંઓમાંથી એક એક માણસ નક્કી કરશે. પછી આ બંને પંચો પતિ-પત્નીની જુદાઈ અને સુલેહ બંનેમાંથી એક વસ્તુ ઉપર એકમત થશે. જો તે બંને પંચોએ સુલેહ કરવાનો ફેંસલો કર્યો તો આ બંનેને મિયાં-બીવીની ઈજાઝત લેવાની જરૂરત નથી. પરંતુ જો આ પંચોએ ભેગા મળી મિયાં-બીવી વચ્ચે જુદાઈ કરવા પર સહમતિ સાધી. તો મિયાં-બીવીની ઈજાઝત વગર જુદાઈનો ફેંસલો ન આપે.

(૧) હમ્માદે હલબીથી અને તેમણે ઈમામ જઅફર સાદીક (અલ.)થી રિવાયત કરી છે કે મેં એક દિવસ હઝરતને અલ્લાહતઆલાના ઉપરોક્ત આદેશ વિશે પુછ્યું તો ફરમાવ્યું "પંચોને આ ઈખ્તિયાર નથી કે પતિ-પત્ની બંનેની ઈજાઝત વગર તે બંનેને જુદાં કરી દે. પરંતુ જો બંને પંચો આ શરત ઉપર પંચ બને કે તેઓ ઈચ્છે તો બંને પતિ-પત્નીને એકત્ર કરી દે અથવા ઈચ્છે તો બંનેને અલગ કરી દે તો આ પરિસ્થિતિમાં તે બંને પંચો પતિ-પત્નીને ભેગા કરી દે તો પણ જાઈઝ છે અને અલગ કરી દે તો પણ જાઈઝ છે.

આ કિતાબના લેખક શેખસદ્ક અલયહે રહમત ફરમાવે છે કે જ્યારે હું આ સ્થળે પહોંચ્યો. ત્યારે મને હિશ્શામ બિન હકમનો તે મુનાઝરો યાદ આવ્યો. જે તેમણે સિફ્ફીનના પંચો અમરુ બિન આસ અને અબુમુસા અશઅરીના વિષયમાં

વિરોધીઓ સાથે કર્યો હતો. મને થયું કે આ મુનાઝરોનું વર્ણન કરૂં, જો કે આ બાબતને તે મુનાઝરો સાથે કોઈજ સંબંધ નથી. વિરોધીઓનો દાવો હતો, પંચોએ હુકમ કબૂલ કરી લીધો હતો. તેથી તે બંને સમૂહો દરમ્યાન સુલેહ કરાવવાનો ઈરાદો હતો. હિરશામે કહ્યું નહિ. બલકે તેમનો ઈરાદો સુલેહ કરાવવાનો હતો જ નહિ. વિરોધીઓએ કહ્યું “આ વાત તમે કઈ દલીલના આધાર ઉપર કહો છો ?” હિશ્શામે કહ્યું : અલ્લાહતઆલાના આ કોલના અનુસાર કહી રહ્યો છું. જે તેણે પંચોના વિષયમાં કહ્યો છે.

**“ઈંયોરીદા ઈસ્લાહય યોવફફેકીલ્લાહો બયનહોમા”**

“જો તે બંને પંચો સલાહનો ઈરાદો રાખશે, તો અલ્લાહ તે બંનેમાં સંપ કરાવી દેશે.” (સુરા નિસાઅ આયત નં. ૩૫) જો પંચોનો નેક ઈરાદો

સુલેહ માટેનો હોય તો અલ્લાહતઆલા સુલેહ કરવા માટેની તૌફીક આપે છે. પરંતુ તે બંનેનો કોઈ એક વાત ઉપર ઈત્તેફાક ન થયો. જેથી અલ્લાહતઆલાએ તેની તૌફીક ન આપી. તેથી આપણે સમજી શકીએ છીએ કે તે બંને પંચોનો સુલેહ કરાવવાનો ઈરાદો હતો નહિ. મોહંમદ ઈબ્ને અખી ઉમૈરે હિરશામ બિન હકમથી આ રિવાયત કરી છે.

(૨) કાસિમ બિન મોહંમદ જોહરીએ અલી ઈબ્ને અબી હમઝાથી રિવાયત કરી છે તેમનું વર્ણન છે કે હઝરત અબુ ઈબ્રાહીમ (અલ.)થી એક વખત પુછવામાં આવ્યું કે એક સ્ત્રીના પતિની અક્કલમાં નિકાહ પછી ગરબડ પેદા થઈ ગઈ, તે ગાંડો થઈ ગયો.

આપે ફરમાવ્યું : "જો તે સ્ત્રી ઈચ્છે તો પોતાને તે પતિથી અલગ કરી દે."

(૩) એક બીજી હદીસમાં છે કે જો પતિનું ગાંડપણ એટલે સુધી પહોંચી ગયું હોય કે નમાઝના સમય ન ઓળખી શકે. તો આ બંને પતિ-પત્નીને એક બીજાથી છુટા કરી દેવામાં આવશે. પરંતુ જો તે નમાઝ માટે જાય છે. તો સ્ત્રીએ ધીરજથી કામ લેવું જોઈએ. આ તેની કસોટીનો સમય છે.

**(૧૪) ખુલાઅ (છુટકારો)**

(૧) અલી બિન નોઅમાને યાકુબ બિન શોએબથી, તેમણે હઝરત ઈમામ જઅફર સાદીક (અલ.)થી રિવાયત કરી છે કે આપે ખુલઅના અનુસંધાનમાં ફરમાવ્યું "જ્યારે બીવી પોતાના પતિને કહે કે હું તારા માટે ગુસલે જનાબત કરવાની નથી. હું તારા માટે કોઈ કસમ પૂરી કરીશ નહિ. અને તારા બિસ્તરા ઉપર એવી વ્યક્તિને સુવડાવીશ જેનાથી તને નફરત છે. જ્યારે પત્ની આ પ્રમાણે કહે તો પુરુષ માટે હલાલ છે કે તેને ખુલઅ (છુટકારો)

આપી દે. અને પુરુષે પત્ની પાસેથી જે કંઈ લીધું છે તે હલાલ છે.

(૨) હમ્માદની રિવાયતમાં છે કે જે તેમણે હલબીથી અને તેમણે હઝરત ઈમામ જઅફર સાદીક (અલ.)થી કરી છે. આપ (અલ.)એ ફરમાવ્યું કે ખુલાઅ મેળવનારી સ્ત્રીનો ઈદ્દ પણ તલાક મેળવનારી સ્ત્રીના ઈદ્દના બરાબર છે. અને તે તલાક શબ્દના ઉચ્ચારણ વગર જાઈઝ છે. ખુલાઅ મેળવનાર સ્ત્રીનો ત્યાં સુધી હલાલ નથી, જ્યાં સુધીને પોતાના પતિને આ પ્રમાણે ન કહે કે અલ્લાહની કસમ ! હું તારી કોઈ કસમ પુરી કરીશ નહિ. તારો કોઈ હુકમ પણ માનીશ નહિ, ગુસ્લે જનાબત (સંભોગ) કરીશ નહિ. હું તારા હુકમ વગર તારા વિરૂધ્ધ અન્યોને મારી પાસે આવવાની છૂટ આપીશ. તે સમયમાં આનાથી ઓછું કહેવા ઉપર પણ ખુલાઅ આપી દેવામાં આવતી હતી. જ્યારે સ્ત્રી

પોતાના પતિને ઉપર પ્રમાણેના બધા જ વાક્યો અથવા એનાથી કંઈક ઓછું કહે. તો પુરુષ તેની પાસેથી જે કંઈ લે (માલ, રૂપિયા, ચીજો) તે તેના માટે હલાલ છે. અને આ ખુલાઅ તેની એક તલાક છે. બે તલાક આપવાનો હક હજી પુરુષ પાસે બાકી છે. ઈમામ અલયહિસ્સલામેં ફરમાવ્યું કે સ્ત્રી આ બધુ જાતે પોતાની મરજીથી કહે, કોઈ સમજાવવા શીખવવાથી ન કહે.

(૩) રફાઆ બિન મુસાએ ઈમામ (અલ.)ને ખુલાઅ મેળવનાર સ્ત્રીના વિષયમાં પુછ્યું કે તેના માટે ઈદ્દ દરમ્યાન પતિના ઘરમાં રહેવું તથા તેના ભરપોષણ-ખાવું-પીવું-કપડાં વગેરેની જવાબદારી પતિ ઉપર છે ? અને પુછ્યું કે શું ખુલાઅ મેળવનારી સ્ત્રીને કોઈ માલ વગેરે કંઈક નફો આપવામાં આવે ? આપે ફરમાવ્યું “નહિ.”

(૪) મોહંમદ બિન હમરાને રિવાયત કરી છે કે, મોહંમદ બિન મુસ્લિમથી અને તેમણે ઈમામ મોહંમદ બાકિર (અલ.)થી રિવાયત કરી છે. આપ (અલ.) એ ફરમાવ્યું કે જ્યારે સ્ત્રી પોતાના પતિને કહે કે હું તારો કોઈ હુકમ માનવાની નથી. ટૂંકમાં થોડા શબ્દોમાં કહે કે વિસ્તારીને કહે. તો પુરુષે સ્ત્રી પાસેથી જે કંઈ લીધું હોય તે તેના માટે હલાલ છે. પછી તેને સ્ત્રી તરફ રૂજુઅ થવાનો કોઈ હક નથી. પુરુષ માટે આ હક છે કે સ્ત્રીને મહર જે એણે આપી છે, તેનાથી વધારે માગે તો લઈ શકે છે. અલ્લાહતઆલાના આ ફરમાનના અનુસંધાનમાં

**ફઈન ખિફતુમ અલ્લા યોગીમા હોદુદલ્લાહે ફલાજોનાહઅ્ અલાયહેમા ફીમફતદત બેહી**

(સુરા બકરહ આયત નં. ૨૨૯)

"પછી જો તમને ભય કે બંને (પતિ-પત્ની) અલ્લાહે નક્કી કરેલી હદો ઉપર કાયમ રહી શકશે

નહિ. (અરસપરસના અણગમાના કારણે કોઈ માઠું પરિણામ આવવાનો ભય હોય. નફરત પોતાની હદો પાર કરી જાય.) તો સ્ત્રી પુરુષને કંઈક આપીને છુટકારો મેળવી શકે છે. (ખુલાઅ કરાવી શકે છે.) તો આ બાબતમાં બંને ઉપર કોઈ ગુનાહ નથી.”

પરંતુ “મબારાત”માં સ્ત્રી પાસેથી કંઈ લેવામાં ન આવે. સિવાય તે મહર જે પતિએ તેને આપી છે. કારણ કે “ખુલાઅ”માં ખુલાઅ મેળવનાર સ્ત્રી વાતચીતમાં હદથી આગળ વધી જાય છે.

**(૧૫) ઈલા**

(૧) હમ્માદે હલબીથી રિવાયત કરી છે. તેઓ વર્ણવે છે કે એક વખત મેં હઝરત ઈમામ જઅફર સાદીક (અલ.)ને પુછયું કે એક પતિ પોતાની પત્નીને તલાક અને કસમ વગર એક વર્ષથી છોડી ચૂકયો છે. તેની સાથે સંભોગ કરતો નથી.

આપે ફરમાવ્યું : તે પોતાની પત્ની પાસે જાય. પછી આપે ફરમાવ્યું કે કોઈપણ વ્યક્તિ હોય જે પોતાની પત્ની સાથે “ઈલા” કરી લે. અને “ઈલા” આ છે કે તે કહે કે અલ્લાહની કસમ હું તારી સાથે સંભોગ કરવાનો નથી. અને વગેરે વગેરે નહીં કરું અને અલ્લાહની કસમ હું તને મારા ગુસ્સાનો શિકાર બનાવીશ. આ રીતે તે પોતાની પત્નીને પોતાના ગુસ્સાનો શિકાર બનાવતો રહ્યો. તો એને માટેનો હુકમ આ છે કે આ પતિનો ચાર મહિના સુધી ઈન્તિઝાર કરવામાં આવે, રાહ જોવામાં આવે. (શકય છે કે તે પોતાની વર્તણુંકમાં ફેરફાર કરે) ચાર મહિના પછી તેને પકડીને હાકેમની સમક્ષ ઊભો કરવામાં આવશે. જો તેણે પોતાની પત્નીની તરફ રૂજુઅ કરી લીધું (મતલબ પત્નીને પત્ની તરીકે સ્વીકારી લીધી) તેની સાથે સુલેહ કરી લીધી. તો અલ્લાહતઆલા ગફૂરૂર્રહીમ છે. જો તેણે પત્ની

સાથેની પોતાની વર્તણુંક ન બદલી અને તેની તરફ રૂજુઅ ન કર્યું. તો તેણે તલાક આપવા માટે મજબૂર કરવામાં આવશે. પરંતુ આ તલાક ત્યાં સુધી અમલમાં આવશે નહિ, જ્યાં સુધી કે હાકેમની સમક્ષ કબુલ ન કરવામાં આવે. પછી જો બીજા ચાર મહિના પછી પણ તે આવો જ રહ્યો, તો હવે તેને મજબૂર કરવામાં આવશે. સુલેહ કરી લે કે તલાક આપે.

રિવાયતમાં છે કે રૂજુઅનો મતલબ આ છે કે તે મુજામેઅત કરે. નહીં તો એને જેલમાં કેદ કરવામાં આવશે. તેનું ખાવા-પીવાનું બંધ કરી દેવામાં આવશે. અહીં સુધી કે તે તલાક આપી દે. અને રિવાયતમાં આ પણ છે કે જ્યારે ઈમામુલ મુસ્લિમીન તેને તલાક આપી દેવાનો હુકમ આપે અને તે આ વાતનો ઈન્કાર કરે. તો તેની ગરદન

ઉડાડી દેવામાં આવે. એટલા માટે કે તેણે ઈમામુલ મુસ્લિમીનનો હુકમ માનવાથી ઈન્કાર કર્યો છે.

(૨) અબાત બિન ઉસ્માનની રિવાયતમાં છે કે જેની તેમણે મનસુરથી રિવાયત કરી છે વર્ણવે છે કે એક વખત મેં ઈમામ જાઅફર સાદીક (અલ.)થી પુછયું કે મૌલા ! એક વ્યક્તિએ પોતાની પત્ની સાથે ઈલા કર્યો. પછી આને ચાર મહિના વીતી ગયા. આપે ફરમાવ્યું કે તેને હાકેમની સમક્ષ ઊભો કરી દેવામાં આવે. જો તે તલાક આપવા પર રાજી થયો, તો પત્ની તેનાથી અલગ થઈ જશે. નહીં તો તે કસમનો કફ્ફારો અદા કરી પત્નીને પોતાની પાસે રાખી લે. પરંતુ જ્યાં સુધી પત્ની પતિની મદખુલા ન બની હોય, ત્યાં સુધી ન ઝહહાર થઈ શકે છે ન ઈલા. (જે પત્ની સાથે પતિ સંભોગ કરી ચૂક્યો હોય તે પત્ની મદખુલા કહેવાય છે.)

(૧૬) ઝહ્હાર

(૧) હસન બિન મહબૂબે જમીન બિન સાલેહથી તેમણે કુઝેલ બિન યસારથી સિવાયત કરી છે કે એક વખત મેં હઝરત ઈમામ જઅફર સાદિક (અલ.)ને પુછ્યું "એક પતિએ હજી નિકાહ જ કર્યા છે. પત્ની સાથે સંભોગ કર્યો નથી. તેણે પોતાની પત્ની સાથે ઝહ્હાર કર્યો." આપ (અલ.)એ ફરમાવ્યું "જ્યાં સુધી પતિ પોતાની પત્ની સાથે સંભોગ ન કરે ત્યાં સુધી ન ઝહ્હાર થશે ન ઈલા.

(૨) આપ (અલ.)એ આ પણ ફરમાવ્યું કે ઝહ્હાર તે જ શરતો સાથે થશે જે શરતો સાથે તલાક થાય છે.

(૩) હસન બિન મહમૂદે અલી બિન રતાબથી તેમણે ઝરારહથી રિવાયત કરી છે કે એક વખત મેં ઈમામ મોહંમદ બાકિર (અલ.)થી ઝહ્હારના વિષયમાં પુછ્યું. તો આપે ફરમાવ્યું કે ઝહ્હાર કોઈ પણ

મહરમ સ્ત્રીનું દૃષ્ટાંત આપવાથી થઈ શકે છે. દાખલા તરીકે મા, બહેન, ખાલા કે ફોઈના દૃષ્ટાંત વડે. પરંતુ એહતેરામ માટે કહેવાથી ઝહરાર નહિ થાય. મેં વિનંતી કરી કે તો પછી ઝહહાર કેવી રીતે થાય છે ? આપે ફરમાવ્યું કે પતિ પોતાની પત્નીને કહે જ્યારે કે તે પાકીના દિવસોમાં સંભોગ વગરની હોય કે તું મારા ઉપર એવી રીતે હરામ છે. જેવી રીતે મારી મા અથવા મારી બહેનની પીઠ. સાથે આવી રીતનું કહેવામાં એનો ઈરાદો ઝહહારનો હોય.

(૪) મોહંમદ બિન અબી ઉમૈરે અબાન વગેરેથી અને તે લોકોએ ઈમામ જઅફર સાદિક (અલ.)થી રિવાયત કરી છે કે આપ (અલ.) ફરમાવે છે કે રસુલુલ્લાહ (સલ.)ના જમાનામાં એક વ્યક્તિ હતો. જેનું નામ ઓસ બિન સામત હતું. તેના નિકાહમાં એક સ્ત્રી હતી. જેનું નામ ખોલા બિન્તે મનઝર હતું. એક દિવસ ઓસે ખોલાને કહ્યું કે તું મારા ઉપર

તેવી જ છે જેવી મારી માની પીઠ. આમ કહ્યા પછી તે જ વખતે તેને પોતાની ભૂલ સમજાઈ. શરમ અનુભવી, પરેશાન થયો. ઓસે કહ્યું કે અય સ્ત્રી ! મારું માનવું છે કે મારા આ પ્રમાણે કહેવાથી તું મારી ઉપર હરામ થઈ ગઈ. તરત જ તે સ્ત્રી રસુલુલ્લાહ (સલ.)ની સેવામાં આવી. વિનંતી કરી કે યા રસુલુલ્લાહ ! મારા પતિએ મને કહ્યું છે કે તું મારા માટે તેવી જ જેવી મારી માની પીઠ. પાછલા સમયમાં આમ કહેવાથી સ્ત્રી પોતાના પતિ ઉપર હારમ થઈ જતી હતી.

આપ (સલ.) ખામોશ રહ્યા. પછી ફરમાવ્યું : અરબનો રિવાજ તો આજ છે. પેલી સ્ત્રીએ આસમાન તરફ હાથ ઉઠાવ્યા અને દુઆ માગી. પરવરદિગાર! હું તને મારા પતિની જુદાઈની ફરિયાદ કરૂં છું. ત્યારે અલ્લાહતઆલાએ આયત નાઝિલ ફરમાવી. સુરએ મુજાદિલાની ૧ થી ૪ આયતો નાઝિલ થઈ.

**કદસમેઅલ્લાહો કૌલલ્લતી તોજાદેલોકઅ્ ફિઝવજેહા વતશતકી એલલ્લાહ વલ્લાહો યસમઓ તહાવોરઅ્કોમા, ઈન્નલ્લાહઅ્ સમીઉમ બસીર.**

અય રસુલ ! ખચિત જ અલ્લાહે તેણીની વાત સાંભળી છે. જે તમારી સાથે પોતાના પતિના સંબંધમાં વાદવિવાદ અને અલ્લાહની હુઝુરમાં શિકાયત કરે છે. અને અલ્લાહ તમારા બંનેની વાતચીત સાંભળતો હતો. નિસંશય ! અલ્લાહ મોટો સાંભળનાર અને જોનારો છે.

**(૨) અલ્લઝીનઅ્ યોજાહેરૂનઅ્ મિનકુમ મિનનિસાએહીમ માહુન્ન ઉમ્મહાતેહીમ, ઈન ઉમ્મહાતોહુમ ઈલ્લલ્લાઈ વલદનહુમ વઈન્નહુમ લયકુલુનઅ્ મુનકરમ મિનલકૌલે વઝુરા, વઈન્નલ્લાહઅ્ લઅકુવ્વુન ગફૂર.**

તમારામાંથી જે લોકો પોતાની સ્ત્રીઓને (મા કહી) કાઢી મૂકે છે (ઝહહાર કરે છે) તો તેણીઓ

તેઓની માઓ થઈ જતી નથી. તેમની માઓ તો કેવળ તે જ છે જેમણે તેમને જન્મ આપ્યોે છે. અને આમ કહેનારા ખાચિત જ અઘટિત અને જુઠું બકે છે અને અલ્લાહ અવશ્ય મોટો ક્ષમાવાન અને બક્ષનારો છે.

**(3) વલ્લઝીનઅ્ યોઝાહેરૂનઅ્ મિનનિસાએહીમ સુમ્મ યઉદુનઅ્ લેમા કાલુ ફતહરીરો રકઅ્બતીમ મિનકબલે અંય યતમાસ્સા, ઝાલોકુમ તુઅઝુનઅ્ બેહી, વલ્લાહો બેમા તઅ્મલુનઅ્ ખબીર.**

અને તમારામાંથી જે લોકો પોતાની પત્નીઓને મા કહી કાઢી મૂકે, (ઝહહાર કરી બેસે) પછી તેઓ જે કંઈ કહી ચૂક્યા છે તે પાછુ ખેંચી લેવા માગે તો તેમને એ પહેલાં કે તેઓ સંભોગ કરે, એક ગુલામ આઝાદ કરવો અનિવાર્ય છે. આ ઉપદેશ તમને આટલા માટે કરવામાં આવે છે કે તમો તે

પ્રમાણે ચાલો. અને જે કાંઈપણ તમે કરો છો તેનાથી અલ્લાહ માહિતગાર છે.

**(૪) ફમલ્લમ યજિદ ફસેયામો શહરયને મોતતાબેઅયને મિનકબ્લે અંય યતમાસ્સા, ફમલ્લમ યસ્તતીઅ્ ફઈતઆમો સિત્તીનઅ્ મિસ્કીનન, ઝાલેકઅ્ લતુઅ્મેનુ બિલ્લાહે વ રસુલેહી, વતિલ્કઅ્ હોદુદુલ્લાહ, વલિલકાફેરીનઅ્ અઝાબુન અલીમ.**

પછી જેનાથી એક ગુલામ આઝાદ કરવાનું ન બની શકે તો એકમેકને સ્પર્શ કરતાં પહેલાં પતિના માથે લાગલગાટ બે માસના રોઝા રાખવાના છે. પછી જેનાથી આ પણ ન બની શકે તો તેના માટે સાઠ મિસ્કીનોને ખાવાનું ખવડાવવાનું છે. આ (કાયદાકાનૂન) એટલા માટે છે કે તમે અલ્લાહ અને તેના રસૂલ ઉપર ઈમાન લાવો. અને આ અલ્લાહની ઠરાવેલી હદો છે અને નહીં માનનારોઓ માટે દુ:ખદાયક અઝાબ છે.

ઈમામ જઅફર સાદિક (અલ.) ફરમાવે છે કે ઝહ્હાર બે રીતે થાય છે એક ઝહ્હાર આ પ્રમાણે કે કોઈ વ્યક્તિ પોતાની પત્નીને કહે આ મારા ઉપર એવી હરામ છે કે જેવી મારી માની પીઠ અને ખામોશ થઈ જાય. તો આ વ્યક્તિ ઉપર મુજામેઅતથી (સંભોગથી) પહેલાં કફ્ફારો જરૂરી છે. પરંતુ જો તેણે કફ્ફારો અદા કરતાં અગાઉ સંભોગ કર્યો. તો તેના ઉપર બે કફ્ફારા જરૂરી થઈ જશે. આ ઝહ્હારનો એક પ્રકાર ગણાશે.

ઝહરારનો બીજો પ્રકાર જો કોઈ વ્યક્તિ આમ કહે કે જો હું આ કાર્ય કરું તો આ સ્ત્રી મારા પર એવી જ છે જેવી કે મારા ઉપર મારી માની પીઠ. પછી જ્યારે આ વ્યક્તિ તે જ કાર્ય કરીને સંભોગ કરશે, તો કફ્ફારો વાજીબ છે. કારણ કે તેણે તે કાર્ય કર્યું જે ઉપર પ્રતિજ્ઞા કરી હતી.

કફ્ફારો એક ગુલામને આઝાદ કરવું છે. જો તેને ગુલામ ન મળે તો બે મહિનાના લગાતાર રોઝા રાખે અને જો રોઝા રાખવાની શક્તિ ન હોય તો સાઠ ગરીબોને ખાવાનું ખવડાવે. દરેક ગરીબને એક મુદ (લગભગ સાતસો પચાસ ગ્રામ) ખાવાનું આપવામાં આવે. પરંતુ જો તેની આ શક્તિ પણ નથી. તો ફક્ત ૧૮ દિવસના રોઝા રાખી લે.

(૫) રીવાયતમાં છે કે જો કોઈ ગરીબોને ખાવાનું ખવડાવવાની શક્તિ નથી ધરાવતો તો જેટલી શક્તિ છે તે પ્રમાણે ખાવાનું ખવડાવે, ખવડાવતો રહે. ગુસ્સાની હાલતમાં ઝહ્હાર અમલમાં આવશે નહિ. (ગુસ્સા વગર ઝહ્હાર કરવાના ઈરાદે અમલ કરવામાં આવે તો જ તે અમલમાં આવશે.) બીજી વાત કોઈ વ્યક્તિના ઝહ્હારના શબ્દો બોલવાથી પણ ઝહ્હાર અમલમાં આવશે નહિ. જો તેની નિય્યત ઝહ્હારની ન હોય.

કોઈ ગુલામ પોતાની પત્નીથી ઝહહાર કરે તો તેના ઉપર જેટલા રોઝા એક આઝાદ પુરુષ પર જરૂરી છે. તેના કરતાં અડધા રોઝા રાખે. ગુલામ ઉપર ન ગુલામ આઝાદ કરવો જરૂરી છે ન સદકામાં ગરીબોને ખવડાવવાનું જરૂરી છે. એટલા માટે કે ગુલામ પાસે કોઈ માલ-મિલ્કત હોતાં નથી.

જો કોઈ વ્યક્તિ પોતાની પત્નીને કહે કે આ મારી ફલાણી મહરમ (જેની સાથે નિકાહ હરામ હોય) જેવી છે. તો આ ઝહહાર ગણાશે. એ જ રીતે જો કોઈ વ્યક્તિ પોતાની પત્નીને કહે કે તું મારા માટે એવી છે જેવી કે મારી માની પીઠ અથવા માનું પેટ, અથવા મારી માનું હૃદય આપવા મારી માના પગ, અથવા મારી માની ઘુંટીઓ, અથવા મારી માના બાલ, અથવા માના શરીરનો કોઈ ભાગ.

જો આમ બોલવાથી આ વ્યક્તિનો ઈરાદો-નિય્યત પત્નીને હરામ કરવાનો હોય તો આ પણ ઝહહાર છે.

ઈબ્રાહીમ બિન હાશિમે પણ પોતાની કિતાબમાં ઝહહારના મામલામાં ઈમામથી આ પ્રમાણે રિવાયતોનું વર્ણન કર્યું છે.

(૬) ઈબ્ને મહબુબે અબી ઐયુબ ખઝ્ઝાથી બુરીદ બિન મઆવીયાથી રીવાયત કરી છે કે એક વખત મેં ઈમામ મોહમંદ બાકિર (અલ.)થી પુછ્યું કે એક વ્યક્તિએ પોતાની પત્ની સાથે ઝહહાર કર્યો, ત્યાર પછી પત્નીને તલાક આપી દીધી.

આપે ફરમાવ્યું કે જ્યારે તેણે એક તલાક આપી તો ઝહહાર બાતિલ થઈ ગયો. મતલબ તલાકે ઝહહારને નકામો કરી દીધો. મેં વિનંતી કરી કે પછી પતિને હક છે કે તે પોતાની પત્ની પાસે જાય. આપે ફરમાવ્યું હાં તે તેની પત્ની છે. જો તે

પોતાની પત્નીને ફરીથી પત્ની બનાવવા ઈચ્છે તો સંભોગ કરતાં અગાઉ તેના ઉપર તે વાજીબ છે. જે એક ઝહહાર કરનાર પર વાજીબ હોય છે.

મેં પુછ્યું કે જો તે પત્નીને છોડી દે અને તેની ઈદ્દતની મુદ્દત પૂરી થવા દે. જેથી પત્ની સ્વયં પોતાના નફસની માલીક બની જાય. ત્યાર પછી તેની સાથે બીજા વખત નિકાહ પઢે. તો પણ મુજામેઅતથી (સંભોગથી) અગાઉ તેના ઉપર ઝહહારનો કફફારો વાજીબ છે ?

આપે ફરમાવ્યું નહિ. તે સ્ત્રી ઈદ્દત પછી તેનાથી બિલકુલ છૂટી થઈ ગઈ. પોતાના નફસની માલીક બની ગઈ.

મેં વિનંતી કરી કે કોઈ પતિએ હજી પોતાની પત્નીને હાથ પણ લગાવ્યો નથી. અને તેણે ઝહહાર કર્યો. અડકયા વગર જ છોડી રાખી. પરંતુ તેને અડકયા વગર પણ નવ† (કપડાં વગર) જોયા

કરતો હતો. તો શું તેના ઉપર કંઈ ગુનો લાગુ પડશે ? આપ (અલ.) એ ફરમાવ્યું. તે તેની પત્ની છે. તેની સાથે સંભોગ કરવો પતિ માટે હરામ નથી. પરંતુ તેની સાથે સંભોગ કરતાં અગાઉ તે બધું વાજીબ છે. (મતલબ કફફારો) જે એક ઝહહાર કરનાર ઉપર વાજીબ છે. તે ઓરત તેની પત્ની તો છે જ.

મેં વિનંતી કરી કે જો તે પત્ની હાકેમની સમક્ષ પતિ વિરૂધ્ધ ફરિયાદ કરે. કહે કે આ મારો પતિ છે તેણે મારી સાથે ઝહહાર કર્યો અને મને પોતાની પાસે રોકી રાખી. વળી મારી સાથે સંભોગ પણ કરતો નથી. એ બીકથી કે તેની ઉપર કફફારો વાજીબ થઈ જાય છે. જે ઝહહાર કરનાર ઉપર વાજીબ હોય છે.

આપે ફરમાવ્યું કે તેની પાસે આઝાદ કરવા માટે ગુલામ નથી. ન તેનામાં શક્તિ છે કે રોઝા

રાખે. તથા (સદકો) ગરીબોને ખવડાવવા માટે પણ તેની પાસે કશું જ નથી. તો હાકેમ માટે જરૂરી નથી તે ઝહાર કરનાર ઉપર બળજબરી કરે. જો તેની પાસે આઝાદ કરવા માટે ગુલામ છે. તો હાકિમ માટે જરૂરી છે કે તે પેલા ઝહાર કરનારને પત્નીને આઝાદ કરવા માટે ગરીબોને ખાવાનું ખવડાવવા માટે મજબૂર કરે. ફરજ પાડે. સંભોગ કરતાં અગાઉ અથવા સંભોગ કર્યા પછી.

(૭) આબાને હસન સયકલથી રિવાયત કરી છે કે હઝરત ઈમામ જઅફર સાદિક (અલ.)ને પુછવામાં આવ્યું. એક વ્યક્તિએ પોતાની પત્ની સાથે ઝહાર કર્યો છે. આપે ફરમાવ્યું. તો પછી તે તેનો કફ્ફારો આપે. મેં કહ્યું કે તેણે તો કફ્ફારો આપતાં પહેલાં જ તેની સાથે સંભોગ કરી લીધો. આપે ફરમાવ્યું પછી તો તેણે અલ્લાહની હદોમાં દખલગીરી કરી, તોબા

કરે, અને જ્યાં સુધી કફ્ફારો અદા ન કરે ત્યાં સુધી સંભોગ કરવાથી દૂર રહે.

આ કિતાબના લેખક શેક સદૂક અલયહે રહમત ફરમાવે છે કે આ હુકમ તે ઝહહાર માટે છે જે શરત પર અવલંબિત હોય. પરંતુ તે ઝહહાર જેમાં કોઈ વાતની શરત નથી. તેમાં જો ઝહહાર કરનાર વ્યક્તિ કફ્ફારો અદા કરતાં અગાઉ સંભોગ કરી લે, તો તેના ઉપર એક બીજો ગુનાહ પણ લાઝિમ આવશે જેવી રીતે કે હું એનું અગાઉ વર્ણન કરી ચૂક્યો છું.

અને જ્યારે ઝહહાર કરનાર પોતાની પત્નીને તલાક આપી દે. તો કફ્ફારો તેના ઉપરથી હટી જશે. પરંતુ તે જ્યારે તલાકવાળી પત્નીને રુજુઅ કરશે (ફરી પત્ની બનાવશે) તો તે વખત તેણે ઝહહાર કર્યાનો કફ્ફારો આપવો પડશે. પરંતુ જો તે પત્નીને છૂટી કરી દે. અહીં સુધી કે તેની

તલાકનો ઈદ્દ પુરો થઈ જાય. પછી બીજો કોઈ વ્યક્તિ તે સ્ત્રી સાથે નિકાહ કરે, પછી આ માણસ પણ તેને તલાક આપે, અથવા મૃત્યુ પામે. પછી પેલી સ્ત્રીનો પ્રથમ પતિ તેની સાથે નિકાહ કરે અને સંભોગ કરે ત્યારે તેની ઉપર કફ્ફારો આપવો જરૂરી છે. ઝહ્હારના કફ્ફારામાં ગુલામ તરીકે છોકરો પણ ચાલી શકે છે. જે ઈસ્લામમમાં પેદા થયો હોય.

(૮) હમ્માદે હલબીથી રિવાયત કરી છે. તેમણે વર્ણન કર્યું છે કે એક વખત મેં હઝરત ઈમામ જઅફર સાદીક (અલ.)ને પૂછ્યું કે એક વ્યક્તિએ પોતાની પત્ની સાથે ત્રણ વખત ઝહ્હાર કર્યો. આપે જવાબ આપ્યો કે તે અલ્લાહથી મગફિરત તલબ કરે અને જ્યાં સુધી કફ્ફારો અદા ન કરે સંભોગ કરવાથી દૂર રહે.

(૯) મોહંમદ બિન મુસ્લિમે ઈમામ (અલ.)ને પૂછ્યું કે એક વ્યક્તિએ પોતાની પત્ની સાથે પાંચ વખત

ઝહ્હાર કર્યો. અથવા એનાથી પણ વધુ વખત. તો આપે ફરમાવ્યું કે હઝરત અલી (અલ.)એ ઈરશાદ ફરમાવ્યો છે કે આવો વ્યક્તિ દરેક ઝહ્હારના મોકા ઉપર એક કફ્ફારો અદા કરે.

(૧૦) જમીલ બિન દર્રાજે ઈમામ (અલ.)ને પુછ્યું કે મૌલા ! ઝહ્હાર કરવાવાળાની ઉપર કફ્ફારો ક્યારે વાજીબ થઈ જાય છે ? આપ ફરમાવ્યું : “જ્યારે તે પોતાની પત્ની સાથે સંભોગ કરવાનો ઈરાદો કરે. મેં પૂછ્યું મૌલા ! જો તે સંભોગ કરતાં અગાઉ તેને તલાક આપી દે તો ? આપે ફરમાવ્યું : તેના ઉપરની કફ્ફારો તો જતો રહેશે નહિ. (તલાક પછી રૂજુઅ કરે તો સંભોગ અગાઉ ઝહ્હારનો કફ્ફારો આપવો પડશે. નંબર સાત ઉપર આ વાતની સમજ આપી દીધી છે.)

મેં વિનતી કરી કે તે કફ્ફારામાં રોઝા રાખે. તે દરમ્યાન બીમાર પડી જાય અને રોઝા તોડી

નાખે. તો શું તંદુરસ્તી પછી નવેસરથી રોઝા શરૂ કરે અથવા જે રોઝા બાકી રહી ગયા છે તેને પૂરા કરે ? આપે ફરમાવ્યું જો તે એક મહિનાના રોઝા રાખી ચૂક્યા પછી બીમાર થઈ જાય, તો નવેસરથી રાખવાના શરૂ કરે. અને જો એક મહિનાથી વધીને એક દિવસ અથવા બે દિવસ રોઝા રાખ્યા પછી ઈફતાર કરે તો નવેસરથી રાખવાની જરૂર નથી. રાખેલા રોઝા પણ ગણીને બાકીના રોઝા પુરા કરે.

રાવીનું વર્ણન છે કે આપે ફરમાવ્યું કે આ મસઅલામાં આઝાદ અને ગુલામ બંને બરાબર છે. બસ તફાવત ફક્ત આટલો છે કે ગુલામ ઉપર કફફારો આઝાદના કફફારાથી અડધો લાગુ પડશે.

(૧૧) મોહંમદ બિન મુસ્લિમે બંને અઈમ્માએ ઈકરામમાંથી કોઈ એક ઈમામ (અલ.)થી રીવાયત કરી છે કે મેં જનાબને વિનંતી કરી જો કોઈ વ્યક્તિ શાબાન મહિનામાં ઝહહાર કરે અને એની પાસે

ગુલામ નથી કે તેને આઝાદ કરીને કફ્ફારો આપે. તેની પાસે માલ પણ નથી કે મિસ્કીનોને ખાવાનું ખવડાવે. આપ (અલ.)એ ફરમાવ્યું "પછી તો રાહ જુએ કે રમઝાન પસાર થઈ જાય. પછી તે બે માસના લગાતાર રોઝા રાખે."

જો તે સફરમાં હોય અને ઝહહાર કરે. તો વતનમાં પાછા આવવાની રાહ જુએ. ઈન્તિઝાર કરે. જો કોઈ વ્યક્તિ કફ્ફારામાં રોઝા રાખે પછી અધવચમાં તેની પાસે કંઈક માલ આવી જાય તો તે રોઝા રાખતો રહે જેની શરૂઆત કરી છે. (એવું ન કરે કે માલથી ગુલામ ખરીદીને આઝાદ કરી દે અને રોઝા પુરા ન કરે.)

(૧૨) સમાઆએ અબુ બસીરથી રિવાયત કરી છે કે મેં હઝરત ઈમામ જાઅફર સાદિક (અલ.)ને ફરમાવતાં સાંભળ્યા કે એક વ્યક્તિ પેગંબરે ઈસ્લામની સેવામાં આવ્યો. પછી અરઝ કરી કે યા

રસુલુલ્લાહ ! મેં મારી પત્ની સાથે ઝહ્હાર કર્યો છે. આપ (સલ.) એ ફરમાવ્યું “જાઓ અને એક ગુલામ આઝાદ કરો. તેણે કહ્યું “મારી પાસે કોઈ ગુલામ નથી” આપ (સલ.) એ ફરમાવ્યું “સારું જાઓ અને બે મહિનાના લગાતાર રોઝા રાખો. તેણે કહ્યું “યા રસુલુલ્લાહ ! મારામાં એટલી શક્તિ પણ નથી.” ત્યારે આપ (સલ.)એ ફરમાવ્યું “જાઓ અને ૬૦ ગરીબોને ખાવાનું ખવડાવો તેણે વિનંતી કરી, મારી પાસે તો એટલો ખોરાક પણ નથી. છેવટે આપ (સલ.)એ ફરમાવ્યું : હું તમારા તરફથી સદકો આપી દઉં છું. પછી આપ (સલ.)એ સાઠ મિસ્કીનોને ખાવા માટે ખજૂરો આપી. ફરમાવ્યું : જાઓ આનો સદકો આપી દો. પેલી વ્યક્તિએ વિનંતી કરી તે ઝાતની કસમ ! જેણે આપને હકની સાથે નબી બનાવીને મોકલ્યા છે. મને નથી ખબર કે આ બધી જ વસ્તીમાં હું અને મારા ઘરવાળાંઓના કરતાં કોઈ

બીજું આ ખજૂરોનું વધારે હકદાર હોય. આપ (સલ.)એ ફરમાવ્યું "ભલે જાઓ, તમે પણ ખાઓ અને તમારા ઘરવાળાંઓને પણ ખવડાવો.

આ કિતાબના લેખક શેખ સદ્દક અલય રેહમત ફરમાવે છે કે ઝહહારના વિષયમાં આ હદીસ ગરીબ છે. કારણ કે આ જ મજમૂનની હદીસ તે વ્યક્તિના કફ્ફારાના વિષયમાં આવે છે. જે વ્યક્તિ રમઝાનમાં પોતાનો રોઝો તોડી નાખે.

(૧૩) હસન બિન અલી બિન કુઝ્ઝાલથી રિવાયત છે કે એક વખત એક વ્યક્તિએ હઝરત ઈમામ અબુલહસન (અલ.)ને વિનંતી કરી કે મેં મારી પત્નીને કહી દીધું કે જો તું ઓરડાના દરવાજાની બહાર નીકળે તો મારા માટે તું મારી માની પીઠ બરાબર છે. અને તે બહાર નીકળી. આપે ફરમાવ્યું "તારી ઉપર કોઈ કફ્ફારો નથી." મેં વિનંતી કરી કે મારી શક્તિ છે. હું કફ્ફારો અદા કરી દઉં. આપે

ફરમાવ્યું : “તારા ઉપર કોઈ કફ્ફારો જ નથી. મેં ફરી અરઝ કરી કે મારી પાસે એટલી શક્તિ છે કે એક ગુલામ, બે ગુલામ આઝાદ કરી દઉં.” આપે ફરમાવ્યું : તમારી ઉપર કફ્ફારો જ નથી. તમારામાં શક્તિ હોય કે ન હોય.

(૧૪) સકુનીએ રિવાયત કરી છે કે હઝરત અલી (અલ.) એક એવી વ્યક્તિના વિષયમાં ઈરશાદ ફરમાવ્યો. જેણે એક જ જુમલામાં ઈલા પણ કર્યું અને ઝહહાર પણ કર્યો. આપે ફરમાવ્યું “તેને એક કફાફારો અદા કરવો પડશે.

(૧૫) અબ્દુલ્લાહ બિન બકીરે હમરાનથી રિવાયત કરી છે કે મેં હઝરત ઈમામ જાઅફર સાદીક (અલ.)ને વિનંતી કરી કે એક વ્યક્તિએ પોતાની પત્નીને કહ્યું “તું મારા માટે મારી માની પીઠ બરાબર છે.” આમ કહેવાથી તેનો ઈરાદો આ હતો કે પોતાની પત્નીને ખુશ કરે. (ઈરાદો અને નિય્યત

મુખ્ય વાત છે.) આપે ફરમાવ્યું : “તે પોતાની પત્ની સાથે સંભોગ કરે ન તેના ઉપર કોઈ કફફારો છે. ન તેની પત્ની ઉપર કોઈ કફફારો છે.

(૧૬) ઐયુબ બિન નૂહે સફવાનથી, તેમણે ઈબ્ને ઈનાથી, તેમણે ઈમામ જઅફર સાદિક (અલ.)થી રિવાયત કરી છે. ઝહરાર કરનારો જો એક મહિના સુધી લગાતાર રોઝા રાખે, પછી બીજી મહિનામાં એક રોઝો રાખે. તો તેણે બીજા મહિનાને ભેગો કરી દીધો. જેથી હવે તે ઈચ્છે તો એક એક અથવા બે બે છૂટા છૂટા રોઝા રાખીને રોઝા પુરા કરે. અને જો ઈચ્છે તો દરેક રોઝા માટે એક મુદખાવાનું કોઈ મિસ્કીનને આપી દે.

(૧૭) ઝિયાદ બિન મન્ઝરે અબીલ વરદથી રિવાયત કરી છે. એક વખત હઝરત ઈમામ મોહંમદ બાકિર (અલ.)થી પુછવામાં આવ્યું ત્યારે હું આપની ખિદમતમાં હાજર હતો કે એક વ્યક્તિએ

પોતાની પત્નીને એક સો વખત કહ્યું "તું મારા માટે એવી છે જેવી મારી માની પીઠ." તો હઝરત ઈમામ મોહંમદ બાકિર (અલ.)એ ફરમાવ્યું : "શું તે એક વખત બોલવા માટે એક ગુલામ એવી રીતે ૧૦૦ ગુલામ આઝાદ કરી શકે છે ? પુછનારે કહ્યું "નહીં" આપે પુછ્યું "શું તે એક સો વખત સાઠ ગરીબોને ખાવાનું ખવડાવી શકે છે ? પુછનારે કહ્યું કે "નહીં." આપે ફરમાવ્યું "પછી તો આ બંનેને અલગ કરી દેવામાં આવે."

(૧૮) ઈબ્ને કુઝઝાની રિવાયતમાં છે કે તેમણે ગયાસથી, તેમણે હઝરત જઅફર બિન મોહંમદ અલયહિસ્સાલમથી અને આપે પોતાના વાલીદ મોહતરમ હઝરત અલી (અલ.)થી રિવાયત કરી છે. ફરમાવ્યું : એક એવી વ્યક્તિના વિષયમાં જેણે પોતાની ચાર પત્નીઓથી એક સાથે ઝહહાર કર્યો. તો આપ (અલ.)એ ફરમાવ્યું : "તે વ્યક્તિ ઉપર

એક જ કફ્ફારો લાગુ પડશે.” (મનલાયહઝરહુલ ફકીહ - ભાગ-૩ હદીસ નં. ૪૮૪૨ પેજ નં. ૩૨૩)

(૧૯) હઝરત ઈમામ જઅફર સાદિક (અલ.)એ ફરમાવ્યું : “ન તલાકના બદલામાં ઝહ્હાર થઈ શકશે ન ઝહ્હારના બદલામાં તલાક થશે.

(૨૦) હસન બિન મહબૂબે અબી દલ્લાદથી અને તેમણે ઈમામ મોહંમદ બાકિર (અલ.)થી રિવાયત કરી છે આપે ફરમાવ્યું : “ન કસમમાં (કસમના રૂપમાં) ઝહ્હાર થશે. ન કોઈને નુકસાન પહોંચવાના હેતુથી ઝહ્હાર થશે. ન ગુસ્સાની હાલતમાં ઝહ્હાર થશે. ઝહ્હાર ફક્ત પાકીના સમયમાં (ઓરત હેઝ અને નિફાસથી પાક હોય તેવા સમયગાળામાં) થશે, જેમાં સંભોગ ન કર્યો હોય અને બે મુસલમાન ગવાહોની રૂબરૂ થશે.

(૨૧) અમ્માર બિન મુસા સાબેતીએ હઝરત ઈમામ જઅફર સાદિક (અલ.)થી ઝહ્હાર વાજીબના

(યકીન સાથે) વિષયમાં પુછ્યું. તો આપે ફરમાવ્યું : કે આ ઝહ્હાર તે છે જે વ્યક્તિએ ફક્ત ઝહ્હારનો જ ઈરાદો કર્યો હોય.

(૨૨) સુકાનીની રિવાયત છે કે હઝરત અમીરૂલ મોઅમેનીન (અલ.)એ ફરમાવ્યું : "જો કોઈ સ્ત્રી આમ કહે કે મારો પતિ મારા માટે મારી માની પીઠ બરાબર છે. તો તેના ઉપર કોઈ કફ્ફારો નથી. (એટલા માટે કે ઝહ્હાર પુરુષ માટે છે સ્ત્રી માટે નથી).

(૨૩) ઈસ્હાક બિન અમ્મારે હઝરત ઈમામ અબુ ઈબ્રાહીમ (અલ.)થી રિવાયત કરી છે કે એક વ્યક્તિ પોતાની કનીઝ સાથે ઝહ્હાર કરે છે, આપે ફરમાવ્યું : "આ બાબતમાં કનીઝ કે આઝાદ સ્ત્રી બંનેના હુકમો એક સરખા જ છે."

(૨૪) મોહંમદ બિન હમરાને હઝરત ઈમામ જઅફર સાદીક (અલ.)ને પુછ્યું કે શું ગુલામ ઉપર

ઝહાર નો કફ્ફારો છે ? આપે ફરમાવ્યું : તેના ઉપર આઝાદ પુરુષથી અડધો કફ્ફારો છે. એટલે કે એક મહિનાના રોઝા. પરંતુ તેના ઉપર સદકો અને ગુલામ આઝાદ કરવાનો હુકમ નથી.

(૨૫) સફ્ફનીની રિવાયતમાં છે કે હઝરત અલી (અલ.)એ ઈરશાદ ફરમાવ્યો : ઝહારના કફ્ફારામાં "ઉમ્મુલ વલદ"નું (તે કનીઝ જેને તેના આકાથી અવલાદ પેદા થઈ હોય.) આઝાદ કરી દેવું પણ પુરતું છે.

**(૧૭) લોઆન**

(૧) અહમદ બિન મોહંમદ બિન અબી નસર બઝનતીએ અબ્દુલકરીમ બિન અમરૂથી, તેમણે અબી બસીરથી, તેમણે હઝરત ઈમામ જાફર સાદિક (અલ.)થી રિવાયત કરી છે. લોઆન ખરેખર ત્યાં સુધી નથી થઈ શકતું જ્યાં સુધી પતિ પોતાની

પત્ની સાથે સંભોગ ન કરી ચૂક્યો હોય. અને લોઆન અવલાદ નો ઈન્કાર કર્યા વગર ન થશે.

જો પતિ પત્ની ઉપર જુઠો આક્ષેપ કરે. તેના બેટાથી ઈન્કાર કરે. (કહે કે મારો નથી) તો તેને ૮૦ કરોડા (ચાબૂક) લગાવવવામાં આવશે. પરંતુ જો તે પોતાની પત્ની ઉપર ઝિના કર્યાનો આક્ષેપ કરે કે મેં એના બંને પગની વચ્ચે એક વ્યક્તિને સંભોગ કરતાં જાતે જોયું છે. તેની અવલાદથી ઈન્કાર કરી દે. પછી આ બાબત ચાર આદિલ ગવાહો રજૂ કરે. તો તે સ્ત્રીને રજમ કરવામાં આવશે. પરંતુ જો ચાર સાક્ષીઓ રજૂ ન કરી શકે. તો તેને લોઆન કરશે. (અવલાદથી ઈન્કાર કરશે. કહેશે મારી નથી) પરંતુ જો તે લોઆન કરવાથી પણ ઈન્કાર કરે, તો તેને જુઠું બોલવાની સઝામાં હદ લાગુ કરવામાં આવશે. ૮૦ કોરડા મારવામાં આવશે. જો તેણે લોઆન કરી લીધું તો પછી હદ લાગુ કરવામાં આવશે નહિ.

(૨) બઝનતીએ હઝરત અબુલ હસન ઈમામ રઝા (અલ.)ને પુછ્યું મૌલા ! અલ્લાહ આપ ઉપર પોતાની મહેરબાનીઓ ઊતારે. આ બતાવો કે મોલાઅનતનો (એકબીજા ઉપર લઅનત કરવું) શું તરીકો છે. આપે ફરમાવ્યું : ઈમામ કિબ્લા તરફ પીઠ રાખીને બેસસે. પછી પુરુષને પોતાની જમણી બાજુ અને ઓરત તથા તેના બાળકને ડાબી બાજુ બેસાડશે.

(૩) એક બીજી હદીસમાં છે કે પછી પુરુષ ઊભો થશે પછી ચાર વખત અલ્લાહની કસમ (સોગંદપૂર્વક) સાથે કહેશે કે મેં જે ઈલઝામ લગાવ્યો છે તે બાબતમાં હું સાચો છું. પછી ઈમામ તેને કહેશે કે અલ્લાહથી ડર એટલે માટે કે અલ્લાહની લઅનત ઘણી જ સખત હોય છે. પછી પુરુષ કહેશે કે જો આ ઈલઝામ લગાવવામાં હું જુઠો હોઉં તો મારા ઉપર ખુદાની લઅનત થાય. પછી

સ્ત્રી ઊભી થશે. અને ચાર વખત સોગંદપુર્વક કહેશે કે આ વ્યક્તિએ મારા ઉપર જે ઈલઝામ લગાવ્યો છે. તે ખોટો છે. જુઠ છે. તો ઈમામ તે સ્ત્રીને કહેશે જો અલ્લાહથી ડર. અલ્લાહનો અઝાબ સખત હોય છે. પછી સ્ત્રી કહેશે “જો તે ઈલઝામ લગાવવામાં સાચો છે. તો મારા ઉપર અલ્લાહનો ગઝબ નાઝિલ થાય.” પરંતુ જો તે આમ બોલવાથી (કહેવાથી) ઈન્કાર કરશે તો તેને રજમ કરવામાં આવશે. સ્ત્રીને પાછળની તરફથી રજમ સંગસાર કરવામાં આવશે. સામેની બાજુથી રજમ-સંગસાર નહીં કરવામાં આવે. એટલા માટે કે રજમની ચોટ તો તેના ચહેરાને નુકસાન ન પહોંચાડે. તેના ચહેરા અને શર્મગાહને છોડીને તેના શરીરના બધા જ અવયવોને રજમથી ચોટ લગાવવામાં આવશે.

પરંતુ જો સ્ત્રી હમલમાં છે. તો તેને સંગસાર કરવામાં આવશે નહિ.

જો સ્ત્રી અલ્લાહના સોગંદપૂર્વક કેહવામાં પાછી ન હટે. કહી દે કે “જો તે ઈલઝામ લગાવવામાં સાચો છે, તો મારા ઉપર અલ્લાહનો ગઝબ નાઝિલ થાય” તો પણ તેના ઉપરથી હદ, રજમ અને સંગસારી હટાવી દેવામાં આવશે. વળી આ બંને પતિ-પત્નીને હંમેશા માટે એક બીજાથી અલગ કરી દેવામાં આવશે. પરંતુ જો કોઈ તેને બેટાને ઝાનીયાની અવલાદ કહીને પોકારશે તો તેને હદમાં કોરડા મારવામાં આવશે.

જો મોલાઅનતના પછી તે પતિ બાળકના પિતા હોવાનો દાવો કરે તો તે બાળક તેને આપી દેવામાં આવશે. પરંતુ પેલી સ્ત્રીને પાછી ફેરવવામાં આવશે નહિ. (મતલબ ફરીથી તે સ્ત્રી પેલા પુરુષની પત્ની બની શકશે નહિ) જો બાપ મરી જશે તો બેટો તેનો વારસદાર બનશે. પરંતુ જો બેટો મૃત્યુ પામે તો બાપને તેનો વારસો મળશે નહિ. બલકે બેટાનો

વારસો તેની માને મળશે. જો તેની મા નથી. તો વારસો તેના ભાઈઓને મળશે. પરંતુ બાપની તરફના સગાંઓમાંથી કોઈપણ તેનું વારસદાર બનશે નહિ.

જો કોઈ પોતાની પત્ની ઉપર તોહમત લગાવે અને તે ગુંગી હોય તો તે બંનેને જુદા કરી દેવામાં આવશે.

જો કોઈ ગુલામ પોતાની પત્ની ઉપર તોહમત લગાવશે તો તે બંને પણ આ જ રીતે મોલાઅનત કરશે. જેવી રીતે બે આઝાદ પતિ-પત્ની વચ્ચે લોઆન થતાં કરવામાં આવે છે. આઝાદ પતિ-પત્નીની જેમ. બસ આ જ પ્રમાણે કરવામાં આવશે. પછી ભલે તેઓમાં ગુલામ અને આઝાદ સ્ત્રી હોય. આઝાદ પુરુષ અને કનીઝ હોય, ગુલામ અને કનીઝ હોય, અને એક મુસલમાન પુરુષ અને યહુદીયા અથવા નસરાનીયા સ્ત્રી હોય.

(૪) અલાને મોહંમદ બિન મુસ્લિમથી રિવાયત કરી છે. તેમનું વર્ણન છે કે હઝરત ઈમામ મોહંમદ બાકિર (અલ.)ને પુછ્યું કે એક આઝાદ પુરુષ એક કનીઝની સાથે મોલાઅનત કરે. તો આપે ફરમાવ્યું હા, જો તે કનીઝના માલિકે તે આઝાદ પુરુષ સાથે તેના નિકાહ કરી દીધા હોય.

(૫) હસન બિન મહબુબની રિવાયતમાં છે કે જે તેમણે અબ્દુલ્લાહ બિન સનાનથી અને તેમણે ઈમામ જઅફર સાદીક (અલ.)થી રિવાયત કરી છે આપે ફરમાવ્યું કે “એક આઝાદ પુરુષ કનીઝ સાથે મોલાઅનત કરશે નહિ અને ન ઝિમ્મી (ઝિમ્મી એટલે ઈસ્લામી હુકુમતમા રહેતા બિનમુસ્લિમો) ઓરત સાથે પણ. ન તેની સાથે જેની સાથે તેણે મુતાઅ કર્યા હોય.”

તો અહીં કનીઝથી મતલબ તે કનીઝ છે. જે તેની માલીકીમાં હોય. અને તેની સાથે આ આઝાદ

પુરુષે સંભોગ કર્યો હોય. અને ઝિમ્મીયાથી મતલબ તે છે જે તેની માલીકીમાં તો છે, પરંતુ મુસલમાન નથી થઈ. આ વિસ્તૃતીકરવાળી હદીસનો હુકમ ઉપરોક્ત હદીસ ઉપર લાગુ પડે છે.

અગર કોઈ પુરુષ પોતાની પત્ની સાથે મોલાઅનત કરી લે. પછી તે સગર્ભા થઈ જાય. પ્રસુતિ પછી પુરુષ પોતાના પુત્ર માટે દાવો કરે. પોતે એમ માને કે આ પુત્ર એનો છે તો એ પુત્ર તેને આપી દેવામાં આવશે. તેના ઉપર હદ લાગુ થશે નહિ. એટલા માટે કે મોલાઅનત પસાર થઈ ગઈ છે. આ હદીસની રિવાયત બઝનતી એ અબ્દુલ કરીમથી તેમણે હઝરત ઈમામ જીઅફર સાદીક (અલ.)થી કરી છે.

(૬) મોહંમદ બિન અલી બિન મહબૂબે મોહંમદ બિન ઈસાથી, તેમણે હસન બિન અલવાનથી, તેમણે અમરૂ બિન ખાલીદથી, તેમણે ઝયદ બિન અલી

(અલ.)થી રિવાયત કરી છે. એક વ્યક્તિના વિશે જેણે પોતાની પત્ની ઉપર તોહમત લગાવી. પછી કંઈક બહાર ચાલ્યો ગયો. પછી ત્યારે આવ્યો જ્યારે પત્ની મૃત્યુ પામી ચૂકી હતી. આપે ફરમાવ્યું “તેને બે વાતોમાંથી એક વાત કબૂલ કરવાનો ઈખ્તિયાર આપવામાં આવશે. જો તે ઈચ્છે તો પોતાના ગુનાહનો (જુઠી તોહમતનો) ઈકરાર કરી લે. તેના ઉપર તોહમત લગાવવાની હદ જારી કરવામાં આવશે, અને તેને પત્નીનો વારસો મળશે, અને જો તે ઈચ્છે તો પત્નીના કોઈ ખૂબ જ નજીકના સગા સાથે મોલાઅનત કરી લે. પરંતુ આ પરિસ્થિતિમાં તેને વારસો મળશે નહિ.

(૭) હસન બિન અલી કુસૈઈએ હુસૈન બિન સૈફથી, તેમણે મોહંમદ બિન સુલેમાનથી, તેમણે હઝરત અબુ જઅફર સાની (અલ.)થી રિવાયત કરી છે. એક વખત મેં જનાબની સેવામાં વિનંતી કરી કે

મૌલા ! હું આપ ઉપર કુરબાન થઈ જાઉં. જ્યારે પુરુષ પોતાની પત્ની ઉપર તોહમત લગાવે, તો તેની એક ગવાહી ચાર ગવાહોની બરાબર કેવી રીતે થઈ ગણાય. (કુર્આનના હુકમ મુજબ ઝિના માટે ચાર ચશ્મદીદ ગવાહો જરૂરી છે) અને જ્યારે પતિના સિવાય કોઈ બીજું પતિનો બાપ અથવા ભાઈ અથવા પુત્ર અથવા કોઈપણ અન્ય ગમે તે વ્યક્તિ તે સ્ત્રી ઉપર તોહમત લગાવે તો તેને ચાર સાક્ષીઓ આપવા પડે છે. જો તે ચાર ગવાહ રજૂ ન કરી શકે તો તેના ઉપર જુઠી તોહમતની હદ લાગુ કરવામાં આવે છે.

આપે ફરમાવ્યું : કે હઝરત ઈમામ જઅફર સાદીક (અલ.)થી પણ આ જ પ્રશ્ન કરવામાં આવ્યો હતો. તેમણે ફરમાવ્યું હતું કે જ્યારે પુરુષ પોતાની પત્ની ઉપર તોહમત લગાવશે અને કહેશે કે આને (ઝિના કરતાં) મેં મારી આંખોથી જોઈ છે. તો

પતિની આ એક ગવાહી ચાર ગવાહોના બરાબર છે અને જ્યારે કહે કે મૈં એને આંખથી નથી જોઈ ત્યારે તેને કહેવામાં આવશે કે તમે જે કંઈ કહો છો તેના ઉપર ચાર સાક્ષીઓ રજૂ કરો. મતલબ આંખથી ન જોયાની પરિસ્થિતિમાં પતિને પણ અન્યોની જેમ જ ગણવામાં આવશે. પુરુષની ચશ્મદીદ ગવાહીને ચાર ગવાહી એટલા માટે ગણવામાં આવે છે કે અલ્લાહતઆલાએ પુરુષને પત્ની સાથે એકાંતમાં જ ગમે ત્યાં જવાની છૂટ બક્ષી છે. જ્યાં ફક્ત પતિ જ જઈ શકે છે. ત્યાં કોઈ બીજું સગું પણ જઈ શકતું નથી. પત્નીના બાપ કે બેટાને પણ પતિ જેવું એકાંતપણું મળી શકતું નથી. મતલબ બાપ-બેટા જ્યાં નહીં જઈ શકે ત્યાં સ્ત્રીના પતિને જવાની છૂટ છે. રાત-દિવસ ગમે ત્યાં ગમે ત્યારે પતિને જવાની છૂટ છે. તેથી તેના માટે છૂટ છે કે તે કહેશે કે મેં જોયું છે પરંતુ જો અન્ય વ્યક્તિ કહેશે કે મેં જોયું છે

તો તેને કહેવામાં આવશે કે એકાંત સ્થળમાં તું કેવી રીતે દાખલ થઈ ગયો ? કે તેં એકલા એજ જોયું. તું તોહમત લગાવે છે. જુઠ બોલે છે. તેથી જરૂરી છે કે તારી ઉપર હદ લાગુ કરવામાં આવે. જે અલ્લાહે તારા પર વાજીબ કરી છે.

(૮) હસન બિન મહબૂબે અબ્દુર્રેહમાન બિન હજ્જાજથી, રિવાયત કરી છે કે અબાદ બસરીએ હઝરત ઈમામ જઅફર સાદીક (અલ.)ને પુછયું ત્યારે હું પણ ત્યાં જ હાજર હતો.

મોલાઅનત ના વિષયમાં હઝરત ઈમામ જઅફર સાદીક (અલ.)એ પેગંબરે ઈસ્લામ હઝરત મોહંમદ (સલ.)ના જમાનાની એક ઘટનાનું વર્ણન કર્યું.

એક વ્યક્તિ પેગંબરે ઈસ્લામ (અલ.)ની સેવામાં હાજર થયો. તેણે પુછયું યા રસુલુલ્લાહ ! આપનું આ બાબત શું ફરમાન છે કે એક વ્યક્તિ

પોતાના ઘરમાં દાખલ થાય. અને જુએ કે એક પુરુષ પોતાની પત્ની સાથે સંભોગ કરી રહ્યો છે. તો એ બંને સાથે શું વર્તાવ કરવામાં આવે. હઝરત (સલ.)એ ખામોશ થઈ બીજી તરફ ધ્યાન દોર્યું. તે પાછો ચાલી ગયો. આ તે જ વ્યક્તિ હતો, જેની પોતાની પત્નીની આ ઘટના હતી. પછી અલ્લાહતઆલા તરફથી વહી દ્વારા તે વ્યક્તિના માટે હુકમ નાઝિલ થયો. તો આપ (સલ.)એ માણસ મોકલીને તે વ્યક્તિને બોલાવ્યો અને કહ્યું "શું તમે પોતાની પત્ની પાસે કોઈ પુરુષને જોયો છે ? તેણે કહ્યું. "જી હાં" તો આપ (સલ.)એ ફરમાવ્યું "સારું જાઓ અને તમારી પત્નીને લઈ મારી પાસે આવો." એટલા માટે કે અલ્લાહતઆલાએ તમારા માટે અને તેના માટે એક હુકમ નાઝિલ ફરમાવ્યો છે. તે વ્યક્તિ ગયો અને પોતાની પત્નીને લઈને હાજર થયો. આપ (સલ.)એ તે સ્ત્રીને પતિની સમક્ષ ઊભી

કરી, પછી પતિને કહ્યું તમે ચાર વખત અલ્લાહને ગવાહ રાખીને કહો કે તમે એના ઉપર જે તોહમત લગાવી છે તેમાં તમે સાચા છો. પછી તેણે આ પ્રમાણે ચાર વખત અલ્લાહને ગવાહ બનાવીને કહ્યું. પછી રસુલુલ્લાહ (સલ.)એ તેને કહ્યું “રોકાઈ જાઓ” તેને નસીહત કરતાં ફરમાવ્યું “અલ્લાહથી ડરો. એટલા માટે કે અલ્લાહની લઅનત ભયંકર હોય છે. ફરમાવ્યું કે હવે પાંચમી વખત અલ્લાહને ગવાહ બનાવીને આ પ્રમાણે કહો કે “જો તમે જુઠા છો તો તમારા ઉપર અલ્લાહની લઅનત થાય.” તે વ્યક્તિએ આ પાંચમી વારની ગવાહી પણ આપી દીધી. ત્યારબાદ આપ (સલ.)એ તેને એક બાજુ બેસાડી દીધો. પછી આપ (સલ.)એ તેની પત્નીને ફરમાવ્યું કે ચાર વખત અલ્લાહને ગવાહ બનાવીને કહે કે તારા પતિએ તારા ઉપર જે ઈલ્ઝામ લગાવ્યા છે તે જુઠો છે. પત્નીએ પણ અલ્લાહને ગવાહ

બનાવીને ચાર વખત ઉપર પ્રમાણે કહ્યું. આપ (સલ.)એ તેને પણ રોકાઈ જવાની નસીહત કરતાં ફરમાવ્યું “જો અલ્લાહથી ડર, અલ્લાહનો ગઝબ ઘણો જ ભયંકર હોય છે.” છેલ્લે ફરમાવ્યું. હવે પાંચમી વખત અલ્લાહને ગવાહ બનાવીને તમે પણ કહો કે મારા પતિએ મારા ઉપર જે તોહમત લગાવી છે તેમા જો તે સાચો હોય તો મારા ઉપર અલ્લાહનો ગઝબ નાઝિલ થાય. પછી તેણે આ પ્રમાણેની ગવાહી આપી દીધી.

છેવટે રસુલુલ્લાહ (સલ.)એ તે બંનેને જુદા કરી દીધા. તે બંનેને ફરમાવ્યું. હવે તમે બંને આ મોલાઅનત પછી હંમેશાંહંમેશ માટે જુદા થઈ ગયા છો. નિકાહ કરીને પણ પતિ-પત્ની બની શકશો નહિ.

**(૧૮) ગુલામની તલાક**

(૧) મોહંમદ બિન ફુઝૈલે હઝરત ઈમામ અબુલ હસન (અલ.)થી રિવાયત કરી છે કે ગુલામની

તલાક ખરેખર ત્યારે થશે, જ્યારે તેણે કોઈ આઝાદ સ્ત્રી સાથે નિકાહ કર્યા હોય અથવા કોઈ બીજી કોમ કે કબીલાની છોકરી તેના નિકાહમાં હોય. જો પોતાના માલીકના ત્યાં જ પેદા થયેલી છોકરી સાથે તેણે નિકાહ કર્યો હોય. તો માલીકને ઈખ્તિયાર છે કે તે (માલીક) તે બંનેને જુદા કરી દે. અથવા તે બંનેને ભેગા કરી દે. અગર માલીક ઈચ્છે તો તે છોકરીને ગુલામ પાસેથી વગર તલાકે લઈ શકે છે.

(૨) ઈબ્ને અઝનીયાએ ઝરાહથી અને તેમણે હઝરત ઈમામ મોહંમદ બાકિર (અલ.) અને હઝરત ઈમામ જઅફર સાદીક (અલ.) બંને ઈમામોથી રિવાયત કરી છે કે આ બંને બુઝૂર્ગોએ ઈરશાદ ફરમાવ્યો : કોઈ ગુલામની તલાક અને નિકાહ તેના માલીકની રજા વગર જાઈઝ નથી. મેં વિનંતી કરી કે જો માલીક જ તેના નિકાહ કરી આપે તો પછી તલાક કોના કબજામાં રહેશે. આપે ફરમાવ્યું કે

માલિકના ઈખ્તિયારમાં છે અલ્લાહતઆલાનો ઈરશાદ છે કે :

**ઝરબલ્લાહો મસલન અબ્દમ મમુલકલ લાયક દેરો અલા શયઈ...**

"અલ્લાહતઆલા એક એવા ગુલામનું દૃષ્ટાંત આપે છે કે જે બીજાની મિલક્ત હોય અને તે કોઈ વસ્તુ ઉપર અધિકાર ધરાવતો ન હોય."

(૩) કાસિમ બિન મોહંમદ જોહરીએ અલી બિન અબી હમઝાથી, તેમણે અબી બસીરથી અને તેમણે હઝરત ઈમામ જઅફરસાદીક (અલ.)થી રિવાયત કરી છે કે એક વખત મેં હઝરતને પુછ્યું કે એક વ્યક્તિએ પોતાની એક કનીઝના નિકાહ એક આઝાદ વ્યક્તિ સાથે અથવા અન્ય-બીજા લોકોના કોઈ ગુલામ સાથે કરી દીધા. તો આપે ફરમાવ્યું : હવે તેને હક નથી કે તેની પાસેથી પોતાની કનીઝને છીનવી લે. જો તેઓ તેને વેચી દે. તો જેણે ખરીદી

છે તેને ઈખ્તિયાર છે કે તે તેને તેના પતિથી છીનવી લે. જો તે ઈચ્છે તો આમ કરી શકે છે.

(૪) ઈબ્ને બકીરે ઝરારહથી રિવાયત કરી છે કે એક વખત મેં હઝરત ઈમામ મોહંમદ બાકિર (અલ.)ને પુછ્યું કે એક ગુલામે પોતાના માલિકની રજા વગર નિકાહ કરી લીધા. આપે ફરમાવ્યું કે હવે તો આ માલીક પર મોકુફ કે તે ઈચ્છે તો તેને છૂટ આપે (ભલે નિકાહ કરી લીધા) અને જો તે ઈચ્છે તો બંનેને જુદા કરી દે. મેં વિનંતી કરી અલ્લાહ આપનું ભલું કરે. હકીમ બિન અતીબા, અને ઈબ્રાહીમ નખઈ અને આ બંનેના અસહાબ તો કહે છે કે મૂળમાંથી આ નિકાહ જ નથી થતા. તો માલીકની ઈજાઝત તેને હલાલ નથી કરી શકતી. આપે ફરમાવ્યું તે ગુલામે પોતાના માલીકની નાફરમાની કરી છે. અલ્લાહની નાફરમાની નથી કરી. હવે જ્યારે માલીક જ છૂટ આપી દે તો જાઈઝ છે.

(૫) હમ્માદ બિન ઈસાએ હઝરત ઈમામ જઅફર સાદીક (અલ.)થી રિવાયત કરી છે. એક વખત મેં હઝરતને પુછ્યું એક આઝાદ સ્ત્રી એક ગુલામના નિકાહમાં હોય તો તે કેટલા વખત તલાક આપે. (જેથી તે તેના ઉપર હરામ થઈ જાય. આપે ફરમાવ્યું કે હઝરત અલી (અલ.)એ ફરમાવ્યું છે કે તલાક અને ઈદ્દ તો સ્ત્રીઓના માટે છે. તેમના ઉપર આધારિત છે. (એટલે કે સ્ત્રી જો આઝાદ છે તો ત્રણ તલાક અને ત્રણ પાકી મતલબ ત્રણ હૈઝ) (આ તલાક જેમાં ત્રણનો ઉલ્લેખ છે. તે તો તેના નીતિ નિયમો આધારિત જ ગણાશે. જેનું વર્ણન થઈ ચૂકયું છે.)

(૬) હમ્માદ બિન ઉસ્માને હલબીથી, તેમણે હઝરત ઈમામ જઅફર સાદિક (અલ.)થી રિવાયત કરી છે કે આઝાદ સ્ત્રીની તલાક જ્યારે કે તે કોઈ ગુલામના નિકાહમાં હોય ત્રણ તલાક છે અને કનીઝની તલાક

જ્યારે કે તે કોઈ આઝાદ વ્યક્તિના નિકાહમા હોય તો બે તલાક છે. (મનલાયહઝરહલ ફકીહ ભાગ-૩ હદીસ નં. ૪૮ ૬૪, પેજ નં. ૩૨૮)

(૭) મોહંમદ બિન ફુઝૈલે અબી સલાહ કનાનીથી, તેમણે હઝરત ઈમામ જઅફર સાદિક (અલ.)થી રિવાયત કરી છે. આપે ફરમાવ્યું જ્યારે પુરુષ આઝાદ હોય અને સ્ત્રી કનીઝ હોય તો તેના માટે બે તલાક છે. અને જો પુરુષ ગુલામ હોય અને સ્ત્રી આઝાદ હોય તો તેના માટે ત્રણ તલાક થશે.

(૮) ફૂઝાલાએ કાસિમ બિન યઝીદથી, તેમણે મોહંમદ બિન મુસ્લિમથી, તેમણે હઝરત ઈમામ મોહંમદ બાકિર (અલ.)થી રિવાયત કરી છે કે જો કોઈ આઝાદ પુરુષ કોઈ કનીઝ સ્ત્રીને તલાક આપે. પછી તે થોડાક દિવસ ઈદ્દતના ગુજારે એટલામાં તેને આઝાદ કરી દેવામાં આવે તો તે કનીઝની જ ઈદ્દત ગુજારશે.

(૯) સમાઆની રિવાયતમાં છે કે હઝરત ઈમામ જઅફર સાદિક (અલ.)એ ફરમાવ્યું તે કનીઝનો ઈદ્દ જેને હજી હૈઝ આવતું નથી, તેની ઈદ્દતનો સમય પિસ્તાલીસ રાતો છે. એટલે કે જ્યારે તેને તલાક આપવામાં આવે. (ત્યારથી ગણતરી શરૂ થાય.)

(૧૦) અલાએ મોહંમદ બિન મુસ્લિમથી તેમણે બંને અઈમ્મા અલયહેમુસ્સલામમાંથી કોઈ એકથી રિવાયત કરી છે કે ફરમાવ્યું કે કનીઝની ઈદ્દત તેનું વેચાવું અથવા તેના પતિનું વેચાવું છે. ઉપરાંત એક વ્યક્તિના વિષયમાં કે જેણે પોતાની કનીઝના નિકાહ એક આઝાદ વ્યક્તિની સાથે કરી દીધા. પછી તે કનીઝને વેચી દીધી. આપે ફરમાવ્યું આ બંને પતિ-પત્ની વચ્ચેની જુદાઈ છે. પરંતુ જો ખરીદાર ઇચ્છે તો બંનેને છોડી દે. (જુદા ન થવા દે)

(૧૧) મોહંમદ બિન કુઝૈલે અબુ સબાહ કનાનીથી અને તેમણે હઝરત ઈમામત જઅફર સાદીક

(અલ.)થી રીવાયત કરી છે કે જ્યારે કોઈ કનીઝને વેચી દેવામાં આવે. અને તે પરિણિત હોય. તો જણે તેને ખરીદી છે. તેને ઈખ્તિયાર છે, કે તે ઈચ્છે તો બંનેને જુદા કરી દે અથવા ઈચ્છે તો કનીઝને તેના પતિ પાસે છોડી દે. મતલબ પતિ-પત્ની બંનેને જુદા ન કરે. પરંતુ જ્યારે તેણે એક વખત રાજીખુશીથી ખરીદેલી કનીઝને તેના પતિ પાસે રહેવાની છૂટ આપી દીધી. તો હવે પછી તેને ઈખ્તિયાર નથી કે તે બંનેને છૂટાં કરે. એ જ પ્રમાણે જો પરિણિત ગુલામને વેચી દેવામાં આવે, તો હવે તેનો ખરીદનાર માલીક જો ઈચ્છે તો તે પ્રમાણે કરે જે પ્રમાણે કનીઝના માલિકે કર્યું છે. આ એનો હક છે. પરંતુ જો તેણે રાજી થઈને માની લીધું. બંનેને પરિણિત રીતેના રહેવાની છૂટ આપી દીધી. તો માની લીધા પછી ગુલામના ખરીદાર માલીકને હક નથી કે બંનેને જુદા કરે.

(૧૨) હસન બિન મહબૂબે માલીક બિન અતીય્યાથી, તેમણે સુલેમાન બિન ખાલીદથી રીવાયત કરી છે કે હઝરત ઈમામ જઅફર સાદીક (અલ.)ને પુછવામાં આવ્યું. એક વ્યક્તિનો પિતા ગુલામ હતો. તેના બાપની પત્ની એક કનીઝ મકાતિબા (મકાતિબા = છુટા થવા - આઝાદ થવા માટેનું દેવું ચૂકવતી હતી. ઘણા ગુલામો આ રીતે હપ્તા બાંધીને માલીકથી છુટા થતા હતા. કનીઝો પણ શરત પ્રમાણે આટલા રૂપિયા ચૂકતે કરી આપે તો આઝાદ થઈ જાય. ધીમે ધીમે કમાય ને માલીકને હપ્તા સિસ્ટમથી આપતા રહે.) હતી. આ કનીઝ પોતાના હપ્તાની કેટલીક રકમ અદા પણ કરી દીધી હતી. થોડીક બાકી પણ હતી. આ ગુલામના પૂત્રે પોતાની (સોતીલી મા) કનીઝને કહ્યું કે તમારી ચૂકવણીમાં મદદ કરૂં. જેથી તું તારુ દેવું ચૂકતે કરી આપે. આ શરત સાથે કે આ દેવું અદા થયા પછી તું જ્યારે પોતાની ઝાતની ખુદ

માલીક બની જાય ત્યારે તને આ ઈખ્તિયાર નહીં મળે કે તું મારા બાપને છોડી દે. તેણે આ શરત કબૂલી લીધી. તો પેલા પુત્રે તેનું બાકીનું ચૂકવણું ચુકવી દીધું. તો શું આ આઝાદ થયેલ કનીઝને પોતાના પતિને છોડી દેવાનો હક મળશે ? આપે ફરમાવ્યું હવે તેને કોઈ ઈખ્તિયાર નથી. મુસલમાન પોતાની શરતનો પાસ રાખે છે.

(૧૩) હમ્માદે હલબીથી, તેમણે ઈમામ જઅફર સાદીક (અલ.)થી રિવાયત કરી છે કે જ્યારે કોઈ ગુલામના નિકાહમાં એક કનીઝ હોય તે તેને એક તલાક આપી દે. પછી તે બંનેને આઝાદ કરી દેવામાં આવે. તો આ કનીઝ તે ગુલામની પાસે તલાકવાળી પત્નીની હૈયસીયતથી બાકી રહેશે. (રુજુઅ કરવાનો હક રહેશે.) (પતિ-પત્ની જેઓ આઝાદ છે. તેમની તલાકે સુન્નત અને તલાકે

ઈદ્દતના બંને પ્રકારના આ કનીઝ-ગુલામને પણ લાગુ પડશે.)

(૧૪) ઈબ્ને અબી ઉમૈરે જમીલથી, તેમણે હિશ્શામ બિન સાલમથી તેમણે હઝરત ઈમામ જઅફર સાદીક (અલ.)થી રીવાયત કરી છે કે એક કનીઝના વિષયમાં કે તેને તલાક આપી દેવામાં આવી છે. અને ઈદ્દ પુરો થતાં અગાઉ તેને આઝાદ કરી દેવામાં આવી. આપે ફરમાવ્યું તે ત્રણ હૈઝ ઈદ્દ રાખશે. જો તેનો પતિ ઈદ્દની મુદ્દત પૂરી થતાં અગાઉ મૃત્યુ પામે. તો તેનો ઈદ્દ ચાર માસ અને દસ દિવસનો રહેશે.

(૧૫) હરીઝ બિન અબ્દુલ્લાહે મોહંમદ બિન મુસ્લિમથી રિવાયત કરી છે કે એક વખત મેં ઈમામ જઅફર સાદીક (અલ.) ને પુછ્યું કે એક કનીઝ એક ગુલામના નિકાહમાં છે. પછી તે કનીઝને આઝાદ કરી દેવામાં આવે છે. આપે ફરમાવ્યું તેને

ઈખ્તિયાર છે. જો ઈચ્છે તો પોતાના પતિની પાસે પત્ની તરીકે રહે. અને જો ઈચ્છે તો અલગ થઈ જાય.

(૧૬) મોહંમદ બિન કૈસે ઈમામ મોહંમદ બાકિર (અલ.)થી રિવાયત કરી છે કે હઝરત અલી (અલ.)એ એક વ્યક્તિની કનીઝના વિષયમાં ફેંસલો ફરમાવ્યો કે તેને પોતાના માલીકથી બાળક જનમ્યું હતું. માલીકે આ કનીઝના નિકાહ પોતાના ગુલામ સાથે કરી દીધા. પછી તેનો માલીક મૃત્યુ પામ્યો. અને આ કનીઝ આઝાદ થઈ ગઈ.

પેલા ગુલામે પેલી કનીઝ સાથે ફરીથી નિકાહ પઢી લીધા. તે કનીઝનો પુત્ર જે માલીકના નુત્ફાથી પેદા થયો હતો. તે તે કનીઝનો માલીક બન્યો. જેથી વારસામાં ગુલામ પણ તેની મિલ્કતમાં આવ્યો. થોડા દિવસ પછી પેલો પુત્ર પણ મૃત્યુ પામ્યો. હવે છોકરાની વારસદર આ (કનીઝ) સ્ત્રી

બની. હવે આ ગુલામ જે તેનો પતિ હતો, તે આ સ્ત્રીની મિલકતમાં ગણાયો. આ બંને ઝઘડતાં ઝઘડતાં અમીરૂલ મોઅમેનીનની સેવામાં આવ્યાં.

ગુલામે કહ્યું આ મારી પત્ની છે. મેં એને તલાક આપી નથી. ઓરતે કહ્યું આ મારો ગુલામ છે. તેણે (ગુલામ બન્યા પછી) મારી સાથે કદી સંભોગ કર્યો નથી. તો તે મારો પતિ કેવી રીતે બની શકે છે? તે સ્ત્રીને પુછવામાં આવ્યું. જ્યારથી આ તારો ગુલામ બન્યો છે તેણે તારી સાથે સંભોગ કર્યો છે ? તેણે કહ્યું “નહીં” . આપે ફરમાવ્યું “જ્યારથી આ તારો ગુલામ બન્યો છે. જો તેણે તારી સાથે સંભોગ કર્યો હોત, તો હું તેને સઝા આપત. (સઝા આપવાનું એટલા માટે કહ્યું કે આ મસાએલ તે સમયની ગુલામ પ્રથામાં વ્યવહારમાં હતા. લોકો જાણતા હતા. અજાણ ન હતા. નહીં તો અમીરૂલ મોઅમેનીન (અલ.) હરગિઝ સઝા આપવાની વાત ન કરત.)

જા આ તારો ગુલામ છે. તું ચાહે તો તેને વેચી દે, અગર ચાહે તો ગુલામ તરીકે જ રાખી લે. ચાહે તો આઝાદ કરી દે.

**(૧૮) તલાક વિષયના અમૂક ખાસ મસઅલા અંગેની રિવાયતો**

(૧) અબ્દુલ્લાહ બિન મુસ્કાને ફઝલ બિન અબ્દુલમલીક બકબાકથી રિવાયત કરી છે. એક વખત મેં હઝરત ઈમામ સાદીક (અલ.)ને પુછ્યું કે એક વ્યક્તિએ પોતાની પત્નીને તલાક આપી દીધી. ત્યારે તે બીમાર હતો. આપે ફરમાવ્યું જો આ બીમારીમાં તે એક વર્ષની અંદર અંદર મૃત્યુ પામે તો તેની આ તલાકશુદા પત્નીને તેનો વારસો મળશે અને જે દિવસથી તેને તલાક પડી છે તે દિવસથી તે પોતાની ઈદ્દતના દિવસોની ગણતરી કરશે. વળી ઈદ્દતનો સમયપૂર્ણ થયા પછી તે નિકાહ પણ કરી શકશે. મતલબ તેને તલાક આપનાર બીમાર પતિ

તલાક આપ્યા પછી એક વર્ષની અંદર તે જ બીમારીમાં મૃત્યુ પામ્યો છે. તો તે સ્ત્રીને પતિનો વારસો મળશે. પરંતુ જો એક વર્ષ વીતી ગયા પછી મૃત્યુ પામ્યો છે. તો તે સ્ત્રી માટે કોઈ વારસો નથી.

(૨) હસન બિન મહબૂબે ઈબ્ને બાકીરથી તેમણે અબીદ બિન ઝરારહથી રિવાયત કરી છે કે મેં હઝરત ઈમામ જઅફર સાદીક (અલ.)ને પૂછ્યું શું કોઈ બીમાર બીમારીની હાલતમાં પોતાની પત્નીને તલાક આપી શકે છે ? આપે ફરમાવ્યું નહીં (ઈસ્લામમાં કેટલી બારીકબીની છે. કેટલું ઊંડાણ છે. ઈન્સાની હકોનું કેટલું રક્ષણ છે. ઝુલમ થઈ જવાથી કેટલો પરહેઝ છે. તેનો ખ્યાલ ઈમામની આ હદીસથી આવી શકે છે. વ્યક્તિ મૃત્યુશય્યાનો બીમાર હોય અને ઓલાદ વગરની પત્ની હોય તો પોતાની ઓલાદના વારસામાં ભાગ ન પડે તે માટે નિ:સંતાન પત્નીને મરતાં મરતાં તલાક આપી દે. તે

મના ફરમાવ્યું. આ મસઅલમાંથી અનેક મસાએલ નીકળી શકે છે. ઓરતોના હકોનો ખ્યાલ તો જુઓ.), પરંતુ જો તે ઈચ્છે તો આ જ બીમારીની હાલતમાં નિકાહ કરી શકે છે. અને જો તેણે તેની પત્ની સાથે સંભોગ કર્યો તો તે સ્ત્રી પણ વારિસ બનશે. (બીમારે શાદી કરી, પત્ની સાથે સંભોગ કર્યો. ભલે પછી તરત જ કે થોડા દિવસમાં મરી ગયો. પત્ની વારસદાર બની ગઈ.) પરંતુ જો તેણે સંભોગ નથી કર્યો તો નિકાહ બાતિલ છે.

(૩) હસન બિન મહબૂબે રબીઅ અસમથી, તેમણે ઉબય અબીદહ હદ્દથી, તેમણે માલીક બિન અતીય્યાથી, અને તે બંનેએ હઝરત ઈમામ મોહંમદ બિન અલી અલયહિસ્સલામથી રિવાયત કરી છે કે જો કોઈ બીમાર બીમારીની હાલતમાં પોતાની પત્નીને તલાક આપી દે અને તે બીમારીની હાલતમાં ત્યાં સુધી જીવતો રહે કે તે સ્ત્રીની ઈદ્દતની

મુદ્દત પુરી થઈ જાય. ત્યાર પછી તે આ જ બીમારીની હાલતમાં ઈદ્દતની મુદ્દત ખતમ થયા પછી મૃત્યુ પામે તો આ પરિસ્થિતિમાં જો તે સ્ત્રીએ બીજા કોઈની સાથે નિકાહ નથી કર્યો. તો તે સ્ત્રી આ બીમારીમાં મૃત્યુ પામનાર પતિની વારસદાર બનશે. પરંતુ જો તેણે બીજા નિકાહ કરી લીધા છે તો તે વારસદાર બનશે નહિ.

(૪) સમાઆની રિવાયતમાં છે કે તેમણે જનાબ ઈમામ જઅફર સાદીક જનાબ (અલ.)ને પુછ્યું કે એક વ્યક્તિએ પોતાની પત્નીને તલાક આપી. અને તે સ્ત્રીની ઈદ્દતની મુદ્દત પુરી થતાં અગાઉ જ પતિ મૃત્યુ પામ્યો. ફરમાવ્યું તે સ્ત્રી વફાતની ઈદ્દતમાં રહેશે. ઈદ્દતે વફાત ગુજારશે અને તે વારસદાર પણ ગણાશે.

(૫) ઈબ્ને અબી ઉમૈરે અબાનથી રિવાયત કરી છે કે હઝરત ઈમામ જઅફર આદીક (અલ.)એ ઈરશાદ

ફરમાવ્યો કે જે વ્યક્તિએ તંદુરસ્તીની હાલતમાં પોતાની પત્નીને બે તલાક આપી. પરંતુ પછી તે બીમાર પડ્યો અને બીમારીની હાલતમાં તેણે તે પત્નીને ત્રીજી તલાક આપી. તો જ્યાં સુધી તે બીમારીની હાલતમાં છે, ભલી પછી તે મુદ્દત એક વર્ષ જેટલી લાંબી કેમ ન થઈ જાય. તે સ્ત્રીને તેના પતિનો વારસો મળશે.

(૬) ઈબ્ને બાકીરની રિવાયત જે ઝહારહથી છે. તેમણે હઝરત ઈમામ જઅફર સાદીક (અલ.)થી રિવાયત કરી છે કે કોઈ બીમાર માટે આ વાત જાઈઝ નથી કે તે બીમારીની હાલતમાં પોતાની પત્નીને તલાક આપે. પરંતુ તેના માટે આ વાત જાઈઝ છે કે તે બીમારીની હાલતમાં નિકાહ કરે.

(૭) ઝરાઆની રિવાયત સમાઆથી છે. તેમણે હઝરત ઈમામ જઅફર સાદીક (અલ.)થી પુછવામાં આવ્યું કે એક વ્યક્તિએ પોતાની પત્નીને તલાક

આપી ત્યારે તે બીમાર હતો. આપે ફરમાવ્યું જ્યાં સુધી તે સ્ત્રી ઈદ્દની હાલતમાં છે તે વારસદાર ગણાશે. જો બીમારીની હાલતમાં તલાક આપી છે તો એક વરસ સુધી વારસદાર ગણાશે. અને આ ઈદ્દતની મુદ્દતને સાથે ગણીને એક વર્ષની ઉપર એક દિવસ પણ વધી ગયો (તલાક આપનાર પતિના મૃત્યુને) તો તે વારસદાર બનશે નહિ.

(૮) હમ્માદે હલબીથી અને તેમણે હઝરત ઈમામ ઝઅફર સાદીક (અલ.)થી રિવાયત કરી છે. આપને પુછવામાં આવ્યું કે એક વ્યક્તિએ નઝઅની હાલતમાં (મૃત્યુના જેવી પરિસ્થિતિમાં) પોતાની પત્નીને તલાક આપી દીધી. તો શું આ તલાક જાઈઝ છે ? આપે ફરમાવ્યું કે હાં, (તલાક પડી જશે) પરંતુ જો તે મરી જશે તો સ્ત્રી તેની વારસદાર બનશે. પરંતુ જો (કુદરત સંજોગે) સ્ત્રી મરી ગઈ તો તે પતિ તેનો વારસદાર બનશે નહિ.

## (૧૯) ગૂમશુદાની તલાક

(૧) ઉમૈર બિન અઝનીયાએ રિવાયત કરી છે કે મેં એક વખત હઝરત ઈમામ જઅફર સાદીક (અલ.)ને પુછ્યું કે એક વ્યક્તિ ખોવાઈ ગયો છે. ગુમ થઈ ગયો છે. તેની પત્ની શું કરે ? આપે ફરમાવ્યું તે ખામોશ બેસી ન રહે. પરંતુ તેની જુદાઈ પર સબર કરે. જો તે પોતાનો કેસ હાકેમની કોર્ટમાં રજૂ કરશે તો તેને ચાર વર્ષ સુધી રાહ જોવાની મુદ્દત આપશે. પછી હાકેમ તેનો પતિ જે જગ્યાએથી ગૂમ થયો છે. તેની આસપાસ પત્રો લખશે. કોઈપણ જગ્યાએથી તેના હયાત હોવાની ખબર આવે એવી ઉમ્મીદ સાથે રાહ જોઈને સબર કરે. જો ચાર વર્ષ સુધી તેના પતિના હયાત હોવાથી કોઈ ખબર ન મળે. ત્યારે હાકેમ આ ગૂમ થયેલા પતિના વાલીને (જવાબાદર વ્યક્તિ, સરંક્ષક, જેના આશ્રિતપણા હેઠળ ઓરત હોય.) બોલાવશે. તેને પુછવામાં આવશે કે આ ગૂમ

થયેલા વ્યક્તિની કોઈ માલમિલક્ત છે ? જો માલ-મિલકત છે તો આ સ્ત્રી ઉપર ખર્ચ કર. જ્યાં સુધી ગૂમ થયેલ વ્યક્તિ જીવીત છે કે મરી ગયો છે. તેની જાણ ન થાય.

જો ગુમ થયેલ વ્યક્તિની કોઈ માલ-મિલકત નથી. તો તે વલીને કહેવામાં આવશે. તમે આ સ્ત્રીનો ખર્ચ ઊઠાવો. જો તેણે એવું કર્યું તો જ્યાં સુધી તે ખર્ચ આપી રહ્યો છે. બીજો નિકાહ કરી શકશે નહિ.

જો તે ખર્ચ આપવાથી ઈન્કાર કરે તો હાકિમ તેને ફરજ પાડશે કે તે આ સ્ત્રીને તેની પાકીના સમયમાં ઈદ્દ રાખતાં અગાઉ એક તલાક આપે. વલીનું આ તલાક આપવું તેના પતિના તલાક આપવા જેવું જ ગણાશે.

જો વલીના તલાક આપવાના દિવસથી ઈદ્દ પૂર્ણ થતાં અગાઉ જો તેનો પતિ આવી ગયો. તો જો

તે ઈચ્છા ધરાવતો હોય તો પત્નીને રૂજૂઅ કરી શકે છે. તેની પત્ની છે. પરંતુ પછી એની પાસે બે જ તાલક બાકી રહેશે. (એક તલાક પત્નીનો વલી હકિમના હુકમથી આપી ચૂક્યો છે.)

પરંતુ જો પતિના આવવા અગાઉ અથવા પતિના રૂજૂઅ કરતાં અગાઉ ઈદ્દતનો સમય પુરો થઈ ગયો. તો પછી આ સ્ત્રી છૂટી થઈ ગઈ. નિકાહ માટે હલાલ છે. જે વ્યક્તિ ઈચ્છે તેની સાથે નિકાહ કરે. પ્રથમ પતિનો તેના ઉપરનો કબજો ખતમ થઈ ગયો.

(૨) બીજી રીવાયતમાં છે કે જો પતિનો કોઈ વલી (ગામનો ચૌધરી, જેનો હુકમ ચાલતો હોય તેવો મોમીન વ્યક્તિ, સરપંચ, આગેવાન, હાકેમનો નિયુક્ત માણસ વગેરે.) ન હોય તો વલી અથવા હાકેમ તેને તલાક આપશે. ત્યારે બે આદિલ ગવાહોને સાક્ષી પણ બનાવશે. આ રીતે વાલી અથવા હાકેમનું

તલાક આપવું પતિના તલાક આપ્યા બરાબર ગણાશે. આ સ્ત્રી ચાર માસ દસ દિવસ ઈદ્દતમાં રહેશે. ત્યારબાદ તે પોતાની ઈચ્છા પ્રમાણે બીજા નિકાહ કરી શકશે.

(૩) અહમદ બિન બસર બિન નસર બઝનતીએ અબ્દુલ કરીમ બિન અમરૂ સસઅમીથી, તેમણે ઝરારહથી, તેમણે હઝરત ઈમામ મોહંમદ બાકીર (અલ.)થી રિવાયત કરી છે અને મુસા બિન બકરે પણ ઝરાહથી, તેમણે હઝરત ઈમામ મોહંમદ બાકિર (અલ.)થી કે આપે ફરમાવ્યું જ્યારે કોઈ વ્યક્તિના મોતની ખબર તેની પત્નીને આપવામાં આવે. અથવા તેણીને આ ખબર આપવામાં કે તેનો પતિએ તેને તલાક આપી દીધી છે. તો તે ઈદ્દ રાખે, ઈદ્દ પૂરો કરીને કોઈ વ્યક્તિ સાથે બીજા નિકાહ કરી લે. પછી તેનો પ્રથમ પતિ આવી જાય. તો પ્રથમ પતિનો હક પત્ની ઉપર આ બીજા પતિ કરતાં

વધારે છે. ભલે આ બીજા પતિએ આ સ્ત્રી સાથે સંભોગ કર્યો હોય કે ન કર્યો હોય. આ સ્ત્રીને બીજા પતિથી મહર લેવાનો હક છે. એટલા માટે કે આ બીજા પતિએ પત્નીની શર્મગાહને પોતાના માટે હલાલ કરી છે. વળી અબ્દુલકરીમે પોતાની હદીસમાં આટલો વધારો લખ્યો છે કે આ સ્ત્રીના બીજા પતિને હવે હંમેશા માટે તેની સાથે નિકાહ કરવો જાઈઝ નથી.

(૪) આસીમ બિન હમીંદે મોહંમદ બિન કૈસથી રિવાયત કરી છે કે મેં એક વખત હઝરત ઈમામ મોહંમદ બાકિર (અલ.)ને પુછ્યું કે એક વ્યક્તિના વિષયમાં તેની પત્નીએ આ પ્રમાણે ગુમાન કર્યું કે તે મૃત્યુ પામ્યો છે અથવા કતલ કરી નાખવામાં આવ્યો છે. ત્યારે તેની પત્નીએ બીજો નિકાહ કરી લીધો. આ વ્યક્તિની કનીઝ પણ પુરુષના જ કબજામાં હતી. તેણે પણ બીજો નિકાહ કરી લીધો.

આ બંનેની તેમના બીજા પતિઓ દ્વારા અવલાદ પણ થઈ ગઈ. આટલા સમયગાળામાં તે સ્ત્રીનો પ્રથમ પતિ અને પેલી કનીઝનો માલિક પણ આવી ગયો.

ઈમામે ફરમાવ્યું તે પોતાની પત્નીને લઈ લેશે. તે તેનો વધારે હકદાર છે. પોતાની કનીઝને પણ તથા તેના બાળકને પણ લઈ લેશે. કનીઝનો બીજો પતિ કોઈ કિંમત (બાળકની) લેવા માગશે તો કિંમત આપીને લઈ લેશે.

(૫) ઈબ્રાહીમ બિન અબ્દુલ હમીદની રિવાયતમાં છે કે હઝરત ઈમામ જઅફર સાદીક (અલ.)એ બે ગવાહોના માટે ફરમાવ્યું જે લોકોએ એક સ્ત્રીની સમક્ષ જઈને ગવાહી આપી કે તારા પતિએ તને તલાક આપી દીધી છે. જેથી પેલી સ્ત્રીએ બીજા નિકાહ કરી લીધા. (ઈસ્લામી નીતિ નિયમોને આધીન જ મતલબ ઈદ્દત ગુજાર્યા પછી) પછી તેનો

પ્રથમ પતિ આવી ગયો. આપે ફરમાવ્યું આ બંને ગવાહો ઉપર હદ જારી કરી કોરડા લગાવવામાં આવશે. તે બંને ગવાહોએ પતિને મહર અદા કરવી પડશે. (બીજા પતિએ પત્નીને જે મહર આપી છે. નિકાહ ફોક થતાં તે મહેર પુરુષને પરત કરવી પડે. જેથી આ બીજા પતિને આ જુઠા ગવાહો તેની મહર આપશે.) પછી તે સ્ત્રી ઈદ્દત રાખશે અને પોતાના પ્રથમ પતિ તરફ પાછી ફરશે.

(૬) મુસા બિન બકરે ઝરારહથી રિવાયત કરી છે. એક વખત મેં હઝરત ઈમામ જઅફર સાદીક (અલ.)ને પુછ્યું કે એક સ્ત્રીને તેના પતિની મોતના સમાચાર સંભળાવવામાં આવ્યા. તેણે ઈદ્દ વફાત (ચાર મહિના દસ દિવસ ગણાય છે) રાખ્યો. પછી બીજા નિકાહ કરી લીધા. આ પછી તેનો પ્રથમ પતિ આવી ચઢ્યો. તેણે આવીને પોતાની પત્નીને છોડી દીધી. હવે આ બીજા પતિએ પણ તેને છોડી દીધી.

હવે પ્રશ્ન આ છે કે તે કેટલા ઈદ્દ રાખે બીજા નિકાહ કરવા માટે.

આપે ફરમાવ્યું ત્રણ પાકી સુધી ઈદ્દતમાં બેસે. એટલા માટે કે તેનું પેટ ત્રણ હેઝમાં પાક થઈ જશે. પછી તે લોકોના નિકાહ માટે હલાલ છે.

ઝરારહએ પુછ્યું કે બીજાઓ કહે છે કે તે બે ઈદ્દ રાખશે. દરેક પતિ માટે એક ઈદ્દ. પરંતુ હઝરત ઈમામ મોહમંદ બાકિર (અલ.) એ આ વાતથી ઈન્કાર કર્યો. અને ફરમાવ્યું તે ફક્ત ત્રણ પાકી સુધી ઈદ્દ રાખીને અન્ય લોકોના નિકાહ માટે હલાલ થઈ જશે.

**(૨૦) ખલચ્યા, બરચ્યા, બત્તા, બાયન, હરામ**

હમ્માદ બિન ઉસ્માને હલબીથી તેમણે હઝરત ઈમામ જઅફર સાદીક (અલ.)થી રિવાયત કરી છે તે કહે છે કે મેં હઝરતને એક એવી વ્યક્તિના વિષયમાં પુછ્યું જેણે પોતાની પત્નીને

કહી દીધું કે તું મારા તરફથી ખાલી છે. અથવા આઝાદ છે, અથવા છુટ્ટી છે અથવા હરામ છે. ઈમામ (અલ.) એ ફરમાવ્યું "આવું કહેવાનો કોઈ અર્થ નથી. વ્યર્થ છે. (પત્નીના પત્ની તરીકેના કે પતિના પતિ તરીકેના અધિકારમાં કોઈ ફરક પડશે નહિ.)

(૨) અહમદ બિન મોહંમદ નસર બઝનતીએ મોહંમદ બિન સમાઆથી, તેમણે ઝરારહથી, તેમણે હઝરત ઈમામ મોહંમદ બાકિર (અલ.)થી રિવાયત કરી છે કે એક વખત મેં હઝરતથી એક એવી વ્યક્તિના વિષયમાં પ્રશ્ન કર્યો. જેણે પોતાની પત્નીને કહી દીધું કે "તું મારા ઉપર હરામ છે." આપે ફરમાવ્યું "જો મને તેના ઉપર કાબુ હોત તો હું તેને સજા કરત. કહેત કે અલ્લાહતઆલાએ તો આ સ્ત્રીને તારા ઉપર હલાલ કરી છે પછી બીજું કોણ છે ? જેણે આ સ્ત્રીને તારા ઉપર હરામ કરી દીધી. તેણે જુઠ સિવાય બીજું કશું જ કહ્યું નથી. પછી પોતે જ

વિચારે છે કે અલ્લાહતઆલા એ એના માટે જે હલાલ કર્યું છે, તે હરામ છે માટે આ બાબત ન કોઈ તલાક છે ન કફ્ફારો છે.

મેં વિનંતી કરી કે મૌલા ! અલ્લાહતઆલાનું આ ફરમાન

**યા અય્યોહન્નબીય્યો લેમઅ્ તોહર્રેમો મા અહલ્લલ્લાહો લકઅ્ તબતગી મરઝાતઅ્ અઝાવાજેકઅ્, વલ્લાહો ગફુરૂર્રહીમ. કદફરઝલ્લાહો લકુમ લકુમ તહીલ્લતઅ્ અયમાનેકુમ**

(સુરા તહરીમ આયત નં. ૧, ૨)

"અય નબી ! જે વસ્તુઓ અલ્લાહે તમારા ઉપર હલાલ કરી દીધી છે. તેનાથી તમારી પત્નીઓની ખુશી પ્રાપ્ત કરવા દૂર કેમ રહો છો અને અલ્લાહ મોટો ક્ષમા આપનારો દયાવાન છે. અલ્લાહે તમારા માટે પ્રતિજ્ઞાઓને તોડવાના પણ નિયમો નક્કી કરી દીધા છે."

હઝરત ઈમામ મોહંમદ બાકિર (અલ.)એ ફરમાવ્યું કે પેગંબરે ઈસ્લામ (સલ.) એ પોતાના ઉપર પોતાની એક કનીઝ મારિયાને હરામ કરી હતી. અને કસમ લીધી હતી કે આપ (સલ.) તેની સાથે સંભોગ કરશે નહિ. ત્યારે અલ્લાહે આપ (સલ.) ઉપર કસમનો કફફારો ફરજ કર્યો હતો. હરામ કરવા ઉપર કોઈ કફફારો ફરજ કર્યો ન હતો.

**(૨૧) નામર્દ માટેના હુકમો**

(૧) ઈમામ જઅફર સાદીક (અલ.)એ ફરમાવ્યું કે જો કોઈ સ્ત્રી પોતાના પતિના વિરુદ્ધ આ આક્ષેપ કરે કે તે નામર્દ છે. પરંતુ પતિ નામર્દ હોવાથી ઈન્કાર કરે તો આવા કેસનો ફેંસલો આ રીતે કરી શકાય છે કે પુરુષને ઠંડા પાણીમાં બેસાડવામાં આવે. જો તેની ઉઝ્રૂએ તનાસૂલ (ઝકર - ઇન્દ્રિ) ઢીલી જ પડી રહે છે. તો તે નામર્દ છે. પરંતુ જો તે હરકતમાં આવી જાય છે. હાલતી થઈ જાય છે. તો તે નામર્દ નથી.

(૨) બીજી હદીસમાં છે કે ઉપરોક્ત આક્ષેપવાળી વ્યક્તિને ત્રણ દિવસ સુધી તાજી મચ્છી ખવડાવવામાં આવે. પછી તેને કહેવામાં આવશે કે રાખ ઉપર પેશાબ કરે. જો તેનો પેશાબ રાખમાં સુરાખ (કાણું) કરી દે. તો નામર્દ નથી. પરંતુ જો તેનો પેશાબ રાખમાં સુરાખ ન કરે તો પછી તે નામર્દ છે.

(૩) સફવાન બિન યહ્યાએ અબાનથી, તેમણે ગયાસથી, તેમણે હઝરત ઈમામ જઅફર સાદીક (અલ.)થી રીવાયત કરી છે. જ્યારે કોઈ નામર્દના વિષયમાં જાણ થઈ જાય કે તે નામર્દ છે. સ્ત્રી પાસે જઈ શકતો નથી. તો તે બંનેને અલગ કરી દેવામાં આવે.

પરંતુ જો એક વખત પણ પેલી સ્ત્રી (પત્ની) સાથે તેણે સંભોગ કર્યો છે. તો તે બંનેને જુદા

કરવામાં આવશે નહિ. અને પુરુષને કોઈક ખામીના કારણે રદબાતલ નહીં ગણવામાં આવે.

(૪) હસન બિન મહબૂબે ખાલીદ બિન જરીરથી તેમણે ઉબઈ રબીઅ સામીથી રિવાયાત કરી છે કે એક વખત હઝરત ઈમામ જઅફર સાદિક (અલ.)થી એક એવી વ્યક્તિના વિષયમાં પૂછવામાં આવ્યું કે તેણે એક સ્ત્રી સાથે લગ્ન કર્યું. થોડાક દિવસ તેની સાથે રહ્યો. પરંતુ તે પોતાની પત્ની સાથે સંભોગ કરી શક્યો નહિ. (સંભોગ ન કરી શકવાના ઘણા કારણો હોઈ શકે છે. બીમાર હોય. કોઈ છૂટની ખસ-ખુજલી જેવી બીમારી હોય. બીજા પણ વગેરે વગેરે.) તે વ્યક્તિ પોતાની પત્નીના તે અવયવો જોતો રહ્યો. જે બીજાઓ માટે જોવા હરામ છે. પછી તેણે તેને તલાક આપી દીધી. જો આવી વ્યક્તિ માટે આ જાઈઝ છે કે તેની પુત્રી સાથે લગ્ન કરે ? આપે ફરમાવ્યું કે આ વાત તેના માટે જાઈઝ

નથી એટલા માટે કે એણે તેની માનું ઘણું બધું જોયું છે.

(૫) સુકાનીની રિવાયતમાં હઝરત અલી (અલ.) એ ફરમાવ્યું કે જે વ્યક્તિ એક સ્ત્રી સાથે એક વખત સંભોગ કરે. પછી તેના ઉપર એવો જાદુ કરી દેવામાં આવે કે તે સંભોગ ન કરી શકે. તો સ્ત્રીને તેના પતિથી જુદા થઈ જવાનો ઈખ્તિયાર નથી.

(૬) અમ્માર સાબતીએ ઈમામ જઅફર સાદીક (અલ.)ને પુછ્યું કે એક વ્યક્તિ જેના ઉપર જાદુ કરીને એવો બાંધી દેવામાં આવ્યો છે કે પોતાની પત્ની સાથે સંભોગ નથી કરી શકતો આપે ફરમાવ્યું જો તે બીજી સ્ત્રીઓ સાથે પણ સંભોગ નથી કરી શકતો. તો તેની પાસે તેની પત્નીને રોકી રાખવામાં નહીં આવે. પરંતુ તેની પત્ની જાતે જ પત્ની તરીકે રહેવા રાજી હોય. વળી જો તે બીજી સ્ત્રીઓ સાથે

સંભોગ કરી શકે છે. તો તેને રોકી રાખવામાં કોઈ વાંધો નથી.

(૭) એક બીજી હદીસમાં છે કે પત્ની આ વાત જાણી લીધા પછી કે તેનો પતિ નામર્દ છે. તેની પાસે રોકાઈ રહે, સાથે રહેવા ઉપર રાજી થઈ જાય. તો પછી રાજી થઈ ગયા પછી તે સ્ત્ ◌ાને કોઈ ઈખ્તિયાર નથી.

**સમાપ્ત**